॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# શ્રીસદ્‌ગુરુ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિ:ૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં, જહાંગીરપુરા,
રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫, ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિ:ૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૭૩ | ૧૨૫૦ | ત્રીજી | ૨૦૦૮ | ૨૦૦૦ |
| બીજી | ૧૯૯૨ | ૨૦૦૦ | | | |

❑ પૃષ્ઠ : ૫૮ + ૨૯૦ = ૩૪૮

❑ પડતર કિંમત : **રૂ. ૩૫**/-

❑ વેચાણ કિંમત : **રૂ. ૨૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિ:ૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિ:ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**
ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ :
**અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક :
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ જેઓને માટે કોઈ ન્યારા નિમિત્તથી મળાયાની અને કૃપાસહાયથી ચમત્કાર અનુભવ્યાની વિગત **'જીવનપગરણ'** પુસ્તકની બીજી આવૃત્તિમાં સપ્રેમ સમર્પણાંજલિમાં સને ૧૯૭૩માં વ્યક્ત કરી છે એવા,

અને

પૂજ્ય શ્રીમોટાની પધરામણી જેઓના અમદાવાદના નિવાસસ્થાને અનેક વખત થતી હતી અને હરિઃૐ સત્સંગમંડળના નેજા નીચે જેમના નિવાસસ્થાને છેલ્લાં ૩૩ વર્ષથી દર શનિવારે સાંજે સ્વજનોની સમૂહપ્રાર્થના, નામસ્મરણનો કાર્યક્રમ અસ્ખલિત રીતે ચાલી રહ્યો છે એવા,

તેમ જ

પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોના મિલનસમારંભ-ઉત્સવના એકથી વિશેષ વખત યજમાનપદે રહેવાનું જેઓ સદ્‌ભાગ્ય પામ્યા છે એવા,

અને

જેઓના અધ્યક્ષપદે જીવનવિકાસની ભાવના પ્રસારતા **'હરિભાવ'**નું કાર્ય છેલ્લાં બાર વર્ષથી ગતિમાન છે એવા,

**શ્રી સીતારામ ઉર્ફે લક્ષ્મીપ્રસાદ ચંદુલાલ અમીન**
**અને તેમના સમગ્ર પરિવાર**ને

પૂજ્ય શ્રીમોટા વિરચિત **'શ્રીસદ્‌ગુરુ'**ની આ ત્રીજી આવૃત્તિ સમર્પિત કરતાં અમો અતિ આનંદની અને ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

તા. ૧૮-૭-૨૦૦૮ — **ટ્રસ્ટીમંડળ,**
(ગુરુપૂર્ણિમા) — હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# श्रीप्रभुपादपद्मे

# સમર્પણાંજલિ

## (પ્રથમ આવૃત્તિ)

(અનુષ્ટુપ)

**हरि** વ્હાલો મને કેવો તે કહું હું કઈ રીતે ?
ઠાઠવેઠ બધી મારી **हरि** શો કરતો જ છે !
બધી સંભાળ મારી **हरि** શો લેતો સદા રહે !
જોઈતું કરતું જે જે **हरि** આપ્યા કરે મને. ૧-૨

**हरि**ને હું બધી વાત મારી જણાવતો રહું,
**हरि**થી છાનું ના રાખું, સાચો સગો **हरि** જ શું !
**हरि** વિના બીજો કોઈ મારો બેલી નથી જગે,
**हरि**ને અળગો સ્હેજે દિલથી ના કરું કશે. ૩-૪

મારો આધાર તો માત્ર **हरि** શો એકલો જ છે !
**हरि** વિના ન મારાથી શક્ય છે જીવવું જ તે,
જેમાં તેમાં **हरि**ને હું આપ્યા મહત્ત્વ શો કરું !
**हरि**નો આશરો લૈને **हरि**નાં કામ હું કરું. ૫-૬

બધું જોતો રહે શો જે તે મારું **हरि** જ તે !
એકલો **हरि** તો માત્ર શો રખેવાળ મુજ છે !
**हरि**નું જે બતાવેલું પ્રેમથી સર્વ તે કરું,
આજ્ઞા **हरि**ની ઉલ્લંઘી હું કદી પણ ના શકું. ૭-૮

**हरि** મને નચાવે છે, કેવી કેવી રીતે જગે,
**हरि** ક્હે તેમ વર્તું છું, આજ્ઞામાં તેની હું ખરે. ૯

પૂછ્યા વિના **हरि**ને કૈં મારાથી કશું થાય ના,
જેમાં સંમતિ પૂરી છે, **हरि**ની તે જ થાય ત્યાં. ૧૦

ભૂલેચૂકે જરાયે કૈં **हरि**ને ના ભુલાય છે,
**हरि** કેવો વસેલો છે, ઊંડે ઊંડે શું અંતરે ! ૧૧

થતું **हरि**કૃપાથી સૌ થાય તે ચરણે ધરું,
પાસે કશું ન રાખું છું, **हरि**ને સોંપીને જીવું. ૧૨

**हरि**ની દિલ ભક્તિ છે, સેવા **हरि**ની ભાવથી
-થવા ઉમળકો કેવો છે ઊછળેલ દિલથી ! ૧૩

સંતોષ **हरि**ને થાય, રાજી જેથી **हरि** થતો,
એવાં સૌ કર્મનાં પુષ્પો **हरि**પદે ચઢાવતો. ૧૪

ઘડ્યો સદ્‌ગુરુએ ભાવે કેવો ! બનાવિયો મને
-મૂળના રૂપથી સાવ શો પલટાવિયો હૃદે. ૧૫

**हरि** સર્વસ્વ મારું છે, **हरि**ને અર્પવા સમું
-મારી કને કશું ના છે કે જે **एने** ધરી શકું. ૧૬

સ્ફુરાવેલું કૃપાથી જે, પ્રેરાયેલું કૃપાથી જે
-લખાયેલું, ધરું છું **आ** સમર્પણાંજલિ પદે. ૧૭

હરિઃૐ આશ્રમ, સુરત, - **મોટા**
તા. ૧૭-૨-૧૯૭૩

॥ હરિઃૐ ॥

# સંપાદકીય

## (પ્રથમ આવૃત્તિ)

એક દિવસ એક સ્નેહી મિત્રને ઘેર ભોજન વખતે મેં નમ્રભાવે પૂજ્ય મોટાને કહ્યું, ‘મોટા, ‘ગુરુ’ વિશે લખવા જેવું છે.’ પૂજ્ય મોટાએ લખવાનું સ્વીકાર્યું અને શરત પણ કહી સંભળાવી. હું કંઈ એવો સાધનસંપન્ન નથી, પણ ગમે તેમ કરી પૂજ્ય મોટાની શરત પૂરી કરવાની શક્યતા અંગે તેમ જ પૂજ્ય મોટાનાં કાર્યો એવી પ્રેરણાના પ્રદેશમાંથી ઊતરી આવે છે કે તે કાર્યો ભૌતિક સાધનોને અભાવે અટકી શકશે નહિ, એવી બેવડી શ્રદ્ધાથી પૂજ્ય મોટાની શરત સ્વીકારી.

અત્રે જે કાંઈ લખાઈ રહ્યું છે, તે પૂજ્ય મોટાના અને તેમના ગ્રંથના અતિ પ્રિય એવા ‘સદ્‌ગુરુ તત્ત્વદર્શન’નાં પ્રેમભાવે સ્મરણ અને દર્શન કરવાની, સરલ પ્રેમભાવે તેમના પ્રેમાશ્લેષમાં સમાવાની, નમ્રભાવે તેમનાં શ્રીચરણોમાં આળોટવાની નિઃસંકોચ ચેષ્ટા છે. આ તો મુક્ત કંઠે ગવાતું પ્રેમનું સ્તવન-પ્રસ્તવન છે.

પચીસસો ઉપરાંત શ્લોકો લખાઈ ગયા છે. હજીયે લખાયે જ જાય છે. આપણા એક પ્રાચીન સંતકવિએ સાચું જ ગાયું છે, **‘ગુરુના ગુણનો નહિ પાર !’** એટલે વિષય પૂરો થયો, કહેવાનું બધું કહેવાઈ ગયું, એવી તૃપ્તિ થવાનો સંભવ જ નથી.

પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રેરણા નીચે ચાલતા તેમના કાર્યક્ષેત્રમાં રહીને જ પૂજ્ય મોટાએ આધ્યાત્મિક સાધનાની જે ધૂણી પ્રગટાવી, તેનું મારે મન ઐતિહાસિક મહત્ત્વ છે. પૂજ્ય ગાંધીજીના સાથીઓમાં ઘણા ગુપ્ત રીતે સાચા સાધકો હશે, પણ તે બધા વિશે

આપણે જાણતા નથી, પરંતુ શ્રી કિશોરલાલભાઈ મશરૂવાળા અને તેમના પ્રેરણાપુરુષ (ગુરુ નહિ કહું) શ્રી કેદારનાથજી તો જાણીતા છે. તેમણે 'ગુણવિકાસ' અને 'સામાન્ય બુદ્ધિ' ઉપર ઝોક મૂક્યો છે. આ બે મહાનુભાવોનો ગાંધીજીના ક્ષેત્રમાં જે પ્રભાવ રહ્યો છે, તે જોતાં પૂજ્ય મોટાની સાધનાને તેની વાસ્તવિકતામાં સમજવાનું સુયોગ્ય વાતાવરણ જ ત્યારે ન હતું. બીજું, ગાંધીજીના સેવાક્ષેત્રમાં વ્યક્તિ સમાજનું એકમ છે, તે વાતને તર્કની રીતે કદાચ સ્વીકારવામાં આવે, પણ સવિશેષ ઝોક તો સમાજ, સમૂહ અને પ્રત્યક્ષ કર્મ ઉપર જ રહ્યા કર્યો છે. કોઈ વ્યક્તિ રાતભર સાધન-ભજન કરે, તો દિવસે તેનાં પ્રત્યક્ષ કાર્ય ઉપર વિપરીત અસર પડે, એવું પ્રમાણિકપણે માનવાવાળા આ ક્ષેત્રના લોકો છે, તેમની દૃષ્ટિએ વ્યક્તિગત સાધન-ભજનનું એટલું મહત્ત્વ નહિ, જેટલું સમાજનાં કામનું. એક કામ સ્થૂળ રીતે પૂરું કરવા જતાં વ્યક્તિ પોતાને અને સમાજને સૂક્ષ્મ રીતે કેટલું નુકસાન પહોંચાડે છે, તેનો વિચાર કરવાની જરૂરિયાત ત્યારે કોઈને સમજાઈ હોય તેવું લાગતું નથી. આ સેવાના કાર્યને 'કર્મયોગ' તરીકે ઓળખવામાં આવતું, પણ વસ્તુતઃ 'કર્મ' ઉપર જેટલો ઝોક હતો, તેટલો 'યોગ' ઉપર ન હતો. પરિણામે કર્મથી જે પ્રસન્નતા જન્મવી જોઈએ તે જોવા ન મળતી. રાગદ્વેષ મોળા પડવા જોઈએ, તે જોવામાં સાચો રસ ભાગ્યે જ જોવા મળતો.

આવા કાળમાં પૂજ્ય મોટાને પોતાની સાધનાને વળગી રહેવાનું હતું, અને તે દોહ્યલું કામ હતું. પૂજ્ય મોટાએ રાતભર સાધન કરતા રહેવા છતાં દિવસે બીજાઓ કરી શકે તેથી વધારે ને વધારે યોગ્ય રીતે કામ કરી બતાવ્યું. કામની બાબતમાં તેમના તરફ આંગળી ચીંધી ન શકાય, તેની ઉત્તમતા સ્વીકારવી જ પડે, છતાં તેમનું જે આગવું અને નિરાળું સાધનાથી ઘડાતું વ્યક્તિત્વ કોઈથી સમજાયું નહિ, અને કેવળ બુદ્ધિ ઉપર જીવનારાઓ પોતાની બુદ્ધિથી ન

સમજાય તે સાચું ન જ હોઈ શકે, એવું માનવાવાળાઓનાં હાંસી, ઠેકડી, ઉપેક્ષા, અવગણના વગેરે પૂજ્ય મોટાને સહન કરવાં પડ્યાં છે. પૂજ્ય મોટાની વિશેષતા એ છે કે તેઓશ્રીએ આ મળેલી પરિસ્થિતિનો પણ પોતાની સાધનામાં ઉપયોગ કરી લીધો. ઉપયોગ એ પણ એક પ્રકારનો યોગ છે.

આ દેશના ઈતિહાસમાં એવું ઘણું ઘણું બનેલું જોવા મળે છે કે જે જોઈને વિચાર કરતા થઈ જવાય. શ્રીદયાનંદ અને શ્રીરામકૃષ્ણ પરમહંસ સમકાલીન હતા. શ્રીદયાનંદે જ્યારે મૂર્તિની તેમની દષ્ટિ અને તેમના પોતાના ધર્મસુધારના હેતુ માટે સુયોગ્ય રીતે પ્રતિષ્ઠા તોડી, ત્યારે તે જ કાળે પૂર્વમાં શ્રીરામકૃષ્ણે મૂર્તિની સાથે વાતો કરી. આ દષ્ટિએ વિચારતાં જે ક્ષેત્રમાં કેવળ સ્થૂળ કર્મ ઉપર જ ઝોક હતો અને ગુરુભક્તિ, આધ્યાત્મિક સાધના વગેરેને સાશંકપણે જોવામાં આવતાં હતાં, તે જ ક્ષેત્રમાં પૂજ્ય મોટાનો ઉદય થયો. આજે ઘણીયે વાર જ્યારે પૂજ્ય મોટા નિઃસંકોચ રીતે કહે છે કે ગાંધીજીની પ્રેરણાથી ઊભાં થયેલાં સમાજસેવાનાં કાર્યોમાં રાગદ્વેષ પ્રવર્તતો હતો, અને હજી પણ પ્રવર્તે છે, તેનો કોઈથીય ઈન્કાર નથી થઈ શકતો.

પૂજ્ય મોટાએ 'ગુરુ' વિશે વિસ્તૃત ગ્રંથ લખ્યો છે, તે કાળે પણ 'ગુરુ' વિશે સમાજમાં અનેક સાચાખોટા ખ્યાલો પ્રવર્તે છે. કોઈ અપરિચિત કે અલ્પ પરિચિત સંતના ભક્તને જુનવાણી ગણી કાઢી તેમના તરફ હીન દષ્ટિએ જોવામાં આવે છે. 'ગુરુવાદ' એક વસ્તુ છે અને 'ગુરુતત્ત્વ' જુદી વસ્તુ છે. આવે વખતે પૂજ્ય મોટાએ 'ગુરુતત્ત્વ' વિશે ગ્રંથ લખ્યો છે. પૂજ્ય મોટા તેમના બાહ્ય ઢંગથી ભલે જુનવાણી લાગતા હોય, પણ હકીકતમાં ચોક્કસ વૈજ્ઞાનિક દષ્ટિવાળા કેવળ અર્વાચીન જ નહિ, પણ સવિશેષ અર્વાચીન-Ultra Modern છે. તેઓ એમ ને એમ, પ્રયોગ વિના કેવળ ગતાનુગતિક રીતે કશુંયે સ્વીકારી લેતા નથી. તેમણે અત્યાર સુધી

જે કેવળ શ્રદ્ધાના જ વિષયો ગણાતા હતા, તેમને પ્રત્યક્ષ પ્રયોગ અને તેમની સાધનાથી બુદ્ધિગમ્ય (rational) બનાવી આપ્યા છે.

દા.ત., નામસ્મરણનો વિષય કેવળ શ્રદ્ધાનો હતો. કોઈ એ શ્રદ્ધાને પડકારતું ન હતું. તેઓશ્રીએ આ વિષયને બુદ્ધિગમ્ય બનાવીને આપણી સમક્ષ મૂક્યો છે. નામ કે શબ્દને સુદૃઢ રીતે સતત અને સળંગપળે વળગવાથી આપણા પંચમહાભૂતોમાંનું 'આકાશ' તત્ત્વ મોખરે આવે છે, કારણ કે શબ્દ આકાશનો ગુણ છે-કહો કે આકાશનું સગુણ સ્વરૂપ છે. આકાશતત્ત્વ મોખરે આવવાથી બાકીના મહાભૂતોના રજસ, તમસ આદિ ગુણો મોળા પડે છે. આ રીતે પ્રકૃતિની નબળાઈઓ ઉપર કાબૂ આવે છે. નામસ્મરણને આવી વૈજ્ઞાનિક રીતે કોઈએ ક્યારેય સમજાવ્યું હોય તેવું જાણ્યું નથી.

પૂજ્ય મોટાએ તેમના આ ગ્રંથમાં સદ્‌ગુરુ વિશે નીચેના શ્લોકો લખ્યા છે, તે શ્લોકોને પૂજ્ય મોટાના પ્રેમમહિમાને અંજલિ આપવાનું દિલ થાય છે.

*ए જેવો વળગેલો રૂહે, તેવું તો કોઈથી કદી*
*-વળગી ના શકાયું છે, ए કેવો દૃઢ દિલથી !*
*આપણે જઈએ ભૂલી, કિંતુ તે નથી ભૂલતો,*
*एનો સંબંધ જીવંતો, અખંડ, અકબંધ શો !*

તેમનું સ્વજનપણું, તેમનો પ્રેમ, તેમની વફાદારી જે જે કોઈ અનુભવવા સદ્‌ભાગી થયાં છે, તે તેમના અનુભવનો જ વિષય છે, શબ્દનો નહિ.

શ્રીસદ્‌ગુરુની પ્રાપ્તિ એ આંતરજીવનની એક વિરલ ગૂઢ ઘટના છે. ગુરુ કોઈ વ્યક્તિ નથી, પણ ચેતનની અભિવ્યક્તિ છે. કેંદ્ર અને પરિઘ વિનાનો ચેતનનો એક અનંતવ્યાપી તેજઃપુંજ છે. તે દેહધારી છે, તેમનો દેહ પણ સત્ત્વરૂપ બનેલો છે. આપણા જેવો

દેખાય છે, છતાં તે આપણા જેવો નથી. આટલી વાત તો પૂજ્ય મોટાની સાથે અને સામે રહેનારાં સૌ કોઈ જાણે છે. પૂજ્ય મોટાના દેહમાં જે વ્યાધિઓ છે, તેમાંનો એકાદ વ્યાધિ પણ આપણને હોય તો પથારીવશ કરી નાખે, ત્યારે વ્યાધિઓના સંગ્રહસ્થાન જેવો તેમનો દેહ સતત ભ્રમણ કરે છે, સતત કર્મ કરે છે. આટલા ઉપરથી જ સમજી શકાય કે તેમનો દેહ પણ આપણા દેહ જેવો સામાન્ય નથી રહ્યો. ગુરુરૂપ ચેતનનો તેજોમય પુંજ પોતાનાં આંદોલનો સતત પ્રસરાવે છે. અનિયંત્રિત અને અવ્યવસ્થિત પ્રકૃતિના તાબામાં ગૂંચવાયેલા, અટવાયેલા **જીવ**ના ચેતનમાં પ્રકૃતિના આવરણથી મુક્ત સત્પુરુષના ચેતનનો સંચાર થવાનો સુયોગ આવે છે, ત્યારે નિમિત્ત થવા સર્જાયેલા **જીવ**ના ચેતનમાં સળવળાટ શરૂ થાય છે. જાગીને બેઠું થયેલું **જીવ**નું ચેતન તેની અનિયંત્રિત અને અવ્યવસ્થિત પ્રકૃતિના આવરણમાંથી મુક્ત થવા જોર કરે છે. તેમાંથી જિજ્ઞાસાનો અગ્નિ પ્રગટે છે. **જીવ**માં જીવનક્રાંતિના મંડાણ થાય છે. ચેતનમાં પ્રગટેલા સત્પુરુષનું સંચારી ચેતન આમ તો સામાન્ય રીતે સૂર્યની જેમ સૌને સ્પર્શે છે, પરંતુ કોઈ ગૂઢ ઋણાનુબંધને કારણે તેના જ સ્વજન થવા, નિમિત્ત થવા સર્જાયેલા **જીવ**માં વિશેષરૂપે સંચાર કરી, તેનામાં અભીપ્સા, જિજ્ઞાસાનો અગ્નિ પ્રગટાવે છે. અને તે અગ્નિ જ કોઈ ધન્ય ક્ષણે ગુરુનાં ચરણમાં **જીવ**ને સમર્પણ થઈ જવા પ્રેરે છે, ત્યારે સદ્‌ગુરુને અને સત્‌શિષ્યને સાચું ઓળખાણ થાય છે. આ બનતું અનુભવાય, ત્યારે જ ખરેખર શ્રીસદ્‌ગુરુની પ્રાપ્તિ થઈ છે એમ કહેવાય. સદ્‌ગુરુ કે સત્પુરુષ સાથેનો માત્ર બાહ્ય સ્થૂળ મેળાપ, સંપર્ક એ સદ્‌ગુરુની પ્રાપ્તિ નથી. સત્‌શિષ્યને પોતાના જેવો બનાવવા ગુરુ તપે છે અને આખરે પોતાના જેવો જ બનાવીને છોડે છે. આ ગુરુનો ધર્મ છે. આ રીતે જ્યારે સંપૂર્ણપણે સમર્પણ થઈ જવાનો સહજ પ્રચંડ

ભાવનાનો જોશ પ્રગટે, ગુરુનો શબ્દ એ જ જીવનનું એકમાત્ર કર્તવ્ય લાગવા માંડે, આપણી નિરંકુશ પ્રકૃતિ સ્વેચ્છાએ ગુરુને આધીન થવા તૈયાર થઈ જાય, ત્યારે આપણને ગુરુનો સ્પર્શ થયો છે એમ કહેવાય.

શ્રીસદ્ગુરુને કેવળ આપણી અત્યારે છે તેવી બુદ્ધિથી ઓળખવાની પ્રવૃત્તિ વ્યર્થ છે. શ્રીસદ્ગુરુનો ખોરાક ભાવ-ભક્તિ છે, પ્રેમ છે. શ્રીસદ્ગુરુને પ્રેમના પ્રકાશમાં જ સમજી શકાય. બીજી કોઈ રીત છે જ નહિ. ચેતનાનિષ્ઠ સદ્ગુરુમાં સચેતન **જીવ**ને આકર્ષવાની આગવી શક્તિ હોય છે. આ આકર્ષણ સદ્ગુરુના ભાવનું છે. સદ્ગુરુ સાક્ષાત્ ભાવમૂર્તિ હોય છે. સદ્ગુરુની ચેતનાનો આપણામાં સંચાર થયો હોય, તો સાથે સાથે ભાવનો પણ સંચાર થયેલો હોય જ. આથી, આપણને આપણા સદ્ગુરુ પ્રત્યે ઓળઘોળ થઈ જવા જેવો ભાવ પ્રગટતો અનુભવાય ત્યારે જ સદ્ગુરુની આપણને પ્રાપ્તિ થઈ છે, એમ નિર્ભ્રાંતપણે માની શકાય.

ભાવ-પ્રેમ પ્રગટે તો તેનું પ્રત્યક્ષ લક્ષણ છે સ્મૃતિ. પૂજ્ય મોટાએ સ્પષ્ટ લખ્યું છે કે જો આપણી ભીતરમાં પ્રતિક્ષણ સદ્ગુરુ પરત્વેનું કંઈ ને કંઈ ચાલ્યા કરતું લાગે તો સમજવું કે આપણે સદ્ગુરુને આપણા પ્રાણમાં પ્રતિષ્ઠિત કર્યા છે.

જ્યારે શ્રીસદ્ગુરુની ચેતના સાધકમાં અવતરણ કે સંચાર કરે છે, ત્યારે સાધકની સુષુપ્ત ચેતના સળવળીને સફાળી જાગ્રત થાય છે. જાગીને ઊર્ધ્વમાં કરોડરજ્જુને માર્ગે આરોહણ કરે છે. આખરે મસ્તકની ટોચે આવેલા સહસ્રાચક્રમાં દબાણ સાથે સ્થિર થાય છે. આમ થયા પછી સાધકના જીવનનો સર્વોપરી રસ આ રસની જાળવણી બની જાય છે. દુન્યવી રસો તત્કાળ સુકાઈ જતા નથી, પણ ગૌણ બની જાય છે. આ જીવંત સ્પર્શ જળવાઈ રહે, તેની સાવધાની સાથે જ તે ઇતર રસોમાં પ્રવૃત્ત થાય છે. આ સ્પર્શના ભોગે તે ત્રણ રાજ્યને પણ સ્વીકારવા રસ ધરાવી શકતો નથી. આ સ્પર્શ સાથે

તે ગમે તેવી યાતનાઓ અને કસોટીઓમાં ખમીરવંતો બનીને ઝઝૂમી શકે છે. કોઈ સંજોગોમાં આ સ્પર્શ નિર્બળ બનતો અનુભવે, તો તેની બેચેનીનો પાર રહેતો નથી. તે ઊંચોનીચો થઈ જાય છે. તે વાસ્તવિકપણે અનુભવે છે કે આ સ્પર્શ એ જ જીવન છે, તેનો અભાવ મૃત્યુ છે. પૂજ્ય મોટાએ સદ્‌ગુરુનું સાધકના જીવનમાં શું અને કેવું સ્થાન છે, તે આ શ્લોકમાં સ્પષ્ટ બતાવ્યું છે :-

*'જીવવું એકલું માત્ર ગુરુ વિના હરામ છે,*
*જીવવું ગુરુ વિનાનું જાણે જાય જ પ્રાણ છે.'*

આ સાચા સાધકના જીવનની એક વાસ્તવિકતા છે. આ કંઈ અલંકારયુક્ત કાવ્યાત્મક કલ્પના નથી. આ વાસ્તવિકતા અનુભૂતિનો વિષય છે. શ્રીમદ્‌ ભાગવતમાં રાસલીલાનો પ્રસંગ છે, તે આ ગાઢ અનુભૂતિનું પ્રતીક છે. શ્રીકૃષ્ણ જેવા સ્વજન મળતાં ગોપીઓને સકારણ ગર્વ થાય છે. શ્રીકૃષ્ણનો સાથ મળવો એ પરમ સૌભાગ્યનું નિશાન છે, પણ આ સાથની બાબતમાં પણ થયેલું સૂક્ષ્મ સાત્ત્વિક અભિમાન થતાં કૃષ્ણ અદશ્ય થાય છે, અને તેમ થતાં ગોપીઓ મૃતઃપ્રાય બની જાય છે. ગોપીઓ પોતાના પ્રાણ શ્રીકૃષ્ણમાં ધારણ કરી રહી હતી. **त्वयि घृतासवः ।**

ગૌરાંગ મહાપ્રભુજીને જ્યારે પૂછવામાં આવ્યું કે જીવનમાં શ્રીકૃષ્ણ માટે પ્રેમ કેવી રીતે પ્રગટે ? તેમણે જવાબ આપ્યો : 'ગોપીના અનુગત થાઓ.' ગોપી એટલે કૃષ્ણને માટે જેના જીવનમાં પ્રેમ પ્રગટી ચૂક્યો છે તે. આવા પ્રેમીને સર્વાંશે અનુસરવાથી જ આપણા હૃદયમાં શ્રીહરિને માટે પ્રેમ જન્મે. પ્રેમ જ પ્રેમ પ્રગટાવી શકે.

પૂજ્ય મોટાએ પોતાની જીવનસાધના, પોતાનો સદ્‌ગુરુ સાથેનો સંબંધ, તેમની ઉગ્રમાં ઉગ્ર થથરાવી નાખે તેવી ઉત્કટ તપશ્ચર્યા, તેમનો મરણિયો નિર્ધાર, તેમની શ્રીસદ્‌ગુરુચરણમાં પ્રચંડ શ્રદ્ધા વગેરે

મન મૂકીને વર્ણવ્યું છે. અગ્નિ વચ્ચે બેસી રહેવાની, સમુદ્ર ઉપર ચાલવાની, ધોધ નીચેની ગુફામાં બેસી સાધના કરવાની, સિંહ વચ્ચે બેસી રહેવાની તેમનામાં શક્તિ ક્યાંથી આવી ? સદ્‌ગુરુના બોલને પ્રાણપણે આચરવાની અસાધારણ તાકાત ક્યાંથી આવી ? સદ્‌ગુરુના આદેશને અનુસરવા માટેની અસીમ, ઉત્કટ શ્રદ્ધા ક્યાંથી જન્મી ? એનો ઉત્તર એ જ છે કે પૂજ્ય મોટામાં સદ્‌ગુરુ પરત્વેનાં જે પ્રેમભક્તિ હતાં, અને પોતાનું સર્વસ્વ શ્રીસદ્‌ગુરુને સમર્પિત કર્યું હતું. એટલે પૂજ્ય મોટા શ્રીસદ્‌ગુરુના હાથમાં એક નિમિત્ત બની રહ્યા હતા. જાણે કે શ્રીકૃષ્ણના હાથની, પોલી સૂકી વાંસળી ! તેમને સાધનામાં જે શ્રદ્ધા, નિર્ભયતા, તત્પરતા, મરજીવાપણું, શક્તિ મળ્યાં, તે શ્રીસદ્‌ગુરુનાં જ હતાં, જો આમ ન હોય તો સામાન્ય માનવીનું આ ગજું ન હોઈ શકે.

આપણે ભક્તિથી, પ્રેમથી, સદ્‌ગુરુને સર્વાંશે સોંપાઈ જવું જોઈએ. તેમનું આપણે સાચી રીતે નિમિત્ત બની જવું જોઈએ. આમ કર્યા પછી શું ? આ સવાલ જ્યાં સુધી રહે ત્યાં સુધી આપણે હકીકતમાં સદ્‌ગુરુને સોંપાયા નથી એમ સમજવું. પ્રેમમાં કોઈ સોદો હોતો નથી. આપણે સદ્‌ગુરુનાં ચરણમાં સોંપાયા છીએ, કારણ કે તેમ કર્યા વિના આપણાથી રહેવાતું નથી. આપણો પ્રેમ આપણને સર્વભાવે સર્વાંશે સોંપવાની ફરજ પાડે છે.

શ્રીસદ્‌ગુરુને આપણે 'સાક્ષાત્ પરબ્રહ્મરૂપે' સમજવાના સંસ્કાર સાથે જન્મેલા છીએ. શ્રીમદ્ શંકરાચાર્ય 'દક્ષિણામૂર્તિ' સ્તોત્રમાં કહે છે કે 'स्यात् ईश्वरत्वं स्वतः ।' શ્રુતિનાં પ્રમાણો પણ છે. 'ब्रह्मविद् ब्रह्मैव भवति ।' પૂજ્ય મોટા આ ગ્રંથમાં સ્પષ્ટપણે 'ચેતન' અને 'અનુભવી' વચ્ચે ભેદરેખા દોરે છે. ચેતનને નિમિત્તની જરૂર હોતી નથી, ચેતન અવનવું સર્જી શકે. અનુભવી નિમિત્તમાં જ ચેતનરૂપે પ્રવર્તી શકે છે. વળી, એમ પણ કહે છે કે ચેતનાનિષ્ઠ સદ્‌ગુરુને

નિમિત્તો રહ્યાં જ કરે છે અને નિમિત્તમાં તો તે ચેતનરૂપે જ પ્રવર્તે છે. તર્કની દૃષ્ટિએ ચેતન અને ચેતનપુરુષમાં તાત્ત્વિક ભેદ નથી, પણ જે ભેદ છે તે કક્ષાત્મક છે. એટલે difference of degreeનો છે. ચેતનની શક્તિમત્તા અનંત છે, તો ચેતનપુરુષની શક્તિમત્તા ચેતનની સરખામણીમાં મર્યાદિત છે.

શ્રીસદ્ગુરુ 'મુક્તિના ધોરણે' નિમિત્તમાં બંધાયેલા છે, એમ પૂજ્ય મોટા એક શ્લોકમાં કહે છે. સદ્ગુરુ ચેતનનું પ્રતીક છે. આ ચેતનની વાસ્તવિકતા એવી છે કે તેમાં બધા વિરોધાભાસોનો સહજપણે સમન્વય થઈ જાય છે. એને માટે તેમને કોઈ જુદો પ્રયાસ કરવો પડતો નથી. તે નિમિત્તમાં ઓતપ્રોત છે અને એકીવખતે જ તટસ્થ પણ છે. તે એકીસાથે બંધાયેલા છે અને મુક્ત છે. તેમનું જીવન જ અભેદ હોવાથી તે નિમિત્તરૂપ જીવને, તેની જીવદશાને જાણે છે. છતાં તે તો તેનામાં રહેલા પોતાના અંશરૂપ ચેતનની સાથે જ ઓતપ્રોત થાય છે. પોતે મુક્ત ચેતનરૂપ હોવાથી નિમિત્તની પ્રકૃતિ તેને બાંધી શકતી નથી.

આ દૃષ્ટિએ વિચારીએ તો પૂજ્ય મોટાએ આ ગ્રંથમાં લખ્યું છે કે 'સદ્ગુરુનું બેસણું સ્થિતપ્રજ્ઞથી પણ ઊંચું છે' તે વિધાન સમજી શકાય છે. ગીતાના સ્થિતપ્રજ્ઞને બ્રાહ્મી સ્થિતિવાળો કહ્યો છે ખરો, પણ ગીતામાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો અને વ્યાખ્યા આપ્યાં છે, તે જોતાં તે માત્ર સાધનામાં આવતી એક સ્થિતિ જ હોય એમ લાગે છે. આ સ્થિતપ્રજ્ઞતા એક પ્રકારના નિરોધની અવસ્થા હોય તેવો ભાસ થાય છે. તમામ કામનાઓનો ત્યાગ, કૂર્મની જેમ અંગોને અંદર સમાવી લેવાનાં વગેરે દ્વંદ્વો સામે ખડાં થાય ત્યારે કંઈક આયાસપૂર્વક, પ્રજ્ઞાને સહારે સમભાવ રાખવાનો. સદ્ગુરુ એ ચેતનની એવી સત્તા છે કે જેમાં બધું સહજ હોય છે. તે ત્યાગ કે સ્વીકાર, નિરોધ કે નિગ્રહ કે અનિગ્રહથી પર છે. તે દ્વંદ્વાતીત હોવાથી તેમને દ્વંદ્વોમાં સમભાવ

રાખવા કરવાનો સવાલ રહેતો નથી. શ્રીસદ્‌ગુરુ જીવનમાં, નિમિત્તમાં, જગતમાં પ્રવર્તે છે, તે મન, બુદ્ધિ જેવાં કરણોને સહારે નહિ, પણ કેવળ ભાવનાના સહારે. આથી તો સારું-માઠું, લાભ-હાનિ, પાપ-પુણ્ય આદિને આપણે જે રીતે જોઈએ, વિચારીએ, સમજીએ અને અનુભવીએ તેવી રીતે સદ્‌ગુરુને કરવાપણું હોતું નથી. આ રીતે સદ્‌ગુરુનું બેસણું સ્થિતપ્રજ્ઞ કરતાં ઊંચું છે.

એક બીજી દૃષ્ટિએ વિચારતાં લાગે છે કે શ્રીસદ્‌ગુરુ અને શિષ્ય વચ્ચે અભેદ સધાતાં એક સળંગતા પ્રગટે છે. આ એક સળંગપણાના એક છેડે શિષ્ય છે અને બીજે છેડે સદ્‌ગુરુ છે. શિષ્યને છેડેથી જોતાં શિષ્યની દૃષ્ટિએ સદ્‌ગુરુમાં સાક્ષાત્ પરબ્રહ્મત્વ જ પ્રતીત થાય છે. સદ્‌ગુરુને છેડેથી જોતાં સદ્‌ગુરુ પોતે પણ પોતાના સદ્‌ગુરુ સાથેની સળંગતાનો શિષ્ય-છેડો છે. તેમને માટે પરબ્રહ્મરૂપ સદ્‌ગુરુનો છેડો બીજો છે. આથી જ શ્રીસદ્‌ગુરુમાં એકીસાથે તણખલાથીયે તુચ્છ થવા જેવી નમ્રતા અને બાદશાહના પણ બાદશાહ જેવી બેપરવાઈભરી ખુમારી છે. એક ઊંચી કોટીના સંતપુરુષ સાથે એકવાર આવા જ મુદ્દા ઉપર વાતચીત કરવાનો સુયોગ મળેલો. તેમણે કહ્યું, 'મારી સામે જે લક્ષ્ય છે, તે અમારા આદિ ગુરુ કે જેમના હાથમાંથી અગ્નિ પ્રગટતો હતો. તેમનું શરીર અગ્નિમય હતું. આવી સ્થિતિ ન થાય ત્યાં સુધી સાધના પૂરી નથી થઈ એવું મને તો લાગ્યા કરે છે. આવી સ્થિતિ પ્રાપ્ત થાય તે પહેલાં સપ્તસાધુની શુદ્ધિ થવી અનિવાર્ય છે.' તેઓશ્રીએ આગળ બોલતાં કહ્યું, 'જેઓ સ્વયં પોતાની જાતને ભગવાન કહેવરાવે છે, તેઓની સાધના પરત્વેની સચ્ચાઈ, તેમનામાં પ્રગટેલી લોકોત્તર શક્તિઓ વગેરે ખોટું છે એમ કહેતો નથી, પણ મને એમ લાગે છે કે તેઓનો ભગવાનપણાનો ખ્યાલ જ નીચો છે.'

પૂજ્ય મોટાએ આ દૃષ્ટિએ ચેતન અને અનુભવીનો ભેદ સ્પષ્ટ કરી જીવનવિકાસની સતત, અવિરત અને અનંત વિકાસની

ક્ષમતાનો નિર્દેશ કર્યો છે. પોતાની આગવી વિલક્ષણ વિચક્ષણતાથી અમુક સમજણ ખોટી કે અધૂરી એમ કહેવાને બદલે વાસ્તવિકતા શું છે, તેનો નિર્દેશ કરી લીધો છે.

સદ્‌ગુરુ કોણ થઈ શકે ? આ બાબતમાં શ્રીમોટાએ કેટલાક શ્લોકો લખ્યા છે. આમાં સદ્‌ગુરુનાં લક્ષણો આવેલાં છે. સદ્‌ગુરુની બુદ્ધિ ઋતંભરા પ્રજ્ઞા બનેલી હોય છે, રાગદ્વેષથી મુક્ત હોય છે. અગ્નિ જેવી તાલાવેલી હોય, સંપૂર્ણ નિરહં બનેલા હોય, ચેતના અને પ્રકૃતિ વચ્ચે અગોચર પ્રેરણાના પ્રદેશમાં જ તે વિહરતા હોય, સદાયે ભાવની ટોચે જ તેમનો વાસ હોય, ભાવમાં પ્રતિષ્ઠિત અને વળી ભાવાતીત હોય, ચેતનાનો અખંડ પ્રવાહ હોય, સદ્‌ગુરુ નિત્ય આકાશતત્ત્વમાં જ રહેતો હોય, નિમિત્તમાં ઓતપ્રોત છતાં તટસ્થ હોય, નરી સરળતા હોય, સંકોચ, માન, મર્યાદા, મતાગ્રહ, મડાગાંઠોનો સદંતર અભાવ હોય, સદ્‌ગુરુની વાણીમાં ઓર નશો રહ્યા કરતો હોય, જેનાથી દૃષ્ટિ ખૂલી જાય, મનાદિકરણો હરિચરણમાં વળી જાય અને જીવન સમૂળગું ફેરવાઈ જાય-તે સદ્‌ગુરુ. વળી, **ए**ને શરણે જનારને પોતાની સમકક્ષ બનાવવાનો પોતાનો ધર્મ સદ્‌ગુરુને હોય છે :-

*'સમકક્ષ જ પોતાની **ए**ને શરણ જાય જે,*
*-તેને બનાવવામાં છે, ધર્મ સદ્‌ગુરુનો હૃદે.'*

પૂજ્ય મોટાએ આ ગ્રંથમાં એવા એવા ગૂઢ મુદ્દાઓ રજૂ કર્યા છે કે તેમાંના કેટલાક સવિસ્તર ભાષ્ય વિના સમજવા કઠિન છે. આવા વિષયોમાંનો એક વિષય 'શબ્દ' છે. પૂજ્ય મોટાએ મુક્તકંઠે અતિ ગહન એવા 'શબ્દ'નું સ્તવન કર્યું છે. શબ્દને બ્રહ્માતીત કહ્યો છે, આકાશાતીત કહ્યો છે. જ્યારે કશું જ ન હતું ત્યારે શબ્દ હતો તેમ કહ્યું છે. શબ્દાતીત પ્રદેશ વિશે કંઈ કહેવાનું પોતાનું ગજું

નથી એમ કહ્યું છે. ચેતન અને શબ્દ બંને અનાદિ છે. શબ્દ ચેતનનું જ સગુણ સ્વરૂપ છે. આ શબ્દ એ જ જેને creative word-'સર્જક શબ્દ' તરીકે ઓળખવામાં આવે છે. Psychic અને Mystic એવા તદ્દન આગવા પ્રકારની અનુભૂતિઓ કે આવિર્ભાવો હોય છે. Mystic અનુભૂતિઓ 'શબ્દ' અને 'પ્રકાશ'ના માધ્યમ દ્વારા આવતી હોય છે. Mystic અનુભૂતિઓ સાધકને તેની પ્રાર્થના, અભીપ્સા કે માગણીના જવાબરૂપે નથી હોતી. Psychic અનુભૂતિઓનું આવું નથી હોતું. આ અનુભૂતિઓનો પાયો તેના પોતાનામાં જ હોય છે.

'શબ્દ' કેવળ ભાવરૂપ હોય છે. તેને અર્થ નથી હોતો. આપણા આધારમાં સ્વયંભૂપણે આવિર્ભૂત થતા નામસ્મરણનો સંચાર પૂજ્ય મોટાએ વર્ણવેલ 'શબ્દ'ના પ્રદેશમાંથી થાય છે. આ 'શબ્દ' ચેતનનું સગુણ કે સાકાર સ્વરૂપ છે. આ ગ્રંથના શ્લોકો પણ ચેતનનું જ સાકાર સ્વરૂપ છે, એમ કહેવામાં મને અત્યુક્તિ નથી લાગતી. એમાં મંત્રની શક્તિ ભરી છે. જે 'શબ્દ'માં પ્રાણ ન હોય, દમ ન હોય તે શબ્દ નહિ, પણ 'શબ' છે. એટલે આ શ્લોકો સામાન્ય કવિતાસાહિત્યના શ્લકો નથી, પણ સામર્થ્ય અને ભાવથી પૂર્ણ મંત્રો છે. સામર્થ્ય અને ભાવ વિનાના શબ્દો એ તો શબ માત્ર છે. આ શ્લોકો કોઈ વિચાર પ્રગટ નથી કરતા, પણ ચેતનનો જ સંચાર પ્રગટ કરે છે. આ ગ્રંથની વાણી એ સદ્ગુરુનો 'શબ્દ' છે. ચેતનના જ ઊંડા, ઊર્ધ્વ પ્રદેશમાંથી જ તેનો ઉદ્ગમ છે, અને સ્વજનોના સદ્ભાગ્યે તે 'શબ્દ' અહીં ઊતરી આવ્યો છે.

એક એવો ખ્યાલ પ્રચલિત થયો છે કે સાચા સંતપુરુષ તો સંપૂર્ણ ચેતનાનિષ્ઠ હોઈને તે મરણોત્તર કાળે પણ સાધકને મદદ કરતા હોય છે. આ વાત સાચી છે, પણ તે તો જેમણે શ્રીસદ્ગુરુને

પોતાના હૃદયમાં, પ્રાણમાં પ્રતિષ્ઠિત કરી લીધા છે, તેમને માટે સાચી છે. પણ બહુધા તો આ વિચાર મળેલી તકનો અવિલંબે ઉપયોગ કરી લેવામાં બાધા કરતી આપણી પ્રમત્ત પ્રકૃતિમાંથી જ જન્મેલો હોય છે. એટલે જ પૂજ્ય મોટાએ **'જીવનપોકાર'** પુસ્તકમાં એક પત્રમાં કહ્યું છે કે : **'હું હયાત છું અને પોકારી પોકારીને કહું છું ત્યારે પણ સ્વજનોથી જે બનતું નથી, તે મારા ગયા પછી શું બનવાનું ? ત્યારે તમને સૌ સ્વજનોને યાદ આવશે અને પસ્તાવાનું બનશે.'**

આપણને મળેલાં સમય, અવસર, તક, મોકાનો અપ્રમત્ત રહીને ઉપયોગ કરવાની કળા પ્રાપ્ત થવી તે પણ શ્રીસદ્‌ગુરુની કૃપાનું પરિણામ છે. પૂજ્ય મોટા આજે આપણી વચ્ચે છે. આપણને તેમની સાથે સાથે રહેવાનું, જીવવાનું સદ્‌ભાગ્ય તો મળ્યું છે. આ અવસરની, આ તકની કિંમત આપણે કેટલી અને કેવી સમજીએ છીએ, તેનો ઉપયોગ કરી લેવામાં આપણે કેટલા સભાન રહી શકીએ છીએ તે જાણવું મહત્ત્વનું છે. **જીવનસાધનામાં મળેલી તકનો વર્તમાન ક્ષણે જ ઉપયોગ કરી લેવાની તાલાવેલીપૂર્વકની સભાનતા ન હોય, તો સાધના થઈ શકતી નથી. મળેલી તકના ઉપયોગ માટે આવતી કાલ તો શું પણ આવતી ક્ષણ ઉપર મદાર બાંધવો તેનો અર્થ આપણે મળેલી તકને તકરૂપે સ્વીકારી જ નથી તેવો થાય છે.**

પૂજ્ય મોટા તો આપણને સૌ સ્વજનોને મળેલી એક અમૂલખ તક છે, અવસર છે. આવી તક યુગોમાં ક્યારેક સાંપડે છે. જો આપણને આ તકનો ઉપયોગ કરી લેતા નહિ આવડ્યો, તો પારાવાર પસ્તાવાનું જ રહેવાનું. આ ગ્રંથમાં જણાવેલાં તમામ સદ્‌ગુરુનાં

લક્ષણો પૂજ્ય મોટામાં સાક્ષાત્ છે. ગીતાના અંત ભાગમાં શ્રીકૃષ્ણે બેધડક રીતે અર્જુનને કહ્યું, **'સાંભળીશ નહિ તો વિનાશ પામીશ.'** પૂજ્ય મોટાએ આ ગ્રંથમાં આવું ભલે લખ્યું ન હોય પણ વણલખેલું મને તો સ્પષ્ટ વંચાય છે. આપણાં સ્વજનોના અંતરના મળને તેઓ દિવસરાત ઉલેચે છે. તેઓ તો સઘન ભાવરૂપ છે, પણ આપણાં અભાવાત્મક, દિલ વિનાનાં વલણવર્તનો તેમના ભાવદેહમાં આઘાતો અને ખળભળાટ પેદા કરી તેમના દેહમાં અનેક ઉત્પાતો સર્જે છે. તેઓ તો પ્રેમના યોગી હોવાથી, આ આપણા દુરિતો હસતાં હસતાં અને મૂગાં મૂગાં સહ્યે રાખે છે.

ભાગવતમાં ગોપીઓએ ગાયું છે કે 'હે નાથ ! જ્યારે તું વ્રજમાંથી પશુઓને ચારવા લઈ જાય છે ત્યારે તારા કોમળ પગમાં કાંટાકાંકરા ભોંકાતા હશે, તે ખ્યાલથી અમારું મન ક્લેશ પામે છે.' બહારના કાંટાકાંકરા કરતાં પણ વધારે તીક્ષ્ણ કાંટાકાંકરા, આપણને જે કેવળ પ્રેમ જ આપી રહ્યા છે, તેમને માટે, સૂક્ષ્મ રીતે, આપણાં નકારાત્મક વલણો-વર્તનોરૂપે પાથરીએ છીએ, તેની પીડા તેમને કેટલી થતી હશે ? પ્રેમ પ્રગટ્યો હશે તો જ તેની કલ્પના આવશે અને તો જ તેમની પીડાનો ખ્યાલ આપણને આવશે. પૂજ્ય મોટાનું શરીર આપણી વચ્ચે વધારે વખત રહે તેવું આપણે ખરેખર ઇચ્છીએ છીએ ? જો ઇચ્છતાં હોઈએ તો આપણે તેમના સાથને સાચા દિલથી શોભાવવો જોઈએ. તેમણે તો આપણને ઘણું ઘણું આપ્યું છે, પણ આપણે તેમને શું આપ્યું છે ? પૂજ્ય મોટા તો ભાવરૂપ છે. ભાવમાં ભાવ મળે તો જ તેની પુષ્ટિ થાય. આપણે તેમને આપણો ભાવ આપીએ અને તે પણ સક્રિય રીતે. આપણે સૌ પૂજ્ય મોટાને માટે જ દિવસમાં કમ સે કમ એકવાર

થોડી ક્ષણો શ્રીહરિને પોતપોતાને સ્થાનેથી પ્રાર્થીએ :-

'હે ભગવાન ! અત્યાર સુધીના અમારા પ્રમાદને માટે ક્ષમા કર ! 'મોટા' અમારી વચ્ચે દીર્ઘકાળ રહે તેવી અમારા ઉપર દયા કર !'

જો આપણે મળેલા સત્પુરુષના શરીરની હયાતીમાં જ તેમને આપણા જીવનમાં પ્રતિષ્ઠિત કરી શકતા નથી, તો પછી તેમના શરીરના વિસર્જન પછી સ્વજનોના જીવનમાં એક કારમો શૂન્યાવકાશ પેદા થાય છે. આ શૂન્યાવકાશની સ્થિતિનું કારમાપણું એવું હોય છે કે કેવળ પ્રભુને પ્રાર્થના કરવાનું દિલ થાય છે : 'હે પ્રભુ ! આવી સ્થિતિ દુશ્મનને પણ પ્રાપ્ત ન થજો.' આપણા એક ગુજરાતી ભક્ત કવિએ સાચું જ ગાયું છે :-

*'સંતોની સંગત મરણે ન મૂકીએ રે જી*
*ચૂકીએ ના ચાર દિવસનો લહાવ !*
*માટે મન રાખો રે સંતોમાં મળ્યું રે*
*વિલંબ ના કરશો આવ્યો છે દાવ !'*

સામાન્ય રીતે દુનિયાનો દરેક માણસ પોતાના માટે એક છાપ-image-ઊભી કરીને જીવતો હોય છે. આ છાપને ટકાવી રાખવા તે પોતાનું તમામ કૌશલ્ય વાપરતો હોય છે. આ છાપ ખંડિત થાય તો તે ઊંચોનીચો થઈ જાય છે. સમાજ પણ તેની છાપના આધારે તેની તરફનો વર્તાવ રાખે છે. સદ્‌ગુરુ પાસે આપણી ઊભી કરેલી છાપ નકામી છે. તે આપણું હાર્દ જુએ છે. તે આપણા ગુણદોષોની પરવા કરતો નથી. સદ્‌ગુરુ જ માત્ર એક એવું સ્વજન છે કે જે તમે જેવા છો તેવા જ તમને સ્વીકારે છે અને પ્યાર કરે છે. આપણું દિલ તેમના તરફ ખુલ્લું થાય અને તેમના પરત્વે ભાવ પ્રગટે તો તેનો હજારગણો પડઘો ગુરુ પાડે છે. દુર્યોધન, માતા ગાંધારી પાસે

પણ ખુલ્લો-નગ્ન થતાં સંકોચાયો અને જે ભાગ ઢાંક્યો તે નબળો રહ્યો, અને જે ભાગ ઉપર ગાંધારીની દૃષ્ટિ પડી તે વજ્ર બની ગયો. તે નબળા ભાગે જ તેનો જીવ લીધો. દુનિયાદારીના માણસોનો ભાવ આપણી સારી છાપ ઉપર આધાર રાખે છે.

સદ્‌ગુરુનું તેવું નથી. આપણી એબો જો સ્વયં આપણે ખુલ્લી કરીએ, તો તેમનો ભાવ ઑર વધે છે. આપણે પડદો રાખીને તેમની નજીક જઈએ તેમાં તેમને અકળામણ રહે છે. સદ્‌ગુરુ પાસે ખુલ્લા થવું તે જ સદ્‌ગુરુને અંદર ભરી લેવાપણું છે. આથી જ આત્મનિવેદનની ભક્તિને ઉત્તમ પ્રકાર કહ્યો છે. જ્યાં સુધી ખુલ્લા થવા જતાં સંકોચ, ક્ષોભ કે ડર લાગે છે, ત્યાં સુધી આપણે સમજવું જોઈએ કે આપણે સદ્‌ગુરુને સ્વીકાર્યા જ નથી. સદ્‌ગુરુની સ્થૂળ નિકટતા એ નજીકપણું નથી. સદ્‌ગુરુના સ્મરણે દિલ આર્દ્રભાવે વહે તો હજારો ગાઉ દૂર હોવા છતાં તે નિકટ જ છે.

અંગ્રેજ કવિ રોબર્ટ બ્રાઉનિંગે લખ્યું છે :

Little more and how much !
Little less, worlds away !

પ્રિયતમ પ્રેમની નિગાહથી, જરા જેટલું વધારે આપણા તરફ જુએ તો જાણે ત્રિભુવનનું રાજ્ય મળ્યું હોય તેવું લાગે. જરાકે ઉપેક્ષાભાવે વર્તે તો જાણે હજારો ગાઉનું અંતર પડી ગયેલું છે એવું લાગે. પ્રેમનું સામ્રાજ્ય આવું છે ! આપણે કળા હાથ કરવાની છે કે સદ્‌ગુરુનું હૃદય આપણા ઉપર ભાવથી વારી જાય.

લુઈ ફિશર નામના એક અમેરિકન લેખકે મહાત્મા ગાંધીજીનું જીવનચરિત્ર લખ્યું છે, તેમાં તેમણે ગાંધીજી વિશે લખ્યું છે કે 'He showed that it was possible to be good and at the

same time effective.' માનવઇતિહાસ તરફ દૃષ્ટિ કરતાં સ્પષ્ટ દેખાય છે કે એકલી ભલાઈ કે એકલી અસરકારકતા માનવ પ્રશ્નોને સંતાષકારક રીતે હલ કરી શકે તેમ નથી. એકલી ભલાઈ આત્મઘાતક નીવડે છે, તો એકલી અસરકારકતા સરમુખત્યારશાહી તરફ દોરી જાય છે. ભલાઈ અને અસરકારકતાનો સમન્વય થવો અનિવાર્ય છે. સંતજીવનમાં આ સમન્વય થયેલો હોય છે. આથી, સંતોએ માનવસમાજ ઘડવામાં જે રચનાત્મક ફાળો આપ્યો છે, તેવો કોઈએ આપ્યો નથી.

અંતમાં પૂજ્ય મોટાએ 'લેખકના બે બોલ'ના પ્રારંભમાં મને તેમના એક સાથી તરીકે ઓળખાવ્યો છે અને મારી તેમને હૂંફ છે એમ લખ્યું છે. 'કુંવરબાઈના મામેરા'ના પ્રસંગમાં પ્રેમાનંદે ભગવાનના મુખે કહેવરાવ્યું છે, તે આના સંદર્ભમાં યાદ આવે છે : 'અમને ઓથ નરસૈંયાની મોટી.' હૂંફ કોને કોની છે તે અંતર્યામી જ જાણે ! પૂજ્ય મોટા મને સાથી એટલા માટે લખે છે કે પૂજ્ય મોટાને દિલથી ઘણું ઘણું જાણવા છતાં તેમનાં ચરણમાં નિષ્ઠા પામવાની મારામાં હજી લાયકાત ઊગી નથી.

**-પ્રતાપભાઈ ઉપાધ્યાય**

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

હરિજન આશ્રમ, સાબરમતીના વિનયમંદિરના આચાર્ય શ્રી પ્રતાપભાઈ તો મારા ઘણા કાળ પહેલાંના સાથી અને સ્નેહી. આ સાબરમતી આશ્રમમાં જ્યારે રહેતો હતો, ત્યારે અવારનવાર રોજ સાંજે અમે સામસામા બેસતા અને સત્સંગની વાતો કરતા. એ બધા રૂડા આનંદપ્રમોદના દિવસોમાં આવી જ ભગવાનની ભાવનાની વાતો કરતા. તેમની મને ઘણી હૂંફ અને ઓથ પણ ખરાં. તેમનાં પત્ની શ્રીમતી ભારતીમૈયા તો રોજ સાંજે અચૂક હૃદયના ભાવથી પોતાની સેવા પણ આપે. આમ, શ્રી પ્રતાપભાઈ સાથે તો મારે દિલથી દિલનો ઘરોબો.

એવા શ્રી પ્રતાપભાઈએ એક વખત મને કહ્યું કે : 'મોટા ! તમે 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા', 'નિમિત્ત', 'ભાવ', 'કૃપા', 'કર્મઉપાસના' આ બધાં શાસ્ત્ર લખ્યાં તો ખરાં, પરંતુ સદ્‌ગુરુને કાં બાકી રાખ્યા ?' ત્યારે મેં તેમને કહ્યું : 'પ્રતાપભાઈ, તમારી વાત તો સાચી જ છે. લખી તો હમણાં જ નાખું, કારણ કે એની બધી સમજણ તો કોઠામાં તૈયાર બેઠી છે. તે વ્યક્ત થાય એટલી જ વાર છે, પરંતુ તે લખાણ કોઈ છપાવવાને તૈયાર થાય અને વેચી આપે તો હમણાં લખી કાઢું, કારણ કે મારે ક્યાં કાવ્ય રચવાં છે ? મને અનુષ્ટુપ છંદ બહુ અનુકૂળ આવ્યો છે. જોડકણાંની ઢબે બધું જ લખી નાખું. મુદ્દલે વાર નથી.' તે સાંભળી શ્રી પ્રતાપભાઈએ તે અંગે બધું જ કબૂલ કર્યું અને તે નિમિત્તથી જ આ **'સદ્‌ગુરુ'** ઉપર લખવાની મને શ્રીહરિકૃપાથી પ્રેરણા મળી ગઈ.

'ચેતન જેમ સમગ્રતાને સ્પર્શે છે, તેવી રીતે અનુભવમાંથી વ્યક્ત થતું જતું જે કંઈ હોય તે સમગ્રતાના જેટલા મોટામાં મોટા ભાગને સ્પર્શી શકે તેવું સરળ અને સમજાઈ શકે તેવું હોય, તેવું તારે લખવું.'-એવો શ્રીસદ્ગુરુ મહારાજનો મને હુકમ. બાકી, બી.એ.માં મારો વિષય ગુજરાતી હતો અને તેમાં પણ મેં ઑનર્સ લીધું હતું. ઇન્ટર સુધીનો મારો સંસ્કૃતનો વિષય ઘણો સારો હતો અને ઘણા વધારે સારા ગુણ હું મેળવી શકતો હતો. શ્રીહરિકૃપાથી જો ધારી શકું તો ઊંચી વિદ્વદ્ભોગ્ય ભાષામાં પણ લખી શકાય ખરું, પરંતુ અમારે ભેખધારીને તો શ્રીસદ્ગુરુના હુકમનું પ્રેમભક્તિ-પૂર્વકનું પાલન એ જ અમારું તો જીવન અને ભોજન. તેથી, આ 'સદ્ગુરુ' ઉપરનાં જોડકણાં જેટલાં સરળમાં સરળ લખી શકાય તેવી રીતનાં મેં લખ્યાં છે. ગદ્ય કરતાં પદ્ય મને વધારે સાનુકૂળ છે. મારું ગદ્ય, પદ્ય કરતાં કંઈક અંશે અઘરું ખરું, પદ્ય જેટલું સરળ તો નહિ જ. ઊંચી ભાવનાની હકીકતો પણ સરળમાં સરળ ભાષામાં મૂકી શકાય છે અને શ્રીહરિકૃપાથી જો આપણા દિલની તેવી નેકદાનત જીવતીજાગતી પ્રગટી હોય તો તેમ થઈ શકે છે.

મારું આ લખાણ સાહિત્યરસિકો માટે મુદ્દલે નથી, પરંતુ પા પા પગલી કરતા એવા જે શ્રેયાર્થીઓ છે અથવા તો એવા આરોહણ માર્ગના પ્રવાસીને કંઈ કરતાં પણ થોડીઘણી પણ સમજણ મળી શકે, તેવા હેતુથી મારું આ 'સદ્ગુરુ' ઉપરનું લખાણ તેવા તેવા મથનારને માટે છે. ખરો જે શ્રેયાર્થી છે, એ તો હૃદયના ભાવપૂર્વક સાર ગ્રહણ કરી લેવામાં જ એકમાત્ર સમજે છે. એટલે સંપૂર્ણ નિશ્ચિંતતાથી તેવા શ્રેયાર્થીઓનાં ચરણકમળમાં પ્રેમભક્તિભાવે મારું આ શ્રીસદ્ગુરુ ઉપરનું જોડકણાંનું લખાણ મૂકું છું.

સને ૧૯૨૧ની સાલમાં અને '૨૨ની શરૂઆતમાં અમારા જેવા કેટલાય વિદ્યાર્થીઓએ દેશની ભક્તિની ભાવનાના ઝનૂનમાં દેશની

સેવામાં ઝંપલાવ્યું હતું. તે કાળનો ભાવનાનો જુસ્સો અને ભાવનાની રોનક, ઝલક અને એ ભાવનાનો ચમકારો આજે પણ દિલમાં અને નયનમાં ચમકારા પ્રેરે છે. સાહસ અને જોખમોને બિરદાવવાને જુવાનીને એ લડતે પડકાર આપ્યો હતો, અને એ પડકારને યુવાનીએ પ્રેમથી સત્કાર્યો અને ઝીલ્યો હતો, પરંતુ એની પાછળ તો ધક્કો હતો ભાવનાના પરિબળનો. તે કાળ ભાવનાથી છલોછલ ઊભરાતો હતો. ત્યાગની પરંપરા ફૂટતી હતી. માથાં વધેરાવા કેટલાયે યુવાનોમાં તત્પરતા જાગેલી હતી. એવા કાળમાં ભગવાન જ્યારે આપણું મોઢું ફેરવાવે છે, તે એક કોઈક મોટા ચમત્કારની હકીકત છે. ગરીબાઈ તો બહુ કારમી હતી. છસાત માણસનું કુટુંબ, પોષણની જવાબદારી એકલી મારા ઉપર, ઘરડાં મા અને વિધવા ભાભી પણ થોડુંઘણું ઘરખૂણે મજૂરી કરીને મેળવે. એવી કપરી ગરીબાઈની સ્થિતિમાં હાથમાં ગંગાજળ લઈને વ્રત લીધેલું કે, 'જીવીશ ત્યાં સુધી સેવામાં જ જીવન ગાળીશ.' એટલે સેવાની તત્પરતામાં પડેલા એવા કાળમાં શ્રીસદ્‌ગુરુએ મને પાસે ખેંચ્યો.

અમદાવાદમાં શહેરમાંથી મંગળદાસ હૉલ તરફ જતાં પુલની શરૂમાં જમણે હાથે સાધુનાં કેટલાંક રહેઠાણો હતાં, અને આજ પણ છે. ત્યાં એક બાળયોગી પધાર્યા હતા. તેમની પાસે ઘણા માણસો એકઠા થાય. તે કંઈ ઉપદેશ કે પ્રવચન આપતા નહિ. તેમની અવસ્થા ઉન્મત્ત હતી. રાત્રે સાબરમતી નદીના પાણીમાં ગાંડા હાથીની માફક મસ્તીથી ઊછળતા અને કૂદતા. આજે પણ અમદાવાદના કેટલાક ભાવુક ભાઈઓ તેમને યાદ કરે છે. તેમને હું ના ઓળખું, તેઓ મને ના ઓળખે. છતાં તેઓશ્રી જે બધાં ત્યાં એકઠાં થયાં હોય, તેમને કહે કે : 'નડિયાદથી ચૂનીલાલ ભગતને બોલાવો !' એક વખત નડિયાદના શ્રી નાનુભાઈ કંથારિયા તેમનાં દર્શનાર્થે ગયા હશે. તેમણે આ હકીકત સાંભળી. શ્રી નાનુભાઈ

કંથારિયા અમદાવાદથી નડિયાદ જ્યારે પાછા ફર્યા, ત્યારે તેમણે મને આ હકીકત કહી સંભળાવી. ત્યારે મેં તેમને કહ્યું કે : 'મારે સાધુની સાથે શી નિસ્બત ! મારે કંઈ એમની પાસે જવું-કરવું નથી.' વળી, ત્યારે તો હું એમ પણ માનતો કે સાધુ લોકો સમાજની ઉપર આર્થિક રીતે ભારરૂપ છે-They are economic burden on society-એમ હું દૃઢપણે સમજતો. જોકે આજે મારું તે પરત્વેનું મંતવ્ય બદલાયું છે. એમાં કોઈક એવા વિરલા વીરો છે ખરા, પરંતુ સાધુસમાજનો પોતાનો જે ધર્મ છે, તે તેઓ સંપૂર્ણપણે યથાયોગ્ય પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક બજાવતા હશે કે કેમ, તેની મને આજે પણ શંકા છે.

આ બાળયોગી મને વગર ઓળખાણ-પિછાન વિના બોલાવતા હતા, તે હકીકતનો જવાબ તો મેં વાળી દીધો હતો, પરંતુ વગર લેવેદેવે ઓળખાણ-પિછાન વિના, મારું નામ પણ જાણ્યા વિના, મારું નામ દઈને જ જ્યારે બોલાવે છે, ત્યારે એમાં જરૂર કંઈક રહસ્ય તો હોવું જોઈએ, એમ મન, બુદ્ધિ વારંવાર દલીલ કરવા લાગ્યાં, અને એ વિચારે તો પછી મારો કેડો જ ન છોડ્યો. એ વિચાર મારો કેડો મૂકે એ હેતુથી હું અમદાવાદ ગયો. ત્યારે મારી ગરીબાઈની સ્થિતિ એવી કે અમદાવાદ જવાના પૈસા પણ ન મળે. ત્યારે મહિને એક આનો માત્ર હજામતનો ખરચતો હતો. જવા આવવાનું ભાડું પણ પેલા શ્રી નાનુભાઈ કંથારિયા પાસેથી મેળવી લીધું હતું. આમ, શ્રીહરિકૃપાથી શ્રીબાળયોગી મહારાજનો ભેટો થયો. ભૂરકીથી અંજાઈ જઉં એવો તો હું ન હતો. છતાં એમના તરફનું મારામાં આકર્ષણ પ્રગટ્યું. તેનાં કારણોમાં અહીં ઊતરતો નથી. તેમની પાસે વધારે રહી શકાય એવી તો મારી સ્થિતિ ન હતી. જે ચાર દિવસ એમની પાસે રહેવાનું પ્રભુકૃપાથી બન્યું, એ ચાર દિવસ ભાવાવસ્થામાં જ વીત્યા હતા. ભાવાવસ્થા તો આજે

હું કહું છું, પણ ત્યારે તો તે સ્થિતિને હું સમજી શક્યો ન હતો. કોઈક ભાવમાં સંપૂર્ણપણે તલ્લીન અને તરબોળ હતો એટલી હકીકત યાદ છે. ત્યારે કોઈ સમયનું ભાન રહ્યું ન હતું. વધુ રહેવાય તેવું તો હતું નહિ, એટલે મનમાં ને મનમાં સંકલ્પ પ્રભુકૃપાથી થયો કે શ્રીબાળયોગી પોતે કૃપા કરીને નડિયાદ પધારે અને તેઓશ્રી આ બાબતમાં કંઈક શિખવાડે તો શીખવું તો ખરું. મનમાં એવી ઉત્કટ ઝંખના પણ જાગી હતી.

સાચે જ તેઓશ્રી કૃપા કરીને નડિયાદ પધાર્યા અને અમે બંને મિશન હૉસ્પિટલથી આગળ જતાં ડભાણને રસ્તે હાજીકાસમના બંગલામાં રહેતા. ત્યાં કૃપા કરીને તેમણે મને દીક્ષા આપી. એ દીક્ષાની હકીકત રોમાંચક અને રસિક પણ છે, પણ એ લખવાનું સ્થાન આ નથી. એકવાર દોઢમાસ અને બીજી વાર બે માસ એમ બેવાર મારી સાથે તેઓ એકલા જ રહ્યા હતા. ત્યારે તેમણે કહ્યું કે : 'અલ્યા છોકરા, તારા ગુરુમહારાજ તો શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદાજી છે. તેઓ મધ્યપ્રદેશના ઈટારસીથી આગળ સાંઈખેડા છે, ત્યાં તું જઈને તેમના આશીર્વાદ લે અને તે પછીથી તેઓશ્રી જે હુકમ આપે તે પ્રમાણે તારે વર્તવું.' શ્રીબાળયોગીની આવી સલાહથી પ્રેરાઈને હું તો શ્રીસદ્‌ગુરુ મહારાજ પાસે ગયો અને ત્યાં સાતઆઠ દિવસ રહ્યો. પૂરી તૈયારી કરીને ગયો હતો. કદાચ બધું જ છોડવાનો હુકમ આપે તો તેવી તૈયારી સાથે મારી માને મળીને તેની તથા કુટુંબની આર્થિક સગવડ કરીને ગયો હતો. ત્યાં શું શું થયું તે તે હકીકત લખવી અહીં અસ્થાને છે. શ્રીગુરુમહારાજે મને આદેશ આપ્યો કે 'જ્યાં છે ત્યાં કામ કર, પરંતુ આ જે ગાંડું ઝનૂન દેશસેવાનું છે, તે તારે મૂકી દેવું પડશે. પ્રભુપ્રીત્યર્થે અને પ્રભુને માટે જ તારે કામ કરવાનું છે. બીજા કોઈને માટે નહિ. સેવાની વાત પણ તારે મૂકી દેવી. રાગદ્વેષથી સંપૂર્ણ મુક્તિ પામ્યા વિના

કોઈને સેવાનો અધિકાર નથી. એવો જ્ઞાનભક્તિપૂર્વકનો યોગ્ય અધિકાર પ્રાપ્ત થયા વિના જે લોકો સેવા કરવા નીકળી પડે છે, તેઓ સમાજનું કદી પણ કલ્યાણ કરી શકતા નથી. ભલેને રાગદ્વેષ ઘટાડવાના એકમાત્ર ઉચ્ચ આદર્શ કે હેતુથી સેવાના ક્ષેત્રમાં પડે, તેમનામાં પણ કોઈ આંતરિક શક્તિ તો જાગેલી હોતી નથી, તેવા પછી શી રીતે પોતાની વૃત્તિ સંયમમાં લાવી શકવાના ? એવા લોકોને પોતાના જીવનના ધ્યેયનું કશું નિશ્ચિતપણું હોતું નથી. આવા લોકો કેવી રીતે રાગદ્વેષ ઘટાડી શકવાના ? ઊલટા તે તો સમાજમાં રાગદ્વેષ વધારશે. આપસઆપસમાં પણ ભેદ વધારશે. સમાજમાં પણ ભેદ વધવાના. ગાંધીજી અહિંસાની વાત કરે છે ખરા, પરંતુ ભગવાનને માર્ગે જે જનારા છે, તેમને માટે તે હકીકત સાચી છે. તેવા લોકોના દિલમાં અહિંસા ચેતનાત્મક રીતે, ભાવનાત્મક રીતે સતત રમ્યાં જ કરવી જોઈશે, પરંતુ સેવા કરનારના દિલમાં તે અહિંસા જીવતીજાગતી નથી. તેમના દિલમાં અહિંસા પરત્વેનું પૂરેપૂરું સભાનપણું પણ મુદ્દલે હોતું નથી. નર્યા રાગદ્વેષથી ભરેલા છે. માટે તારું મોં તે તરફથી ફેરવી લેવાનું છે. ભગવાન પરત્વેની તારા હૃદયમાં અભિમુખતા જાગે તે તારા માટે ઘણું જરૂરનું છે.'

પરંતુ આ હકીકત ત્યારે મારા દિલમાં ઊતરી ન હતી, તે મારે સાચેસાચું કબૂલવું પડશે, પરંતુ શ્રીસદ્‌ગુરુ મને એમ છોડે તેમ ન હતા. એવી રાગદ્વેષની ચુંગાલનાં જ્યાં ત્યાં મને દર્શન તો કરાવ્યાં, પરંતુ એથી કંઈ પૂરેપૂરું સમજી શકાયું નહિ 'પાડેપાડા લડે અને ઝાડનો ખોડો કાઢે' એ પ્રમાણે શ્રી સરદાર અને શ્રી ઇંદુલાલ યાજ્ઞિકની વચ્ચે કોઈ પૂર્વગ્રહ હશે. શ્રી ઇંદુલાલે તો હાથ ઉપર લીધેલાં કાર્યોને એકદમ છોડી દીધાં. ત્યારે **આ જીવે** શ્રી ઇંદુલાલે શરૂ કરેલા 'અંત્યજ સેવામંડળ'માં તેમના મંત્રી તરીકે કામ કર્યું હતું. ગૂજરાત વિદ્યાપીઠમાંથી સૌથી પ્રથમ હરિજનોની સેવામાં જોડાનાર

**आ जीव** જ હતો. શ્રી ઈંદુલાલ તો છોડીને ભાગ્યા. તે પછી 'અંત્યજ સેવા- મંડળ'ની પ્રવૃત્તિ શ્રી ઠક્કરબાપા અને શ્રી મામાસાહેબના હાથમાં આવી. તે વેળા શ્રી ઈંદુલાલના કોઈ પણ માણસને રાખવા નહિ, તેવી સમજણની કંઈક ગંધ આવી કે તેવું મને કોઈકે કહ્યું, ત્યારે મને જે આંચકો લાગ્યો હતો અને સમગ્ર મારા આધારમાં જે ધ્રુજારી પ્રગટી હતી તે આજે બધું યાદ આવે છે. ત્યારે શ્રી સરદારને પણ હું મળ્યો હતો અને મેં કહ્યું : 'સાહેબ, હું તો એક ગરીબ વિદ્યાર્થી હતો અને મને શિષ્યવૃત્તિ પણ મળતી હતી. માત્ર દેશભક્તિથી પ્રેરાઈને જ મેં કૉલેજ છોડી હતી અને વિદ્યાપીઠમાં જોડાયો હતો. એક વખત ગાંધીજીએ વિદ્યાપીઠના પ્રવચનમાં કહ્યું કે : 'તમે તો એક ડિગ્રીનો મોહ છોડી અને બીજી જાતની ડિગ્રીનો મોહ હજી જીવતો રાખ્યો છે. મારી તો એવી શ્રદ્ધા હતી કે જુવાનો કૉલેજ છોડીને દેશની સેવામાં લાગી જાય અને ગામડે ગામડે ભમીને સમાજને જાગ્રત કરે.' એ સાંભળીને તરત જ વિદ્યાપીઠ પણ છોડી અને 'અંત્યજ સેવામંડળ'માં જોડાયો હતો. ત્યારે પણ મને સારા વેતનથી દેશી રાજ્યમાં નોકરી મળી શકે તેમ હતું, પરંતુ મેં દેશસેવાનું વ્રત લીધેલું છે, એટલે હરિજનસેવા છોડી દેવાનો નથી. તમે નહિ રાખો તોપણ દેશસેવાનું કામ તો હું ચાલુ જ રાખીશ અને મારી મેળે કરીશ. રોટલો આપનાર તો ભગવાન છે. સેવાનું વ્રત તો અખંડ રાખીશ જ એવો મારો દૃઢ નિશ્ચય છે.' એમ કહીને હું તેમની પાસેથી વિદાય થયો, પરંતુ આ હકીકતની ભીંસ મને એવી તો સજ્જડ ચારેકોરથી સતત ભીંસાતી જ રહી. એણે મારી આંખ ખુલ્લી કરી કે શ્રીગુરુમહારાજ કહેતા હતા તે હકીકત તો સાચી જ હતી. આ સેવાના ક્ષેત્રમાં હજી રાગદ્વેષ તો છે. મારે માટે જ જ્ઞાનપૂર્વક શ્રીસદ્‌ગુરુએ પ્રસંગ ઊભો કર્યો હશે અને આ હકીકતની જે દેશભક્તિનું ઝનૂન અને આ સેવાની ધૂન એકમાત્ર શ્રીહરિકૃપાથી

ઉપરના પ્રસંગથી મોળી પડવા લાગી. એમ મારું મોં દેશભક્તિ પરત્વેથી ભગવાનની અભિમુખતા તરફ ફેરવાતું ગયું. આવી છે- શ્રીસદ્‌ગુરુ મળ્યાની હકીકત.

જ્યારે પહેલી વાર હું સદ્‌ગુરુ પાસે ગયો, ત્યારે તે કાળમાં હયાત એવા ચેતનાનિષ્ઠ આત્માઓ જે શરીરધારી હતા તે બધા જ હું પોતે છું, એમ તેઓ પોકારતા. ત્યારે મને સંદેહ થયેલો ખરો કે એક માણસ એકીસાથે આવા બધા કેવી રીતે હોઈ શકે ? હું વ્યક્ત રીતે કશું બોલ્યો-કર્યો હતો નહિ, પરંતુ મનમાં તે પરત્વેનો સંશય તો જાગેલો હતો ખરો જ કે આવી હકીકત સંભવી ન શકે અને તે શક્ય જ ન હોય. તે પછી તો ઘણો કાળી વીતી ગયો. શ્રીહરિકૃપાથી સાધનામાં દૃઢતા પાકી થઈ. સાધનાભ્યાસ જોર પકડતો ગયો. તેમાં ખૂંપવાનું થતું ગયું. તેવા કાળમાં શ્રીસદ્‌ગુરુ બોલતા હતા તેવા શરીરધારી મહાત્માઓ કૃપા કરી કોઈક કોઈક વખત મને પ્રત્યક્ષ થયા ખરા. સૌથી પ્રથમ તેમના હૃદયના પ્રદેશમાં શ્રીસદ્‌ગુરુનું જ મને દર્શન થયું. ત્યારે પેલા સંશયની હકીકત મને યાદ આવતી, તેવા પ્રત્યેકે મને સાધનામાં ધક્કો મારેલો છે. શ્રીસાંઈબાબા અને શ્રીઉપાસની મહારાજની મારા જીવનમાં બનેલી હકીકતના કોઈ કોઈ સાક્ષી આજે પણ હયાત છે. બીજા મહાત્માઓના પ્રસંગના કોઈ સાક્ષી નહિ હોવાથી તે અંગે કશી વાતચીત કરી નથી. માત્ર શ્રીસાંઈબાબા અને શ્રીઉપાસની મહારાજની મારા જીવનમાં જે હકીકત બની હતી, તેનું મેં ક્યાંક વર્ણન કર્યું છે ખરું.

આવા બધા જે મહાત્માઓ શ્રીભગવાનની કૃપાથી મળ્યા અને તેઓશ્રીનું જે રૂબરૂ મળવાનું થયું ત્યારે ત્યારે તેઓ કેવા કેવા લાગ્યા, કેવા કેવા પ્રકારના હતા, તેમના કેવા કેવા રંગઢંગ હતા, તેમની રીતિનીતિ કેવી હતી અને તેમનાં રીતરસમ કેવાં હતાં, આવી અનેક પ્રકારના વર્ણનની હકીકત મારા 'સદ્‌ગુરુ' ઉપરનાં જોડકણાંમાં લખેલી

છે. મારા ગુરુમહારાજને ખોળવા અથવા તો મળવા, મારા જીવનની થતી સાધનાની કોઈ મુશ્કેલીનો માર્ગ મેળવવા તેઓશ્રીની શોધમાં હરદ્વારના કુંભમેળામાં મારે જવાનું થયું હતું. ત્યારે પણ શ્રીબાળયોગીની પ્રેરણાથી કેટલાક ઉચ્ચ મહાત્માઓનાં દર્શનનો લાભ મળ્યો હતો. એવા જુદા જુદા મહાત્માની હકીકત ત્યારે સમજમાં જે પ્રવેશેલી તેનું તેનું વર્ણન શ્રીસદ્‌ગુરુમાં કરેલું છે. એમાં કશુ માન્યતાથી લખેલું નથી કે ક્યાંય અતિશયોક્તિ કરેલી નથી. જેમ જે કાંઈ હકીકત હકીકતરૂપે છે, તેને તે રીતે જ દર્શાવી છે.

અંતમાં મારા સદ્‌ગુરુની સાથે શ્રીહરિકૃપાથી સંકળાવવાનું જે સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું, ત્યારે જીવનને શ્રીભગવાનની ભક્તિ પરત્વેનો વળાંક અને ઝોક અપાવવા માટે મારું ભગવાન પરત્વેનું વલણ કેવું રહ્યું હતું અને મારાથી તેમનામાં ભાવનાથી કરી જીવનમાં કેવી રીતે સંકળાઈ રહેવાનું થતું, તે પરત્વેની બધી હકીકત મેં ખુલ્લા દિલથી સ્પષ્ટપણે લખી છે. હાંજા ગગડી જાય તેવાં સાધનાનાં સાધનો કૃપા કરીને તેમણે મારી પાસે કરાવ્યાં છે. તેનો થોડોક નિર્દેશ આ સદ્‌ગુરુનાં જોડકણાંમાં કર્યો છે ખરો. મારા જીવનની સાધનાની કોઈ પણ હકીકત જેના કોઈ સાક્ષી ન હોય તે મેં લખેલી નથી. મારા જીવનના આ પ્રકારના વલણની મારી સાથે સંબંધ કેળવનારને પૂરી ખબર છે. 'સદ્‌ગુરુ' વિશે લખવાનું જ્યારે આવ્યું છે ત્યારે શ્રીભગવાનની કૃપાથી મારાથી થયેલી સાધનાની હકીકત જો તેમાં ન ઉમેરાય તો તેમાં એક પ્રકારની ઊણપ લાગે. એટલે જે આજ સુધી કદી મેં જાહેર કર્યું નથી, તેવું બધું જ મેં ખુલ્લું ખુલ્લું લખ્યું છે.

'શબ્દ' ઉપરનું લખાણ 'સદ્‌ગુરુ'માં આવે છે, તે વાંચીને કોઈકને એમ પણ થાય કે મોટાએ આ તો વિષયાંતર કર્યું, પરંતુ તે તેમ નથી. પ્રત્યેક ચેતનાનિષ્ઠને ઉપાસના તો આવશ્યક.

ઉપાસનામાં કોઈ ને કોઈ ગૂઢ રીતે 'શબ્દ' તો આવી જાય. 'શબ્દ'ની અનંત લીલા છે. પ્રકૃતિના ક્ષેત્રે પણ અનંત લીલા છે. કામ, ક્રોધાદિ વગેરેમાં પણ તેની લીલા છે. 'શબ્દ'ની સંગાથે રહીને 'શબ્દ'ને વર્ણવવા જવું એટલે ગૂઢમાં ગૂઢ પ્રદેશમાં ઊતરવું. વ્યક્ત થયેલ દરેક શબ્દને અખંડ, નિરવયવ, અનિર્વાચ્ય એવા 'શબ્દ' સાથે સંબંધ છે. 'શબ્દ'ને કુંડલિનીની જાગૃતિ સાથે પણ સંબંધ ખરો. અત્યારે એક રીતે બધાંની કુંડલિનીની જાગૃતિ છે જ, પરંતુ તેની નિમ્ન ગતિ છે. તે પ્રકૃતિના વહેણમાં વહે છે. જો ઊર્ધ્વ મનન ચિંતવન થાય, તો તે પ્રમાણે વહેવા લાગે.

'શબ્દ'ને લીધે પ્રાણ છે, પ્રાણને લીધે 'શબ્દ' નથી. શબ્દમાં એકાકાર, અખંડાકાર વૃત્તિ થઈ જાય ત્યારે જે 'શબ્દ' થાય તે જુદો. ત્યારે તે બધે જ રમે છે. પ્રકૃતિમાં રમતો હોવા છતાં અખંડાકારે રમતો હોય છે. ત્યારે જે તે સર્વત્ર છે. નિમ્નમાં નિમ્ન ગતિમાં 'પોતે અખંડ છે', 'હું જ છું', 'ક્યાંય ભિન્નતા નથી' એવી પ્રતીતિ એને ત્યારે જ થાય છે.

'શબ્દ'નાં મોજાં દ્વારા આધાર પરિપક્વ થતો જાય છે. **ह्रीँ, क्लीँ** વગેરે એકાક્ષરી બીજમંત્રો તંત્રમાં શોધાયા એની પાછળ એવું દૃષ્ટિબિંદુ હતું કે એવા કોઈ પણ શબ્દ શોધવા કે જેનાથી સ્વરૂપપ્રાપ્તિ વગેરનો કાળ ટૂંકાવી શકાય. એમાં પણ બે ફાંટા છે. કૃષ્ણગતિ અને શુકલગતિ. 'શબ્દ'ના માત્ર ઉચ્ચારણથી જ્ઞાનતંતુના ભાવમાં પરિપક્વતા થાય તો પ્રકૃતિની સ્થિતિ હોવા છતાં સાક્ષીભાવે એકાકાર, અખંડાકાર રહી શકાય. એમાં શ્રદ્ધા, માનવું કે ન માનવું એને કોઈ સંબંધ નથી. તાત્પર્ય કે માત્ર ઉચ્ચારણથી કાર્યસિદ્ધિ થાય છે. શરીરમાં પણ વિરોધનાં તત્ત્વો વચ્ચે અખંડતા જન્મે ત્યારે ખરી અખંડતા કહેવાય.

'શબ્દ'ની પણ જુદી જુદી ભૂમિકાઓ છે. અગિયારમી ભૂમિકા પછી 'શબ્દ'નો નાદ સંભળાય છે. નાદ છેક સમાધિ સુધી લઈ જાય છે. કોઈ વાર પક્ષીના, કોઈ વાર વાછરડાં ભાંભરે તેવા, કોઈ વાર વાજિંત્રના જેવા નાદ સંભળાય છે. નાદ એવો લાગે, પણ ખરેખર એવો હોતો નથી. આ છે શબ્દની લીલા. 'શબ્દ' ઉપરના લખાણમાં એની સંપૂર્ણ ઉચ્ચમાં ઉચ્ચ પ્રદેશની હકીકત નથી આવી. એ પરત્વે શ્રી અનુપરામ ભટ્ટસાહેબે મને અંગુલિનિર્દેષ પણ કર્યો. તે વેળાએ માનસશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી ઇંદુકુમાર દેસાઈ પણ હાજર હતા. તે વખતે જુદી જુદી ઉચ્ચ ભૂમિકામાં શબ્દનો કેવો પ્રકાર, અને તંત્રમાં બોલાતા શબ્દો કે જેનો કંઈ અર્થ જ નીકળી ન શકે એવા ઉપર દર્શાવેલા તાંત્રિક શબ્દની પણ, એટલે કે તેવા શબ્દોનાં મોજાંની અસર કેવી કેવી અને ક્યાં ક્યાં કેમ થાય છે, તે બધી હકીકતનું સ્પષ્ટીકરણ ત્યારે મેં કર્યું હતું. આ બધું મારે આ શબ્દગાથામાં ઉમેરવું તેવો શ્રી ભટ્ટસાહેબનો મારા ઉપર આગ્રહ પણ હતો. તે ઉપરથી મેં કહ્યું કે : 'અત્યારે મેં જે જે બધું કહ્યું તે બધું મને લખી આપો અને પછી તેમાં હું ઉમેરો કરીશ.' આ ઉપરથી શ્રી ઇંદુકુમારભાઈએ તે બધું કેટલાક કાગળનાં પાનાં ઉપર લખી દીધું અને એકવાર ફરી પાછા શ્રી રમેશભાઈ ભટ્ટને ત્યાં મળ્યા ત્યારે 'શબ્દ' ઉપર કેટલુંક મેં અનુષ્ટુપમાં તેમને લખાવ્યું હતું. આ બધાં કાગળિયાં તે નોટબુકમાંથી પડી ગયેલાં. ત્યારે તો તે જયશ્રીએ નોટબુકમાં મૂકેલાં ખરાં, પરંતુ કોણ જાણે કેમ પછીથી તે હાથ ન ચડ્યાં. જોકે જયશ્રીથી તે ખોવાઈ ગયાં, તેવું મારું કહેવાનું મુદ્દલે નથી, પરંતુ મારું જે તે બધું તે વેળા જયશ્રી સંભાળતી હતી, તે હકીકત પણ સાચી છે. તે હાથે ન ચડ્યાં તેનો મને હરખશોક નથી. આ હકીકત સ્પષ્ટપણે જાહેર એટલા માટે કરી છે કે શ્રી અનુપરામ ભટ્ટસાહેબને કે શ્રી ઇંદુકુમારભાઈને એમ ન લાગે કે

મોટાએ આ બધું કહ્યું અને તે શબ્દગાથામાં કેમ ન ઉમેર્યું ? તેનો સંશય તેમને ન થાય, તેટલા માટે લખ્યું છે. શ્રી ઇંદુકુમારભાઈનું લખાણ હાથવગે ન થયું એટલે શબ્દગાથામાં તે અંગે લખ્યું નથી. ખેંચી ખેંચીને યાદ કરીને કશું લખવાની મને આદત નથી. 'સદ્‌ગુરુ' ઉપરનું પણ બધું લખાણ સહજમેળે જેમ લખાતું ગયું તેમ લખાયેલું છે. વિચાર કરીને તો કશું લખવાનું જ નહિ, તે અમારો સ્વધર્મ પણ નથી.

જેમ એક **જીવ**દશાવાળા સામાન્ય **જીવ**ના જીવનનાં ઘણાં ઘણાં પાસાં હોય છે, તેવી રીતે ચેતનાનિષ્ઠના જીવનનાં પણ અનેક પાસાં હોય છે. તેવાં તેનાં પાસાંનો અભ્યાસ કોઈ પણ **જીવ**થી થઈ શકે એવી શક્યતા જ નથી. એ તો ચેતનાભિમુખી-જેનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ શ્રીહરિકૃપાથી આવિષ્કાર પામેલાં છે કે પામતાં જતાં હોય છે, તેવા માત્ર જરાતરા તેવા સત્પુરુષના જીવનનાં અનંત પાસાંઓનું કંઈક સમજી શકે તો સમજી શકે. ચેતનાને જ્ઞાનભક્તિ-પૂર્વક અનુભવવાને માટે જ્વાળામુખીના જેવી ધગધગતી ઉત્કટમાં ઉત્કટ જિજ્ઞાસાગ્નિ જે **જીવ**ને પ્રગટે છે, ત્યારે એવા **જીવ**ને તે પરત્વેનો ઊંડામાં ઊંડો, તલસ્પર્શી જે સ્વાર્થ લાગે છે, અને એ સ્વાર્થનો જે તલસાટ છે, એ તલસાટ તો પ્રકૃતિ પ્રદેશનો કંઈ હોતો નથી, એ તલસાટની પાંખ તો સતત ચેતનાત્મક ઉડ્ડયનશીલ આકાશ પરત્વેની જ એકધારી રહ્યા કરતી હોય છે. એવા ભભૂકતા અગ્નિના જેવો એના હૃદયનો જે તલસાટ છે, એવા તલસાટમાંથી એને જે ભક્તિ પ્રગટે છે, તે ભક્તિનો ભાવ એ જ્ઞાનપ્રેરક છે. ભાવમાં ભક્તિ અને જ્ઞાન બંને સમાયેલાં છે. આમ, આ પ્રકારે શ્રેયાર્થીને શ્રીસદ્‌ગુરુમાં ચોંટીને જે લીલાત્મક રહસ્યવાળાં પાસાંઓનું જ્ઞાન થાય છે, એવું જ્ઞાન કે સમજણ કોઈ પણ **જીવ**દશાવાળાને થઈ શકવાની કદી પણ શક્યતા જ નથી. ભક્તિ પાંગર્યા સિવાય સાચી સમજણ

કે જ્ઞાન પ્રગટી શકતાં નથી. એવી ચેતનાત્મક અગ્નિના જેવી ઝબકારા મારતી અને ચમકારા દેતી, સર્વનો જે તે તલસ્પર્શી અભ્યાસ કરતી ભક્તિનો પ્રકાશ જ્યારે શ્રેયાર્થીના દિલમાં પાંગરવા માંડતો હોય છે, અને શ્રેયાર્થી સદ્‌ગુરુનાં જે પાસાં સેવતો હોય છે, એવાં પાસાંના સેવનથી અને ભક્તિમૂલક અભ્યાસથી તેને જે જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે અલૌકિક અને મૌલિક છે. શ્રીહરિકૃપાથી સદ્‌ગુરુને સેવવાનું એવું જે સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું અને સદ્‌ગુરુ ઉપર લખવાનું જ્યારે પ્રભુકૃપાથી બની શક્યું છે, ત્યારે આટલો ઉલ્લેખ કરવો અસ્થાને લાગતો નથી.

શ્રીપ્રભુકૃપાથી **આ જીવે** આ પ્રાકરનો વેશ ધારણ કરેલો છે, અને એને કેટલાય એવા **જીવો** મળેલા છે. જેને ભગવાનને અનુભવવાને માટે જ્વાળાગ્નિ કંઈ પ્રગટેલો નથી, એવા અડૂકિયાદડૂકિયા **જીવો**એ **આ જીવ**નું જે મૂલ્યાંકન કર્યું છે, તેનો મને ખ્યાલ છે. પ્રભુકૃપાથી તેવા દરેક **જીવ**ને એણે ચાહ્યા જ કરવાનું કરેલું છે. એમનાં કરેલાં મૂલ્યાંકનો સામે જો જોવાનું કર્યું હોત, તો તો કદાપિ એવાનો સંગ અને સાથ ટક્યો જ ન હોત, પરંતુ મારે તો શ્રીપ્રભુકૃપાથી મળેલાંમાં પ્રવેશવું છે, અને એ પ્રવેશ તો પ્રકૃતિ દ્વારા જ થઈ શકે. તેથી, મળેલા સામા **જીવો**નો પ્રેમભક્તિપૂર્વકનો જ્ઞાનાત્મક સહકાર જ્યાં સુધી ન મળે, ત્યાં સુધી કંઈ કશું કામ (જ્ઞાનનું), કંઈ પણ થઈ શકવાની યોગ્ય શક્યતા પ્રગટી શકતી નથી. આવી સ્થિતિ હોવા છતાં ચેતનાનિષ્ઠ આત્મા એથી કંઈ હારી જતો નથી. મળેલા **જીવો**માં પેલા ચેતનાનિષ્ઠનો સંકલ્પ વારેવારે પછડાઈને પાછો ફરતો હોય છે. એવી એક વારંવારની પ્રક્રિયાને કારણે પેલા ચેતનાનિષ્ઠની સાથે પેલા **જીવ** પ્રકારના શરીરવાળા **જીવ**નો સંબંધ કાયમનો થઈ જતો હોય છે. તેથી, પેલા **જીવ**ને ભલેને કેટલાયે જન્મ થાય, તેમ છતાં પેલા ચેતનાનિષ્ઠનો તેના

શરીરના મનાદિમાં પડેલો સંકલ્પ, પેલાના જુદા જુદા હયાત શરીરના વખતે તેનાં મનાદિમાં ઝબકારા મારતો હોય છે, અને અંતે તો તેને ચેતનાના પ્રવાહમાં ઘસડી ગયા વિના તે સંકલ્પ રહેવાનો નથી, તે પણ એક અનુભવના પ્રદેશની હકીકત છે. તેમ છતાં એવાને મળેલા **જીવો** જો ખરેખરો સહકાર આપે તો આ જીવનમાં પણ તેવા **જીવો** એવા પ્રયોગાત્મક અનુભવ કરે તો તેમને જે મળશે તે **જીવ** પ્રકારના મળતર કરતાં અનોખા પ્રદેશની હકીકત હશે. શ્રીપ્રભુકૃપાથી મને મારા સદ્‌ગુરુના પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકના સેવનથી ઉપલી હકીકત સમજાઈ છે.

ચેતનાનિષ્ઠમાં જ્યારે મહત્ત્વે અને મોખરે આકાશતત્ત્વ હોય છે, ત્યારે આકાશતત્ત્વ સહજપણે વિસ્તારની ગતિમાં જ હોય છે. આકાશ સર્વત્ર બધે ઠેકાણે પ્રવર્તેલ છે. ચેતનાનિષ્ઠની શ્રાવ્યશક્તિ અને દૃષ્ટિશક્તિ તથા એનું એવું બધું સતત વિસ્તારની ગતિશીલતામાં જ પ્રવર્તેલું અને જીવતુંજાગતું હોય છે. આ હકીકત સામાન્ય વર્ગની બુદ્ધિ સ્વીકારી તો નહિ શકે, પરંતુ મારા પોતાના અનુભવની હકીકત છે. મને લાગે છે, ત્યાં સુધી છાતીએ હાથ મૂકીને ઠોકીને કહી શકું છું કે ભ્રમણાથી હું કદી દોરવાઈ જઉં એમ નથી. આત્યંતિક સત્યને સ્વીકારી લેવાય એવી ભૂમિકા જ્યારે થાય છે, ત્યારે જ સત્યને તે રીતે સ્વીકારાતું હોય છે. શ્રીસદ્‌ગુરુ એમના પોતાના સ્થાને હોવા છતાં એમનાં ત્રણ વાર મને દર્શન થયેલાં છે, અને વાતો પણ થયેલી છે. સાધનાના પ્રશ્નો ગૂંચો ઉકેલાયાં છે. એમણે મને કેટલીક ટેકનિક પણ બતાવેલી છે.

હું નડિયાદમાં કે બીજે ગમે ત્યાં હોઉં ત્યાં કદી શહેરમાં કે રહેઠાણમાં સૂતો નહિ. ભયંકર ભય લાગે એવા ઠેકાણે હંમેશાં સૂતો. ત્યાં પ્રભુકૃપાથી મારાથી થયેલી પ્રાર્થના પોતે પોતાના સ્થાનથી બિરાજેલા બોલતા અને મારા એક સ્નેહી ભાઈશ્રી ભગવતપ્રસાદ

પંડ્યા આ પ્રાર્થના મોટાની છે એમ માની ઉતારી લેતા. જે ઢબે અને જે લયમાં હું પ્રાર્થના ગાતો, તેવી જ રીતે શ્રીસદ્‌ગુરુમહારાજ ગાતા અને કહેતા કે : 'જુઓ, આ છોકરો કેવી પ્રાર્થના કરે છે ! એની પ્રાર્થનામાં કેટલો બધો ગદ્‌ગદ ભાવ છે ! અને એના ભાવને કારણે જ તેની પ્રાર્થના મારાથી સંભળાય છે.' શ્રીસદ્‌ગુરુમહારાજ પાસે જ્યારે જવાનું બન્યું હતું, ત્યારે પેલા ભાઈશ્રી ભગવતપ્રસાદે મને તેમણે ઉતારી લીધેલી પ્રાર્થનાઓ બતાવી હતી. એક અક્ષરનો ફેર ન પડે. મારી પ્રાર્થનામાંનું એક ભજન છે 'શરણચરણમાં રાખો રે, પાવલે લાગું' આ પ્રાર્થનાગીત તે ભજનોમાંનું એક હતું.

અનુભવીને દેહ રહે છે, પણ તેના દેહની લીલા ન્યારી છે. તેને દેહ છે પણ અનંતમાં વિહરે છે. નિમિત્ત જ્યાં હોય ત્યાં અનુભવી હાજર હોય પણ નિમિત્ત એને સમજી શકે નહિ, કારણ કે ભક્તિ ન હોય. જો ભક્તિ હોય તો સમજાય. અનુભવી નિમિત્તની જોડે હાજર જ હોય. એ આકાશ સાથે એક હોવાથી એકીપણે અનેક સાથે જુદી જુદી ભૂમિકામાં પ્રવર્તતો હોય છે. અને એથી જ અનુભવીને દરેક વિજ્ઞાન (Branch of knowledge)નું જ્ઞાન ન હોય, પરંતુ જો કોઈ વૈજ્ઞાનિક નિમિત્ત બને તો તેને અનુભવી સ્પર્શી શકે, પરિણામે નિમિત્તવાળા વૈજ્ઞાનિકથી આશ્ચર્યકારક શોધ થાય. આવી બધી હકીકતો જે બને છે તે આકાશતત્ત્વના મહત્ત્વના મોખરાપણાને લીધે હોય છે.

જ્યારે શ્રીસદ્‌ગુરુ ઉપર લખવાનું મારે સહજમેળે થયું, ત્યારે મારે સાચેસાચી હકીકત લખવી જોઈએ. કોઈ માને કે ન માને તે તરફ બિલકુલ દૃષ્ટિ રાખી નથી. કેટલીક હકીકતો એવી હોય છે કે પ્રકૃતિના ક્ષેત્રમાં જેની બહુ ભારે પ્રતિભા હોય એવી પ્રખર અને પ્રચંડ બુદ્ધિ પણ ઊર્ધ્વમાં ઊર્ધ્વ આધ્યાત્મિક કક્ષાનાં સત્યોને નહિ સ્વીકારી શકે અને સમજી પણ નહિ શકે. જેમ કે, આઈન્સ્ટાઈનની

Theory of Relativityનો જે સિદ્ધાંત છે, તેને આખી દુનિયામાં થઈને માંડમાંડ થોડા માણસો જ વિગતવાર સમજતા હશે. બીજા બધા તો એમ માને કે આવી એક થિયરી છે એટલું જ, પરંતુ તે થિયરીનું સત્ય તો તેમનાથી બરાબર સમજાય નહિ. તેવી જ રીતે ઊર્ધ્વમાં ઊર્ધ્વની ઉચ્ચમાં ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાનાં રહસ્યો અને તેની સાચી હકીકતો પ્રકૃતિના ક્ષેત્રની બુદ્ધિ સમજી નહિ શકે.

ઉપર જે મેં અનુભવની હકીકત લખી છે, તે સાચેસાચ તેમ હોવા છતાં કેટલાક વિચારકો, તેને સ્વીકારી શકવાની વાત તો દૂર રહી, પણ તેને કદાચ ગપ્પાં જ માને, પરંતુ **આ** શરીર જ્યારે તેના અંતના છેલ્લા આરે બેઠું છે, ત્યારે શરીર જતાં જતાં સાચેસાચી હકીકત ખુલ્લા કરતા જવું, અને વિશેષ કરીને જ્યારે 'શ્રીસદ્‌ગુરુ' ઉપર લખવાનું નિમિત્ત મળ્યું ત્યારે તો એના પરત્વેનું સ્ફુરતું ગયું એમ લખતો ગયો છું અને લખવાનો ધર્મ પણ સ્વીકાર્યો છે. આ બધું જ લખાણ માત્ર થોડા જ દિવસોમાં લખાઈ ગયું છે. બધાંની સાથે ગામ-પરગામ ગયો હોઉં, બધાંની સાથે હળવામળવાનું થતું હોય, તેવી દશામાં પણ શ્રીભગવાનની કૃપાથી **આ** લખાણ લખાયે જતું હતું. આ બધું છે તો ગદ્ય જ, પરંતુ અનુષ્ટુપ છંદમાં લખવાની મને સરળતા છે. તેથી, તે છંદમાં બધું લખાયું છે. છંદરચનાનો લાભ એ છે કે વિચારોને સ્મૃતિમાં સંઘરવાને માટે તે સરળ અને સહેલું છે, લયમાં બોલાતું હોવાથી ગદ્ય કરતાં વિશેષ ભાવ પ્રગટતો હોય છે. વળી, શાસ્ત્રના જેવી કોઈ હકીકત હોય, તો તેવી હકીકતોને અનુષ્ટુપમાં લખવાનો એક પ્રકારનો રિવાજ પડી ગયો છે. ગીતાજી શાસ્ત્ર છે અને એવી જે બીજી સૂક્ષ્મ હકીકત હોય, તે પણ અનુષ્ટુપમાં લખાઈ છે, તેને અંગે કેટલાક મિત્રોએ કહ્યું કે, 'મોટા, તમે આ યથાયોગ્ય કર્યું છે. અને આપણી પ્રણાલિકાને

સાનુકૂળ છે.' આ મત સંસ્કૃત ભાષાના કોઈ પ્રખર અભ્યાસીનો પણ છે. નામ ન આપવા બદલ વાચકો મને ક્ષમા કરે.

આ સદ્‌ગુરુના લખાણમાં પુનરોક્તિ દોષ પ્રગટે છે ખરો, તે હું કબૂલ કરી લઉં છું. તે માટે વાચકો મને ક્ષમા આપે. મારી તેવા પ્રકારની આદતને તેઓ સહન કરી લે, તેવી મારી તેમને વિનંતી. શ્રેયાર્થીના માનસ ઉપર આવી હકીકતોનું વારંવાર પુનરાવર્તન થાય તે તદ્દન યોગ્ય છે એમ દૃઢપણે સમજું છું અને તેથી મેં થવા દીધું છે. સાધનાની હકીકતની ભૂમિકામાં મારે વારંવાર પુનરાવર્તન કરવું પડેલું છે. પુનરાવર્તનની ભૂમિકા નક્કર થતી જાય છે, સમજણમાં દૃઢતા પ્રગટે છે, અને સમજણ પરિપક્વ પણ બને છે. મારા જીવનમાં મેં આવા પ્રકારના પુનરાવર્તનને દોષ ગણેલો નથી. સાધનાના પ્રદેશમાં ઊલટો એને મેં ગુણ ગણેલો છે. તે હકીકત શ્રેયાર્થીને જણાવવાની રજા લઉં છું.

અંતમાં, શ્રેયાર્થીને મારી પ્રાર્થના છે કે **આ** બધું લખાણ જિજ્ઞાસાભાવે વાંચે અને તેમાંથી જે તત્ત્વ જેવું લાગે તે સ્વીકારે અને બાકીનું ફોતરા જેવું સમજીને ભલે ફેંકી દે. શ્રી**હરિ**કૃપાથી છેલ્લાં વર્ષ દોઢ વર્ષમાં જે કાંઈ સર્જન થયું છે, તેનો બધો જશ ભાઈ નંદુભાઈને ભાગે જાય છે. તેમણે મને બધી રીતે સાવ છૂટો કરી દીધો છે. આવા અનેક વેદનાકારી રોગોની હયાતીમાં જે વેઠવાનું અને વેદવાનું આવ્યાં કર્યું છે, તેવા ગાળામાં કેટકેટલાં શાસ્ત્રોનાં જે ભજન-કીર્તન સર્જાયાં, જેથી **આ જીવ**ને દુઃખમાં આનંદોલ્લાસ અનુભવવાનો મળ્યો, તે સદ્‌ભાગ્ય કાંઈ ઓછું નથી.

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**

તા. ૧૫-૧૨-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાને એમના જૂના સાથી શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાયે 'સદ્‌ગુરુ' ઉપર લખવાનું સૂચવ્યું. પૂજ્ય શ્રીમોટા પ્રભુકૃપાથી લખે તો ખરા, પણ એ લખાણને છપાવવાનું કોઈ ખર્ચ આપે અને પુસ્તક વેચી આપવાની કોઈ જવાબદારી સ્વીકારે તો જ. શ્રી પ્રતાપભાઈએ એ વેચવાની જવાબદારી લીધી અને પ્રભુકૃપાથી પૂજ્ય શ્રીમોટાના જ એક સ્વજન શ્રી કૌશિકભાઈ જાનીએ એનો તમામ ખર્ચ ઉપાડવાનું સહર્ષ સ્વીકાર્યું. એટલે આ પુસ્તક પ્રકાશનમાં નિમિત્ત બનવા માટે હરિઃૐ આશ્રમ તરફથી એમનો હાર્દિક આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાએ તાજેતરના જ સમયમાં 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા', 'ભાવ', 'નિમિત્ત', 'રાગદ્વેષ', 'કૃપા', 'કર્મઉપાસના' વગેરે વિવિધ આધ્યાત્મિક વિચારો ઉપર જે પુસ્તક લખ્યાં છે, તે જ પ્રકાર અને કક્ષાનું આ પુસ્તક પણ શ્રેયાર્થી માટે, તેમ જ જીવનવિકાસના સાધનામાર્ગમાં પ્રવેશનાર માટે ખૂબ ઉપયોગી નીવડે એવું છે.

'શ્રીસદ્‌ગુરુ' વિશે પૂજ્ય શ્રીમોટાએ પચીસસો ઉપરાંત શ્લોકો લખ્યા છે. એ શ્લોકોની સૌ પ્રથમ સ્લીપો બનાવી એને ખંડોમાં વિભાગવાર વહેંચીને, શક્ય હોય ત્યાં ત્યાં ખંડને પેટા વિભાગમાં અધ્યાયમાં વર્ગીકરણ કરવાનું, ખંતપૂર્વકનો દીર્ઘશ્રમ માગી લેનારું કાર્ય હોંશે હોંશે અને ઉમંગથી પ્રાધ્યાપક શ્રી ઇંદુકુમાર દેસાઈએ કર્યું છે અને તેમાં એમને મુરબ્બી પ્રાધ્યાપક શ્રી અનુપરામ ભટ્ટ અને પ્રાધ્યાપક રમેશભાઈ ભટ્ટની સહાય મળી છે. એ ગોઠવણીમાં જરૂરી ફેરફાર કરીને જોડણીશુદ્ધિની ખંતપૂર્વકની જાળવણી સહિત

પ્રેસકોપી તૈયાર કરવાનું કાર્ય પણ પ્રાધ્યાપક શ્રી ઇંદુકુમાર દેસાઈએ કર્યું છે. એ માટે જહેમત ઉઠાવનાર ત્રણે ભાઈઓનો અમે ઘણો ઘણો આભાર માનીએ છીએ.

એ રીતે થયેલી ગોઠવણી અનુસારનું પ્રથમ વાચન હરિજન આશ્રમ, સાબરમતીમાં શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાયના ઘરે પૂજ્ય શ્રીમોટાના સાંનિધ્યમાં સવારના સાત વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી થયું.તેમાંથી ઉદ્ભવતા પ્રશ્નો વિશે પણ વિચારવિમર્શ થયો. તે સમયે સર્વશ્રી ડાહ્યાભાઈ નાયક, પ્રા. અનુપરામ ભટ્ટ, પ્રા. ઇંદુકુમાર દેસાઈ, પ્રા. રમેશભાઈ ભટ્ટ, શ્રી દત્તા મહા, શ્રી કાંતિભાઈ શિલ્પકાર, શ્રી ખીમજીભાઈ, શ્રી રમાકાંત જોશી, શ્રીમતી તારાબહેન ત્રિવેદી, શ્રીમતી કલાબહેન દેસાઈ વગેરે સૌએ હાજર રહી 'સદ્ગુરુ' શ્રવણમાં ફાળો આપ્યો, તે બદલ સૌ સ્વજનોનો અમે આભાર માનીએ છીએ.

'શ્રીસદ્ગુરુ' પુસ્તક લખાઈ ગયા બાદ તેને અથથી ઇતિ વાંચી સંભળાવવામાં તથા તેની પ્રેસ માટેની યોગ્ય હસ્તપ્રત તૈયાર કરવાના કામમાં શ્રી સોમાભાઈ ભાવસારે જે મદદ કરી છે, તેની નોંધ લેતાં આનંદ થાય છે.

દર વખતની જેમ આ વખતે પણ મેસર્સ એલેમ્બિક પ્રેસ, વડોદરાએ 'શ્રીસદ્ગુરુ' ટૂંક સમયમાં સારી રીતે પ્રસિદ્ધ કરવામાં જે ઉત્સાહ અને કાળજી દાખવ્યાં છે, તે કેમ ભુલાય ! આ માટે અમે તેમના ખરેખરા ઘણા ઘણા આભારી છીએ.

અંતમાં, પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોનાં વેચાણની સંપૂર્ણ આવક લોકકલ્યાણનાં કાર્ય માટે જ વપરાય છે, આથી, પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો સૌ કોઈ ખરીદીને જ વાંચે એવી અમારી વિનંતી છે.

**નંદુભાઈ શાહ**

તા. ૨૩-૨-૧૯૭૩ મૅનેજિંગ ટ્રસ્ટી,

હરિઃૐ આશ્રમ, નડિયાદ.

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનું ‘શ્રીસદ્‌ગુરુ’ વિશેનું આ પુસ્તક બરાબર વીસ વર્ષે પ્રગટ થાય છે. એથી હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. ‘શ્રીસદ્‌ગુરુ’ પૂજ્ય શ્રીમોટાએ રચેલા પદ્યગ્રંથોમાં અનોખું અને મૂલ્યવાન પુસ્તક છે, કેમ કે એમાં તેઓશ્રીએ પોતાની આંતરિક સાધનાની હકીકત પ્રગટ કરી છે.

આ આવૃત્તિના પ્રકાશનમાં અમને શ્રી જયરણછોડ સેવક (U.S.A.)નો પ્રેમ અને ઉમળકાભર્યો સહયોગ પ્રાપ્ત થયો છે. એ માટે અમે એમના ઘણા જ આભારી છીએ. પૂજ્ય શ્રીમોટા વિરચિત ‘શ્રીસદ્‌ગુરુ’ના પ્રકાશક સાથે પોતાનાં સદ્‌ગત માતાપિતાનું સ્મરણ સંકળાય એવી એમની ભાવનાપૂર્ણ લાગણી પાછળ ગુરુ, માતા, પિતા પ્રત્યેનો એમનો હૃદયભાવ વ્યક્ત થાય છે. એમના આવા ભાવની અમે દિલથી કદર કરીએ છીએ. પૂજ્ય શ્રીમોટાનાં અન્ય પુસ્તકોની જેમ આ પુસ્તકને પણ અધ્યાત્મરસિક ગુજરાતી વાચકો ખરીદીને વાંચશે એવી શ્રદ્ધા છે. પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોનાં વેચાણની આવક સમાજ ઉપયોગી કાર્યો પાછળ જ વાપરવી એવી પરંપરા હજીય ચાલુ જ રહેલી છે.

હરિઃૐ આશ્રમ દ્વારા પ્રકાશિત થતાં પૂજ્ય શ્રીમોટાના ગ્રંથોના પ્રકાશન કાર્યમાં અમને શ્રી રમેશભાઈ ભટ્ટનો સહકાર હંમેશાં મળતો રહ્યો છે. એમની સેવાભાવનાની અમે કદર કરીએ છીએ.

**સી. ડી. શાહ**

તા. ૧૧-૪-૧૯૯૨ — વ્યવસ્થાપક ટ્રસ્ટી

(રામનવમી) — હરિઃૐ આશ્રમ, નડિયાદ.

॥ હરિઃૐ ॥

# બીજી આવૃત્તિ પ્રસંગે-

પૂજ્ય શ્રીમોટા વિરચિત આ ગ્રંથ વિષયની દૃષ્ટિએ તથા એના નિરૂપણની દૃષ્ટિએ અલૌકિક છે. ૧૯૭૨માં વીસ વર્ષ પહેલાં એની પ્રથમ આવૃત્તિ પ્રગટ થઈ. એની તૈયારી કરતાં અમે અમારા પ્રાણમાં જે ઉલ્લાસ અને મતિમાં જે પ્રકાશના ઝબકારા અનુભવેલા એનું સ્મરણ તાજું થાય છે.

સદ્‌ગત મુ. શ્રી એ. જી. ભટ્ટસાહેબ તથા સદ્‌ગત પ્રો. ઈંદુકુમાર દેસાઈ સાથે ‘શ્રીસદ્‌ગુરુ’માંના શ્લોકોનું સંકલન-સંપાદન કરેલું. એકધારા એમાં જ લાગી રહેતાં કેટલો બધો આનંદ વરતાતો હતો. એનું મૂળ પૂજ્યશ્રીની પ્રેમચેતના શબ્દે શબ્દના વ્યક્તિત્વમાં હતું. સદ્‌ગત મુ. પ્રિય પ્રતાપભાઈ ઉપાધ્યાય આ ગ્રંથસર્જનનું નિમિત્ત બન્યા હતા. તેઓશ્રીએ ‘શ્રીસદ્‌ગુરુ’ વિશે જે પ્રસ્તાવના લખી છે. એમાં જ એમની વિષયસૂઝ તત્ત્વગ્રહણ કરવાની સૂક્ષ્મ બુદ્ધિશક્તિ, નિરૂપણની વિશેષતા અને વિશેષ તો એમના હૃદયની ભાવભક્તિ કોઈ પણ વાચક અનુભવી શકે છે. ‘શ્રીસદ્‌ગુરુ’ની બીજી આવૃત્તિ બે દાયકા પછી પ્રગટ થાય છે ત્યારે આ ત્રણેય મુરબ્બી મિત્રો હયાત નથી. એમનું પુણ્ય સ્મરણ આ પ્રસંગે થાય છે અને હૃદય એમના સંગે જાણે કે બેસી જાય છે અને એમની ગુરુભક્તિને વંદન કરે છે.

‘શ્રીસદ્‌ગુરુ’ની પ્રથમ આવૃત્તિ પ્રગટ થઈ હતી, તે પૂર્વે એનું ત્રણચાર વાર વાચન થયેલું અને પૂજ્ય શ્રીમોટાની ઉપસ્થિતિમાં એક વાર એનું શ્રવણ માણેલું. એ પછી ‘શ્રીસદ્‌ગુરુ’ ચાર વખત વાંચેલી. જ્યારે નવી આવૃત્તિ કરવાની આવી ત્યારે ‘મૌનએકાંત’માં વાંચી. પાંચેક જગાએ શ્લોકો ગોઠવવાના ક્રમમાં ફેરફાર કર્યો છે.

જે તે વિષયમાં તે મુકાય એવા હેતુથી આ આવૃત્તિમાં આટલો ફેરફાર કર્યો છે.

સ્વ.મુ. શ્રી પ્રતાપભાઈએ લખ્યું છે એ યથાર્થ છે કે પૂજ્ય શ્રીમોટાના પ્રત્યેક શબ્દમાં મંત્રશક્તિ છે. આ આપણા હૃદયને સ્પર્શ કરીને સોંસરો ઊતરે છે. જિજ્ઞાસુ શ્રેયાર્થી એવા ભાવથી આ ગ્રંથનું પરિશીલન કરશે તો એ પૂજ્ય શ્રીમોટાની ચેતનાશક્તિનો અવશ્ય અનુભવ કરશે.

પૂજ્ય શ્રીમોટાના ગ્રંથો એ તો એમનો અક્ષરદેહ છે. એની સમીપતા અને એમાં શબ્દોમાં રહેલી શક્તિનો સ્પર્શ કાળક્રમે આપણાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણને બદલવા સમર્થ છે. આવા અનુભવ માટે પૂજ્ય શ્રીમોટાના લખાણનું આ પ્રકારના પરિવર્તનની ભાવનાથી પરિશીલન થવું જરૂરી છે. પૂજ્ય શ્રીમોટાની વાણી જુદા જુદા રૂપે નાનામોટા ગ્રંથોમાં સમાયેલી છે. એ બધા ગ્રંથો એકસરખા મૂલ્યવાન છે. એમ છતાં પ્રત્યેક શ્રેયાર્થીને પોતાની સ્વતંત્ર રુચિ પ્રમાણે અમુક અમુક ગ્રંથ વિશેષ પ્રભાવક અને પ્રેરક બને એમ સમજી શકાય છે. પૂજ્ય શ્રીમોટાની વાણીનું પ્રમાણ ગદ્ય રૂપ કરતાં પદ્ય રૂપમાં વિશેષ રહ્યું છે. વળી, તેઓશ્રીએ પણ 'પોતાને' વ્યક્ત થવાની સહજતાં અને સરળતા પદ્યમાં વિશેષ છે એમ જણાવ્યું છે. એ દૃષ્ટિએ તથા પૂજ્ય શ્રીમોટાના ગ્રંથોના સંપાદનકાર્ય નિમિત્તે એમના ગ્રંથોનો સ્વાધ્યાય થયો એને આધારે અનુભવાયું છે કે તેઓશ્રીના પદ્યગ્રંથોમાં રહેલી ભાવસામગ્રીનું મૂલ્ય અધિકાધિક છે.

'શ્રીસદ્ગરુ'માં ગુણભાવના, ગુરુતત્ત્વ, ગુરુશક્તિ, ગુરુસામર્થ્ય વિશે તથા ગુરુની વિધિ-પ્રક્રિયા વિશે તેમ જ ગૂઢ તત્ત્વ વિશે વિશદતાથી લખાયું છે. તેઓશ્રીએ જે જે રૂપે ગુરુભાવનો અનુભવ કર્યો એનું પણ એમાં નિરૂપણ છે. એથીય વિશેષ પોતાના

અનુભવમાં ‘શ્રીસદ્‌ગુરુ’ પદાનુભવમાં પ્રગટ્યા એની પણ હકીકત ખુલ્લી કરે છે. અનેક વખત પરિશીલન કરવા છતાંય એ માટેની ઝંખના વધ્યા જ કરે એવા આ ‘શ્રીસદ્‌ગુરુ’નું આ રૂપે થતું પ્રકાશન એ અત્યંત હર્ષ અને ગૌરવ નીપજાવનારી હકીકત છે.

પૂજ્ય શ્રીમોટાને સાધના દરમિયાન જે ઉપાસના થઈ શકી એનો અનુભવ વ્યક્ત કરતાં આનંદ અનુભવું છું. પૂજ્ય શ્રીમોટાનાં સર્વ સ્વજનો (આખું જગત તેઓશ્રીનું ‘સ્વજન’ છે.) આ ગ્રંથને વાંચે, સમજે, એનું પરિશીલન કરે અને માણે એવી ભાવના સાથે નિવેદન પૂરું કરું છું.

તા. ૨૪-૪-૧૯૯૨ **રમેશ મ. ભટ્ટ**

॥ હરિઃૐ ॥

# પૂર્ણપુરુષ

## (લેખક : પૂજ્ય શ્રીમોટા)

પૂર્ણપુરુષને પિછાનવો અને તેની બરાબર કદર કરવી એ કંઈ સહેલી વાત નથી. સાધારણ રીતે આપણામાં પૂર્ણપુરુષ વિશે ભિન્ન ભિન્ન વિચારો પ્રવર્તે છે. પુસ્તકોનાં વાંચનથી, આપણી પોતાની કલ્પનાના તરંગોથી, આપણી પોતાની સમજણના દૃષ્ટિબિંદુથી અને સમજના પ્રચલિત વિચારોથી, પૂર્ણપુરુષની રહેણીકરણી વિશે અમુક દૃઢ ખ્યાલો આપણામાં પહેલેથી જ ઘર કરી બેઠેલા હોય છે.

ઘણાની દૃષ્ટિએ પૂર્ણપુરુષ એટલે જેણે પોતાના જીવનની જરૂરિયાતો ઓછામાં ઓછી કરી નાખી હોય, દલિતો અને ગરીબો માટે તેનામાં અત્યંત કરુણા હોય, તેને પોતાની વ્યક્તિગત-અંગત-મુક્તિની કંઈ જ પડી ન હોય, તે તો સમસ્ત માનવસમુદાય માટે દયાનો સાગર જ હોય અને માનવજાતના ઉદ્ધાર માટે જ તે મથે. બીજા કેટલાક એમ માને છે કે પૂર્ણપુરુષ એટલે જે મૌન પાળે અથવા ઓછામાં ઓછું બોલે તે. તેનો ચહેરો શાંત. ગંભીર હોય. તેની સમીપ પહોંચતાં જ તેની ભવ્યતાની અથવા સાધુતાની છાપ આપણા ઉપર પડે જ પડે વગેરે વગેરે, પણ જો તે ખડખડાટ હસતો માલૂમ પડ્યો કે કોઈ સાધારણ પ્રવૃત્તિમાં મશગૂલ થતો દેખાયો, દુન્યવી વિષયોમાં રસ લેતો અને તેની 'ક્ષુદ્ર' બાબતો વિશે છૂટથી વાતો કરતો જણાયો-તો, બસ, ખલાસ-તે ગમે તેવો મહાન હોય તોપણ તેમની નજરે તો એ બહુબહુ તો પોતાની ભારે શક્તિ અને બુદ્ધિથી લોકો ઉપર પ્રભાવ અને સત્તા બેસાડનાર અને પોતા તરફ બધાંને આકર્ષનાર એવો પુરુષ જ દેખાશે. આવા લોકો એને સાધારણ પુણ્યશાળી અથવા ચારિત્ર્યવાન અને સમર્થ ગણવાની-ઉદારતા પણ

બતાવે, પણ આખરે તો એ 'દુન્યવી' એટલે નીચલી પાર્થિવ-ભૂમિકામાં જ રખડનારો એમને લાગશે.

પણ આંખે ઊડીને વળગે એવી, ઉપર લખ્યા મુજબની ચિઠ્ઠીઓ કંઈ પૂર્ણપુરુષને કપાળે ચોંટાડેલી હોતી નથી. શાક વેચનારે, કાપડિયાએ અને હોશિયાર ઝવેરીએ એક જ હીરાની જુદી જુદી કિંમત આંકી, એ વાત આ બાબતમાં પણ બરાબર લાગુ પડે છે. સાચા સંતની બાબતમાં તો શું, પણ દરેક અસાધારણ વિભૂતિવાળા સત્ત્વની પૂરેપૂરી કદર તો તેનાથી જ થાય કે એ વિષયમાં જ્ઞાનભાનપૂર્વક મંથન કરીને નિષ્ણાત થયો હોય. એમ કહેવાય છે કે પ્રો. આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ આજે પણ દુનિયાને વેઢે ગણાય એટલા માણસો પૂરેપૂરી રીતે સમજે છે, એ જ રીતે 'પૂર્ણપુરુષ' પૂર્ણપુરુષ તરીકે તેને જ દેખાય કે જેનામાં એને માટેની દૃષ્ટિ હોય અને કદર કરવા યોગ્ય હૃદય હોય.

આ કારણસર, આ લેખમાં પ્રસ્તુત વિષય વિશે સત્યની સીમા બતાવાઈ છે, એવો જરા પણ દાવો નથી. એમાં અનેક ત્રુટિઓ હોવાનો પૂરો સંભવ છે. આ તો એ વિષય પરત્વે અંગુલિદર્શનનો માત્ર નમ્ર પ્રયાસ છે. કૈંક અંશે સાચા સંતોના સહવાસથી, કૈંક અંશે હાર્દ શોધી કાઢવાનો એકમાત્ર ઉદ્દેશ રાખીને કરેલાં પુસ્તકોનાં વાંચનથી, કૈંક અંશે ગમે તેવી જાજ્વલ્યમાન વિભૂતિ હોય તોપણ તેનાથી અંજાઈ ન જવાનો નિશ્ચય કરીને તેનાં કથન અને વર્તનનાં યથાશક્તિ શાંતચિત્તે કરેલાં અવલોકન અને મનનથી અને કૈંક અંશે સામસામા કે જુદા જુદા વિચારોના પ્રચંડ ઝંઝાવાતથી ઘસડાઈ ન જવાના દૃઢ નિશ્ચયથી જે કંઈ સમજાયું છે, તેનો નિચોડ આ લેખમાં આપવાનો પ્રયત્ન છે. સાચો સંત કેવો હોવો જોઈએ તે વિશે જ્યાં સુધી આપણા મનમાં અમુક મંતવ્યો જડ ઘાલીને બેઠાં હોય ત્યાં સુધી હિરણ્યમય પાત્રમાં છુપાયેલું સત્યનું મુખ-આ ઠેકાણે સંતનું સાચું

દર્શન-જોવું અશક્ય છે. એને માટે તો પૂરેપૂરા નિરાગ્રહી, એટલે કે પરિણામની ભીતિ રાખ્યા વગર સત્યદર્શનની ઉત્સુકતા જ્યાં આપણને દોરી જાય ત્યાં જવાની તૈયારીવાળા, સાહસવાળા અને શ્રદ્ધાવાળા માનસની જરૂર છે, તે વિના સત્યદર્શન અશક્ય છે.

પૂર્ણપુરુષની પૂર્ણતા કંઈ સ્થૂળ આંખોથી દેખાય એવા સ્થૂળ ક્ષેત્રમાં નહિ પણ મન કે હૃદય કે સ્વભાવના સૂક્ષ્મ પ્રદેશમાં જ રહેલી છે, અને તેથી તે જોવા માટે સૂક્ષ્મ દૃષ્ટિ જ કામ લાગે, એ મહત્ત્વની હકીકત આપણે આ બાબતમાં ભૂલવી ન જોઈએ, તેથી જ સંતને ઓળખવા માટે ઉપર લખેલું વિવરણ લખવું પડ્યું.

વળી, બીજું કારણ એ છે કે ઉચ્ચ કોટિનો આત્મા લગભગ અપારદર્શક છે. કોઈ ખટપટિયા, પ્રપંચી માણસની ચાણક્યનીતિ હજુ પારખી શકાય, તેને પકડી પાડી શકાય પણ પૂર્ણપુરુષ કયા ઉદ્દેશથી અમુક કામ કરે છે, તે શોધી કાઢવું ઘણું કઠણ છે. તેના ઉદ્દેશોને આપણી કલ્પના સાધારણ રીતે પહોંચી શકતી નથી. આપણે તો આપણા ક્ષુદ્ર માનસના ગજથી તેના માનસનું માપ કાઢવા જઈએ છીએ, પણ જોકે પૂર્ણપુરુષ પણ આપણા જેવો જ હાડચામનો મઢેલો માણસ છે તેમ છતાં, એનો દેહ તો એ વિભૂતિનો બહુ જ અલ્પાંશ છે, પણ તેના અસામાન્ય, અદ્‌ભુત, કેટલીક વાર ચમત્કારી લાગે એવા અનુભવને લીધે મનુષ્યરૂપ ધારણ કરનાર એ પુરુષ ખરી રીતે ગગનસ્પર્શી છે. એનું માનસ કે જીવ આકાશ જેટલાં વિશાળ છે. અને તેથી એમાંથી ઉદ્‌ભવેલી કૃતિઓ બહારથી તદ્દન સાધારણ કે કેટલીક વખતે ઊલટી વિકૃત દેખાય છે, છતાં સાચી રીતે લોકોત્તર હોય છે.

દાખલા તરીકે, જે જે પ્રસંગો સંસારના રસિયાઓને ખૂબ ક્લેશ કરાવનારા અને દિલ હલમલાવનારા થઈ પડે છે, તે પ્રસંગોએ એ તો પૂર્વવત્ શાંત જ રહેલો દેખાય. દયાહીન શત્રુનું ભયંકર આક્રમણ, દુષ્કાળરૂપી રાક્ષસનું સર્વભક્ષણ, કે બીજી કોઈ આસમાની સુલતાની

કે જીવલેણ વ્યાધિનો ઝપાટો વગેરે ઉલ્કાપાતો પણ એને સ્પર્શ પણ કરી શકતા દેખાતા નથી. ઉપરછલ્લી દૃષ્ટિએ એ આમ છેક હૃદયહીન પણ દેખાય.

પણ સાચી રીતે એ નિષ્ઠુર નથી. જે બીજાઓ જોઈ નથી શકતા, તે એને દીવા જેવું દેખાય છે, તેથી જ તે આવા પ્રસંગોએ નિશ્ચલ રહે છે. એ જાણે છે કે વસ્તુમાત્ર પોતપોતાની નિયતિને અનુસરે છે, અને તેથી જ વસ્તુમાત્રની ઉત્ક્રાંતિ બહારની દખલગીરી વગર-પોતાની મેળે જ-થવા દેવાનું તે યોગ્ય ગણે છે અને તેથી આવે પ્રસંગે તે નિશ્ચેષ્ટ રહે છે કે દેખાય છે. વળી, તેની માત્ર સૂક્ષ્મ, મૂંગી અનુકંપા બીજાઓની દોડધામ અને ધાંધલિયા પ્રવૃત્તિઓથી ક્યાંયે વધારે અસરકારક છે, તેનો એને એકલાને જ અનુભવ છે.

સરળ રીતે પોતાને માર્ગે વહી જતી નદી જેવી એની વૃત્તિ હોય છે. એ પોતાની જાતને નિર્બંધ રાખે છે અને એવી જ રીતે બીજાઓને પણ મુક્તપણે વિહાર કરવા દે છે, કે જેથી તેઓ પોતપોતાની પ્રકૃતિ અનુસાર ઘડાય. આમ જોકે દેખીતી રીતે એ તદ્દન નિવૃત્ત લાગે છે, પણ ખરી રીતે બીજાઓની એ સારામાં સારી સેવા કરે છે.

એની દૃષ્ટિએ કાંઈ પણ તત્ત્વતઃ બીજાથી ચડિયાતું નથી. એ પોતાનું સ્વત્વ ભૂલે છે અને તેથી એ બધા ભેદભાવોથી પર થઈ શકે છે. કશાની પણ એને લાલસા કે આકાંક્ષા ન હોવાથી એને માટે વિજય, ફલપ્રાપ્તિ કે પૂર્ણાહુતિ જેવું કશું જ રહેતું નથી. એનો આત્મા સર્વનો સમાવેશ કરે છે. તેથી, તે સંપૂર્ણ સમતાથી વસ્તુમાત્ર માટે એકાકાર થાય છે અને આમ પોતાનું વ્યક્તિત્વ લુપ્ત કરે છે. સંતાત્માને તેથી કોઈ નામ નથી.

વસ્તુમાત્રથી, સંજોગોમાત્રથી અને સ્થાનમાત્રથી એને પૂર્ણ સંતોષ છે. તેથી, તે સદાનો સુખી જીવડો છે. ફેરફારો એને તો

શાશ્વત સમુદ્રના તરંગો જ લાગે છે અને એવા તરંગો ઉપર તે સહેલાઈથી તરે છે. કશાની પણ ખોટ, ઈચ્છા કે જરૂર એને ન હોવાથી રાજ્યકાર્ય સંભાળવાને માટે પણ એ જ સૌથી લાયક છે.

દરેક વસ્તુ આપોઆપ, પોતાની મેળે જ એનામાં સરજાય છે એમ એ જાણે છે. મતમતાંતરો માટે કોઈ પણ જાતનો પક્ષપાત કે અણગમો, ભોગ કે ત્યાગ એને હોતાં નથી. એટલું જ નહિ, પણ એને પોતાને મત જ હોતો નથી. જુદાં જુદાં મંતવ્યોમાંથી કોઈનો પણ તે વિરોધ કરતો નથી, માત્ર તે તેની પાર જાય છે અને પર હોય છે. સ્વાભાવિક રીતે અને સરળ ભાવે થઈ રહેલી બધાંની ઉત્ક્રાંતિને સ્વસ્થતાથી જોયા કરે છે. તેથી, તે કુદરતી રીતે પરિણામ પામતી વસ્તુસ્થિતિમાં આડખીલીરૂપ થતો નથી.

તે પરમ તત્ત્વમાં સદાય ડૂબેલો હોય છે અને તેથી તે પોતે જ અંતિમ જ્ઞાન છે. તે કોઈ પણ જાતની રચના કરતો નથી. તેથી, તે કશાનો વિનાશ કરતો નથી. તે પ્રત્યક્ષ અનુભવમાં જ રહ્યા કરે છે. એના ઉપર સંસ્કારો પડે છે, પણ તે તેને સંઘરી રાખતો નથી. અનુભવની પહેલાં કે પછી તે વિશે તે કશો વિચાર કરતો નથી. ભાવિ માટે કશી પણ ઉત્સુકતા હોતી નથી અને તે બાબતે તે તદ્દન નિઃસ્પૃહ રહે છે. જેવી અદૃશ્ય રીતે વખત પસાર થાય છે તેવી જ રીતે ભૂતકાળ એનામાંથી પસાર થઈ જાય છે, તેને માટે વર્તમાન જેવું પણ કશું નથી. બહારની દુનિયાનું સભાન અવલોકન કે આંતરિક દુનિયાનું સભાન સંવેદન એને થતું નથી. પ્રત્યેક ચીજમાં એ તે તે રૂપે આનંદ માણે છે અને પ્રત્યેક સ્થળ અને પ્રત્યેક ફેરફારને તે અનુકૂળ થાય છે. જીવન અને મરણ માટે તેને કશી પરવા નથી હોતી. એનું મન ખાલી છે, જે કંઈ છાપ એનામાં પડે છે, તે છાપ એની ચેતનામાં પડે છે. એનો આત્મા તો અલિપ્ત રહે છે, પરંતુ સામાન્ય રીતે એને એવી કશી છાપ પડતી હોય એવું ભાન હોતું

નથી. કોઈક વખતે જ્યારે એની ચેતનામાં છાપ ઊઠે છે, ત્યારે તે ભગવદ્ કાર્યમાં પરિણામ પામીને આપોઆપ પાછી વિલીન થઈ જાય છે, પણ સંતલોકોની વૃત્તિને આપણે પામી શકતા નથી. ખરી રીતે જોતાં તો એમને વૃત્તિ હોતી જ નથી.

એ તો માત્ર સ્વયંચાલિત તત્ત્વ છે. કોઈ વાર એ શાંત ઉપાયોથી કામ લે છે, તો કોઈ વાર વળી બીજી રીતે-જેવી પ્રસંગની જરૂર અને પરિસ્થિતિ, પરંતુ એની ભૂમિકા તો ગુણોથી પર જ રહે છે, કોઈક વાર વળી ગુણોમાં પણ હોય છે અને કેટલીક વાર તો ગુણોમાંયે નહિ અને ગુણોથી પર પણ નહિ એવી કોઈ અગમ્ય મધ્યમ સ્થિતિમાં પણ એની ભૂમિકા રહે છે. જે કંઈ અનિવાર્ય છે તેને એ વિધિનું નિર્માણ જાણે છે, અને તેથી તે હંમેશ સ્વસ્થ રહે છે. દેખીતી રીતે એ બીજાંઓને અનુપયોગી છે, પણ એના અસ્તિત્વમાત્રથી જ આપોઆપ સ્મસ્ત વિશ્વની ઉત્ક્રાંતિમાત્રમાં તે ભાગ લે છે. આમ, પૂર્ણપુરુષ પ્રત્યેકને પોતપોતાની પરિપૂર્ણતાની પ્રાપ્તિ તેમની તેમની રીતે કરવા દે છે. તત્ત્વથી વિરોધાત્મક એવું એને કશું દેખાતું નથી.

તે સ્તુતિનિંદાથી પર છે. તેની પ્રકૃતિનાં સ્વરૂપ અને લક્ષણો જુદી જુદી જાતનાં હોય છે. કાળના પ્રવાહ ઉપર તે તરતો વહે છે અને કશાનેયે આગ્રહ રાખી પકડી રાખતો નથી. તે કદી ઊંચે અને કદી નીચે હોય છે. બનાવો પ્રત્યે એ સદાય પ્રશાંત હોય છે. એ પોતે પ્રસંગોને પ્રસંગો જ માત્ર ગણે છે અને તેમ વર્તે છે, પ્રસંગો તેને પોતાના પ્રવાહમાં તાણી શકતા નથી. પ્રસંગોની ગતિ, એમનું જોમ અને તેનો વળાંક તે પોતાનામાં વાળે છે.

એ પોતે જ પરાકાષ્ઠા છે, કારણ કે તે કાળચક્રની ગતિને પારખે છે. તેથી, કાળથી થતાં પરિવર્તનો તેને અસ્વસ્થ કરી શકતાં નથી. આમ, જ્યારે તે કાળને પારખે છે ત્યારે તે તેનાં કારણો

શોધવા બેસતો નથી. વિસંવાદી ઘટનામાં પણ એ સંવાદ જુએ છે. એને 'હું' જેવું કશું નથી. તેથી, તેને કશામાં રાગ નથી અને પરિણામે કોઈ જાતનું યુદ્ધ કે હાર તેને વેઠવાં પડતાં નથી. વિધિની કૃતિઓ એને હલમલાવી શકતી નથી. એનામાં સદ્‌ગુણો છે, પણ જાણે નથી એવો જ એ દેખાય છે. તે શરીરથી માનવ છે ખરો, પણ તે માણસ જેવો સ્પષ્ટ જણાતો નથી. એ કોઈ જાતની યોજના ઘડતો નથી. તેથી, તેને જ્ઞાનની જરૂર પડતી નથી. એનાં વિચારવર્તનમાં કોઈ જાતની ન્યૂનતા નથી. તેથી, તેને નૈતિક સિદ્ધાંતોની જરૂર રહેતી નથી. એનામાં કોઈ પરત્વે પાર્થિવ પ્રેમ નથી. પરાક્રમથી મળે એવી કોઈ સિદ્ધિ તેને જોઈતી નથી. તેથી, નિષ્ફળતા માટે શોક કે વિજય માટે હર્ષનું તેને કારણ રહેતું નથી. એને કશું ભૂલી જવાપણુંયે નથી અને યાદ રાખવાપણુંયે નથી. તે જાતે જ શુદ્ધ અનુભવ છે. તેથી, તે શુદ્ધ વિજ્ઞાન છે. પ્રકૃતિ અને પુરુષનું તે એકીકરણ છે અને વસ્તુમાત્રને તત્ત્વમાં સરખી રીતે જુએ છે. એને માટે વસ્તુઓ વચ્ચે ક્યાંય પરસ્પર વિરોધ નથી. તે, તે તે વસ્તુઓને, તેમના તેમના અનુભવની દૃષ્ટિએ જુએ છે. બધાંની ઉપર, બધાંની અંદર અને બધાંની વચ્ચે તે તત્ત્વરૂપે છે. તેથી, તે ખાલી છે અને ભરપૂર પણ છે. તેને પોતાની અલગ અસ્મિતાનું ભાન નથી હોતું, કારણ કે સ્વભાવથી જ સરળપણે સર્વત્ર હોય છે. આમ, તે અદ્‌ભુત રીતે પોતાની જાતનું એકીકરણ અને સમીકરણ પોતાની બીજી જાત સાથે કરે છે. તે ગુણોની સમગ્રતા છે. અસ્તિત્વમાત્રની-સર્જનની, પ્રેરણાની, જડ અને ચેતનની, મન અને પદાર્થની, કાળ અને અવકાશની એ બધાની સમગ્રતા પણ તે જ છે. ટૂંકમાં, પ્રકૃતિના સ્વયંભૂપણાની સમગ્રતા પણ તે પોતે જ છે.

એક રીતે એ કશું જ કરતો નથી, કારણ કે પ્રત્યેક જે તે કંઈ સ્વયંભૂ છે, પરંતુ તે સ્વયંભૂત્વની સમગ્રતા હોવાથી બીજી રીતે

જોતાં તે બધું જ કરે છે. આમ, સર્જન ન કરતો હોવા છતાં તે સર્જન કરે છે. એને તો બધું જ સર્જન અને વિનાશની મર્યાદામાં સપડાયેલું લાગે છે. વળી, એને વિનાશની પ્રક્રિયામાંયે સર્જનની જ પ્રક્રિયા દેખાય છે. સર્વવ્યાપી, પૂર્ણ, શાંત, કલ્યાણકારી સત્‌થી જુદી એવી એને એકે ઇચ્છા નથી. તે આમ, નિવૃત્તિમાં પ્રવૃત્ત રહે છે. એ કશું અયોગ્ય કરતો નથી. તે રડે છે, હસે છે, વિનોદ કરે છે, બોલે છે, વાતો કરે છે, ગણગણે છે કે બબડે છે, અને એવી બધી ક્રિયાઓ કરે છે, પણ તે આપોઆપ અનુકંપાથી. નિર્મળ સરળતામાં તે વિહરે છે અને સર્વ સાથે અભેદ અનુભવે છે. વ્યક્તિગત વલણ જેવું એને કશું હોતું નથી. આપોઆપ એની અસર સર્વવ્યાપી થાય છે અને આમ, જે તે કંઈ પોતાના સ્વરૂપને મેળવે છે. કોઈ વાર તે નિશ્ચેષ્ટ દેખાશે, તો કોઈ વાર ખૂબ સ્ફૂર્તિવાળો અને પ્રવૃત્તિમાન જણાશે. કદીક સ્થિર, સ્વસ્થ અને શાંત, તો કદીક ઉદાસીન. આમ, તે સર્વ આવેગ અને વૃત્તિઓની પણ સમગ્રતા છે અને તેની પાર તે જાય છે. આવી રીતે પ્રવૃત્તિમાં પણ તે નિવૃત્ત રહે છે.

એને અને કીર્તિને કશું લાગતુંવળગતું નથી. એ કશાનો માલિક નથી અને બધાનો માલિક છે. તે અનંતની સાથે તન્મય હોય છે. એનું મન આરસી જેવું છે. તેથી, તે પરિસ્થિતિ પ્રત્યે કુશળ વર્તન રાખી શકે છે, પરંતુ પરિસ્થિતિ એને કદી પણ આવરી લઈ શકતી નથી. કાળના સમજુપણાની અને તેના હેતુની તથા સંજોગોની યથાર્થતાની તેને સૂઝ પડી જાય છે, અને તે રીતે દુનિયાને તે પોતાનું સંભાળી લેવા દે છે. એ કોઈનું પણ અનુકરણ કરતો નથી, કેમ કે અનુકરણથી સમયયોગ્ય વર્તન થાય નહિ. એને, એકલા એની પોતાની જ સાથે સરખાવી શકાય, બીજા કોઈની સાથે નહિ. એવો એ અનેરો છે. તે બીજા કશા ઉપર આધાર રાખતો નથી અને તે પોતે સ્વતંત્રપણે સંપૂર્ણ હોય છે.

ઘણી ચીજો તરફ એ એક સામટું લક્ષ આપે છે, પણ તેમાં તે તણાઈ જતો નથી, અને ઘણો બોજો ઉઠાવે છે છતાં તેનું હૈયું હળવું જ રહે એવી એની કળા તેનામાં એની મેળે જ પ્રગટ થયેલી હોય છે. વસ્તુમાત્રની તાત્ત્વિક સમતાનું જ્ઞાન એને હોય છે. દેખીતા ભેદમાં એ તો સત્ય દૃષ્ટિએ એકતા જ જુએ છે. આમ, તે અગમ્ય છે. તેને માટે નેતિ જ શબ્દ વપરાય.

('જીવનસંદેશ' પુસ્તકમાંથી)

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા દ્વારા તેમના દેહની હયાતીના અંતિમ તબક્કામાં આધ્યાત્મિક ગ્રંથોનું જે સર્જન થયું તેમાં સને ૧૯૭૩માં રચાયેલ **'શ્રીસદ્‌ગુરુ'**નો સમાવેશ થાય છે. સ્વજનો તેમની અલ્પમતિથી શ્રીસદ્‌ગુરુના રંગઢંગને કંઈક અંશે પણ સમજી શકે એ માટે આ ગ્રંથનું વાંચન-મનન તેઓને ઘણું ઉપયોગી થઈ શકે તેમ છે.

**'શ્રીસદ્‌ગુરુ'**ની બીજી આવૃત્તિ સને ૧૯૯૨માં થઈ હતી. પૂજ્ય શ્રીમોટા વિરચિત ગ્રંથના વાંચન પ્રત્યે સ્વજનોની અભિરુચિ ઉત્તરોત્તર વધતી રહી છે. હાલમાં 'શ્રીસદ્‌ગુરુ' પુસ્તકની પ્રત ઉપલબ્ધ ન હોઈ સ્વજનોની માગને સંતોષવા માટે તેની ત્રીજી આવૃત્તિનું પ્રકાશન કરતાં અમો ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

**'શ્રીસદ્‌ગુરુ'**ની પ્રથમ તેમ જ બીજી આવૃત્તિઓનો આધાર લઈને ત્રીજી આવૃત્તિનું પ્રૂફ રીડિંગ શ્રી જયંતીભાઈ જાનીએ સારી એવી જહેમત લઈને કરવાની કોશિશ સદ્‌ભાવપૂર્વક કરી છે.

ટાઈટલ ડિઝાઈનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૧૮-૭-૨૦૦૮ **ટ્રસ્ટીમંડળ,**
(ગુરુપૂર્ણિમા) હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# અનુક્રમણિકા


| ખંડ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | પ્રાક્કથન | ૧-૪ |
| ૨ | સદ્‌ગુરુની પરખ | ૫-૧૮ |
| ૩ | સદ્‌ગુરુ સ્વરૂપ | ૧૯-૫૦ |
| ૪ | ઉત્ક્રાંતિ વિકાસક્રમ | ૫૧-૫૪ |
| ૫ | સદ્‌ગુરુનાં વિવિધ લક્ષણો | ૫૫-૭૮ |
| ૬ | સદ્‌ગુરુની વર્તનકળા | ૭૯-૧૦૯ |
| ૭ | વિવિધ સ્વરૂપે સદ્‌ગુરુ | ૧૧૦-૧૨૦ |
| ૮ | સદ્‌ગુરુ પ્રત્યે સાધકનું વલણ | ૧૨૧-૧૬૫ |
| ૯ | સાધક પ્રત્યે ગુરુપ્રક્રિયા | ૧૬૬-૧૭૪ |
| ૧૦ | ગુરુકૃપા | ૧૭૫-૧૮૪ |
| ૧૧ | સદ્‌ગુરુ પદપ્રાપ્તિ | ૧૮૫-૧૮૯ |
| ૧૨ | શબ્દસાધના | ૧૯૦-૧૯૮ |
| ૧૩ | જ્ઞાની અજ્ઞાની જીવનવ્યવહાર | ૧૯૯-૨૦૨ |
| ૧૪ | જીવનગુરુની ઉપાસના | ૨૦૩-૨૭૫ |
| ૧૫ | ઉપસંહાર | ૨૭૬-૨૮૨ |


❑

# શ્રીસદ્‌ગુરુ

❑

## પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**


‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

હરિઃૐ

## ખંડ - ૧

# પ્રાક્કથન



મૌનએકાંતની યોગ્ય શિક્ષા દેવા કૃપા થકી
-મૌલિક યોજના યોગ્ય જન્માવી દીધી છે ખરી.

(અનુષ્ટુપ)

શ્રીસદ્‌ગુરુ હૃદે ઊંડું પ્રણામો સ્તવીને કરું,
ભક્તિ પ્રભાવથી કેવો પ્રભાવિત થઈ ભજું. ૧

શ્રીસદ્‌ગુરુની પ્રત્યે સૌ કર્મે પ્રેર્યાં જ જે કરે
-ભાવ અંતરનો ઊંડો, થાય તદ્રૂપ તે વિશે. ૨

વારંવાર નમું એવા સદ્‌ગુરુને પદે લળી,
**એવાની** શક્તિકેરી હું સ્તુતિ ગાવું સ્તવી સ્તવી. ૩

'સદ્‌ગુરુ' પર પ્રેરાવી લખવા, શો કર્યો મને
-ઉપકૃત ! કૃપા એ તો **શ્રીહરિની** થયેલ છે. ૪

લળી લળી નમસ્કારો હજારો વાર પાદ છે,
ચારે દિશા ઊંચેનીચે, જ્યાં ત્યાં **એને** પ્રણામ છે,
શો આકાશે પ્રવર્તેલો અમર્યાદિત, મુક્ત તે !
એવા સદ્‌ગુરુ તો મારા પ્રાણ નિત્ય અખંડ છે. ૫-૬

અર્પવા અંજલિ **એને** મારી ગુંજાશ કૈં ન છે,
કાલાવાલા છતાં જેવા તેવા હું ધરું પાદપે,
ગરીબ છોકરાનું જે મહાકષ્ટે રળાયેલું,
વ્હાલું માબાપને લાગે, એવું મારું કનિષ્ઠનું. ૭-૮

યથાયોગ્ય ભલે ના હો, જેવું તેવું ભલે જ હો,
છતાં નાદાન તારાનું ગણી, સ્વીકારી લે, સ્તવું,
તારા પ્રતાપથી હું તો થોડુંઘણું કંઈક જે
-કમાયો જીવને, તારે પાદે ભાવે ધરું હવે. ૯-૧૦

સદ્‌ગુરુ શક્તિને પ્રાર્થું : 'સદ્‌ગુરુ' લખવા મને
-બુદ્ધિ પ્રેરવજો યોગ્ય, જેથી કર્મ સધાય તે',
જેમણે મેલું ધોઈને સ્વચ્છ, શુદ્ધ કરી હૃદે,
પુષ્પ ચઢાવવા પાદે જેણે યોગ્ય બનાવ્યું છે,
તેવા સદ્‌ગુરુનું ઋણ વાળવું કેવી રીત જે ?
ઊર્ધ્વ ચઢાવવા કર્મ કરાય, યોગ્ય તર્પણ. ૧૧-૧૩

શો આછોપાતળો એવો પ્રયત્ન તો થયેલ છે !
તેયે તારી કૃપાનો શો ચમત્કાર બનેલ છે !
બાકી મારા જ જેવાથી ભારે કૈં શું થઈ શકે ?
કેટકેટલી **તેં** સ્‌હાય તે અર્થે શી કરેલ છે ! ૧૪-૧૫

મૌનએકાંતની યોગ્ય શિક્ષા દેવા કૃપા થકી
-મૌલિક યોજના યોગ્ય જન્માવી દીધી છે ખરી,
ઋણ થોડુંઘણું એવી રીતે તે વાળવા થયું,
કિંતુ તેય કૃપા **एनी** હોવાથી તે બધું થયું. ૧૬-૧૭

ગુરુકથા લખાવી છે, જેણે મારી કને ચહી,
આભાર માનવા ભાવ ક્યાંથી લાવું હું દિલથી ?
ખાલી ને ખાલી શો માત્ર ! વાંસળી પોલી હું જ છું,
વગાડે તો જ વાગે તે, શી કરામત ગાવું હું ! ૧૮-૧૯

સદ્‌ગુરુની કળા સૌનું **आ** તો વિજ્ઞાનશાસ્ત્ર છે,
છે **अ,ब,क,ड** એવો **ते** છે ના નિર્દેશ તે વિશે,
ચેતનામાં પ્રતિષ્ઠા છે, સંપૂર્ણ જેની ભાવમાં
-તેવો શો હોય ! તે માત્ર છે દર્શાવાયું તત્ત્વમાં. ૨૦-૨૧

બધી સમજ સંસારી માનવતણી હોય જે
-શ્રીસદ્‌ગુરુની પ્રત્યેની, તે તે મેં વર્ણવેલ છે,
જેવો તે વર્ણવેલો છે તેવો ને તેટલો ખરે,
ખરે એનાથી **તે** ક્યાંયે વાસ્તવિક હકીકતે,
મુદ્દલે આપ પોતે ના, અધિકાધિક ઑર છે,
**એને** માપી શકાયે ના માત્ર અનુભવાય તે. ૨૨-૨૪


પ્રયોગાત્મક વાતો **આ** અનુમાને લખ્યું ન છે,
જાતે અનુભવીને સૌ કૃપાથી તે લખાયું છે. ૨૫

• • •

હરિઃૐ

# ખંડ - ૨

# સદ્‌ગુરુની પરખ



તમારે જાણવો હોય **એવાને** જો ખરેખરો,
રાખો સંબંધ ભક્તિથી મેળથી પરખાય તો.

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૧ : સદ્‌ગુરુનો દુર્ગમ સ્વભાવ

(અનુષ્ટુપ)

પ્રીછવા સદ્‌ગુરુને તો તાકાત **જીવની** નથી,
એવી કૈં શક્યતાયે ના, છતાં બુદ્ધિ મરે મથી,
અથડાવાથી ત્યાં ખાલી કશું ના હાથ આવશે,
બાચકા ખાલી ધુમાડાતણા આવે શું હાથ જે ? ૧-૨

પોતાનામાં સમાવે સૌ પોતાથી ઉદ્‌ભવાવતો,
પોતે સંસારનું કેંદ્ર એકમાત્ર અવ્યક્ત શું !
પોતાને એકલો માત્ર પોતે જાણી શકે જ **તે**,
**એને** સૌ જાણવાનાં તે મિથ્યા ફાંફાં જ સર્વ છે. ૩-૪

બુદ્ધિ-**જીવ**દશાની-ને મર્યાદા બહુ રીતની,
સમજણો, મડાગાંઠો બંધાયેલી ખરેખરી,
એવી તે બુદ્ધિની સર્વ મર્યાદા બ્‌હાર તત્ત્વ તે
-શકે ઓળખી શી રીતે એવા તે તત્ત્વને હૃદે ? ૫-૬

પ્રકૃતિનો જ સંપૂર્ણ કેવો અદ્‌ભુત સ્વામી છે !
સરખાવાય **એવાને** કોઈ સાથ કશે ન **તે**,
અનિર્વાચ્ય બધી રીતે ઇંદ્રિયાતીત **તે** જ છે,
**એને** સમજવા શા સૌ તત્પર ઇંદ્રિયો વડે ! ૭-૮

**એવાનો** તોળવા ન્યાય વિવેક દૃષ્ટિ જ્ઞાનની
-કોઈએ માનવીની ના સંસારે યોગ્ય રીતની. ૯

સમગ્રતાથી કોઈને ઓળખી ના શકાય છે,
યોગ્ય ઓળખવાની તો પંચાત છોડવી ઘટે,
ગમે તેટલુંયે છોને મથો તોય છતાં તમે
-કોઈને ઓળખી યોગ્ય શકવાનાં ન જીવને. ૧૦-૧૧

જુદી જુદી કળાવાળો, કુનેહ **एनी** ન્યારી છે,
**एनुं** અદ્‌ભુત કૌશલ્ય છતાં કોઈ ન પારખે. ૧૨

હોશિયાર બધી વાતે તેને તેવો છતાં કદી
-કોઈ જાણી શકે છે ના, છતો છતાં થતો નથી. ૧૩

કળા, કુનેહ, દાક્ષિણ્ય શક્તિ જે એવી સૂક્ષ્મ છે,
ગૂઢતા તેની ભેદીને કો'ને ના સમજાય છે. ૧૪

તાદાત્મ્યનો જ સંપૂર્ણ **एवानो** ગુણધર્મ છે,
સ્વાભાવિક રીતે **एवो** તે તે-માં રીત તે ભળે,
છતાં સ્વતંત્ર સંપૂર્ણ અનોખો મુક્ત સર્વથી,
ભળેલો હો, છતાં પાછો ભળેલો તે જરા નથી. ૧૫-૧૬

ભળેલો હોય **एवो** તો પ્રત્યક્ષ વરતાય છે,
છતાં પાછો જ નોખો છે, કોઈએ તે ન જાણશે,
ગરબડ બધી તેથી **तेने** સમજવા વિશે,
નોખાપણાની સાબિતી આપવા તે જતો ન છે. ૧૭-૧૮

પ્રવર્તેલો રહેલો છે એ રીતે આપણા વિશે,
તેવા સદ્‌ગુરુને કોણ તે ભાવે પ્રીછવાનું છે ? ૧૯

• • •

॥ હરિ:ૐ ॥

# અધ્યાય ૨ : સદ્ગુરુના વિરોધાભાસી ગુણો

(અનુષ્ટુપ)

શો શ્રીસદ્ગુરુ નિર્મોહી, નિર્લોભી ને નિરિચ્છ છે,
નિરાગ્રહી, નિરાસક્ત, નિરહંકારી પૂર્ણ છે,
તાદાત્મ્ય કારણે પોતે શો આસક્ત નિમિત્તમાં !
મૂળે સ્વરૂપમાં પાછો **તે** તેવો નવ હોય ત્યાં. ૨૦-૨૧

**एक** ને **एक**માં પોતે સંપૂર્ણ ચેતનાત્મક,
પ્રતિષ્ઠા **एनी** એવી જે હઠે ના કોઈ કારણ,
ચેતનાની પ્રતિષ્ઠામાં નિમિત્તે ફેરફાર ના,
નિમિત્તે ચેતના ગુણધર્મ તો સરખા જ શા ! ૨૨-૨૩

હલાવી કોઈ ડોલાવી **एने** તો શકતું ન છે,
પ્રતિષ્ઠિત થયેલો જે પાછો ત્યાંથી પડે ન તે,
દ્વંદ્વ ગુણાદિ **एवाने** માત્ર માધ્યમ જીવને,
સ્વામિત્વ મેળવેલું છે, **एवाए** પ્રકૃતિ પરે. ૨૪-૨૫

કદીક સ્પષ્ટ વક્તા છે, બોલે મોઘમ તે કદી,
તોછડોયે થતાં **एने** વાર કૈં લાગતી નથી. ૨૬

પાનાં તે પાડવાં **एवा** સંગાથે, નવ સ્હેલ છે,
ધડા વિનાનું તો સાવ **एनुं** વર્તન હોય છે. ૨૭

વર્તવાનું બધાં સાથે સરખું સાવ **एनुं** ના,
કેમ તે વર્તતો એવું કારણ **एनी** પાસમાં. ૨૮

લોક સંસારમાંયે તો જે તે બધાંની સાથ તે
-એકસરખું વર્તે ના, એકધારું વળી ન જે. ૨૯

પછી કાં ચગદી મારે નકામો **गुरुने** જગે ?
પરંતુ લોકને કોણ વારી તે મતથી શકે ? ૩૦

જીવને કેમ કે **एवो** પ્રકૃતિથી ભૂલેચૂકે
-દોરવાયેલ તો ક્યાંયે હોતો ના કૈં કશા વિશે. ૩૧

એવો **ते** દેહધારી છે, તેને સમજવા બધાં
-પ્રેરાય પ્રકૃતિ રીતે, શી ભૂલ થાય છે તહાં ! ૩૨

**एने** ના ઋણ માથે છે, કશાથી કોઈનુંય તો,
વશ **ते** ઉપકારોથી જીવને ના કદી થતો. ૩૩

આભાર માનતો લાગે ગદ્‌ગદભાવથી હૃદે,
છતાં પાછો ન **ते** તેવો અનોખો સાવ અંતરે. ૩૪

છતાં પાછો ન દંભી **ते** અંતરે કોઈ રીત છે,
એની સરળતાથી શો **ते** પરખાઈ જાય છે ! ૩૫

પોતે પોતામહીં મુક્ત સંપૂર્ણ એકરૂપમાં,
એકીસંગાથ ને પાછો એકીપળે અનેકમાં,
ઠેકાણે એક ને તોયે વિસ્તરેલો અનંતમાં,
માયા લીલા શી **एवानी** અનંતાનંત રૂપમાં !
કિંતુ નિમિત્ત જ્યાં એવું ત્યાં જ તે માત્ર તેમ છે,
બાકી તો ગૂંચળું શૂન્ય વળીને શો પડેલ છે ! ૩૬-૩૮

વિરોધાભાસી શો એવો તેના જીવનમાં નર્યો !
પારખવો જ **एवाने** કઈ રીતે પછી પૂરો ? ૩૯

બાળી નાખ્યો જ સંપૂર્ણ કામને નિજ જીવને,
છતાં મા પાર્વતી સાથે રમે છે મસ્ત રંગતે,
અનંત લક્ષ્મીનો સ્વામી છતાં ચોળેલ ભસ્મ છે,
અસુર સુરનો સ્વામી સંપૂર્ણ શિવ જ્ઞાની **તે**,
એવા શા એકબીજાથી ઊલટા ગુણ જીવને !
છતાં સૌ ગુણ સંગાથે એકબીજાની સાથ છે. ૪૦-૪૨

અનુભવીતણું એવું જીવને જાણવું રહ્યું,
સંસારીની રીતે તેવું યોગ્ય લાગતું ના કશું. ૪૩

• • •

॥ હરિઃૐ ॥

## અધ્યાય ૩ : સદ્‌ગુરુ પરખની રીત

(અનુષ્ટુપ)

વાતાવરણ જેવું તે પૃથ્વીની ઉપરે જ છે,
વાતાવરણ તેવું તો ઊંચે પૃથ્વીથી તે ન છે. ૪૪

જુદી જુદી ભૂમિકાનું વાતાવરણ ભિન્ન છે,
એકબીજાની સંગાથે સરખાવાય ના કશે. ૪૫

જુદી જુદી ભૂમિકાનું વાતાવરણ હોય જે,
એકબીજાથી કેવું તે સાવ સ્વતંત્ર હોય છે ! ૪૬

જુદી જુદી ભૂમિકાનાં લક્ષણો છે જુદાં જુદાં,
એકબીજાં થકી સાવ કેવાં ભિન્ન પ્રકારનાં ! ૪૭

વાતાવરણ જે યોગ્ય સૂર્યનું જેમ જેવું છે,
તેવું ને તેટલું માત્ર બ્રહ્માંડે કોઈનું ન છે,
એકબીજાની સંગાથે સરખાવાય પાછું ના,
જાણવું રહ્યું તેવુંયે અનુભવીનું સર્વદા. ૪૮-૪૯

તમારે જાણવો હોય **એવાને** જો ખરેખરો,
રાખો સંબંધ ભક્તિથી મેળથી પરખાય તો. ૫૦

માનવા માત્રથી **એને** કશું ના મળતું જ છે,
શો સર્વોત્કૃષ્ટ ભક્તિનો માર્ગ શો પામવાપણે !
ભક્તિ પ્રભાવથી હૈયે **એવાને** ઊતરાય છે.
સર્વશ્રેષ્ઠ બધું **એનું** ભક્તિથી પરખાય છે. ૫૧-૫૨

ભક્તિ લાગ્યા વિના ઊંડી સંપૂર્ણ સદ્‌ગુરુ વિશે
-કોઈ કાળે ન **તેવાને** પ્રિછાય ભલી પેર તે,
**એને** પ્રકૃતિનાં માત્ર ધારાધોરણ ના જ છે,
પ્રકૃતિમાં છતાં હોવા, પ્રકૃતિમાં ન **તે** જ છે. ૫૩-૫૪

દુર્લભ મળવો **એવો** સદ્‌ભાગ્યે જો કદી મળે,
તો ઓળખવો **એને** મુશ્કેલ બુદ્ધિથી જ છે !
શક્યા ઓળખી **એવાને**, તો તે સમજવો હૃદે
-અશક્ય શો પૂરેપૂરો ! માત્ર ભક્તિથી સાધ્ય તે. ૫૫-૫૬

તેથી જ્યાં પ્‌હોંચવાનું છે, તે પરત્વની ભક્તિ જે
-ઊંડામાં ઊંડી તે જાગી ગયેલી હોવી જોઈશે. ૫૭

**એનાં** જીવનનાં પાસાં અનેક રીતેનાં જ છે,
જાણવા સર્વ તે શક્ય કોઈથીયે બને ન તે,
અનિર્દિષ્ટ પૂરેપૂરો સર્વ જે તે કંઈ વિશે,
જ્ઞાન ને ભક્તિથી મસ્ત, નિમિત્તે પરખાય તે. ૫૮-૫૯

અશુદ્ધિથી ભરેલી જે શી ફાંટાબાજ બુદ્ધિ છે !
તે અનુભવવા પૂર્ણ સત્યને યોગ્ય કૈં ન છે,
ભક્તિથી બુદ્ધિ રંગાતાં તેવી બુદ્ધિની શક્યતા
-છે અનુભવવા શક્તિ હૃદે ચેતનની તદા. ૬૦-૬૧

ચેતન જેમ છે ગૂઢ છુપાયેલું બધાં વિશે,
પ્રત્યક્ષ તે જણાતું ના કોઈ ઉપાયથી જ **તે**,
ચેતનાનિષ્ઠનું તેવું સંસારે જાણવું રહ્યું,
**તેને** તો પ્રીછવા અર્થે ઉપાય માત્ર ભક્તિનો. ૬૨-૬૩

લાગ્યા વિના ઊંડો સ્વાર્થ ક્યાંયે ન વળગાય છે,
સ્વાર્થ ને રસ હૈયામાં શી તાલાવેલી અંતરે
-કેટલી લગની હૈયે ઉત્કટમાં શી ઉત્કટ
-લાગેલી હો ! પછી ત્યારે પ્રિછાશે સદ્‌ગુરુ પદ. ૬૪-૬૫

જાણવા, માનવાથીયે ઓળખાતો કદી ન છે,
એકલી ભક્તિથી માત્ર તેમાં પ્રવેશ થાય છે,
જ્ઞાન ભક્તિથી શો માત્ર પોતે તો પરખાય છે,
તેથી ઓળખવું છોડી ભક્તિ **તે** સાથ યોગ્ય છે. ૬૬-૬૭

ભક્ત, જ્ઞાનીતણાં કેવાં દર્શન શક્તિનાં થતાં !
ભક્તિ જાગી નથી જેને ઠેરનો ઠેર ર્‌હે તહાં. ૬૮

માનવાતીત શક્તિની પહેચાન, કૃપાથી ત્યાં
-થતી કોઈકને કેવી હૈયામાં ભક્તિ લાગતાં ! ૬૯

સૌ રીતે જ અધૂરા જે આપણે શા પૂરેપૂરા !
છતાં તત્પર શા **एने** માપવા આપણે જતા !
યોગ્યતા તે જ અર્થે ના આપણી કોઈ રીતની,
બુદ્ધિ સમજવા, ભક્તિ લાગ્યા વિના અશક્ય શી ! ૭૦-૭૧

હો સમજવું, જો યોગ્ય જીવને હોય કોઈને,
પોતાને એકલાને તો લેજો સમજી ત્યાં હૃદે,
પોતાને સમજી જે લે, જવા સમજવા કશે
ક્યાંય પોતે જતો ના છે, **તેનો** તેવો સ્વભાવ છે. ૭૨-૭૩

જેવી **જીવદશાની** છે પ્રકૃતિ તે, બીજી રીતે
-કેવી રીતે થયેલા જે પ્રકૃતિ મુક્ત **તેહને**

-યથાર્થ પ્રીછવા કોણ યોગ્ય રીતે થઈ શકે ?
ભક્તિ છે એકલો માર્ગ પ્રીછવા યોગ્ય પાત્ર **તે**. ૭૪-૭૫

ઊંધામાં ઊંધું કોઈ જો જીવને સમજાય છે,
સદ્‌ગુરુ એકલો માત્ર એવો શો જીવને જ **તે** !
**એને** સમજવા યોગ્ય રીતે, ના લાયકાત છે,
ચાહતાં ચાહતાં માત્ર **એવાને** પરખાય છે. ૭૬-૭૭

ભક્તિ લાગ્યા વિના હૈયે ભરી સંપૂર્ણતાથીયે,
સમજી શકવા યોગ્ય કોઈ સંપૂર્ણ ના જ છે,
ભક્તિ તો એકલો શ્રેષ્ઠ શો સર્વોત્કૃષ્ટ માર્ગ છે !
પારખે સદ્‌ગુરુને તે તો જ યથાર્થ રીતિએ. ૭૮-૭૯

તટસ્થપણું સક્રિય સૌ વ્યવહારમાં જ છે,
નિરહંકારી સંપૂર્ણ, જેનામાં નિર્મમત્વ છે,
જેની પ્રવૃત્તિમાં પૂરું સાક્ષિત્વ પાંગરેલ છે,
એવાં તે લક્ષણોથી શો સદ્‌ગુરુ પરખાય છે ! ૮૦-૮૧

ઊઠેલો, નિત્ય બેઠેલો, ચેતેલો, જે સદાય છે,
છતાં સંસારીને એવો કદીય **તે** ન લાગશે,
જેની છે જ્ઞાન ભક્તિની દૃષ્ટિ ને વૃત્તિ અંતરે,
તેવા જ માત્ર **તેવાને** શકે ઓળખી નિશ્ચયે. ૮૨-૮૩

રાત્રે અંધારું સંપૂર્ણ છતાંયે સૂર્ય હોય છે,
છતાં ફેડી શકે તે ના રાત્રિના અંધકારને !
સંજોગો સ્થળનો **એને** જ્યાં સહકાર યોગ્ય છે,
અજ્ઞાન છો છતાં હોય, ચેતેલો ત્યાં પ્રવર્તશે. ૮૪-૮૫

પરત્વે સદ્‌ગુરુ જેને ભક્તિ લાગી ગયેલ છે,
તેને સદ્‌ગુરુ તે પોતે એકલો ના શરીર છે,
બિંદુ જેટલું એવાને તનનું ના મહત્ત્વ છે,
જે ભક્તિથી જ ચેતેલો તેને સદ્‌ગુરુ શક્તિ છે,
પરોવાયેલ સંપૂર્ણ સદ્‌ગુરુને વિશે હૃદે,
તેવાને સદ્‌ગુરુ કેવા અંતરે તો વસેલ છે !
તેવા જ એકલા માત્ર સદ્‌ગુરુનું રહસ્ય તે
-ઓળખી શકી **एनामां** શા એકાકાર થાય છે ! ૮૬-૮૯

જાણવું માનવું જુદું, ને અનુભવવું જુદું,
જે અનુભવવામાં તો ખરું તત્ત્વ પમાય શું !
જેને અનુભવાતામાં આઠે કોઠે દીવા જ છે,
એવું સદ્‌ગુરુનું તત્ત્વ ભક્તિ વડે પમાય છે. ૯૦-૯૧

જેના તે દિલનો ભાવ સદ્‌ગુરુની પરત્વનો
-અખંડાકાર વ્હેતો જ્યાં થાય છે એકરૂપ જો !
ત્યારે તેને શું પ્રત્યક્ષ માહાત્મ્ય સદ્‌ગુરુનું તે
-પ્રકાશ પાડતું કેવું હૈયે અનુભવાય છે ! ૯૨-૯૩

અનુભવ થવા કાજે શક્તિનો શો પ્રયોગ જે !
મળે તે જાણવા જેને ખરો સદ્‌ભાગી **જીવ** તે,
આપમાં આપથી આપે આપને ઓળખેલ છે,
એવા સદ્‌ગુરુ સાક્ષાત પ્રત્યક્ષ વર્તમાન છે. ૯૪-૯૫

ઓઠું જ સદ્‌ગુરુ ના છે, **ए** શો જીવંત **प्राण** છે !
છે પ્રગટેલી જીવંતી ભક્તિ પ્રીછી શકે જ **ते**,

જ્વાળામુખી સમો અગ્નિ શો ધગધગતો જ **તે**
-લાવારસ વહેતો જે બાળી ભસ્મ કરે જ **તે**. ૯૬-૯૭

જેને જાણ્યાથી સંપૂર્ણ મેળે જણાય છે બધું,
એવું એકલું તો માત્ર સુપાત્ર સદ્ગુરુ જ છે,
સુયોગ્ય ચઢવા અર્થે સીડી શ્રીસદ્ગુરુ જ છે,
જેના તે પૂર્ણ આધારે આકાશેય ચઢાય છે. ૯૮-૯૯

પ્રત્યક્ષ ચેતનાનું **તે** સાક્ષાત પ્રતિબિંબ છે,
નિરાકાર છતાં પાછો સાકાર જ્ઞાનરૂપ **તે**,
જેને **एना** જ પ્રત્યેની જો, જ્ઞાનાત્મક ભક્તિ છે,
**तेने** તેવા પ્રમાણેનું પ્રીછવા સદ્ભાગ્ય છે. ૧૦૦-૧૦૧

'જ્ઞાનપ્રેરક પ્રત્યક્ષ સાક્ષાત સદ્ગુરુ જ છે',
**एनामां** ત્યાં પ્રવેશાતાં પ્રયોગે તે જણાયું છે,
ભક્તિ સદ્ગુરુની એ તો માત્ર શરીરની ન તે,
**एनी** તે ભક્તિમાં હેતુ શો જ્ઞાનાત્મક મુખ્ય છે ! ૧૦૨-૧૦૩

પાસે જ્યારે જવાતું છે, નજીકમાં નજીક તે,
પરિચય થવા લાગે ત્યારે ખરેખરો જ જે,
સાચાં સ્વરૂપનાં પાસાં ત્યારે શું ઓળખાય છે !
ત્યારે પરખ શક્તિની આપમેળે શી થાય છે ! ૧૦૪-૧૦૫

જાણવો કોઈને યોગ્ય રીતે સંપૂર્ણ, શક્ય ના,
તેના તો કરતાં શ્રેષ્ઠ ચાહવું મન મૂકી ત્યાં,
સદ્ગુરુને મનાદિથી જગે ઓળખવા જતાં,
પાછું નિશ્ચે પડાવાનું એમાં સંશય ક્યાંય ના. ૧૦૬-૧૦૭

જાણવો, માનવો **એને** કેવો દુર્લભ જીવને !
એકલી કોરી બુદ્ધિથી મુશ્કેલ થવું તેમ છે,
**એને** વળગવાકેરો કેટલો સ્વાર્થ અંતરે,
તેના પરે શું આધાર પૂરેપૂરો જ હોય છે ! ૧૦૮-૧૦૯

જે થયા વિણ કક્ષાના **એની** સંપૂર્ણતા રીતે,
ચેતનાનિષ્ઠને યોગ્ય રીતે ના ઓળખાય છે,
એકવાર ભલે પૂર્ણ થયેલા ચેતના વિશે,
છતાં બંનેય **તે એવા** ઓળખે ના પરસ્પરે,
નિમિત્ત મળતાં યોગ્ય **તેવા** પ્રીછી શકે ખરે,
-બંનેને તો જ સંબંધ થાય ન્યારો પરસ્પરે,
તે વિના **તે** ભલે સાથે હોય એક જગા પરે,
સંગાથે હો છતાં **તેઓ** જાણે ના એકમેકને. ૧૧૦-૧૧૩

અશક્ય સમજાવાનું, ઓળખાવાનું શક્ય ના,
પ્રિછાવું પણ ના શક્ય જાણવાનુંય શક્ય ના,
પાકો સંબંધ બંધાયા વિના, પાસે જ આવવું
-શક્ય કોઈ રીતિએ ના, નિશ્ચયે તે પ્રમાણવું. ૧૧૪-૧૧૫

જેને સદ્‌ગુરુ સામે ને સામે નિત્ય રહ્યા કરે,
**તેમનામાં** સદા જેનો **જીવ** મસ્ત રમ્યા કરે,
તેવાને ભાવ ઉછાળો કેવો ઊછળતો સ્ફુરે !
સદ્‌ભાગી **જીવ** એવો જે સદ્‌ગુરુતત્ત્વ પ્રીછશે. ૧૧૬-૧૧૭

કેવી આતુરતાયુક્ત શ્રદ્ધા ભક્તિભરી મીટ !
શી સદ્‌ગુરુ પરત્વેની લગાવતાં લગાવતાં !

અખંડાકાર ચેતેલી સળંગાકાર તે થતાં,
કૃપાથી સદ્‌ગુરુની ત્યાં પમાય શી પ્રસન્નતા ! ૧૧૮-૧૧૯

પોઢેલો **તે** નિરાંતે શો ! કશી **એને** પડી ન છે,
પડી **એની** તમારે શી ! પ્રીછી લ્યો દિલ તે તમે,
હલાવવો પડે **એને**, **એને** ચલાવવો પડે,
**એને** ઉઠાડી, બેસાડી, કામ લેવું તમારું તે. ૧૨૦-૧૨૧

પડે ઉઠાડવો **એને**, **એને** બેસાડવો પડે,
પડે હલાવવો **એને**, **એને** ચલાવવો પડે,
જે મેળવવું તે અર્થે તમોને સ્વાર્થ કેટલો !
વળગ્યા કેટલું ઊંડું તે પરથી જણાય સૌ. ૧૨૨-૧૨૩

સેવતાં સેવતાં, ઊંડી ભક્તિથી સદ્‌ગુરુ હૃદે,
મંડ્યા ર્‌હેવાથી ખંતેથી એકધારા જ તે વિશે,
બઢંતાં બઢંતાં, ભાવ એકાગ્રતામહીં ઊંડે
-પ્રસરાતાં જતાં, હાર્દ સદ્‌ગુરુનું પમાય છે. ૧૨૪-૧૨૫

શક્તિ સદ્‌ગુરુકેરી જો હો અનુભવવી હૃદે,
ભક્તિ **એની** લગાડ્યાથી તો અનુભવ લાગશે,
**એને** તો પામવાકેરો ભક્તિ માત્ર ઉપાય છે,
તે પરત્વે ઊંડો સ્વાર્થ લાગતાં તત્ત્વ સાધ્ય છે. ૧૨૬-૧૨૭


ગુણ ગ્રાહકતા ઊગે ભક્તિનો ભાવ જાગતાં,
તેમ ભક્તિતણા ભાવે શક્તિભાન થતું તદા,
ઊંડામાં ઊંડું આધારે ભક્તિથી ઊતરાય છે,
સદ્‌ગુરુ પરના ભાવે ઊંડું મગ્ન થવાય છે. ૧૨૮-૧૨૯

• • •

હરિઃૐ

## ખંડ - ૩

# સદ્‌ગુરુ સ્વરૂપ



આકાશ તત્ત્વનો સ્વામી થતાં, આકાશને લીધે
-ગમે ત્યાં વિસ્તરે કેવો અનંતાનંત રૂપ છે !

॥ હરિ:ૐ ॥

# અધ્યાય ૧ : સદ્‌ગુરુનું સહજ સ્વરૂપ

(અનુષ્ટુપ)

પરંપરા વિચારોની **एने** કદી ન હોય છે,
તર્ક પરંપરાથી તો **एने** સ્ફુરતું કૈં ન તે. ૧

આપમેળે ઊગે **एने एनुं** સહજ ધોરણ,
**ते** ક્યારે, કેમ, શું વર્તે ? ના કે'વાય કદી પણ. ૨

સ્વાભાવિકપણે ભૂખ માનવીને શું જાગતી !
આંતરપ્રક્રિયા દ્વારા લાગતી તે સ્વભાવથી,
તેવું સહજતાનું છે, આપોઆપ સ્વભાવથી
-આત્માનો તે સ્વભાવે શો, પ્રત્યક્ષ ગુણધર્મ છે ! ૩-૪

શ્વાસોશ્વાસ શું ચાલે છે, આપોઆપ સ્વભાવથી
-તેમ સહજતાનું છે ધોરણ, સ્વ-સ્વભાવથી. ૫

હવાનું જેવું અસ્તિત્વ આપોઆપ જ હોય છે,
તેમ સહજતા જાણો આત્માનો તે સ્વભાવ છે. ૬

પ્રસરાયેલ આકાશ સહજતાનું તેમ છે,
ગતિ આત્માની છે જેમ સહજતાનું તેમ છે. ૭

વિચાર્યા વિણ ત્યાં કર્મ એની મેળે થયા કરે,
અનુભવ થયા વિના તે કૈં ના સમજાય છે. ૮

કોઈ પ્રસંગમાં **तेवो** વર્તશે કેમ, માત્ર શું
-કરી શકે અનુમાન ? જે કો **एने** પિછાણતો,

કિંતુ નિઃસ્પૃહી સંપૂર્ણ શો શ્રીસદ્‌ગુરુ નિત્ય છે !
અભિપ્રાયથી હાલી **તે** ઊઠે એવો કદી ન **તે**. ૯-૧૦

ભૂમિકા અંતરે **એની** સાવ નિરિચ્છ રીતની,
પોતે નિષ્કામ સંપૂર્ણ, છતાં શી કામના વળી ? ૧૧

**એની** સરળતા સ્પષ્ટ તદ્દન શિશુના સમી,
કૂંડાળાં સાવ દંભીનાં ભેદ્યાં ભેદાય ના કદી. ૧૨

પોતાનું એકલાનું તે જે તે કૈં પલટાવવા
-શો શ્રીસદ્‌ગુરુ સંપૂર્ણ શક્તિથી બળવાન ત્યાં !
કિંતુ જેમ થતું હોય સ્વાભાવિક રીતે બધું
-તેમ તેવું થવા દે છે, નિઃસ્પૃહી રહી સર્વ શું. ૧૩-૧૪

અશક્ય સાવ મુશ્કેલ સંજોગો, વિઘ્ન, પ્રશ્નથી
-આરપાર જતો દીઠો **એને** સોંસરવો નર્યો,
**એને** જે કરવાનું છે, રોકવા તેથી કોઈયે
-સમર્થ કોઈ રીતે ના, એવો શ્રેષ્ઠ સમર્થ **તે**. ૧૫-૧૬

અફળાતો કુટાતો ના, અથડાતો ન ક્યાંય **તે**,
ગૂંચાવાનું કંઈ વિશે કદીયે જાણતો ન છે,
જવાનું સોંસરું પાર જેમાં તેમાંથી જાણતો,
**એને** ના સરખાવાતો એવો *એકલપંથી શો ! ૧૭-૧૮

પડે જરૂર **એને** જ્યાં જેની જીવન જે પળે,
આપમેળે ઊગે **એને** ઓચિંતું ફૂટી નીકળે,

---

* અદ્વિતીય

ગોતવા, પૂછવા **एने** ક્યાંયે જવું પડે ન છે,
સમાયેલું બધું જે તે **एनामां** ગૂઢ હોય છે. ૧૯-૨૦

પોતે પોતાની જેવી છે, પ્રકૃતિ ને સ્વભાવ તે,
તે તે તે જ પ્રમાણેનું છે વર્તવાનું નિશ્ચયે,
આત્મવિશ્વાસ એવો તે સદ્‌ગુરુને વસેલ છે,
તેથી નિશ્ચિંત સૌ વાતે, નિશ્ચયાત્મક **एह** છે. ૨૧-૨૨

જેમાં તેમાં બધાંનામાં સંપૂર્ણ ભળતો છતાં,
તાદાત્મ્ય ભાવ **एवानो** કેવો એકાત્મ રૂપમાં !
પોતે સામા સમો જાણે એકરસે થયેલ છે,
છતાં તટસ્થ સંપૂર્ણ **ते** પાછો સાક્ષી પૂર્ણ છે. ૨૩-૨૪

'શક્તિથી સઘળું કામ **एवानुं** થતું હોય છે',
કૈંક એવા પ્રયોગોથી **एने** અનુભવાય તે,
કર્તાહર્તા **हरि** માત્ર, પોતે માધ્યમ **एनुं** છે,
અનુભવોથી તે **एने** ટકોરાબંધ જ્ઞાન છે. ૨૫-૨૬

**एने** ના ગડભાંજો છે, **एने** ઉત્પાત કૈં ન છે,
જેમાં તેમાં જ સંપૂર્ણ **एने** નિરાંત હોય છે,
જેવો દેખાય તે પાછો તેવો કદી ન હોય છે,
છે પ્રમાણિકતા પૂરી, **एनामां** દંભ કૈં ન છે. ૨૭-૨૮

દૂરંદેશીપણું યોગ્ય, દીર્ઘદૃષ્ટિ શી ભવ્ય છે !
ચકોરતા શી તેવી જ ! દાક્ષિણ્ય પણ તેવું છે !
જે જે ગુણની જ્યાં સ્હાય ત્યારે પ્રત્યક્ષ તે ગુણ,
ચેતનાનિષ્ઠ શો યોગ્ય જેમાં તેમાં નિપુણ છે. ૨૯-૩૦

નિષ્પરિગ્રહ, ને શાંતિ ને સમદૃષ્ટિ, દક્ષતા
-ને પરાયણતા પૂર્ણ, જેનામાં નિરપેક્ષતા,
છે નિર્મમત્વ, નિષ્કામ, દ્વંદ્વ ગુણ અતીતતા,
-નિરહંકારી જે એવો ચેતનાનિષ્ઠ જાણ ત્યાં. ૩૧-૩૨

અદલ ન્યાયની સાથે કરુણા શી ભળેલી છે !
વિકાસ તેથી તો થાય જેનો તેનો અપાર જે,
દોષ, કુકર્મ ને પાપ બેસે જોવા કદી ન **તે**,
ધર્મ એવો કરુણાનો સદ્‌ગુરુમાં વસેલ છે. ૩૩-૩૪

થતું જે તે કંઈ જેમ, તેમ તેને થવા જ દે,
ડહાપણ ડહોળે છે, પોતાનું આગવું ન **તે**,
વચ્ચે ક્યાંયે પડે ના **તે** પોતે તટસ્થ શો રહે !
નિશ્ચિત તે છતાં પૂરું ઠેકાણું **એનું** કૈં ન છે. ૩૫-૩૬

જ્યારે ભાવ પ્રકાશે છે, અપરંપાર અંતરે,
ત્યારે પ્રકાશ પાડે **તે** આધાર કરણો વિશે,
ભાવથી આપમેળે તો શી હૈયાસૂઝ પાંગરે !
ને હૈયાસૂઝથી એવી જ્ઞાન અંતરમાં સ્ફુરે. ૩૭-૩૮

આગળપાછળે કોઈ કશો સંબંધ હોય ના,
આપોઆપ સ્ફુરે ત્યારે સંકલ્પ કર્મનો તદા,
પરંપરા વિચારોની ત્યારે તેમાં ન હોય છે,
શી હૈયાસૂઝ મેળે તો કર્મની ઊગી જાય છે ! ૩૯-૪૦

પર્વત કરતાંયે શી **એની** મક્કમતા ચઢે !
ચળાવી ના શકે કોઈ **એવાને** કોઈ રીતિએ,

**एनुं** આસન ડોલાવી શકે ના કોઈયે જરા,
**ए** તો નિશ્ચિત સંપૂર્ણ લીધેલા નિર્ણયે સદા. ૪૧-૪૨

જ્ઞાની પકવવાનો છે, હક્ક ના કોઈ જ્ઞાતિનો,
બધીમાંથી જ પાકે છે, એવા ચેતેલ હોય જે,
જ્ઞાની ભક્તતણો છોછ કોઈને કૈં નડે ન છે,
પ્રસિદ્ધ કૈંક તો એવા જ્ઞાની ભક્ત થયેલ છે. ૪૩-૪૪

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૨ : સદ્‌ગુરુ અને સંસારીજનો

(અનુષ્ટુપ)

અનીતિ નીતિકેરાં જે, ધારાધોરણ હોય છે
-સંસારે જે પ્રવર્તેલાં, તે પ્રમાણેનું માપ તે
-ચેતનાનિષ્ઠનું ક્યાંયે જીવનમાં ન હોય છે,
બાહ્ય આચરણો **एनां** વિધિનિષેધથી પરે. ૪૫-૪૬

જગત ન્યાયથી એવો તેવો તેવો જણાય છે,
'કિંતુ શો અંતરે **તે** છે !' તેને કોણ પિછાણશે ?
તો પછી બાહ્ય રીતે **તે** એવો શેં એવું વર્તતો ?
વાતો શી ઝીણિયું એવી ! એનો તોળાય ન્યાય શેં ? ૪૭-૪૮

**एनी** સ્વતંત્રતા ઑર મૌલિક શી પ્રકારની !
લૌકિક રીતથી તોયે નરી સ્વચ્છંદ લાગતી,
સંસારી દૃષ્ટિ, એવું જે મૌલિક ને અલૌકિક
-યોગ્ય તત્ત્વાર્થ ભાવાર્થે, સ્વીકારવા ન યોગ્ય છે. ૪૯-૫૦

શો અસામાન્ય **एवो** તે કોઈ ને કોઈ રીતિએ
-હોવા છતાં જ સંસારે, લાગ્યા વિના કદી ન ર્‌હે. ૫૧

નિંદા કદીક **एवानी** અપરંપાર થાય છે,
છતાં નિઃસ્પૃહી સંપૂર્ણ પોતે શો શાંત તે વિશે !
ઊંચાનીચા કરી નાખે એવી હોવા છતાં સ્થિતિ,
ત્યારે નિશ્ચળ સંપૂર્ણ શો અવિચળ આપથી ! ૫૨-૫૩

સંસારી લોકની જેવી જે સમજણ હોય છે,
તે રીતે વર્તનારો **તે** કદી હોતો નથી જગે,

સંસારીની રીતે તેથી **એવાને** તોલવા જતાં,
ભૂલથાપ ખવાવાની હોય છે ઘણી શક્યતા. ૫૪-૫૫

શો અલમસ્ત ધૂની **તે** એકાકાર જ હોય છે !
ધૂનની તાનમાં પાસાં બીજાં **તે** ન વિચારશે,
પોતાની ધૂનમાં કેવા ગાંડાતૂર નર્યા જ છે !
ધૂની સદ્‌ગુરુ જેવા તો કોઈ બીજા ન ક્યાંય તે. ૫૬-૫૭

ધૂન, તરંગ કે તુક્કો ઊંડા અંતરભાવને
-લોક કેવા ગણે, પાછા શા તુચ્છકારી કાઢશે !
ચેતેલાતણું સંસારે એવું એવું થયા જતું,
યોગ્યતામાં શું સંપૂર્ણ સમજાતું ન **તેમનું**. ૫૮-૫૯

છે મૃગજળ દેખીતું, કિંતુ તે સાચું લાગતું,
પરંતુ મૂળ જેનું ના, શાખા તે પછી હોય શું ?
ચેતેલાતણી વૃત્તિનું તેવું જ સૌ પ્રમાણવું,
મૂળના ભાવનું માત્ર વક્રીભવન જાણવું,
વક્રીભવનમાં દોષ મૂળના ભાવનો ન છે,
સામેનાની ભૂમિકાથી ભાવ શો બદલાય છે,
મૂળની ભાવના જેવી ભૂમિકા જેની હોય જો,
ત્યાં ભાવ બદલાયા તે વિનાનો સાવ મૂળ શો ! ૬૦-૬૩

**એની** ગહનતા કેવી અમાપ ને અતાગ છે,
એથી નીપજનારો જે ખજાનો તે અકલ્પ્ય છે,
છુપાયેલાં પડેલાં જે **એની** ભીતર રત્ન છે,
લગાવ્યે ગોથું ભક્તિનું જ્યાં અણમોલ મોતી છે. ૬૪-૬૫

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૩ : સદ્‌ગુરુનું વિરોધાભાસી સ્વરૂપ

(અનુષ્ટુપ)

શો શ્રીસદ્‌ગુરુ કોઈને કહેવા ના જતો જ છે,
આડુંઅવળું કોઈનું વિચારતો કદી ન **તે**,
જેનું જેવું જ જે જે છે, તે તે પ્રમાણેનું કદી
-બોલી સહજ નાખે તે, તેવા પ્રસંગમાં વળી. ૬૬-૬૭

કદીક શાંત સંપૂર્ણ, કદીક શો ભભૂકતો !
વિવેકી કદી, પાછો શો યદ્વાતદ્વા સમો નર્યો ! ૬૮

શિશુ જેવો કદી, પાછો જડ પથ્થરના સમો,
વિવેકી જ્ઞાની શો ! પાછો, ઉન્મત્ત જેમ વર્તતો. ૬૯

શું ગરબડિયું બોલે, ઠામઠેકાણું જેનું ના,
વ્યવસ્થિત કશો જે ના, જેનો મેળ કશો જ ના. ૭૦

બંધાયેલો પૂરો, તોયે **તે** બંધાયેલ ના કશે,
શો અદ્વિતીય એવો **તે** ! ઈલાયદો બધાંથીયે. ૭૧

**એની** નિર્દોષતા સ્પષ્ટ વર્તાય આપમેળ તે,
**એવો** જીવનમાં પાછો છતાં તેવો ન તેમ છે. ૭૨

અમુક રીતનો **એવો** નિશ્ચિત કોઈ ઢંગનો,
-એકધારો વહે એવું કૈં ના કહી શકાય તો,
છતાં વિશ્વાસનો ભંગ કોઈનોયે કરે ન **તે**,
**એના** જેવી વફાદારી જીવને કોઈની ન છે. ૭૩-૭૪

**एनुं** અસ્તિત્વ જ્યાં ત્યાં છે, અણુ જગા ન ખાલી છે,
પ્રત્યક્ષ બધું હોવા તે છતાં ના ભાન **एनुं** છે,
જેમાં તેમાં પ્રવર્તેલો એકાકારપણે બધે,
છતાંયે તેમ ના લાગે શું અચરજ એ જ છે ! ૭૫-૭૬

અનેક ભૂમિકાઓમાં અનંત ભૂમિકા સમો,
એકીસંગાથ પ્રત્યક્ષ ત્યાં ત્યાં તો તે પ્રમાણતો,
ફેરફાર ન તેમાં તો રજમાત્ર પડે કશો,
**एवाने** પ્રીછવા ક્યાંથી ચાલે બુદ્ધિ પછી કશે ? ૭૭-૭૮

'પોતે તો **एक** શો હોવા છતાં અનેક કૈં પળે,
**ते** પ્રત્યક્ષ થયેલો છે, એકીસંગાથ કૈં સ્થળે',
માનવી બુદ્ધિથી આવું સ્વીકારી ના શકાય છે,
છતાં વિકસ્યું આકાશ ત્યાં એવી શક્યતા શી છે ! ૭૯-૮૦

મોખરે તત્ત્વ આકાશી જેને જીવન હોય છે,
શું અમર્યાદ આકાશ અનંત વિસ્તરેલ છે !
આકાશ તત્ત્વનો સ્વામી થતાં, આકાશને લીધે
-ગમે ત્યાં વિસ્તરે કેવો અનંતાનંત રૂપ છે ! ૮૧-૮૨

શક્તિથી એટલો મોટો શો ભરપૂર **ते** ભર્યો !
છતાં તેવો ન **ते** લાગે જાણે હો તૃણની સમો,
અનંતાનંત ગામી **ते** છતાં શું બિંદુ જેટલી
-જગામાં **ते** પુરાયેલો લાગતો ઑર રીતથી. ૮૩-૮૪

વહેંચાયેલ શો પોતે દિશા-વ્યક્તિ-અનેકમાં
-બ્હાર જેવો, હૃદે ઊંડો પાછો તેવો સચેતન,

**एकमां एकथी एक** અનાદિ શો સનાતન !
**एवुं** છે સૂક્ષ્મ ભાવે **एनुं** તો તે રૂપ અંતર. ૮૫-૮૬

પોતે શરીર હોવાથી લાગે છે સ્થિર જીવને,
**अनिकेतन** શો પાછો સાચા સ્વરૂપમાં શું **ते** !
**ते** ગતિમાન સંપૂર્ણ સક્રિય વર્તમાન છે,
પલાંઠી વાળી બેઠેલો શો **ते** ગતિવિહીન છે ! ૮૭-૮૮

ગંદો ને ગોબરો કેવો દીઠ્યે જોવોય ના ગમે !
ચીંથરેચીંથરાં જેનાં વસ્ત્રનાં તો થયેલ છે,
જેના સૌ વાળ સંપૂર્ણ ગૂંચળાં થૈ ગયેલ છે,
કઢંગો **ते** છતાં પાછો કોક તેવો શું જ્ઞાની છે ! ૮૯-૯૦

કાદવે લપટાયેલો ભલે લાગે શ્રીસદ્‌ગુરુ,
લાગે ના વળગે **एने**, **एने** સ્પર્શે ન કૈં કશું,
તો પછી બાહ્ય રીતે **ते एवो** તે કેમ હોય છે ?
તે સમજાવવું કેમ એવા તે તે પ્રસંગને ? ૯૧-૯૨

મળની સાથ ખેલે છે, શિશુ ગેલથી કેવું તે !
મળને ખાઈ શો લે છે ! આળોટે મળને વિશે,
શ્રીસદ્‌ગુરુની એવી તે, ત્યારે છે ભૂમિકા શી તે !
ભક્ત, જ્ઞાનીતણાં કર્મ પ્રકૃતિ ક્ષેત્રનાં ન છે,
પ્રકૃતિ ધોરણે કોઈ શ્રીસદ્‌ગુરુ મપાય ના,
પ્રકૃતિને કૂદીને શો ઓળંગી તે ગયેલ ત્યાં ! ૯૩-૯૫

ભોક્તા, કર્તા શું નિર્માતા, સાક્ષી અંતરમાં પૂરો,
છતાં પાછો ન દેખાતો તેવો નિત્ય સ્વરૂપમાં. ૯૬

**एक ने एकमां** પૂર્ણ મશગૂલ અખંડ છે,
હોવા છતાંય સંપૂર્ણ નિમગ્ન, ના જણાય છે,
ભક્તિ જો તેમનામાં છે, તો ઝાંખી કેવી થાય છે !
લ્હાવો લેવાતણો ત્યારે શો આનંદ અપાર છે ! ૯૭-૯૮

અલગ સર્વથી પૂર્ણ છતાં પાછો ભળેલ છે,
વિરોધાત્મક ગુણોનો શો સમન્વય તે વિશે,
એકીસંગાથ શા જુદા જુદા ગુણો જ **एहमां**
-સૌ પ્રવર્તેલ લાગે છે, છતાં તેવો ન **ते** તદા. ૯૯-૧૦૦

કળા, કુનેહ, કૌશલ્ય, બુદ્ધિચાતુર્ય ગુણ શા
-એવા એવા અનેકોથી સંપૂર્ણયુક્ત આપમાં !
છતાં પાછો ગુણોથી **ते** આવરાયેલ કૈં ન છે,
ગુણોનો સ્વામી સંપૂર્ણ શો ગુણાતીત આપ છે ! ૧૦૧-૧૦૨

લપેટાયેલ સંપૂર્ણ લાગે છે **ते** બધી રીતે,
કોરો ને તોય કોરો **ते** સંપૂર્ણ મૂળમાં જ છે,
**एनो** તાદાત્મ્યનો ગુણ તેથી **ते** ભળી જાય છે,
ભળે તેમાં થતો એકરસે પોતે પૂરો ખરે,
ભેળો છતાં અનોખો શો સાવ નોખો જ તે પળે !
એક હોવા છતાં પાછો સાક્ષી સંપૂર્ણ હોય **ते**. ૧૦૩-૧૦૫

અનેક ઢંગવાળો શો ! અનેક રીતભાત છે,
કયા પ્રસંગમાં કેમ વર્તે ના કહેવાય તે,
**एने** રીઝવવા ભક્તિ વિના બીજો ન માર્ગ છે,
**एनी** સાથે થતાં ભક્તિ મેળે સર્વ સધાય છે. ૧૦૬-૧૦૭

સદ્‌ગુરુ શક્તિને ભાવે શરણ એકવાર જો,
પૂરેપૂરા થયેલા હો, છેડો મૂકી કદી ન દે,
કેવા લબડધક્કે **તે** લેવરાવી કળે કળે
-કાઢી નાખી બધો છાલ, ઠેકાણે પદ પાડશે ! ૧૦૮-૧૦૯

**તે** દેહધારી હોવાથી **एने** તેથી જ કર્મ છે,
કર્મનો હેતુ બીજાને સ્પર્શવા અર્થ માત્ર તે,
કર્મને કારણે માત્ર **एवा** ચહે પ્રવેશવા,
કળા અગમ્ય **एवानी** આવે સમજમાં ન ત્યાં. ૧૧૦-૧૧૧

જવું સમજવા **एने** સર્વ મિથ્યા પ્રયત્ન તે,
કોઈ ફાવી શકે ત્યાં ના, અગમ્ય શા અવ્યક્ત તે !
છતાં અગમ્યતા ગૂઢ **एवानी** મ્‌હાલવાતણો
-એકમાત્ર જ ઉપાય **एने** શો ચાહવાતણો ! ૧૧૨-૧૧૩

બહુરૂપી બહુ વેળા ભરપૂર વિચિત્ર છે,
તદાકાર જ તદ્રૂપ તેમાં તેમાં બધાં વિશે,
સ્પર્શ **एनो** બધાંમાં છે, છતાં નિર્લેપ પૂર્ણ છે,
બંધનો **તે** સ્વીકારે છે, છતાં નિર્બંધ તે વિશે. ૧૧૪-૧૧૫

જેવો જેમ ભજે **તેને**, તેવાને તેમ **તે** ભજે,
જેવા સાથે બને તેવો, **एनुं** એક ન રૂપ છે,
જીવને એકસાથે શો ! અનેકરૂપી હોય જે,
છતાં શો **एकमां** પાછો કેંદ્રિત પૂર્ણ હોય છે. ૧૧૬-૧૧૭

જેમાં તેમાં બધાંમાંયે માથું કૈં મારવાની તે
-આદત છે ન **एवाने,** વિના નિમિત્ત ના ચસે,

બાઘો કદીક લાગે શો ! હોશિયાર કદીક શો !
પ્રસંગે માથું આપી દે, એવો **ए** નરવ્યાઘ્ર શો ! ૧૧૮-૧૧૯

**एनी** કદીક કેવી તો ગજબની તુમાખી છે !
બેતાજ બાદશાહીનો **एनो** શો કેફ ઑર છે !
એવો હોવા છતાં પાછો તે કાળે **एनी** નમ્રતા
-નિર્મળ કાચના જેવી શી આરપાર દર્શક ! ૧૨૦-૧૨૧

કદીક શિશુના જેવી સમજણથી વર્તતો,
કદીક બાળના જેવી વાતો **ते** કરતો જ છે,
કદી ઉન્મત્તતા જેવું **एनुं** વર્તન હોય છે,
ઢંગધડા કશા **एना** આમ તો નવ હોય છે. ૧૨૨-૧૨૩

વિરોધાભાસી પાસાંમાં **एनो** મૂળે સમન્વય
-પૂરેપૂરો જ શો યોગ્ય ! છતાં જણાય ના રજ,
સંસારી રીતથી ઊંધું વર્તતો કદી લાગતો
-કિંતુ ત્યારે **हरिनामां** શું સંપૂર્ણ **एनुं** ચિત્ત તો ! ૧૨૪-૧૨૫

**एनी** વિચિત્રતા કેવી ! પાછી વિવિધતાય શી !
**एवानी** સાથ કોઈની થાય ના સરખામણી,
શો શિરોમણિ સૌથી **ते** ! ચઢિયાતો કળા વિશે,
**एना** જેવો શું ભક્તિમાં ભાગ્યે કોઈ જ શ્રેષ્ઠ છે. ૧૨૬-૧૨૭

વિરોધાભાસી ગુણોને એકીપળે અનુભવી
-ધારતો હોય સંગાથે, શો ચમત્કારી માનવી !
યોગ્ય કુશળ ખેલાડી **एना** જેવો ન કોઈ છે,
**एने** તો પૂર્ણતા વિના અધૂરું ખપતું ન છે. ૧૨૮-૧૨૯

**एकमां** શાં સમાયેલાં સ્ત્રી ને પુરુષ બેઉ છે,
અર્ધનારીશ્વર **एवो** છે પ્રવર્તેલ અંતરે,
**एनुं** અપાર સામર્થ્ય, મુડદાલ છતાં દીસે,
શો બાદશાહ બેતાજ ! છતાં ભિખારી સાવ **ते**. ૧૩૦-૧૩૧

ભરેલો પૂર્ણમાં પૂર્ણ છતાં સંપૂર્ણ ખાલી **ते**,
અંધારામાં પૂરેપૂરો, બિંબાકાર પ્રકાશ **ते**,
અજ્ઞાન, જ્ઞાન બંનેનું **एनुं** સ્વામિત્વ ઑર છે,
જેમાં તેમાં ડૂબેલો હો, છતાં શો તરતો જ **ते** ! ૧૩૨-૧૩૩

જેનો ગતિતણો પાર ખ્યાલમાં આવી ના શકે,
છતાં શો સ્થિરનો સ્થિર જાણે ગતિ ન મુદ્દલે,
**एने** અનેક નિમિત્તો એકીસંગાથ તે મળે,
તે સૌમાં **ते** પ્રવર્તેલો, છતાં **एक** સ્વરૂપ છે. ૧૩૪-૧૩૫

આઘોપાછો થતો ના છે, પોતાની સ્થિતિમાંથી **ते**,
સ્થિતિચુસ્ત છતાં પાછો **तेवो** પણ કદી ન છે. ૧૩૬

બહુરંગી, બહુરૂપી શો **एक**રંગી રૂપ છે !
**एकमां एक** સંપૂર્ણ, બહુમાં તોય **एक ते**. ૧૩૭

વહી વહી શી ગંગામા સમુદ્રને મળેલ છે !
છતાં હજી વહેતી **ते** રહે છે એકધારી જે,
ચેતનાનિષ્ઠ એવા છે, પહોંચેલા છતાં સદા,
-સતત શા વહેતા છે ! તેવા ના કિંતુ લાગતા. ૧૩૮-૧૩૯

જ્ઞાનસભર સંપૂર્ણ બાકી મણા કશી ન છે,
જાણવાનું બધું જાણે, લાગે મામૂલી તોય **ते**. ૧૪૦

કરોડાધિપતિ પૂર્ણ અહો ! તેનાથીયે ચઢે,
છતાં કદીક ભિખારી જેવું માગ્યા જ શું કરે ! ૧૪૧

કરે આહાર જે તે-નો અગ્નિ શો સર્વભક્ષી છે !
અલિપ્ત તે છતાં શો છે ! ચેતનાનિષ્ઠ તેમ છે. ૧૪૨

**તે** પોતે છે જ શો આઘે સર્વથી દૂર દૂર **તે** !
વળી પાછો શું પાસેમાં પાસે સાવ નજીક **તે** ! ૧૪૩

જેને છે ભક્તિ સંપૂર્ણ શો જોડાજોડ **एहने** !
બાકીનાને ખરે **ए** તો કરોડો ગાઉ દૂર છે. ૧૪૪

પડેલા કોક ખૂણે શા ! અજાણ્યા સાવ લોકથી,
લોક સાથે છતાં કેવો સંબંધ **તેમનો** વળી !
પોતે લોકોત્તરે પાછા, છતાં તેવા ન લાગતા,
કળા ખૂબી શી એવી છે ! તેવાઓની શું સર્વદા ! ૧૪૫-૧૪૬

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૪ : સદ્‌ગુરુનું નિમિત્ત સ્વરૂપ

(અનુષ્ટુપ)

શા શ્રીસદ્‌ગુરુ જ્ઞાની ને અનુભવી જ પૂર્ણ જે,
તેવા તો એકલા મસ્ત સદા પોતા વિશે જ છે,
છતાં નિમિત્તથી પોતે શો વળગેલ છે સદા !
સંસારી લોક **एवानुं** કેવું કેવું વિચારતા ! ૧૪૭-૧૪૮

જેવું જેવું જ નિમિત્ત તેમાં તાદાત્મ્ય **एहनुं**,
છતાં પાછો જુદો શો ત્યાં ! સાક્ષી સંપૂર્ણ આપ શો ! ૧૪૯

નિમિત્તો ચેતનાકેરા **एनामां** ગુણધર્મ છે,
જેવું જેવું જ નિમિત્ત તેમ તે રીત વર્તશે,
ભળેલો હો છતાં પાછો અનોખો **एनी** રીતથી
-સાક્ષી સંપૂર્ણ, પાછો **ते** ભળેલો આપમાં વળી. ૧૫૦-૧૫૧

કેટલાં કેટલાં કેવાં ભિન્ન ભિન્ન નિમિત્ત છે !
ભિન્ન ભિન્ન ભૂમિકામાં **एवो** પ્રત્યક્ષ ત્યાં જ છે,
**एनी** સર્વોપરીતાની તોલે કોઈ ન આવશે,
તેથી નિમિત્તમાં **तेवो** ઈશ યોગ્ય પ્રમાણજે. ૧૫૨-૧૫૩

હરિનો ભાવ જીવંતો જેને નિમિત્તમાંય છે,
હોવા છતાં શું નિમિત્તે બંધાયેલો ન તેથી **ते**. ૧૫૪

અવતરણ **ते पोते** આરોહણ થવા કરે,
ઊર્ધ્વગામી સદા **तेनुं** ઉડ્ડયન રહ્યા કરે,

**एने** કોઈ ન છે નેમ, છતાં શો નેમધારી **ते** !
વિના હેતુ કશાનામાં **एना** પ્રાણ ઠરે ન છે. ૧૫૫-૧૫૬

અવતરણ જ્યાં જ્યાં છે, ત્યાં આરોહણ સાથ છે,
બંને તે પ્રક્રિયા સાથે ને સાથે નિત્ય હોય છે,
એકબીજાથી ના ભિન્ન, સંકળાયેલી છે સદા,
પરસ્પરે શું સંયુક્ત એકબીજાની સાથ તે. ૧૫૭-૧૫૮

શી **ते** પ્રકૃતિમાં ગૂઢ છાની અવતરે સદા,
પ્રકૃતિને શું પોતાના વેશમાં પલટાવવા !
ચેતનાનિષ્ઠ તેવું વર્તન **जीव** સાથ છે,
ભક્તિ લાગ્યા વિના તેથી ના ઓળખી શકાય **ते**. ૧૫૯-૧૬૦

પ્રવેશ્યા વિણ સંપૂર્ણ કોઈનામાં ખરેખરા,
કૈં જાણી શકવા તેને, છે શક્તિમાન કોઈ ના.
શ્રીસદ્‌ગુરુનું તેવું છે, તેના પરત્વ ભક્તિ તે
-સંપૂર્ણ પ્રગટ્યા વિના તેનો લાભ મળે ન છે. ૧૬૧-૧૬૨

ઓતપ્રોત થતાં **तेमां** ભાવમાં ભાવથી હૃદે,
સ્વરૂપ ભાવનું **तेना** ત્યારે કેવું પમાય છે ! ૧૬૩

કિંતુ નિમિત્ત પોતાનું જીવને જહીં હોય છે,
હોવા છતાં જ નિઃસ્પૃહી ત્યાં સ્પૃહા શો ધર્યા કરે ! ૧૬૪

ત્યાં સંપૂર્ણ તાદાત્મ્ય નિમિત્તમાં ભળી જતો,
છતાં લેવા ન દેવા છે એવો સંબંધ **एहनो**. ૧૬૫

પોતાનામાંહી **ते** પોતે સંપૂર્ણ સંનિવિષ્ટ છે,
તેમાંથી કોઈયે **एने** કરી ચલિત ના શકે,

નિમિત્તે ચેતના જેવા જેનામાં ગુણધર્મ છે,
બાકી તો કોથળા ખાલી જેવો લૂલો અપાર **તે**,
કિંતુ જે પળવારેયે મુક્ત નિમિત્તથી ન છે,
તેથી તો ચેતનાથી શો છલોછલ ભરેલ **તે** ! ૧૬૬-૧૬૭

**એને** ના જાણવાનું છે, **એને** ના માનવાનું છે,
**એને** સમજવાનું ના, સૌમાં શો ઓતપ્રોત **તે** !
કિંતુ જ્યાં માત્ર નિમિત્ત ત્યાં તેવો માત્ર તેમ છે,
બાકીનો છે નિરાળો શો ! સૌથી સ્વતંત્ર સાક્ષી છે. ૧૬૮-૧૬૯

જે છે બધું જ છે જેમ, તેમનું તેમ તે જ છે,
આદિ અનાદિથી તેવું પ્રકૃતિ તેની તે જ છે,
ચેતનાનિષ્ઠને તેમાં લાગે ના ફેરફાર કૈં,
એકાકાર રસે જે તે ભરેલું ભરપૂર છે,
જુદાં જુદાં નિમિત્તોમાં એકીસંગાથે તે પળે
-અંતરે સંકળાયેલો, છતાં ના ફેરફાર છે,
જેમાં તેમાં જ એવો ને એવો સંપૂર્ણ **એક** છે,
બદલાયા વિના કેવો જ્યાં ત્યાં કૂટસ્થ રૂપ **તે** ! ૧૭૦-૧૭૩

**તે** અહિંસા અને હિંસા વિશે શો સમતોલ છે !
બંનેને **તે** સ્વીકારે છે, જેમાં તેમાં સ્વીકાર છે,
હિંસાય વાપરી જાણે, **તે** અહિંસા શી વાપરે !
જરૂરિયાત જેવી હો, **તે** હથિયાર હાથ લે. ૧૭૪-૧૭૫

કશાને **તે** નકારે ના, જે તે **એનું** જ સર્વ છે,
અસલ રૂપનું જે તે, પલટાયેલ રૂપ છે. ૧૭૬

નીતિ, અનીતિનો ખ્યાલ સંસારી રીતનો ન છે,
નીતિ અનીતિ રૂપે કૈં **તે** અવલોકતો ન છે,
ચેતનાનિષ્ઠને જે તે ચેતનનું અસ્તિત્વ છે,
સામે નિમિત્તમાં **એને** પ્રકૃતિ શી ઊભેલ છે ! ૧૭૭-૧૭૮

સત્‌ અને અસત્‌ બંનેયે પ્રકૃતિનાં જ અંગ છે,
સત્‌ અને અસત્‌ વચ્ચેનો સંગ્રામ સૂક્ષ્મ રૂપનો
-શ્રેયાર્થીને શું ચાલે છે ! દિવ્યતાના પ્રદેશમાં,
છતાં તટસ્થતા પાછી **એની** ઘવાય ત્યાં ન તો. ૧૭૯-૧૮૦

ચેતનામાં પ્રતિષ્ઠા છે, જેની નિરંતરે સદા,
ધારાધોરણ **એવાને** છે ના કોઈ પ્રકારનાં,
છતાં નિમિત્ત **એવાને** જીવને તો અનેક શાં !
ધારાધોરણ વિનાનો ભૂમિકામાં પ્રવર્તતો
-રહ્યા કરી જ સંપૂર્ણ, ધારાધોરણ ધારતો,
જ્યાં જ્યાં જે જે પ્રકારો છે, નિમિત્તમાં શું તેમ છે ! ૧૮૧-૧૮૩

પોતે પોતા વિશે મગ્ન એકાકારે નિરંતરે,
છતાં નિમિત્ત જ્યાં જ્યાં છે, એનો વિસ્તાર ત્યાં જ છે,
કારણ, સૂક્ષ્મ ને સ્થૂળ **એને** નિમિત્ત હોય છે,
નિમિત્ત કારણે **તેનો** વિસ્તાર શો અનંત છે ! ૧૮૪-૧૮૫

કારણના નિમિત્તે છે, આકાશતત્ત્વ મોખરે,
કારણના નિમિત્તે જ્યાં છે પ્રેરાયેલ સદ્‌ગુરુ,
આકાશતત્ત્વને લીધે **એનો** વિસ્તાર અંતરે,
-અનંતાનંત શો રૃહે છે ! કલ્પનાતીત શો જ **તે** ! ૧૮૬-૧૮૭

જે અનુભવી સદ્‌ગુરુ છે પ્રવર્તેલ જ્ઞાનમાં,
આકાશતત્ત્વ ક્યાં કેવું મોખરે હોય **एहमां** !
આકાશતત્ત્વમાં કેવી જ્ઞાનની વાસ્તવિકતા !
આકાશે જ પ્રતિષ્ઠા છે, શ્રીસદ્‌ગુરુની દિલમાં,
શ્રીસદ્‌ગુરુતણો સર્વ આકાશે વ્યવહાર છે,
માનવાતીત તેથી **ते** સૌ વ્યવહારમાં જ છે. ૧૮૮-૧૮૯

શ્રીસદ્‌ગુરુતણાં કર્મ માનવાતીત તેથી છે,
પ્રકૃતિ ધોરણે એને ના કૈં માપી શકાય છે,
કદીક માપવા જાઓ, છતાં તે જ્ઞાનદષ્ટિએ
-ભક્તિ લાગ્યા વિના તેને યથાયોગ્ય ન તે ઊગે. ૧૯૦-૧૯૧

નિઃસ્પૃહી સાવ સંપૂર્ણ **एने** તમા કશાની ના,
ધરે પાછી સ્પૃહા તોયે પોતે કેવી નિમિત્તમાં !
દક્ષતા વ્યવહારે શી ! પાછો ચકોર **ते** ઘણો,
અવ્યવહારુ પાછો તો **ते** કેટલીક વાર શો ! ૧૯૨-૧૯૩

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૫ : સદ્‌ગુરુનું ચેતન સ્વરૂપ

(અનુષ્ટુપ)

ગુરુ શરીર ના માત્ર તણખો ચેતનનો જ છે,
**એને** શરીર જે માને, જાણ્યું ના ગુરુતત્ત્વને. ૧૯૪

શો શિશુની પ્રમાણે તે સહજ વર્તતો દીસે,
છતાં **એને** શિશુ જેવો કોઈયે માનતું ન છે. ૧૯૫

શું 'ગુરુ' 'ગુરુ' પોકારો ખાલી ના માત્ર શબ્દ છે,
ગુરુ ચેતન શક્તિનો વ્યક્તપણે શું દેહ છે ! ૧૯૬

ગુરુ શરીર ના માત્ર, માટીપિંડ ગુરુ ન છે,
હૃદે ગુરુ રમે જેને પામે પદાર્થતત્ત્વ તે. ૧૯૭

શી શરીરની મર્યાદા ભાંગી ભૂકો જ થાય જ્યાં !
શરીરાતીત તોયે **તે** નિરાંતે વર્તતો તદા,
શો અમર્યાદ પોતે છે, મર્યાદાવાળી સ્થિતિમાં !
એવા પ્રયોગથી **એવો** શક્તિ અનુભવે ત્યહાં. ૧૯૮-૧૯૯

દેહ હોવા છતાં પોતે દેહાતીત શું વર્તતા !
પછી ક્યાંયે ન છે ભેદ, છે એકાકાર આપમાં. ૨૦૦

શ્રીસદ્‌ગુરુનું સાચું તે ત્યારે સ્વરૂપ હોય જે,
દ્વંદ્વાતીત, ગુણાતીત, કાળાતીત, સ્થળાતીત. ૨૦૧

જે અનુભવી સંપૂર્ણ છે શ્રીસદ્‌ગુરુ જીવને,
શી આત્યંતિક કોટિમાં છોને પ્‌હોંચેલ હોય તે !

છતાં ચેતન તોલે તો કદી આવી શકે ન તે,
સૌ ગુણધર્મ, નિમિત્તે **एने** ચેતનના જ છે. ૨૦૨-૨૦૩

પૂર્ણ અનુભવીનેય નિમિત્ત સૌ પ્રકારનાં,
છતાં નિમિત્તનું ક્યાંયે **एने** બંધન હોય ના. ૨૦૪

ચેતનને ન ક્યાંયે છે, નિમિત્ત કોઈ રીતથી,
મર્યાદા એટલીયે છે, ખરી અનુભવીતણી.
શો અમર્યાદ વિસ્તાર ચેતનનો અનંત છે,
કિંતુ અનુભવીનું તો તેવું કદી ન તેમ છે. ૨૦૫-૨૦૬

જે પરાત્પર છે બ્રહ્મ, ને જે ઈશ્વરકોટિનો,
શો તફાવત બંનેમાં આસમાન જમીનનો ! ૨૦૭

ચેતન જેવું સર્જે છે, સૌ મૌલિક અજાયબ,
તે અનુભવીમાં શક્તિ હોતી નથી કદી પણ,
બ્રહ્મના જેવી તો શક્તિ સર્જવાતણી જે બધી,
અનુભવીતણું ક્યાંયે એવું કશું ગજું નથી. ૨૦૮-૨૦૯

પ્રતિષ્ઠા કેવી સંપૂર્ણ ચેતનાનિષ્ઠ આપમાં !
આપથી આપમાં આપે ચેતનામાં પ્રવેશિયા,
આપમાં આપનું સ્થાન ચેતનાકાર આપથી,
એવા સદ્‌ગુરુ જે માત્ર પોતે શરીર તો નથી. ૨૧૦-૨૧૧

ચેતનાકાશમાં **एनुं** બેસણું શું સ્વતંત્ર છે !
પ્રતિષ્ઠા **एनी** સંપૂર્ણ **एनी** અખંડ ત્યાં શી છે !
ચસી શકે ન તેમાંથી તે પળવાર એકયે,
દુન્યવી વ્યવહારોમાં છતાં પોતે સ્વયંભૂ છે ! ૨૧૨-૨૧૩

મળવું, ભળવું પાછું, ભળી **એક** થવાનું તે
-શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જાણે જે ચેતનાનિષ્ઠ હોય છે,
ગુણ તાદાત્મ્યનો એવો **એનો** સહજ હોય છે,
બીજાની પ્રકૃતિનો **તે** સાચો શો જાણકાર છે ! ૨૧૪-૨૧૫

ઊર્ધ્વના માર્ગમાં મુખ્ય યોગ્ય મહત્ત્વનું જ જે,
સભાનતા શી તે માત્ર સાધન એકમાત્ર છે,
એવી સભાનતા **એની** પળેપળ જીવંતી છે,
ચેતનામાં પ્રવર્તેલો ચેતનાનિષ્ઠ તેથી તે. ૨૧૬-૨૧૭

સદ્‌ગુરુ ચેતનાત્મા છે, જીવંતો ચેતનાત્મક,
તેવો હોવા છતાં પોતે શરીર **તે** ન મુદ્દલ. ૨૧૮

સદ્‌ગુરુ માત્ર વ્યક્તિ ના, સદ્‌ગુરુ ના શરીર છે,
ચેતના કેંદ્રબિંદુનું વ્યક્ત સ્વરૂપ માત્ર **તે**,
મર્યાદામાં પ્રવર્તેલો હોવા છતાં પૂરેપૂરો,
અમર્યાદ શું નિમિત્તે કેવો કદીક **તે** થતો ! ૨૧૯-૨૨૦

એકધારો જ સાતત્યે પરોવાયેલ અંતરે
-ચેતનાના પ્રવાહે શો જીવને **તે** નિરંતરે !
અસ્ખલિત લગાતાર શો એકાકાર હોય છે !
છતાં પાછો અનંતે **તે** શો પ્રસરેલ હોય છે !
મર્યાદાતીત સૌ વાતે છતાં પાછો જ તેમ તે
-મુદ્દલે હોય ના તેવો શો છુપાયેલ જીવને ! ૨૨૧-૨૨૩

કોઈ હકીકતે **એને** મર્યાદા ના કશી જ છે,
છતાં પાછો શું મર્યાદાવાળો સંપૂર્ણ જીવને !

માનવો હોય જે રીતે **एने** જે રીત જીવને,
તેવો તેવો નિરાંતે તો **एने** માની શકો તમે. ૨૨૪-૨૨૫

કોઈ વાતે ન ઓછો છે, સંપૂર્ણપણું કિંતુ છે,
શક્તિથી **તે** ભરેલો છે, ગૂઢ શો ભરપૂર **તે** !
અપરંપાર તેજસ્વી શક્તિથી જે ભરેલ છે,
જાણ્યામાં ના છતાં **તેવો** બુદ્ધિમાં કદી આવશે. ૨૨૬-૨૨૭

શૂન્યમાં શૂન્યવત્ પોતે શૂન્યાતીત છતાંય **તે**,
ભૂમિકા કોઈ **एने** ના ભૂમિકાનો અનંત **તે**. ૨૨૮

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૬ : સદ્‌ગુરુનું સૂક્ષ્મ સ્વરૂપ

(અનુષ્ટુપ)

સદ્‌ગુરુ તો ન વ્યક્તિ છે, સદ્‌ગુરુ સ્થૂળરૂપ ના,
સ્થાનવાચક તો પોતે સદ્‌ગુરુ ક્યાંય છે જ ના,
પ્રતીક જ્ઞાનશક્તિનું ભાવાત્મક સ્વરૂપનું,
ચેતનાત્મક પ્રત્યક્ષ શ્રીસદ્‌ગુરુ ખરેખરું. ૨૨૯-૨૩૦

સ્થિતપ્રજ્ઞથી ઊંચું તે બેસણું સદ્‌ગુરુતણું,
અનંતાનંત ગામી **તે** ગતિસ્થાન વિકાસનું,
**એનું** ના અટકે જ્ઞાન, વિકાસશીલ આપ **તે**,
ગંગાપ્રવાહની પેરે વહે છે નિત્ય નિત્ય **તે**. ૨૩૧-૨૩૨

ઊર્ધ્વારોહણમાં ના કૈં મર્યાદા આવી જાય છે,
સદ્‌ગુરુની સ્થિતિ એવી અનંતાનંત પાર છે,
'અમુક જાતનો **તે** છે' સંજ્ઞા એમ અપાય ના,
કોઈ પ્રકારની **એને** મર્યાદા ક્યાંય છે જ ના. ૨૩૩-૨૩૪

પહોંચ્યા પછી તો **એને** પ્‌હોંચવાનું ન ક્યાંય છે,
શો ગતિશીલ તોયે છે, વિકાસે ડગ **તે** ભરે !
અટકી ક્યાંય બેસી ર્‌હે ગતિ છે એવી **એની** ના,
નિત્ય **તે** ચાલતો શો છે ! સ્થિરનો સ્થિર **તે** છતાં ! ૨૩૫-૨૩૬

સદા મંગલકારી **તે** કલ્યાણકારી નિત્ય **તે**,
છતાં **એને** સ્વરૂપે તે લેખામાં કોઈ ના ગણે,
કોઈ જીવનમાં મોટો માંધાતા છો ભલે હશે,
કિંતુ આગળ તો **એની** કશી વિસાત કૈં ન છે. ૨૩૭-૨૩૮

ઊર્ધ્વમાં ઊર્ધ્વ દેશે જ્યાં ગૂઢમાં ગૂઢ યુદ્ધ છે,
તે સંગ્રામ જિતાવાને, ચેતના માત્ર પાત્ર છે,
તત્પરતા, ટટારી સૌ કેટલી કેવી યોગ્ય છે,
પરીક્ષા તેની કૈં લેવા બેઠેલો વેગળો જ **તે**. ૨૩૯-૨૪૦

સમુદ્ર રસનો પૂર્ણ છલકાતો અપાર **તે**,
બિંદુએ બિંદુએ જેના રસોદ્રેક થતો જ છે,
રસ એ જ ખરો સત્ય બ્રહ્મ પોતે પરાત્પરે,
રસ વિના જિવાવાનું તેથી શક્ય ન ક્યાંય છે. ૨૪૧-૨૪૨

જેમાં તેમાં બધાંનામાં રસ **એનો** અપાર છે,
રસ વિનાનું બાકી કૈં **એના** જીવનમાં ન છે,
ભરેલો રસથી પોતે સંપૂર્ણ આરપાર **તે**,
છતાં પાછો ન તેવો **તે** જરાકે લાગતો દીસે. ૨૪૩-૨૪૪

અખંડાકાર સંપૂર્ણ ચેતનભાવમાં હૃદે,
સમગ્રતા જ **એનામાં** શી સમાયેલ હોય છે ! ૨૪૫

સળંગતાય **એનામાં** તે પ્રવર્તેલી હોય છે,
શ્રીસદ્‌ગુરુની સંગાથે એકીપળે બધુંય તે. ૨૪૬

શો શ્રીસદ્‌ગુરુ શક્તિ છે, અખંડાકાર જીવને !
ને એકાકાર જાગેલો સંયુક્ત શો પળે પળે ! ૨૪૭

પ્રતિબિંબ અમોમાંનું પાડી દેતો શું હોય છે !
શ્રીસદ્‌ગુરુ કદી એવું વર્તતો લાગતો જ છે. ૨૪૮

શા શ્રીસદ્‌ગુરુ સંપૂર્ણ રસામૃતે નિરંતરે !
મૂળે તે ભૂમિકા વિશે એકાકાર જીવંત જે,

છતાં પાછો નિમિત્તે શો એકધારો વહ્યા કરે !
સાથે ને સાથે જેનામાં ચેતના શી અખંડ છે ! ૨૪૯-૨૫૦

પૂર્ણ, સંપૂર્ણ, સંપૂર્ણ સરવાળો થવાથીયે,
બાદબાકી થતાં તેવો ઓછોવત્તો ન થાય **તે**,
ભાગાકારે, ગુણાકારે **તે** તો ના ફેરવાય છે,
ગમે તેમ થતું તોયે એટલો એટલો જ **તે**. ૨૫૧-૨૫૨

પોતે જ્યાં છે ભર્યો પૂર્ણ છતાં **તે** તેટલો ન છે,
જ્યાં છે તેનાથીયે શો **તે** ક્યાંનો ક્યાંય જ જે હશે !
**તે** આકાશે પ્રવર્તેલો આકાશ **એનું** સ્થાન છે,
નિરંતરે જ આકાશે **એનું** બેસણું દિવ્ય છે. ૨૫૩-૨૫૪

પોતે પોતા વિશે પૂર્ણ, જે તે-માં પૂર્ણતા જ છે,
પૂર્ણતા તેવી ધારીને પૂર્ણતામાં પ્રવર્તશે,
સંપૂર્ણતા વિના **એનો** બીજો કોઈ ન વેશ છે,
છતાં પાછો ન **તે** તેવો, તેવો ક્યાંય ન લાગશે. ૨૫૫-૨૫૬

કેટલાં કેટલાં સાથે એકીપળે અનેકમાં
-સંકળાયેલ સંગાથે તાદાત્મ્યમાં બધાંયમાં,
કોઈની સાથ તે વેળા સ્હેજ પણ ન ભેદ છે,
એકાકાર નર્યો પોતે, છતાં નોખો જ સાક્ષી છે. ૨૫૭-૨૫૮

અંતર કાપવા **એને** ક્યાંય કશી ન વાર છે,
કેમ કે નિત્ય આકાશે કેવો **તે** વિદ્યમાન છે,
અનંતાનંત આકાશ જ્યાં પ્રત્યક્ષ ત્યાં જ છે,
**એનાં** નિમિત્ત ક્યાંનાં ક્યાં એકીપળે અનેક છે. ૨૫૯-૨૬૦

થવા પ્રત્યક્ષ **एवाने** બ્રહ્માંડમાં બહુ સ્થળે
-એકીપળે જ આકાશ પ્હોંચાડે તત્ત્વ ત્યાં બધે,
એવાં એવાં જુદાં જુદાં અનેકેય પ્રકારનાં
-શાં છે નિમિત્ત **एवाने** પ્રત્યક્ષ જ્યાં નિમિત્ત ત્યાં. ૨૬૧-૨૬૨

અગોચર, અનિર્દેશ્ય, સર્વાતીત અકલ્પ્ય છે,
**एने** સમજવા કોણ પછીથી શક્તિમાન **ते** ?
સમજવાની તો વાત **एवाने** છોડવી ઘટે,
મહોબત હૃદે **एनी** સાથે ધારવી યોગ્ય છે. ૨૬૩-૨૬૪

નોધારો સાવ સંપૂર્ણ ટેકો **एने** ન કોઈનો,
વ્યાપેલો પૂર્ણ આકાશે છતાં જાણે ન કોઈ શું !
પોતાના એકલાનામાં સંપૂર્ણ મસ્ત હોય છે !
તરબોળ રસે કેવો ઝબકોળેલ હોય **ते** ! ૨૬૫-૨૬૬

ભૂલેચૂકે કદી ભૂલો **एवो** તો પડતો ન છે,
લાગે તેવો ભલે તોયે પોતાના માર્ગમાં જ **ते**,
આપમાં આપ પોતે છે, આપ વિના કશું ન છે,
જે તે છે સર્વ વિસ્તાર આપનો આપથી બધે. ૨૬૭-૨૬૮

ચેતનાધારી સંપૂર્ણ શરીરધારી છે છતાં
-શરીરાતીત શો પોતે ! આકાશતત્ત્વને લીધે,
શરીરનીય મર્યાદા **एने** તો કદી ના નડે,
કોઈ રીતની મર્યાદા **एने** બાંધી શકે ન છે. ૨૬૯-૨૭૦

પોતાનો સ્વામી પોતે છે, સંચાલિત સ્વયંભૂ છે,
દૂર દૂર જવાની ના **एने** જરૂર ક્યાંય છે,

જે તે કૈં સર્વ પાસેમાં પાસે **એની** નજીક છે,
કૃપાની શક્તિ તો **એની** નૈસર્ગિકપણે જ છે ! ૨૭૧-૨૭૨

હોવા છતાં બધું પોતે છતાં પોતે ન કૈં જ છે,
શક્તિ હોવાપણાનુંયે **એને** ભાન કશું ન છે,
પોતે જે તે સ્વયંભૂ છે, આપમાં આપ વ્યાપ્ત છે,
પોતાનો ખ્યાલ પોતાને સ્વાભાવિક રીતે જ છે. ૨૭૩-૨૭૪

પોતાને માત્ર પોતે શો ઓળખી શકતો હૃદે !
બીજાનું ત્યાં ગજું ના છે, **એને** ઓળખવાપણે,
મહાલી ઑર જાણે છે, પોતાને માત્ર **એ** જ તે,
આનંદનો નિધિ પોતે શો છલોછલ અંતરે ! ૨૭૫-૨૭૬

આનંદ, જ્ઞાન, સામર્થ્ય **એનામાં** શાં અનંત છે !
અનુભવનું પ્રત્યક્ષ લક્ષણ માત્ર એક **તે**,
એ સૌથી ઓળખાયે **તે** પોતે પ્રત્યક્ષ તેથી છે,
જેને છે જાણવું, તેને તે રીતે નીરખાય **તે**. ૨૭૭-૨૭૮

પોતાની શક્તિનો હૈયે શો પ્રભાવ-પ્રતાપ છે !
બોલી ઊઠે જ મેળે તે ઉષા સૂર્યની જેમ **તે**,
**એવો** શો સાબદો નિત્યે ! વિચારવાપણું ન છે,
જે તે બધું ઊગે **એને**, જે જે જેમ થવાનું છે. ૨૭૯-૨૮૦

આપમાં, આપથી, આપ સંપૂર્ણ, પૂર્ણ પૂર્ણ છે,
કશું બાદ થતાં, ઓછું તેમાંથી થતું ના જ છે,
સરવાળો થતાં વત્તું તેમાં કશું થતું ન છે,
ભાગે, ગુણ્યે કશું ઓછું વત્તું તેમાં થતું ન છે,

જેમ છે તેમનું તેમ સર્વ પરિસ્થિતિ વિશે,
તે માત્ર એટલું જે શું એટલું જ રહ્યા કરે !
સદ્‌ગુરુનુંય તેવું છે સંબંધ વ્યવહારમાં,
ઓછોવત્તો થતો ના **તે** જેમનો તેમ આપમાં. ૨૮૧-૨૮૪

જન્મ ને મૃત્યુ હોવા તે છતાં **તેને** ન તેમ છે,
અખંડાકાર **તેને** તો જીવનનો પ્રવાહ છે,
ભૂત, ભવિષ્ય ને **એને** કાળ જેવું કશું ન છે,
આગળે, પાછળે **એને** હવે કંઈ કશું ન છે. ૨૮૫-૨૮૬

ગુણ ને દ્વંદ્વમાં હોવા છતાં **તે** ગુણદ્વંદ્વથી
-કેવો અતીત સંપૂર્ણ ! આપમાં આપ ભાવથી,
પોતે શો પૂર્ણ પોતામાં ! જ્ઞાને યૌવન પાંગરે,
વિકાસે નિત્ય સંવૃદ્ધિ શૃંગાર શા નવા ધરે ! ૨૮૭-૨૮૮

**એને** જેમ થવું હોય તેમ ત્યાં **તે** થઈ શકે,
ચેતનાનિષ્ઠ સ્વામી છે, પ્રકૃતિનો પૂરો ખરે !
છતાં સ્વામિત્વ પાછું **તે**, કદી દાખવતો ન છે,
જાણે સ્વામી ન **તે** હોય એવું સ્વામિત્વ **એનું** છે. ૨૮૯-૨૯૦

સ્થૂળમાં સૂક્ષ્મ જે તત્ત્વ તેમાં સંસ્કાર, ભાવના
-ચેતનાતત્ત્વ સાક્ષાત પ્રેરાવાને નિમિત્ત ત્યાં
-સદ્‌ગુરુ પૂર્ણ ચેતેલા તે જ યોગ્ય બધી રીતે,
તે તે અનુભવે કેવું પ્રયોગાત્મક જાણ્યું છે. ૨૯૧-૨૯૨

સંસ્કૃતિને શી ચેતેલા ટકાવી રાખનાર છે !
પૂરે ઉપરથી **પ્રાણ** સંસ્કૃતિને વિશે શું **તે** !

જીવતીજાગતી જાણે પ્રત્યક્ષ સંસ્કૃતિ શી **તે** !
ચેતનાનિષ્ઠ શા **એવા** વિશ્વની **પ્રાણ**શક્તિ છે. ૨૯૩-૨૯૪

સમગ્ર વિભૂતિકેરા તણખારૂપ જીવને
-ચેતનાનિષ્ઠ કેવા છે જીવંત વરતાય છે,
કિંતુ જેમને એવાં વલણ, વૃત્તિ, દૃષ્ટિ છે,
તેવાને માત્ર તેવા **તે** પાત્ર હોતાં, જણાય છે. ૨૯૫-૨૯૬


ચપળતા શી બૌદ્ધિક ! આધ્યાત્મિક પ્રકાશ જે,
ભવ્ય ઋતંભરા પ્રજ્ઞા, ચેતેલામાં જ હોય છે,
સૂક્ષ્મ જે પ્રતિભા શક્તિ **એવાની** જીવને શી છે !
બધી વાતે જ સંપૂર્ણ છતાં લાગે ન મુદ્દલે. ૨૯૭-૨૯૮

• • •

હરિઃૐ

# ખંડ - ૪

# ઉત્ક્રાંતિ વિકાસક્રમ



અનંતાનંત પોતે છે, શો વિકાસ અનંત છે !
ભૂમિકા છેલ્લીનોયે તે ના અનુભવ પૂર્ણ છે.

॥ હરિઃૐ ॥

(અનુષ્ટુપ)

પરસ્પર વિરોધી જે તે ગુણોનો સમન્વય,
**एनामां** સહેજે કેવો પડે મેળ પરસ્પર ! ૧

પ્રવર્તે એકીસંગાથે એવા વિરોધી ગુણ જે
-**एनामां** એકાધારા શા તે તે ગુણ સમુચ્ચય ! ૨

તે વર્ણવાય શી રીતે જે શબ્દાતીત છે ખરે,
નિરાકાર, છતાં પાછો શો સાકારપણે જ તે ! ૩

ભાવાતીત દશા એવી જ્યાં કંઈ શૂન્યયે ન છે,
અસ્તિત્વમાત્રનો કેવો વિલય પૂર્ણ ત્યાં જ છે ! ૪

પોતે હોવા છતાં પોતે, જાગૃત તે દશા વિશે
-ગળી જૈ શૂન્યમાં શૂન્ય છતાં શો સાક્ષી ત્યાંય તે ! ૫

દ્રષ્ટા, સાક્ષી ગમે તેવી શૂન્યથીયે પરા દશા
-ભલે હોય, છતાં તેમાં પોતે જીવંત સર્વદા. ૬

કળાયો ના કળાયે **ते** સંપૂર્ણ રીતથી કદા,
છતાં જે ભક્ત ને જ્ઞાની તેને **तेनी** સભાનતા. ૭

**ते** પોતે છે સમૂળો ના, છતાં સંપૂર્ણ પૂર્ણ છે,
પ્રવર્તે એકીસંગાથે **एवो**, શો બેઉ રીતિએ ! ૮

પોતે જાણે કશું ના છે, છતાં જે તે બધુંય છે,
એકબીજાથી એવું જે વિરોધી, તેય **ते** વિશે. ૯

એકબીજાથી સંપૂર્ણ લાગે વિરોધી એવું જે,
મૂળના મૂળમાં **एनुं** ક્યાંયે અસ્તિત્વ કૈં ન છે. ૧૦

જેવું દેખાય, તેવું ને તેવું તે મૂળમાં ન છે,
તેવું જ વ્યવહારેયે પ્રત્યક્ષ વરતાય છે. ૧૧

જુદી જુદી ભૂમિકામાં તે અવતરતાં જતે,
તેવું તેવું થતું પોતે છતાં તેવો મૂળે ન છે. ૧૨

જે જે સર્વ થયેલું છે, વ્યક્ત સંપૂર્ણ **अक्षरे**,
શો નિરાકાર સંપૂર્ણ છે ખરેખર સાથ તે ! ૧૩

પોતાનામાં રમે પોતે, હોવા છતાં પૂરેપૂરો
-નિરાધાર બધી રીતે, **एने** આધાર નિજનો. ૧૪

**एक** હોવા છતાં પોતે પાછો **ते एक**યે ન છે,
એવો તે વદતોવ્યાઘાતનો કેવો સમન્વયે ! ૧૫

જે જે અસ્તિત્વ જ્યાં જ્યાં છે, તે તે સર્વનું મૂળ જે,
**एनामां** જ રહેલું છે, એવો શો **बीज** આત્મ **ते** ! ૧૬

મૂળના મૂળમાં મૂળે જોતાં **एवो** કંઈ ન છે,
કશું કૈં જ નથી પોતે, છતાં સંપૂર્ણ સર્વ છે. ૧૭

સમુચ્ચય છતાં એવાતણો શો આપ પૂર્ણ છે !
**एने** ઓળખવો પૂર્ણ દોહ્યલો તેથી આખરે. ૧૮

સંપૂર્ણમાં જ સંપૂર્ણ પૂરેપૂરો બધી રીતે,
શો અનુભવવો **एने** દુષ્કર માનવીથી છે ! ૧૯

કાળાતીત થકી પાછો શોધાતો **ते** રહ્યા કર્યો,
છતાં હાથ હજી ના'વ્યો, શો સર્વાતીત પૂર્ણ **ते** ! ૨૦

આપનો આપથી આપે આપમાં જે રમે સદા,
નિષ્ક્રિય **તે**, છતાં પાછો દિવ્ય **એની** કળાલીલા. ૨૧
ગૂઢ

ઉચ્ચોત્તર ભૂમિકામાં શ્રેષ્ઠ જે એક એકથી,
તેમાં **તે**ની અનેરી છે, વ્યક્તતા જે સમૂળગી. ૨૨

અત્યાર સુધી જે આવ્યું નહોતું કૈં અનુભવે,
થવા પ્રાગટ્ય માગે છે, તેવી તેવી દશા થતે. ૨૩

'અનુભવ થયેલો જે તે સર્વશ્રેષ્ઠ પૂર્ણ છે',
એવું તે માની લેવાનું યોગ્ય કોઈ રીતે ન છે. ૨૪

અનંતાનંત પોતે છે, શો વિકાસ અનંત છે !
ભૂમિકા છેલ્લીનોયે તે ના અનુભવ પૂર્ણ છે. ૨૫

જેમ જેમ જતો જાય તેમ તેમ જ આગળે
-આગળનો નવો દેશ કેવો જુદો અનુભવે ! ૨૬

ના અનુભવમાં પૂર્ણ પૂર્ણવિરામ ક્યાંય છે,
છતાં કો છેલ્લી કેડીમાં પૂર્ણતા પાછી લાગશે. ૨૭

સમગ્રતાની સંપૂર્ણ ટોચની પૂર્ણતાયને
-શરીરધારી કોઈક ભાગ્યે જ પામતો હૃદે. ૨૮

નિશ્ચિત એવી તે કોઈ અનુભવની ભૂમિકા
-પૂર્ણ છેવટની આવી, ગયેલી જાણવી જ ના. ૨૯


એક એકથીયે ઉચ્ચ ભૂમિકા દિવ્ય શ્રેષ્ઠ છે,
કોઈ સંપૂર્ણતા ટોચે પહોંચેલો ન જાણજે. ૩૦

• • •

હરિઃૐ

## ખંડ - ૫

# સદ્‌ગુરુનાં વિવિધ લક્ષણો



કશી ઇચ્છા કશા વિશે એને ઉદ્‌ભવતી ન છે,
નિરિચ્છ, મુક્ત, સંપૂર્ણ જેમાં તેમાં શું હોય તે !

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૧ : સ્વપ્રતિષ્ઠિત સદ્ગુરુ

(અનુષ્ટુપ)

શ્રીસદ્ગુરુની સામાન્ય જેવી બુદ્ધિ ન હોય છે,
**એવાની** બુદ્ધિનું કેવું જુદી જાતનું રૂપ છે ! ૧

ધારાધોરણ **એનું** તો પ્રકૃતિ ક્ષેત્રનું ન છે,
આપણે માપવા જાવું કેવા પ્રકૃતિ ધોરણે ! ૨

નિરાવલંબી સંપૂર્ણ એને આધાર નિજનો,
પોતાનો માત્ર ટેકો છે, પોતાને એકલાતણો,
એને મદાર સર્વસ્વ જેમાં તેમાં બધાં વિશે
-પોતા વિશે જ પોતાના પર શો માત્ર જીવને ! ૩-૪

પોતે માલિક સંપૂર્ણ હોવા છતાં, જરૂર જો
-પડે થવાની ગુલામ, બને તેવા પ્રમાણ તો,
જેવું જેવું જ નિમિત્ત તેવા તેના શું તે પળે
-તેવા પ્રકારનાં સર્વ ગુણ ને શક્તિ ઉદ્ભવે ! ૫-૬

ભલે નિમિત્ત **એને** હો, છતાં કોઈ પ્રકારનું
-નિમિત્તતણું સ્હેજેયે **એને** બંધન ના કશું,
નિમિત્તની પ્રમાણે **તે** વર્ત્યાં છોને કરે ભલે,
છતાં નિમિત્તમાં ચાલ **એની** સ્વતંત્ર હોય છે. ૭-૮

પોતે નિમિત્તમાં સ્વામી, દાસાનુદાસ શો વળી !
**તે** નિરાધાર સંપૂર્ણ આકાશે **એની** શી સ્થિતિ !

નિમિત્તે પ્રસરેલો **તે** હોવા સર્વત્ર શો છતાં
-પોતે પોતામહીં પાછો પ્રતિષ્ઠિત થયેલ ત્યાં ! ૯-૧૦

સત્‌, અસત્‌ નિમિત્તોમાં સંપૂર્ણ જ્યાં ભળેલ હો
-છતાં સ્વામિત્વ શક્તિનું જેને તે વેળ ભાન સૌ,
સત્‌, અસત્‌ પ્રકૃતિનું તે, પ્રકૃતિ પર **એ** જ છે,
હોવા છતાં ભળેલો **તે** પોતે શો તેથી મુક્ત છે ! ૧૧-૧૨

ભલે અવતરતો જ્યાં ત્યાં છતાં મૂળની સાથ છે,
મૂળમાં છે તદાકાર, મૂળથી અવિચ્છિન્ન છે,
પોતે ના મૂળથી જુદો, ક્યાંયે **તે** અળગો જ ના,
તેથી **તે** અભડાતો છે, કશાથી કરી ક્યાંય ના. ૧૩-૧૪

નિરાધારની શક્તિ શી, નિર્ભ્રાંત મુક્ત રીતની,
અગ્રિમ માનવીમાં શો ! જણાતો **તે** છતાં નથી,
'ક્યાં છે આગળ પોતે કે પાછળે' જાણતો ન **તે**,
એકલું માત્ર પોતાને પોતાનું ભાન હોય છે. ૧૫-૧૬

સંપૂર્ણ દિલ સ્વેચ્છાએ **તે** પરમાર્થ વિષયે,
આપમેળે પ્રવેશાયે શો નિરંકુશ સાવ **તે** !
લોકની દૃષ્ટિમાં એને પરમાર્થ ભલે કહે,
કિંતુ જીવનસૃષ્ટિમાં પોતાનું પ્રતિબિંબ છે. ૧૭-૧૮

પોતા વિના કશું બીજું **એની** તે સૃષ્ટિમાં ન છે,
એકલું માત્ર અસ્તિત્વ **એનું** જ્યાં ત્યાં સજીવ છે,
પડી રહેલ લાગે છે, ઠેકાણે એક તે છતાં,
પ્રસરાયેલ સંપૂર્ણ આવે સંબંધમાં જ ત્યાં. ૧૯-૨૦

લાગે કે વળગે **एने** કોઈનુંયે કશું ન કૈં,
જ્યાં જ્યાં નિમિત્ત જેવું હો ત્યાં **एनो** સ્પર્શ હોય છે,
બાકી **एने** અડે ના કૈં **ते** કોરો સાવ મુક્ત છે,
પોતાનામાં રમે પોતે એકાકારપણે હૃદે. ૨૧-૨૨

**ते** છટકી જવાનું તો કદીયે જાણતો નથી,
જવાબદારી પોતાની સ્વીકારી, વર્તતો ચહી,
છતાં જવાબદારી કૈં ના હોય એમ જીવને
-નિરાંતે નિજની ચાલે નિશ્ચિંતે વર્તતો જગે. ૨૩-૨૪

કંટાળો ના કશો **एने** કશીય કોઈ બાબતે,
કશો અણગમો **एने** થતો ના કોઈ બાબતે,
પરિસ્થિતિ મળેલીમાં **एने** સંતોષ પૂર્ણ છે,
આપમાં આપથી **एने** ખુશાલી શી અપાર છે. ૨૫-૨૬

**ए** જેવો વળગેલો ર્‌હે, તેવું તો કોઈથી કદી
-વળગી ના શકાતું છે, કેવો **ते** દૃઢ દિલથી !
આપણે જઈએ ભૂલી, કિંતુ **ते** નથી ભૂલતો,
**एनो** સંબંધ જીવંતો અખંડ, અકબંધ શો ! ૨૭-૨૮

સદ્‌ગુરુ પ્રેમની તોલે **જીવનો** પ્રેમ તુચ્છ છે,
**एवानो** પ્રેમ સંપૂર્ણ અનંતાનંત પાર છે,
પ્રેમસ્વરૂપ પોતે છે, **एनां** પાસાં અનેક છે,
એવો જીરવવો પ્રેમ દુષ્કર, દોહ્યલો જ છે. ૨૯-૩૦

છો અપમાન, સત્કાર **एने** બંનેય જીવને
-મળ્યાં કરે, છતાં તેમાં **तेनो जीव** ન જાય છે,

તટસ્થ પૂર્ણ બંનેમાં શોકહર્ષ કશો ન છે,
સદા સંતુષ્ટ સંપૂર્ણ પોતામાં શો નિરંતરે ! ૩૧-૩૨

બધું થઈ શકે એવો હોવા છતાંય જીવને
-કિંતુ ખરેખરો પાછો પોતે તો શૂન્ય અંતરે,
જે તે એનો સ્વયંભૂ છે, સહજ ઠાઠ **एहनो**,
હોતો નથી કશું પોતે, છતાં સર્વસ્વ **ए** જ છે. ૩૩-૩૪

મોજીલો, નિત્ય સંતોષી છતાં શો બાથ ભીડીને
-આકાશને શું પ્રત્યક્ષ કરે સાકાર જીવને,
અખંડાકાર આકાશે વસેલો **ते** પળેપળે,
મહત્ત્વે, મોખરે **एने** કેવું આકાશતત્ત્વ છે ! ૩૫-૩૬

શક્તિનો શો નશો **एने**, છતાં **ते** છાકટો ન છે,
છલકાઈ જતો ના **ते**, કે ઊભરાઈ ના જશે. ૩૬A

• • •

॥ હરિઃૐ ॥

## અધ્યાય ૨ : સદ્‌ગુરુનાં સહજ લક્ષણો

(અનુષ્ટુપ)

એકલી શક્તિ **તે** ના છે, કૃપાનો છંટકાવ છે,
કરુણા સાથસાથે છે, સદ્‌ગુરુનો સ્વભાવ તે,
એવા એવા અનેકે શા સહજ ગુણધર્મ છે !
તે તે સર્વની જાણે કળા વાપરવાની **તે**. ૩૭-૩૮

સાહસ, હામ ને ધૈર્ય, મર્દાનગી, પરાક્રમ,
એવા એવા ગુણોનો શો પોતે સ્વયંભૂ સ્વામી છે !
**એનાં** શક્તિગુણો તોલે કોઈનાં આવી ના શકે,
પોતે પોતા વિશે પૂર્ણ સૌ કોઈ બાબતે જ **તે**. ૩૯-૪૦

સંજોગોમાં ગમે તેવા **એનો** આનંદ ના ખૂટે,
અખંડાકાર સાક્ષાત અસ્ખલિત પ્રવાહ છે,
આધિ, વ્યાધિ, ઉપાધિમાં, મુશ્કેલી, વિઘ્ન સંકટે,
**એના** આનંદની સીમા ટૂંપાતી નથી સ્‌હેજેય. ૪૧-૪૨

આપમાં આપથી આપ જુએ ને સાંભળે બધું,
વળી **તે** સમજે જાણે, જે તે ક્રિયાનું એવું શું !
'કરાવે ને કરે' સર્વ છતાં કૈં કરતો ન **તે**,
એવું અનુભવી પોતે શો પ્રસન્ન તટસ્થ છે ! ૪૩-૪૪

આનંદોત્સાહ સંપૂર્ણ તેના જીવનમાં જ છે,
કશી ચોટ જરાકેયે જેના જીવનમાં ન છે,

જેનામાં મસ્તીની કેવી ભરતી, ભરતી શી છે !
ઊછળતો દરિયો શો ભાવસાગર મસ્ત **તે** ! ૪૫-૪૬

રંગી, ભંગી પૂરો ચંગી, રંગઢંગ કશા ન છે,
વાળવું જેમ જે હોય તેમ વાળી શકે જ **તે**,
ગોળ ઘાલી શકો જેવો તેવો ગળ્યો થતો શું **તે** !
ભાવભક્તિથી **તે** માત્ર પાળે સંતોષ અંતરે. ૪૭-૪૮

કદીક હઠીલો **એવો** અપરંપાર હોય છે,
માન્યામાં પણ કૈં ના'વે એવો કદી વિચિત્ર છે,
તરંગી લોક **એવાને** અજડ સાવ જાણીને,
-**તેનો** તો એકડો કાઢી નાખતા સાવ મૂળથી. ૪૯-૫૦

મસ્ત તે સુરતામાં શો ! શ્રીસદ્‌ગુરુ શું હોય છે !
અખંડ સુરતા **એની** ચેતનાત્મક ઑર છે.
આંખે તે ઊડીને બાઝે એવી પ્રત્યક્ષ આપ તે,
શો રણકાર **એનો** છે ! કોક સદ્‌ભાગી પ્રીછશે. ૫૧-૫૨

આઘોપાછો થતો લાગે તેનું ઉપરછલ્લું તે,
મોજાં ઉપર છે જેમ ઊંડાણે કિંતુ શાંત **તે**,
છતાં ઉપરછલ્લામાં શો પ્રામાણિક આપ છે !
શબ્દ પ્રત્યેકમાં **એના** પોતે વ્યક્ત થતો જ છે. ૫૩-૫૪

રાજા, સ્ત્રી, બાળ, યોગીની સંસારે હઠ મક્કમ,
હઠે ના હઠમાંથી **તે** એવો **એનો** જ છે ક્રમ,
સદ્‌ગુરુ યોગી ને બાળ પાછો સ્ત્રીઅંશ તે વિશે,
રાજા સ્વભાવથી, તેથી તે હઠ બળવત્તરે. ૫૫-૫૬

કોઈ ઢાંચો ન **एनो** છે, ચોક્કસ કૈં સ્વરૂપ ના,
પૂરેપૂરું બધું **एनुं** ફેરફાર સ્વરૂપમાં,
નિર્ણિત જે થયેલું હો સ્પષ્ટ નિર્ધાર એવું કૈં
-બંધારણ કશું **एनुं** હોતું પાકું નથી જ તે. ૫૭-૫૮

જાણવાનું ન **एने** છે, નિરાલંબપણે સદા
મ્હાલવાનું જ **एने** છે, અમર્યાદપણે તહાં,
**एनो** અખંડ આનંદ, આનંદનું સ્વરૂપ **ते**,
જીવતુંજાગતું પોતે પ્રત્યક્ષ ચેતનાત્મકે ! ૫૯-૬૦

ખોટો **ते** પડતો લાગે કદીક કૈં પ્રસંગમાં,
ઉપરટપકે એવું લાગતું હો ભલે તદા,
કિંતુ **एने** ન ખોટું કે સારું એવું જુદું જ છે,
વ્યવહારનું વદેલું જે સાચું સ્વરૂપ કૈં ન તે. ૬૧-૬૨

શિથિલતા, નિરાશા ને પરાજય મળે કદા,
ઉન્નત મસ્તકે કેવો ઊભો ટટ્ટારીથી તદા !
તે તે હોવા છતાં તેના અસ્તિત્વ માત્રને કશું
-મહત્ત્વ આપવાનું **ते** જાણતો નથી દિલ શું. ૬૩-૬૪

અદ્‌ભુત આત્મશ્રદ્ધા શી નિષ્ઠા જેની અજોડ છે,
જીવતોજાગતો જેમાં તેમાં મસ્ત બધાં વિશે,
આત્મબળની તોલે તો જેની, આવી ન કો શકે,
શો પ્રાણવાન અગ્નિ **ते** ! છતાં શીતળ સાવ તે. ૬૫-૬૬

કરી કંઈ શકતો ના છે તેહ ઈન્કાર ભાવને,
પડે વ્હોરવું તેથી કૈં તોયે તત્પર આપ છે,

સત્પુરુષ હૃદે ઊંડો દેવા સંતોષ, ભાવ છે,
સૌ જીવનનું અસ્તિત્વ આધાર માત્ર ભાવ છે. ૬૭-૬૮

ત્યાં શા અટપટા દાવ લેવા પડે ખરેખરા,
કૈં ગફલતથી ચૂક્યા તો વાગ્યા બાર જાણવા,
કલ્પનામાં ન આવે કૈં જાગૃતિ ને સચેતન
-પળેપળની ત્યારે શી કૃપાથી ચેતનાત્મક !
થપ્પડ ખવરાવે છે, છતાંયે કોક વાર કૈં
-શી કૃપાશક્તિ ત્યારે ત્યાં બચાવી લે ઉગારીને ! ૬૯-૭૧

દાવપેચની **एने** શી આવડે છે કળા બધી,
વાપરી જાણતો, યોગ્ય કામે, સંજોગમાં વળી,
જેવા સાથે તેવો **ते** કદીક શો થઈ જતો !
**एवानी** વર્તવાકેરી કળા અદ્‌ભુત ઑર તો. ૭૨-૭૩

ગમે તેવું થતાં પોતે નિરાશા સેવતો ન છે,
ઉત્સાહ, ખંત, ઉદ્યમ કશાથી પણ ના ઘટે. ૭૪

**एने** ના માન્યતા કોઈ, છતાં **ते** હોય તે રીતે
-આપમેળે કરે વર્ત્યાં જેમ જેમ પ્રસંગ છે. ૭૫

**ते** નિમિત્ત વિનાનો તો ના એક્કે પળવાર છે,
ગુણધર્મ પ્રભુ જેવા સદ્‌ગુરુના અખંડ છે. ૭૬

યોગ્યાયોગ્યની મર્યાદા ભલે **ते** જાણતો ન છે,
છતાં વિવેક તે અંગેતણો **ते** જાણતો જ છે,
કેવી વાપરવાની છે, મર્યાદા તે વિવેકની
-યોગ્ય સાચવવાકેરી **एने** કળાનું જ્ઞાન છે. ૭૭-૭૮

કોયડા, પ્રશ્ન, મુશ્કેલી, વિપત્તિ, ગૂંચ, આફતો,
જ્ઞાનીને આવતાં કિંતુ નિશ્ચિંત પૂર્ણ આપ તો,
ઉકેલાયે જતું હો તે બધું તેમ થવા જ દે,
ગૂંચવાડો જ **एवाने** ક્યારેયે જાગતો ન છે. ૭૯-૮૦

ઊંધોચત્તો કશી વાતે સદ્‌ગુરુ થૈ ન કૈં જતો,
પેટનું પાણીયે હાલે ના, એવો સ્વસ્થ પૂર્ણ શો !
નાખવા ગાળિયું કાઢી કદી તેવું કરે ન **તે**,
કશાથી ભાગવાનું તો સૂઝે **एने** કદી ન જે. ૮૧-૮૨

વાતાવરણ સંપૂર્ણ ધૂંધવાયેલ હો ભલે,
છતાં શો જ્ઞાની તે વિશે પ્રસન્નચિત્ત હોય છે,
સંસારે વ્યવહારુ તે, રીતે ઉકેલ સર્વનો
-લાવી કૈં શકવા યોગ્ય પૂરો સમર્થ **તે** જ છે. ૮૩-૮૪

ભારે કંકાસની વચ્ચે જો રહેવાનું **एहने**,
સ્વસ્થતા, શાંતિ, તાટસ્થ્ય ધારી પ્રસન્નતા હૃદે,
જીવવું સમતાથી તો **एने** સહજ આવડે,
કોઈયે રીતથી તેથી પૂરો સંતોષી હોય **તે**. ૮૫-૮૬

'ન્યાય અન્યાયની વચ્ચે સમાધાનથી વર્તવું',
મુશ્કેલ કેટલું ભારે, છતાંય ત્યાંય સદ્‌ગુરુ
-શી સમતોલતા યોગ્ય ધારે ચોપાસની બધી !
શું શું ના થાય **एवाथी** કલ્પવું દોહ્યલું સહી ! ૮૭-૮૮

કોઈ પ્રસંગમાં કેવો પોતે અક્કડ હોય છે !
તેના જેવા વળી બીજા કોઈયે હોઈ ના શકે.

વિના વાંકે ગમે તેવું તોછડું બોલી નાખતો,
અપમાન કરી બેસે જાણવા પરિણામ તો,
કેટલા પાણીમાં કેવા **अहं** કેવા પ્રકારનું,
અગમ્ય રીતથી **एवो** જાણી લેતો બધુંય શું !
**एनी** કોઈ કળાને તો સમજવા સમર્થ ના,
તેથી સમજવું છોડી લગાડો લક્ષ ભક્તિમાં. ૮૯-૯૨

છે રંગાયેલ ભક્તિમાં જેનું સંપૂર્ણ દિલ તે,
પરંપરા વિચારોની ક્યાંય ના હોય તેહને,
તેને મન વિચારોની જોડાતી નવ સાંકળ,
કંઈ પણ વિચારાયા વિના તેને ઊગે દિલ. ૯૩-૯૪

'પ્રસંગ આવતાં, વિના વિચારોની પરંપરા
કર્મની યોગ્યતા રીતે આપમેળે ઊગે તદા,
નિશ્ચયાત્મક સંપૂર્ણ નિશ્ચળ કર્મને થવા'
-એવી જે ભૂમિકાને તો નિષ્ઠા જાણવી ત્યાં સદા. ૯૫-૯૬

ક્રૉસની પર ચેતેલા નિત્ય નિત્ય ચઢેલ છે,
વધેરાતા જતા કેવા દુઃખ પરંપરા વડે !
તેવાં તેવાં દુઃખે, દર્દે નિમિત્તમાં પ્રવેશીને
-ઊંચે તારવવા **तेवा** કેવું તે મથતા રહે ! ૯૭-૯૮

**तेवा** શા રોમરોમે તો ખરડાયેલ દુઃખથી !
આહાર તેમનો જાણે દુઃખનો હોય છે વળી,
કૃપાપ્રસાદી માને છે, **एवा** તો દુઃખ, દર્દને
પ્રેમે શા આવકારે છે, શું દુઃખદર્દ જીવને ! ૯૯-૧૦૦

જીવને શા તવાઈને તવાઈને ખરેખરા,
ચેતેલા બ્હાર આવ્યા છે, શા તેજસ્વી થઈ પૂરા !
છંછેડાયા બહુ ભારે **તે** સંસારી જનોથી શા !
છતાંયે ચાહવાનું તો છોડેલું **તેમણે** જ ના. ૧૦૧-૧૦૨

વધેરાયા ગયા જેમ તે તે તેમ જ જીવને,
આનંદ દિલ વ્યાપેલો અંધારે જેમ ચંદ્ર છે,
ઊજળું વિશ્વ **તેવાના** જીવનથી કરી સદા,
સંસ્કૃતિને જિવાડે છે, **તેવા** બંકા શું એકલા ! ૧૦૩-૧૦૪

જેઓ કેવા પ્રતિષ્ઠાને ઘોળીને પી ગયેલ છે !
પ્રતિષ્ઠા શું નરી વિષ્ટા જેમણે તો ગણેલ છે !
કોઈ વિરલ જે એવા સદ્‌ભાગી વીર ધન્ય છે,
**એવા** કંઈક ચેતેલા, પ્રણામો **તેમને** પદે ! ૧૦૫-૧૦૬

જે જે મળે પૂરો તેનો સદુપયોગ **તે** કરે,
પ્રતિષ્ઠાનેય સંપૂર્ણ યોગ્યતામાં લગાડી દે,
કોઈક વાર તે છોને વિષ્ટા તેને ભલે ગણે,
સાધી લેવા પ્રતિષ્ઠાથી પાછો તત્પર યોગ્ય **તે** ! ૧૦૭-૧૦૮

ચેતનાનિષ્ઠમાં પૂર્ણ આકાશતત્ત્વ મોખરે,
બીજાં બધાં જ જે તત્ત્વ આકાશે તે ગળેલ છે,
ચેતનાનિષ્ઠ તેથી જે છે પ્રવર્તેલ જીવને,
આકાશતત્ત્વમાં પૂર્ણ મહત્ત્વે, મોખરે જ છે,
ત્યારે **તેવાની** શી શી છે, જે વાસ્તવિકતા બધી
-ને શા પ્રકારની તે તે મુશ્કેલ છે ગણાવવી. ૧૦૯-૧૧૧

ઊર્મિશીલપણું જ્યારે વહેતું વૃત્તિમાં થતું,
સ્વરૂપ લાગણી ત્યારે વૃત્તિ પકડતી ખરું,
કામ, ક્રોધાદિ સંસ્કાર જ્યારે તે ફૂટી નીકળે,
વૃત્તિનું નામ તેને ખરે અપાતું હોય છે. ૧૧૨-૧૧૩

ચેતનાનિષ્ઠનાં કેવાં પારલૌકિક ધોરણ !
**एने** માથે ન છોગાં છે કે ના બાંધેલ તોરણ,
શી આધ્યાત્મિક શક્તિથી ધારણ સર્વને કરે !
છતાં તેમ કરે છે **ते** જાણે ના જાણતા જ છે. ૧૧૪-૧૧૫

**एवानी** નમ્રતા કેવી શૂન્યતામાં ગળેલ છે !
પ્રેમભક્તિથી **एवाने** વારંવાર લળું પદે. ૧૧૬

અપરિગ્રહ, વૈરાગ્ય, તપશ્ચર્યાતણા ગુણો,
તપ, ત્યાગથી કેવા **ते** વિભૂષિત થયેલ છે !
લોકસંગ્રહના ભાવે કર્મે પ્રવર્તમાન છે,
લોકસંગ્રહનાં કર્મ શાં સમર્પણ પુષ્પ છે ! ૧૧૭-૧૧૮

જેમાં તેમાં જ સાક્ષી **ते** કોરો સંપૂર્ણ આપ છે,
જાણવાનું હવે **एने** બાકી કશું રહ્યું ન છે,
કશી ઈચ્છા કશા વિશે **एने** ઉદ્‌ભવતી ન છે,
નિરિચ્છ, મુક્ત, સંપૂર્ણ જેમાં તેમાં શું હોય **ते** ! ૧૧૯-૧૨૦

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૩ : સદ્‌ગુરુનાં વિરોધાભાસી લક્ષણો

(અનુષ્ટુપ)

મૂળનો રંગ લાગેલો કદી ઊતરતો ન તે,
એમનો એમ તે ર્‌હે, ત્યાં કાળની ગણના ન છે,
ઓછોવત્તો ન થાયે તે ઘસાતાંયે ઘસાય ના,
ઘણું **તે** વપરાયે છો, **એકનો એક** તે છતાં. ૧૨૧-૧૨૨

આડોતેડો કદી લાગે **એવો** સંસારી દૃષ્ટિથી,
ઊંધોચત્તો ગમે તેવો ખંચકાવાય દૃષ્ટિથી,
છતાં **એવાની** સંપૂર્ણ ખરી શી વાસ્તવિકતા !
-ચેતનાનિષ્ઠ હોવાની યોગ્યતા છે પૂરેપૂરી. ૧૨૩-૧૨૪

જાણવું માનવાનું તો ચેતનાનિષ્ઠને ન છે,
અનુભવની ઇંદ્રિયે પ્રક્રિયા **એની** સર્વ છે,
**એવાની** ઇંદ્રિયો સર્વ માંહ્યલી સૂક્ષ્મ અંતરે,
અંતરે બાહ્યને જ્યાં ત્યાં કામ લાગી શકે જ તે. ૧૨૫-૧૨૬

જાણીને, પ્રીછીને **એને** મ્‌હાલવું અંતરે ઊંડું,
એવા અનુભવોમાં તે પાછું ડૂબી ન ત્યાં જવું,
પોતે પ્રત્યક્ષ તેમાં હો ઓતપ્રોત પૂરેપૂરા,
છતાં નોખા જ સાક્ષી છો, એવું થતાં જ પૂર્ણતા. ૧૨૭-૧૨૮

કશાની ના પડી **એને** શો બેફિકર નિત્ય છે !
ચિંતા, દુઃખ મૂકે ટોલ્લે, ન કૈં જવાબદારી છે,

છતાં **एना** સમો પાછો બીજો **एवो** ન કોઈ છે,
**एवानी** જ્ઞાનની વાતો જાણે પ્રત્યક્ષ શાસ્ત્ર છે. ૧૨૯-૧૩૦

બોલે કદીક **ते** એવું કે જેનો કૈં ન અર્થ છે,
પ્‌હેરવું ઓઢવું જેનું ઢંગધડા વિનાનું છે,
ખાવામાં જેનું ઠેકાણું કોઈયે રીતનું ન છે,
મદમસ્ત છતાં ગાંડો કહેવાયે ન **एहने**. ૧૩૧-૧૩૨

અડબંગ નર્યો લાગે **एनी** ઑર વિચિત્રતા,
યદ્વાતદ્વા પ્રમાણેનું વર્તન વ્યવહારમાં,
જીવને એકધારો **ते** વ્યવસ્થિત કશો ન છે,
હોવા છતાં જ એવો **ते** કળા અગમ્ય **एनी** છે. ૧૩૩-૧૩૪

**एना** તે બોલવાકેરો કશો ઢંગધડો ન છે,
બોલી નાખે ગમે તેવું અસંબદ્ધપણે શું **ते** !
ઉપજાવે ઘૃણા એવું કથી નાખે કદીક **ते**,
અપાર જ્ઞાન જેમાં છે, વદે એવું કદીક **ते**. ૧૩૫-૧૩૬

આમ ઘડીકમાં બોલે, અન્યથા વળી **ते** વદે,
બોલવામાં જ **एनो** તો આધાર ના ધરાય છે,
**एनुं** છતાંય બોલેલા પ્રમાણેનું જ વર્તન,
અગમ્ય છો ભલે લાગે કિંતુ પ્રેમથી સુલભ. ૧૩૭-૧૩૮

તામસયુક્ત સંપૂર્ણ જડ પથ્થરની સમો,
કોક પડી રહેલો શો લાગે, એવો છતાંય **ते**,
–એવો ને એટલો માત્ર તેવો **ते** નથી જીવને
–સચ્ચિદાનંદ ભાવે તો જે રમમાણ નિત્ય છે. ૧૩૯-૧૪૦

શો આપ્તકામ સંપૂર્ણ પોતે પોતા વિશે જ છે !
**એના** પોતા વિશેના જે ફળે સંકલ્પ આપ તે,
માગવાપણું **એને** ના છતાં માગ્યા કરે જ શો !
લાજ, શરમ **એને** તો કૈં કશાની ન હોય છે. ૧૪૧-૧૪૨

આવરાઈ જતો ના **તે**, કશાથી કૈં કશા વિશે,
આવરાતો કદી લાગે, છતાં અલિપ્ત સાવ **તે**,
માન્યતા ખાલી તે ના છે અનુભવે પ્રયોગથી
-**તેવા** જીવી, પ્રમાણે તે, સિદ્ધ થયેલ છે વળી. ૧૪૩-૧૪૪

કળા, કુનેહ, કૌશલ્ય, બુદ્ધિચાતુર્ય, ભાવ, શ્રી
-શક્તિ **આ** સૌ વગેરેમાં **તે** સર્વોત્કૃષ્ટ યોગ્ય છે,
**તેના** જેવો બીજો શ્રેષ્ઠ સમર્થ કોઈ ના જ છે,
છતાં પાછા ન કૈં તેવા **એના** દોરદમામ છે. ૧૪૫-૧૪૬

દાવો કંઈ કશાનો **તે**, કદીય કરતો ન છે,
‘છે કશા પર પોતાનો હક્ક’ **એને** ન એવું છે,
માનવી સાવ સામાન્ય જેવો **તે** લાગતો જ છે,
અસામાન્યપણું તોયે વર્તાયા વિણ ના રહે. ૧૪૭-૧૪૮

શક્તિથી શો પ્રકાશે છે ! છતાં શક્તિ ન કૈં જ છે,
-નમાલો સાવ એવો **તે** જીવને લાગતો જ **તે**,
અળશિયાની પેઠે **તે** કદીક શો પડી રહે !
છતાંયે તેજના જેવો **એનો** પ્રચંડ વેગ છે ! ૧૪૯-૧૫૦

શો ઠંડોગાર સંપૂર્ણ બરફથી વિશેષ **તે** !
છતાં શો વધુ અગ્નિથી મૂળે ગરમ હોય છે !

ઢૂંકવા **एनी** પાસે ના ચાલે હિંમત કોઈની,
**एनी** હૂંફ પમાતાં જો, ઊડો આકાશવેગથી. ૧૫૧-૧૫૨

નિશ્ચિત સાવ સંપૂર્ણ જેમાં તેમાં ખરેખરો,
અનિશ્ચિત છતાં પોતે વ્યવહારે શું લાગતો !
**एनो** નિર્ણય પાકો ને અટલ કેટલો બધો !
ફળે સંકલ્પ **एनो** તો જો પોતા પૂરતો જ હો. ૧૫૩-૧૫૪

અટૂલો ને અનોખો શો જે તે બધાંથીયે જગે
-જુદો **ते** તરી આવે છે ! **ते** અલૌકિક જીવને,
જાણીતો છે, છતાં **तेने** કોઈયે જાણતું ન છે,
છતાંયે પરવા **एने** એવી બાબતની ન છે. ૧૫૫-૧૫૬

કદીક ધાંધલિયો **ते** લાગે છે વ્યવહારમાં,
તેના જેવો છતાં સ્વસ્થ બીજો કોઈ ન જાણમાં,
કદીક **ते** ચઢાવીને બાંય શો લઢવા ઊભે !
રાગદ્વેષ છતાં **एने** કૈં કોઈ રીતના ન છે. ૧૫૭-૧૫૮

ચાલતો **ते** ઊંધો, આડો કદીક લાગતો જ છે,
દેખીતી સ્થિતિ તે **एनी** મૂળ સ્વરૂપની ન છે,
નિમિત્તની પ્રમાણેની તેની તેવી જ તે દશા,
કિંતુ આવતું જાણ્યામાં માનવીમાં ન તે કદા. ૧૫૯-૧૬૦

કઠોર વજ્રથીયે શો થતો કદીક **ते** વળી !
કોમળ ફૂલથીયે શો બને ક્યારેક **ते** કદી !
જ્યારે પોતે થયેલો હો કઠોર જે પળે જ **ते**,
એકીસંગાથ પાછો શો કોમળ હોય છે જ **ते** ! ૧૬૧-૧૬૨

**एने** જે ઝંખના, તેવી ઝંખના કોઈને ન છે,
છતાં ઓળખતો ના હો એવું **ते** પણ વર્તશે,
સંબંધ મુદ્દલે ના હો છે વર્તણૂક **एनी** તે,
છતાં તેના સમો બીજો સ્પૃહાવાળો ન કોઈ છે. ૧૬૩-૧૬૪

બુડથલ પૂરેપૂરો સામાન્ય વ્યવહારમાં,
તેવા પ્રકારની યોગ્ય દેખાતી નવ દક્ષતા,
**एना** જેવો છતાં દક્ષ બીજો કોઈ ન ક્યાંય છે,
અદ્વિતીય ખરે માત્ર એકલો એક **ते** જ છે. ૧૬૫-૧૬૬

પ્રકૃતિક્ષેત્રના ગુણો **एनामां** હોય છે બધા,
છતાં ના હોય તે રીતે વર્ત્યાં **एवो** કરે સદા,
પ્રકૃતિની પરે **एनो** સ્વયં કાબૂ જ હોય છે !
**एवो** સિદ્ધ થયેલો છે, નૈસર્ગિકપણે જ **ते**. ૧૬૭-૧૬૮

**एना** તે પ્રેમના સૂર્યતણો તાપ અસહ્ય છે,
કિંતુ જે ભક્ત છે તેને શો ઠંડોગાર હોય છે !
ભક્ત જીવનનું સર્વ સામર્થ્ય **हरि**પ્રેમ છે,
સદ્‌ગુરુતણી શક્તિ ને ભાવયે **हरि**પ્રેમ તે. ૧૬૯-૧૭૦

ઝીણું કાંતી શકે એવો સ્વભાવ શો કદીક છે !
‘આખું કોળું તણાવા દે’ એવો સ્વસ્થ કદીક **ते**,
‘કશું ના સંગ્રહે’ એવો પોતે કદીક હોય **ते**,
એવા અનેક શા વેશો **एवाना** તે વિવિધ છે. ૧૭૧-૧૭૨

મોજીલો, રંગીલો પાછો નશામાં અલમસ્ત છે,
એનો નશો કદીયે જે ઊતરી શકતો ન તે,

મિજાજી, તોરવાળો શો ! **એની** શી રંગભાત છે !
છતાં પાછો ન તેવો **તે**, એવું ના કોઈ રૂપ છે. ૧૭૩-૧૭૪

કોઈ બે બોર વેચાતાં કૈં જેના હાથનાં ન લે,
કઢંગો વેશ સંપૂર્ણ જેનો કેવો જ હોય છે !
જોવો ગમે ન દેખાવે છતાં **એવોયે** કોઈ જે,
કેવો **તે** હોય ચેતેલો સત્સંગે સમજાય છે. ૧૭૫-૧૭૬

આખાબોલો વળી ગાંડાં કાઢે એવો કદીક **તે**,
ગાળોયે ભાંડતાં **એને** કશો સંકોચ કૈં ન છે,
યદ્વાતદ્વા બકે કેવું ! જેનો અર્થ કશો ન છે,
યોજના હેતુ વિનાનું છતાં **એનું** ન કૈં જ છે. ૧૭૭-૧૭૮

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૪ : સદ્‌ગુરુનાં અકળ લક્ષણો

(અનુષ્ટુપ)

જે લોકોત્તર છે શ્રેષ્ઠ એવા કંઈક **જીવ**-ને,
સમર્થ શકવા પ્રીછી તેમનું મન કો ન છે,
ભલેને ભક્તિ સંપૂર્ણ **हरि** અર્થે ઊગેલ છે,
કિંતુ તેવાય સંપૂર્ણ **हरिने** પ્રીછી ના શકે,
જે જ્ઞાની, ભક્ત, યોગી જે ધ્યાની ને અવધૂત છે,
પ્રીછ્યવાનું મૂકી દૈ **તે** રમે આનંદ મસ્તીએ. ૧૭૯-૧૮૧

છતાં કોઈ જ **एवाने** જાણી કૈં શકતું ન છે,
છાનોમાનો છતાં **एवो** પ્રભાવ નિજનો હૃદે
-પાડ્યા વિના રહે છે ના, એવો **एनो** સ્વભાવ છે,
પરોપકારી તેથી તો **एना** જેવો ન કોઈ છે. ૧૮૨-૧૮૩

અવ્યક્ત વ્યક્ત બંનેયે ચેતનાનાં સ્વરૂપ છે,
વ્યક્ત સ્વરૂપમાં ભાવ લક્ષણ વ્યક્તનું જ છે,
ભાવમાં દ્વંદ્વ કે ગુણતણો અંશ ન ક્યાંય છે,
ભાવાતીત છતાં કેવો આત્માનુરાગી હોય છે,
સદ્‌ગુરુનું જ પ્રત્યક્ષ એવું લક્ષણ દર્શન,
મહત્ત્વે, મોખરે ભાવ સદ્‌ગુરુને નિરંતર,
છતાં સદ્‌ગુરુ તે એવો કોરો જાણે શું હોય છે !
સંપૂર્ણ મડદા જેવો ભરેલો ઘોર તામસે,
સદ્‌ગુરુનું કશું કોઈ એક રૂપ ન હોય છે,
ઘડી ઘડી શું **एवानुं** રૂપ તો પલટાતું છે,

ભલેને બદલાતું હો **एनुं** રૂપ ઘડી ઘડી,
છતાં મૂળ સ્વભાવે તો શો દ્વંદ્વાતીત નિર્ગુણી !
**एनी** સૌ હીલચાલોનું દ્વંદ્વ ગુણનું મૂળ ના,
લાગે **जीव**દશા જેવું **एनुं** વર્તન છો ભલા,
નિરાળો આગવો એવો **एनी** કૈં સરખામણી,
-કોઈની સાથ ના થાય, શો અપૂર્વ શિરોમણિ ! ૧૮૪-૧૯૧

બેઠેલો સાવ નિશ્ચિંત એવો કદીક લાગશે,
લેવાદેવા ન જાણે કૈં એવો બેફિકરો જ શો !
આપમાં આપ પોતે **ते** સંપૂર્ણ રમમાણ છે,
અંતર્‌બાહ્ય સ્વરૂપે તો **एकनो एक** નિત્ય છે,
'જે તે સૌ કૈં કરે છે **ते** છતાં **ते** કરતો ન છે'
'કેમ તે માની લેવાય', ગળે ઊતરતું ન તે,
જે જે **जीव**દશાવાળા શા મોહાઈ જતા જ છે !
લોભાતાં કેટલી વાર, અજ્ઞાને અટવાય છે,
અનેક જાતની એવી **जीव**વૃત્તિથી જીવને,
આવરાયેલ શા હોય ! જાણે નશો કરેલ છે,
કિંતુ અનુભવી જે છે 'જાણે મોહાઈ શો ગયો !
એવો **ते** લાગતો પૂરો' મોહાયે તે છતાં ન તો.
કેવી મોહાંધની બુદ્ધિ બ્‌હેર મારી શી જાય છે !
મોહદશાની વેળાએ **एने** વિવેક ના ટકે,
જ્યારે અનુભવી પેલો મોહાંધ સમ છો ભલે
-લાગતો હોય, કિંતુ શી **एनी** તો બુદ્ધિ તે પળે !
સંપૂર્ણ ખુલ્લી ને જ્ઞાન પ્રેરંતી છે અનુભવે. ૧૯૨-૧૯૯

એવી મોહાંધ વેળાએ **એનો** જે જ્ઞાનધોધ તે,
જુસ્સાવાળો વહે કેવો ! **એની** ત્યાં લ્હેર ઓર છે !
મોહાંધ લાગતી એવી વેળાએ, **એનું** સર્જન,
અનોખી રીતનું ન્યારું કેવું અદ્‌ભુત મૌલિક !
જાતોજાત જ પ્રત્યક્ષ નિહાળ્યા પછી **આ** બધું,
કૃપાથી વર્ણવેલું છે, ઝૂડ્યાં કર્યું નથી કશું,
સ્થિતિમાં નરકાગાર ભલેને તે પડેલ હો,
**તે** સમાધિસ્થ સંપૂર્ણ ત્યારે **તેનો** જ ભાવ શો !
શરીર મુખની કાંતિ બીજાં એવાં જ લક્ષણો,
પ્રવર્તેલાં રહે જેથી યોગ્ય સ્થિતિ જણાય છે. ૨૦૦-૨૦૪

અનેક સાબિતી **એની** ધારો કે મળતી રહે,
કિંતુ જ્યાં સુધી બુદ્ધિ તે **જીવ**દશાની હોય છે,
તેમાં શંકાકુશંકા ને તર્કવિતર્ક હોય છે,
દલીલો સામસામી તે બાજુની શી કર્યા કરે,
એવી **જીવ**દશાની જે બુદ્ધિને કોઈ તે રીતે
-જ્ઞાનીને જ્ઞાનીની રીતે લાગવાનું કશું ન છે,
કિંતુ એવીય બુદ્ધિને લાગેલો સ્વાર્થ હોય છે,
તેમાં તો બુદ્ધિ તે એવી લગાતાર છતાં જ ર્‌હે. ૨૦૫-૨૦૮

જેવો **એને** તમે જાણ્યો તેવો ને તેટલો જ **તે**,
એવું કૈં મુદલે ના છે, એનાથી તો અતીત **તે**,
વર્ણવી ના શકાયે છે, '**એની**, કક્ષા અમુક છે',
કક્ષાતીત સદા પોતે અમર્યાદિત રૂપ છે. ૨૦૯-૨૧૦

સદા કામગરો પોતે, પાછો કહ્યાગરો જ છે,
છતાં **एना** સમો બીજો ક્યાંયે કો આગ્રહી ન છે,
કદીક ઝાલ્યું તેને **ते** વળગી ઝોડ જેમ ર્‌હે,
માટી લોંદા સમો **एवो** ઢીલોપોચો અપાર છે. ૨૧૧-૨૧૨

વપરાતો રહે પોતે અકબંધ છતાં જ શો !
એવી તાજુબની વાતો **एने** જીવન કૈંક છે,
**एने** ના જાણવાનું છે, જાણતો શો રહે છતાં !
**एने** તો પ્રીછવાનું છે, પ્રિછાતો **ते** નથી છતાં ! ૨૧૩-૧૧૪

પોતે જેવો થઈ, તેવો **तेने** કોઈ ન માનશે,
નથી પોતે સ્વીકારાતો કોઈથી ભક્તિપૂર્વકે,
ધુત્કારાતો બહુ વેળા **एवो** જે તે મળ્યાથી શો !
એવાઓને છતાં ભાવે ચાહ્યા **ते** કરતો જ શો ! ૨૧૫-૨૧૬

હોવા છતાં જ પ્રત્યક્ષ સાક્ષાત ચેતનારૂપે,
**एवाने** તે છતાં કોણ ગણકારે જરા હૃદે ?
જ્ઞાન ભક્તિતણા ભાવે સ્વીકારાય ન જ્યાં સુધી
-ત્યાં સુધી અંતરે **एने** પ્રવેશ ના મળે જરી. ૨૧૭-૨૧૮

દંડો લગાવતાં જેને દયા ના આવતી જરા,
કલ્પી શકાય ના જેના રંગઢંગ નવા નવા,
છતાં પંકાયેલો કેવો સંન્યાસીમાં મહાન **ते** !
આપણા ગજથી **एने** માપી કૈં ના શકાય છે. ૨૧૯-૨૨૦

મળેલાંને ઊંડું ચાહે અધિકાધિક કેવું **ते** !
કિંતુ પ્રવેશવાનો ત્યાં **एनो** હેતુ અગમ્ય છે,

પોત પોતાની રીતે સૌ **एने** શાં સમજ્યાં કરે !
કિંતુ કોઈ પ્રમાણેનો **एवो** કદી ન હોય છે. ૨૨૧-૨૨૨

શી પરિપૂર્ણતા ટોચે નમ્રતા જેની પૂગી છે !
બીજી બાજુથી સંપૂર્ણ સંનિષ્ઠ સદ્‌ગુરુ વિશે,
પાછો કોઈકનો પોતે સદ્‌ગુરુ શો થયેલ છે ! ૨૨૩


એ રીતે એકબીજાથી ચેતના પ્રસરે શી તે !
દીવો પરંપરાનો શો એવો જીવંત ચાલુ છે ! ૨૨૪

• • •

હરિઃૐ

**ખંડ - ૬**

# સદ્ગુરુની વર્તનકળા



ગુલામ પ્રકૃતિકેરો કદી પોતે જરા ન છે,
છતાં **તેવો** શું **તે** હોય તેમ **તે** વર્તતો જગે.

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૧ : સદ્‌ગુરુ શિષ્ય સંબંધ

(અનુષ્ટુપ)

પોતાને વળગેલો જે જ્ઞાન ને ભક્તિપૂર્વક,
કેવી સંભાળ તેવાની **તે** લેતો હોય છે નિત ! ૧

હજારો માઈલો છેટું ભલે શરીરથી રહ્યું,
છતાંય **તે** બધું જાણે પ્રીછે છે નિજ ભક્તનું. ૨

ઊર્ધ્વમાં ઊર્ધ્વ ભૂમિકા વિશે કળણ સૂક્ષ્મ જે,
ઊતરાઈ જવાતાં ત્યાં નકામા સૌ પ્રયત્ન છે,
જેમ જેમ મથો ઊંચે આવવા ન ફવાય છે,
ત્યારે શ્રીસદ્‌ગુરુ પોતે તેને તારવી લેય છે. ૩-૪

કેવા લપસણા માર્ગ ભૂમિકા કૈંક જે વિશે
-આવંતાં, જાગૃતિ ત્યારે શ્રેયાર્થીથી ચુકાય છે,
તે વેળા એકલો માત્ર સમર્થ ત્યાંથી કાઢવા
-સદ્‌ગુરુ યોગ્ય શો પાત્ર ! કોઈનું ગજું બાકી ના. ૫-૬

અઘે છે, મૂતરે તોયે મા સ્વચ્છ શિશુને કરે,
એવો જ કિંતુ સંબંધ સદ્‌ગુરુ શિષ્ય સાથ છે. ૭

પરોવાયેલી મા છો હો એકાગ્રતાથી કર્મમાં,
કિંતુ શિશુ રડે છે જ્યાં પડતું મૂકે કામ સૌ,
શ્રીસદ્‌ગુરુની સંગાથે એવો સંબંધ થૈ જતાં,
પૂર્ણ આધારનો પોતે કબજો લઈ લે તદા. ૮-૯

મુક્ત નિઃસ્પૃહી સંપૂર્ણ ભૂમિકા એવીની પરે,
પોતે સ્પૃહા જ રાખીને જે તે સાથે જ વર્તશે. ૧૦

કેવા યોગ્ય ભલામાં તો સર્વસ્વ **एनुं** જીવન !
શ્રેય થવા મરી ફીટે એવું સ્વજન માત્ર **ते**. ૧૧

થવા કલ્યાણ, **एवानुं** નિશાન માત્ર **एक** તે,
**एवामां** ભક્તિ જેની છે, ગયો શો બચી ! જાણજે. ૧૨

અંતરિયાળ વચ્ચે **ते** મૂકી ના કોઈને જ દે,
**एवो** વિશ્વાસુ સંપૂર્ણ દુર્લભ મળવો જગે. ૧૩

**एना** જેવી વફાદારી ભાગ્યે કોઈકની હશે,
ને પ્રેમ કરવાવાળો **एना** જેવો ન કોઈ છે. ૧૪

બાફી કદીક મારે ને ઊંધું વેતરી મારશે,
વ્યવહારની દૃષ્ટિએ **एनुं** તો એવું કૈંક છે. ૧૫

એવા **एना** છતાં ગૂઢ હેતુને કોણ જાણતું ?
જે તે **एनुं** બધું શુભ યોગ્ય કલ્યાણ અર્થનું. ૧૬

જેને વિચારવાનું તે જેમ જે કરવું ગમે,
તેને **ते** તે પ્રમાણેનું થવા દેતો શું હોય છે !
આડે કશાની ના આવે, પોતે નિત્ય પ્રવાહમાં
-પોતાના જ વહેતો **ते**, જીવંતો વળી આપમાં. ૧૭-૧૮

આપણે આપણી રીતે મનવાંછિત પેર શું
-ઇચ્છો છો જો ઘડાવાનું જવું ત્યાં માંડી વાળજો,
વાળવા તમને જેમ ચહે **ते**, તેમ ભાવથી
-થશે જો વળવાનું તો, બેડો શો પાર આપથી ! ૧૯-૨૦

સદ્‌ગુરુ મૂળ અગ્નિનું પ્રત્યક્ષ જે સ્વરૂપ છે,
સ્વભાવ પણ અગ્નિના જેવો જે **તેમનો** શું છે !
પડખાં સેવવાં તેથી દોહ્યલાં **તેમનાં** ખરે !
કિંતુ જો જાગી હો ભક્તિ કલ્યાણ **જીવનું** જ છે. ૨૧-૨૨

કરેલું ઢગલાબંધ કર્મ સદ્‌ગુરુનું ચહી,
છતાંયે તેની સંપૂર્ણ કરે કદર કૈં ન **તે**,
માનેલાં કિંતુ જેને છે પોતાનાં તેની સાથ **તે**
-એ પ્રમાણે જ વર્તે છે, બીજાં સાથે ન તેવું જે. ૨૩-૨૪

'મથતા હો તમે, તોયે, જોવાનીયે કશી તમા
-સદ્‌ગુરુને હ્રદે ના હો' વર્તતો એવું બેતમા.
ત્યારે તો કેટલું લાગે પેલાને તીવ્ર દિલમાં !
સદ્‌ગુરુનું છતાં તેમાં ધોરણ ન્યારું ઑર ત્યાં. ૨૫-૨૬

શી શિખવાડવાની તે ગૂઢ સદ્‌ગુરુની રીત !
વિના સંકલ્પ વિકલ્પે આદરી ભક્તિપૂર્વક,
પાંસરો કરવા હેતુ કોઈ ને કોઈ રીતનો
-સદ્‌ગુરુનો ઊંડો ઊંડો તેમાં વસેલ હોય છે. ૨૭-૨૮

થતું જે હોય છે જેમ તેને તેમ થવા જ દે,
શો અનાસક્ત એવો **તે** ! ને નિરાગ્રહી પૂર્ણ છે,
આડખીલી કશા વચ્ચે **તે** કદીય થતો ન છે,
પોતાની મેળ સૌને **તે** સ્વતંત્ર વર્તવા જ દે. ૨૯-૩૦

વ્યવસ્થા કિંતુ જેની હો પોતાને હાથ તે વિશે,
જે કાળે ધર્મ જેવો હો વર્તાવવાનું તે રીતે

-પોતે કરાવતો રહે છે, ત્યાં શો વિવેકી પૂર્ણ છે !
આડુંતેડું કશું ત્યાં તો થવા દે ના લગીર **તે**. ૩૧-૩૨

માથે આવેલું જે કર્મ તે કર્મની વ્યવસ્થિતિ
-યોગ્ય પ્રકારની પૂર્ણ થવા, કાબેલ યોગ્ય **તે**. ૩૩

સંસારે કોઈની ઓથ જો હોય છે ખરેખરી,
તો નિરાંત રહે છે ત્યાં અકબંધ પૂરેપૂરી,
તેવું જ સદ્‌ગુરુ શક્તિતણું જાણવું નિશ્ચયે,
દુન્યવી ઓથથી એ તો **આ** ઓથ પ્રાણવંત છે ! ૩૪-૩૫

જાણવા માનવાથી તો 'હોવાની' ભૂમિકા જુદી,
શી વાસ્તવિકતા તેમાં ભરી પડેલ છે ખરી !
કૈં ના તાકાત 'હોવાને' નકારવાની કોઈની,
એવી ચેતનશક્તિ તો પ્રવર્તેલ બધે નરી. ૩૬-૩૭

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૨ : વિવિધ વર્તનભૂમિકા

(અનુષ્ટુપ)

જેવો જે જેમ લાગે છે તેવો **તે** ના કદાપિ છે,
શા કેટલાક વર્તે છે વ્યવહારે જુદી રીતે ! ૩૮

ચેતનાનિષ્ઠ ક્યારે **તે** કરે વર્તન કેવું તે !
કહી શકાય કો રીતે કેમે ચોક્કસ ના જ તે,
ન્યાયાધીશ છતાં લોક **એના** કેવા થઈ જતા,
કિંતુ કશીય **એવો** તો લોકોની ના ધરે સ્પૃહા. ૩૯-૪૦

પાપ કે પુણ્ય જોવાનું સદ્‌ગુરુ કરતો નથી,
ચાહી શું ખેંચવાનું તો સત્કર્મ ગુરુનું સહી. ૪૧

વ્યવહારની દૃષ્ટિનું કૈં અઘટિત કર્મ જે
-તેમાં પ્રેરાયેલો લાગે, કિંતુ ત્યાં હેતુ ગૂઢ છે,
માનવાતીત શક્તિનું અનુભવનું દર્શન,
કૃપાથી **તે** કરાવીને પછી તે તેનું વર્તન
-પ્રકૃતિના પ્રકારોથી કેવું અતીત હોય છે !
કિંતુ માનવીમાં ભક્તિ જન્મેલી જ્યાં ન હોય છે,
માનવાતીત શક્તિનું તેવું તેવું ભુલાય છે,
પેલાને કિંતુ તેમાંનું સ્પર્શતું નવ કાંઈ છે. ૪૨-૪૫

જે અનુભવી સંપૂર્ણ આકાશતત્ત્વ અંતરે
-મહત્ત્વે, મોખરે તેના આધારે જીવને જ છે,

જેવું જેવું જ નિમિત્ત તેમાં તત્ત્વ જરૂરનું
-જ્યારે જે યોગ્ય તેનો તે લેતો આશ્રય હોય શું ! ૪૬-૪૭

વળી અનુભવી પૂર્ણ સત્ત્વ ગુણ વિશે ખરે
-કેવો તે તરતો રહે છે, આધારે નિજ જીવને !
જેવાં જેવાં જ નિમિત્તો જે ગુણની જરૂર છે,
આશ્રય ગુણનો તે લે કળા **एनी** શી શ્રેષ્ઠ છે ! ૪૮-૪૯

**एवो** કદીક તો કેવો અક્કડ થઈ જાય છે !
**एना** જેવો ખરો પાછો ક્યાંય ફક્કડ કો ન છે,
તગડ શી કરાવી સૌ કાઢી મરડ નાખશે,
કિંતુ ત્યાં ભાન તે હો તો, કૃપયા યોગ્ય તો થશે. ૫૦-૫૧

જે તે કંઈ ખપે **एने** તુર્ત નગદ તે પળે,
ઉધાર રાખવાનું તો જાણતો **ते** ન મુદ્દલે,
પોતાના કેંદ્રબિંદુથી **एनो** સૌ વ્યવહાર તે
-ચાલે છે એની મેળે શો ! **एनुं** સહજ સર્વ છે. ૫૨-૫૩

જેવાં સૌ આપણે છીએ તેવો જ તે જ રીતથી
-તે પ્રમાણે થઈ પોતે વર્તે **ते** સાથ આપણી,
મનીષા આપણી જેમ, ઇચ્છા જેવી શી અંતરે !
તે પ્રમાણેની છે બોલી **एवानी** વ્યક્ત તે પળે. ૫૪-૫૫

**ते** સાપેક્ષ પ્રમાણે તો બધાં સાથે શું વર્તતો !
**एने** ના દષ્ટિબિંદુ છે, કોઈ પ્રકારનુંય તે,
છતાં નિમિત્તની રીતે લાગે છે વર્તતો ભલે,
કિંતુ નિમિત્તમાંયે **ते** દાસ નિમિત્તનો ન છે. ૫૬-૫૭

'નિપુણ વ્યવહારે ના' તે હકીકત સ્પષ્ટ છે,
ટપલા લોક શા માટે **તેને** એ અર્થ નાહકે,
છતાં અયોગ્ય **एनाथी** ભૂલેચૂકે થઈ જતાં,
'અહિત ના થવાનું છે' નિશ્ચે તે જાણવું સદા ! ૫૮-૫૯

સંસારી રીતની જે તે સમજના પ્રકાર છે,
તેવું વર્તવું તે **તેને** બંધનકારકે ન છે,
લાગે કદીક **एवो ते** સ્વચ્છંદ વર્તવા વિશે,
**एवाने** તોય માનો ના અયોગ્ય ત્યાં ભૂલેચૂકે
-કેમ કે વર્તવાકેરી **एनी** તો ભૂમિકા જુદી,
સાવ **जीवदशा**વાળી કદાપિ એવી તો નથી,
આપણી ભૂમિકા તો છે, કેવી દ્વંદ્વ ગુણાત્મક,
જ્યારે **पेलानी** ભૂમિકા દ્વંદ્વાતીત ગુણાતીત. ૬૦-૬૩

દ્વંદ્વગુણે ભર્યો કેવો સંસાર તો છલોછલ !
ચેતનાનિષ્ઠ સંપૂર્ણ દ્વંદ્વગુણે અતીત છે.
તોળવું ત્રાજવે એક બંનેને, તે અયોગ્ય છે,
કક્ષા તો સાવ બંનેની જુદી છે શી પરસ્પરે ! ૬૪-૬૫

**एवाना** વર્તવાકેરા સ્પષ્ટ, ચોક્કસ કાયદા
-ક્યાંયે ના તે લખાયેલા, એ તો આપ સૂઝ્યા જ શા !
તોળવા ન્યાય તે વિશે યોગ્યતા માનવીની ના,
શાં ડહાપણ તોયે ત્યાં શાને લોક ડહોળતા ! ૬૬-૬૭

**एना** સંબંધમાં હૈયે જેનો હેતુ જીવંત છે,
હેતુને જ્ઞાનના ભાવે સાચવી કર્મ જે કરે,

કરંતાં કર્મ હૈયામાં જેને છે જ સભાનતા,
એવી તે ધ્યેય-હેતુની કરાવે **તે** સભાનતા,
સાધવા અર્થ પોતાનો, તેવી સભાનતા વડે
-વ્યવહાર બીજાં સાથે કરતા લોક તેમ છે. ૬૮-૭૦

પ્રકૃતિ સાથ ખેલે છે, ભળે છે પ્રકૃતિ વિશે,
પ્રકૃતિ સાથ **તે** કેવા ગેલ નવા નવા કરે !
-પ્રકૃતિના પ્રવાહે **તે** હોવા છતાંય, અંતરે,
ચેતનાના અલૌકિક મૌલિક ભાવસર્જને
-સદ્‌ગુરુએ કરાવેલું પ્રત્યક્ષ એવું દર્શન,
સ્પષ્ટ તાદૃશ્યતાવાળું એમાં કશો નથી ભ્રમ,
કે અંજાઈ જઈને તે અવલોકાયું કૈં ન છે,
ચેતનાનિષ્ઠનું ભાન સ્પષ્ટ તેથી થયેલ છે. ૭૧-૭૪

સારાં ને નરસાં પાછાં કેવાં નિમિત્ત ઉદ્‌ભવે !
ત્યાં અનુભવી બંનેમાં પૂર્ણ તટસ્થ સાક્ષી છે,
તે તે પ્રસંગને સ્પર્શે તેના યોગ્ય પ્રમાણમાં,
છતાં પાછો શું તે સૌથી નિરાળો સાવ **તે** સદા. ૭૫-૭૬

સ્વીકારે કર્મને ભક્ત પ્રસાદી ગણીને હૃદે,
કિંતુ તે કર્મમાં હેતુ તેનો ન્યારો શું હોય છે !
રમે છે ચેતના જેમ આખા બ્રહ્માંડ અંતરે,
તેમ અનુભવી કર્મે ચેતનામુખી થૈ રમે. ૭૭-૭૮

નકાર કૈં કશાનોયે ચેતના કરતી નથી,
ભલો સ્વીકાર **એને** છે, ઈન્કાર **તે** કરે નહિ,

ઓતપ્રોત મળે તેમાં સળંગાકાર થાય છે,
પોતાનામાં રહી કેંદ્રે બાહ્યાચાર કર્યાં કરે. ૭૯-૮૦

ચેતનાકેરી સંપૂર્ણ અખંડ શી સભાનતા !
સળંગાકાર **एवाने** જીવતી જીવને સદા,
અસ્ખલિત પ્રવાહે **ते** અખંડાકાર શો વહે !
તેવું સદ્‌ગુરુનું ભાવે જીવને રમવાનું છે. ૮૧-૮૨

સારું કે નરસું એવું ચેતનાને કશું ન છે,
ચેતનાને કશો ભેદ કશા પ્રકારનો ન છે,
એકાકાર રસે પૂર્ણ ઓતપ્રોત બધાંયમાં,
તેવું અનુભવીનું છે, જીવન વ્યવહારમાં. ૮૩-૮૪

જાણે છતાં ન જાણે છે, સાંભળે **ते** છતાં વળી
-સાંભળતો નથી, એમ **एनी** તો ભૂમિકા બધી,
પ્રવર્તેલો પૂરો લાગે છતાં કેવો જ અંતરે
એકલો માત્ર **ते** પોતે પોતાને પ્રીછતો, રમે. ૮૫-૮૬

કેવી નિશ્ચિંતતા પૂર્ણ પાછી સક્રિય જીવને,
કદી અળશિયા જેમ ખાલી પડી ન ર્‌હેતી તે,
શાંતિ ને સ્વસ્થતા કેવાં ટકોરાબંધ જીવને !
મારે છે ઝબકારા શા અભ્રમાં સૂર્ય જેમ તે ! ૮૭-૮૮

**एनी** પ્રસન્નતા કેવી નિરાશા દેખીતી વિશે !
ડામાડોળ થતો ના **ते** કદાપિ કોઈ બાબતે.
નિશ્ચળ સાવ સંપૂર્ણ સૌ અનિશ્ચળની વિશે,
અપાર બુદ્ધિચાતુર્ય છતાં લાગે ગમાર **ते**. ૮૯-૯૦

તૂટી છો ભલે જાય છતાં **તે** વળતો નથી,
શી **તેને** નમતાં વાર યોગ્ય નિમિત્તમાં નથી,
જેવું નિમિત્ત તેવો **તે** લેતાં આકાર આવડે,
**એના** જેવો બીજો **એવો** નિષ્ણાત કોઈએ ન છે. ૯૧-૯૨

દુન્યવી દષ્ટિથી **તેવો** આંધળા જેમ વર્તતો,
તેમાંના ગૂઢ હેતુને **એના** તે, કોણ જાણતો ?
સંપૂર્ણ ભેદમાં હોવા છતાં કેવો અભેદ **તે** !
વિરોધાત્મક ગુણોનો છે સમન્વય **એહમાં**. ૯૩-૯૪

અંધાધૂંધીતણા વ્યગ્ર સંસારે **તે** જીવે છતાં,
સંજોગોમાં ગમે તેવા શો અવિચળ **તે** સદા !
ચળી ના જાય કેમેયે ચસી જાય ન કો રીતે,
ચાલતો લાગતો કેવો સૌ સાથે એકરૂપ થૈ ! ૯૫-૯૬

પ્રવાહ વીજળીનો જે જ્યાં જેમાં લાગતાં જ તે,
તેની રીત પ્રમાણેનું કર્મ તે આપતો જશે,
કિંતુ પ્રવાહ તો પોતે એનો એ જ, ન ફેર છે,
જુદાં જુદાં જ યંત્રોમાં તેમ તે ત્યાં પ્રવર્તશે. ૯૭-૯૮

બહુરૂપી જુદા જુદા વેશ તે ભજવે ભલે,
પોતાને કિંતુ તે પોતે તેમાં ભૂલી જતો ન છે,
છતાં વેશ પ્રમાણેનો ભજવે યોગ્ય ભાગ તે,
પોતે શો દિલ એવો ને એવો કેવો છતાં રહે ! ૯૯-૧૦૦

ભજવે છે જુદા જુદા ભાગ છોને બહુરૂપી,
છતાં તે તે બધાંનામાં એકનો એક મૂળથી,

જુદો જુદો બને તોયે પોતાનું મૂળ રૂપ તે
-પોતાથી ના જુદું ક્યાંયે કેમેયે તે થતું જ છે. ૧૦૧-૧૦૨

જાણવું-માનવાથી તે જુદા કોઈ પ્રકારનું,
જાણવા કરતાં ન્યારું, તે અનુભવવું જુદું,
અનુભવની સ્થિતિનું મ્‌હાલવું વળી ઑર છે,
મ્‌હાલતાં મ્‌હાલતાં પૂર્ણ પાછો ન્યારો છતાં શું **તે** ! ૧૦૩-૧૦૪

સદ્‌ગુરુ કોઈ વાતે ના પાછો પડે કશા વિશે,
પડવાપણું પાછું તો **एने** ના કશું હોય છે,
નિશ્ચળ મસ્ત સંપૂર્ણ એકનિષ્ઠ રહ્યા કરે,
સંસારમાં છતાં **एवो** ખેલે અનંત રીતિએ. ૧૦૫-૧૦૬

આપણે આપણામાં તો પૂરેપૂરા નથી છતાં
-ડ્‌હોળવા બેસીએ તોયે ડહાપણ સમુદ્રનું,
મુબારક ભલે તે હો તેમને તેમનું જ તે,
**एने** જરૂર એની ના, રાખશો તમ પાસ તે,
છતાં અવગણે ના **ते** એવાય લોકને કદી,
ચાહવું તે મળેલાંને પોતાના ગુણધર્મથી,
**एवानुं** કંઈ બગાડ્યું હો લોકની રીતથી કશું,
તે તે સૌને છતાં પોતે એકધારું જ ચાહતો. ૧૦૭-૧૧૦

**एनां** અવનવાં ઘેલાં કેવાં નૌતમ હોય છે !
**एनां** તે સમજાયે ના એવાં કાલાં શું હોય છે !
રીતરસમ **एवानी** એકધારી ન હોય છે,
ક્યાંક સીધો, વળી પાછો ક્યાંક વાંકો શું હોય છે ! ૧૧૧-૧૧૨

**તે** સણસણતો કેવો વાળી જવાબ દે ખરો !
'ખોટું લાગી જશે' એવું વિચારવા ન બેસતો,
રોકડું પરખાવી તે દેતાં **એને** ન વાર છે,
સેવવાં પડખાં પ્રેમે **એવાનાં** શાં કઠિન છે ! ૧૧૩-૧૧૪

કદીક પાંસરો, ડાહ્યો, કેવો સીધો કદીક **તે** !
શી આંટીઘૂંટીવાળોયે ! વ્યવહારે નિપુણ જે,
અનોખી ચાલ **એની** છે, મૌલિક ને સ્વતંત્ર **તે**,
અધૂરો કોઈ વાતે ના **એના** જેવો ન કોઈ છે. ૧૧૫-૧૧૬

છે વ્યવસ્થિતિ સંપૂર્ણ નિષ્ણાત યોજના વિશે,
પુષ્કળ બુદ્ધિચાતુર્ય, કૌશલ્ય જેનું ખૂબ છે,
જેની અપાર વિદ્વત્તા જે વિવેકે શું પૂર્ણ છે !
નૈપુણ્ય વ્યવહારે છે, જ્ઞાની તે જાતનાય છે. ૧૧૭-૧૧૮

બોલીચાલી વિશે જેઓ સરળ, સ્પષ્ટ, યોગ્ય છે,
માધુર્ય કેવું વાણીમાં ચકોરતા શી પૂર્ણ છે !
કાબેલિયત સંપૂર્ણ જે તે કાંઈ બધાં વિશે,
નમ્રતાને વટાવી દે એવાયે જ્ઞાની ભક્ત છે. ૧૧૯-૧૨૦

રસનું કેંદ્રબિંદુ તો સદ્‌ગુરુ હાર્દમાં જ છે,
લાગ્યા વિના ઊંડી ભક્તિ કદી ના **તે** પમાય છે,
સદ્‌ગુરુ એની મેળે તો હાલશે, ચાલશે ન **તે**,
**એ** તો નિરિચ્છ સંપૂર્ણ, સ્વાર્થ ત્યાં આપણો જ છે. ૧૨૧-૧૨૨

ગાંજ્યો જાય કશાથી ના એવો શો હોશિયાર **તે** !
ટપી જાય બધાંનેયે છતાં વર્તાય ના જ **તે**,

રંગઢંગ નર્યા **એના**, ન્યારો સર્વ થકીય છે,
**એને** ભોંઠપ લાગે છે, કશાથી ના કશી રીતે,
જાણે છતાં, કશું કૈંયે જાણતો છે ન **તે** કશું,
જીવને વર્તતો એવું સ્વાભાવિકપણે નર્યું,
સીધોસાદો તરી આવે સૌથી નોખો શું જીવને !
જતાં પારખવા **એને** પોતે મપાઈ જાય છે. ૧૨૩-૧૨૬

સંજોગોના પ્રમાણે **તે** બદલાયા કરે જ **તે**,
હેતુપૂર્વક **તેનું** ત્યાં **તેનું** તેવું જ હોય છે,
જ્ઞાનપૂર્વક **તેનું** જે શી રીતે ઓળખાય **તે**,
**તે** ન્યાયાધીશ તો **એનો** એકલો માત્ર **તે** જ છે. ૧૨૭-૧૨૮

વર્તતો **તે** ગમે તેવું આડુંતેડું કદીક **તે**,
વ્યવહારની રીતે તો લાગતું તેમ તેવું તે,
છતાં તેમાં રહેલો છે, હેતુ સદ્‌ગુરુનો ઊંડો,
કૃપાથી ત્યાં મથાયું છે, પ્રીછવા **તેનું** તેવું તો. ૧૨૯-૧૩૦

યદ્વાતદ્વાપણું **એનું** અપાર વ્યવહારમાં,
વ્યવસ્થિતિ છતાં જેની શી પ્રસ્થાપિત દિલમાં !
વક્રીભવન તો **એનું** સ્થળ, સંજોગથી બને,
તેમાં **તેનો** ન દોષ, શો સ્વાભાવિક મૂળ **તે** ! ૧૩૧-૧૩૨

ગુલામ પ્રકૃતિકેરો કદી પોતે જરા ન છે,
છતાં **તેવો** શું હોય તેમ **તે** વર્તતો જગે,
સંસારે વ્યવહારે શો વર્તતો લાગતો દીસે !
છતાં તે પળ પ્રત્યક્ષ મૌલિક સર્જને શું **તે** !

વિરોધાભાસ સંપૂર્ણ લાગે **एना** જ જીવને,
છતાં એવા પ્રયોગોએ જાતોજાત નિહાળ્યું તે. ૧૩૩-૧૩૫

રીતરસમ સંસારી **एवानी** લાગતી કદી,
કિંતુ તેમાં છુપાયેલું રહસ્ય ગૂઢ દિલથી,
**माता** મળ કરે સ્વચ્છ શિશુનો દિલભાવથી,
ચેતનાનિષ્ઠનું તેવું પ્રમાણાશે જ ભક્તિથી. ૧૩૬-૧૩૭

ઉત્તમોત્તમ સંપૂર્ણ કસબ સદ્‌ગુરુતણો,
બીજાંને ચાહીને ભાવે હૈયે પ્રવેશવાતણો,
પ્રવેશી અંતરે બ્રહ્મઅગ્નિ પેટાવવાતણો,
તે યજ્ઞકર્મમાં યોગ્ય પોતે, નિષ્ણાત પૂર્ણ શો. ૧૩૮-૧૩૯

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૩ : અશરીરી વર્તનકળા

(અનુષ્ટુપ)

ચેતનાનિષ્ઠનું સ્થૂળ હોવા શરીર ના છતાં,
નિમિત્ત સૂક્ષ્મ સંજોગો કેવા હાજર તે થતાં !
તેવા તે **તેમના** સ્થૂળ શરીરે ઘનતા ન છે,
સ્થૂળ હોવા છતાં તેમાં સ્થૂળતા ના લગીર છે,
તેવું હોવા છતાં કેવું બોલે ચાલે બધી રીતે,
બોલેલું **તેમનું** ત્યારે સોંસરું ઊતરે જ છે.
શબ્દ બોલાયેલામાં છે, શી સૂક્ષ્માતીત શક્તિ જે !
નિશ્ચયાત્મક સંપૂર્ણ શબ્દાતીત સ્વરૂપ તે.
તર્ક વિતર્ક, શંકા ને કુશંકા ત્યાં ન જન્મશે,
બીજાં પાસાંતણો ખ્યાલ તેમાં ના ઊગતો જ છે.
શબ્દ સ્પષ્ટ છતાં હોવા એની અસર જબ્બર,
**પ્રાણની** પાર પ્હોંચીને જે સૂક્ષ્માતીત કેંદ્ર છે,
તેમાં પ્રવેશીને કેવો થતો સાકાર હોય છે !
**તેના** બોલ્યા પ્રમાણેનું તે સાકાર થવાપણું. ૧૪૦-૧૪૬

સ્થૂળ શરીરરૂપે શો સદ્‌ગુરુ તો જણાય છે !
શરીર, પ્રકૃતિ **તેની** સદ્‌ગુરુ સર્વ તે ન છે,
સદ્‌ગુરુ તત્ત્વ તો શક્તિ ચેતનાકેરી અંતરે,
**એની** ચેતેલી તે સાચો પ્રત્યક્ષ સદ્‌ગુરુ શું **તે** ! ૧૪૭-૧૪૮

**તેનું** શરીર પ્રત્યક્ષ દેખાય સ્થૂળ રીતનું,
હોવા છતાં શું દેખીતું સ્થૂળ છતાં ન સ્થૂળ શું !

ઓર તેજસ્વી કેવું તે છે બિંબાકાર તેજનું,
જેમાં વજન કૈં ના છે, વર્ણનાતીત તે બધું. ૧૪૯-૧૫૦

લાગે બે હાથવાળો **તે**, કિંતુ **તેને** અનંત છે,
હાથ, પગ અને આંખ કે જેનો નવ પાર છે,
ચેતના શક્તિના જેવો જ્યાં જ્યાં **એને** નિમિત્ત છે,
વિસ્તારવાળી મર્યાદા સદ્‌ગુરુની અનંત છે. ૧૫૧-૧૫૨

ચેતનાનિષ્ઠની સર્વ પ્રક્રિયા જે થયા કરે,
પ્રકૃતિના સ્વભાવેથી તે તે થયા જતી ન છે,
માધ્યમ પ્રકૃતિ છોને, સ્વામિત્વ ચેતનાનું છે,
અંચળો પ્રકૃતિકેરો ઓઢેલ જ્ઞાનપૂર્વકે. ૧૫૩-૧૫૪

ચેતનાને ભૂલેલી છે, સંપૂર્ણ પ્રકૃતિ હૃદે,
કશો સભાનતા સ્પર્શ ચેતનાનો ન જેહને,
જેનું ના ભાન સંપૂર્ણ તેનો ઉઠાવ શી રીતે ?
ઊગી, જાગી શકે કેમ ? તો પછી ફળી શેં શકે ? ૧૫૫-૧૫૬

છતાં શી ચેતના પોતે નિમ્ને અવતરેલ છે !
તેને ત્યાં ફાલવા દેવા છૂટી મૂકી દીધેલ છે,
જાણે સ્વતંત્ર સંપૂર્ણ પોતે છે પ્રકૃતિ શી તે !
ચેતના સાથ સંબંધ જાણે કોઈ રીતે ન છે. ૧૫૭-૧૫૮

ચેતના સ્તબ્ધ સંપૂર્ણ પોતાપણાનું ભાનયે
-સમાવી નિજમાં, પોતે તે તે રૂપે બનેલ છે,
તેવા સ્વરૂપમાંયે છે, ચેતના જડતા રૂપે,
ફેરફારો થતા ર્‌હે છે, તેથી શા પ્રકૃતિ વિશે ! ૧૫૯-૧૬૦

ચેતના તે ગમે તેવી જડમાં જડ છો બને,
કિંતુ **તે** જડ સંપૂર્ણ કેમે થૈ જ ના જશે,
સંપૂર્ણ મ્હાલવા પોતે ચેતના શી સ્વતંત્ર છે !
સ્વરૂપમાં ગમે તેવા પોતે શી અવતરી શકે !
તેવાં તેવાં થઈ તેનો સંપૂર્ણ તાગ પામવા,
**તે** રસાસ્વાદ ચાખીને શું શું તારવવા ચહે ! ૧૬૧-૧૬૩

પ્રત્યેક **જીવ**માં આત્માતણો અંશ રહેલ છે,
કિંતુ પ્રકૃતિમાં **જીવ** પ્રવર્તમાન મોખરે !
પ્રકૃતિના પ્રદેશે તે ફળવું ચેતનાતણું
-ચેતના રીત તે શક્ય યોગ્યતામાં નથી થતું. ૧૬૪-૧૬૫

ચેતના પ્રકૃતિ સાથે પોતે પ્રકૃતિ થૈ જઈ,
ખેલતી, કૂદતી, ભાન ચેતનાનું ભૂલી જઈ. ૧૬૬

તન પ્રત્યક્ષ છે **તેનું** શરીરાતીત તે છતાં,
જોકે શરીરધારી છે, ક્‌હેવાય ના શરીર તે. ૧૬૭

**તેવા** શરીરનો સ્પર્શ શો આહ્‌લાદક હોય છે !
ઝણઝણાટી રોમાંચ પ્રસરે રોમ રોમ જે. ૧૬૮

**તેના** શરીરનો સ્પર્શ કૈં અદ્‌ભુત પ્રકારનો,
શરીરાતીત તે સ્પર્શ કોમળાતીત જાતનો,
વળી તે સ્પર્શ તો કેવો સોંસરો આરપાર તે
-ત્યાં નીકળી જતો લાગે ! ચેતનાત્મક સ્પર્શ **તે** ! ૧૬૯-૧૭૦

સૂક્ષ્મ તે કરણોમાં શો **તેનો** પ્રસાર થાય છે !
શું સ્થાયીપણે લે ત્યાં સ્થાન નક્કર આપ **તે** ! ૧૭૧

જોઈ શકાય ના એવાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ કિરણો
-વાતાવરણની પેલી પારનાં હોય છે જ જે. ૧૭૨

તેનો સ્પર્શ થતો ર્‌હે છે, સિદ્ધ વિજ્ઞાનથી જ છે,
ચેતનાનિષ્ઠનું તેવું જીવનમાંનું હોય છે. ૧૭૩

ચેતનાનિષ્ઠને ક્યાંયે સ્વપ્ન ના કદી હોય છે,
સંસ્કારો કેમ કે **એના** દગ્ધબીજ થયેલ છે. ૧૭૪

શ્રેયસાધકનું જ્યારે માંહ્યલું રચનાત્મક
-પાકું વલણ સંપૂર્ણ થયેલું હોય, તે પળ
-સદ્‌ગુરુ સ્વપ્નમાં તેના આવીને શીખવે કદી,
ને તે શિક્ષા પ્રમાણેનું વર્તતો થાય તે પછી. ૧૭૫-૧૭૬

નિદ્રામાં હોય ત્યારે તે વિરોધ કરવાતણી
-શક્યતામાં ન કૈં હોય, તેથી સદ્‌ગુરુ સ્વપ્નનો,
જ્ઞાનપૂર્વક લે છે **તે** જાણીબૂઝી જ આશરો. ૧૭૭

અંતરે ભાવ સંપૂર્ણ જેની એકાગ્રતા શી છે !
બીજને મૂકવાની ત્યાં શક્યતા ગુરુને જ **તે**,
પ્રતીક ચેતનાનું તે બીજ તો સૂક્ષ્મ ભાવ છે,
મુકાવા કાજ એને તો કેંદ્રિતભાવ યોગ્ય તે. ૧૭૮-૧૭૯

બીજ એવું મુકાવા જો દિલ તત્પરતા જ છે,
તો એવી ભાવ ભૂમિકા દેવી પ્રવેશવા ઘટે,
જ્ઞાનભક્તિતણા ભાવે હેતુને લક્ષ ધારીને
-એવી જે ભૂમિકા દે છે, તેનો બેડો જ પાર છે. ૧૮૦-૧૮૧

શા શ્રીસદ્‌ગુરુ એવાને ચેતનાના સ્વરૂપ છે !
કાદવેથી ઉપાડી શા દેતા બેસાડી ચેતને.
ભક્તને તારવા હૈયે લગની ગુરુને શી છે !
અનુભવે પ્રયોગોથી તારવી **આ** લખેલ છે. ૧૮૨-૧૮૩

શક્ય અશક્યનું પોતે કરી દેવા સમર્થ છે,
જે તે-ની બાબતે તેમ થવું કદી ન શક્ય છે,
પ્રેરાયેલો નિમિત્તે જે એવી તે રીતનો હશે,
થવા ત્યાં તેવું સંપૂર્ણ **एवानी** શક્યતા જ છે. ૧૮૪-૧૮૫

પોતાના ભક્તને કેવો ભૂમિકામાં જુદી જુદી
-અટવાયેલ જ્યાં હોય, દોડ્યા શો ત્યાં કરે ચહી !
પોતાના ભક્તથી છેટો હોતો **તે** ભાવથી નથી,
**एनामां** જે ભળેલા છે, ભાવે તેને મળે ચહી. ૧૮૬-૧૮૭

ઊર્ધ્વ માર્ગે જવાની છે, જેની તત્પરતા ઊંડી,
તેવાને ના મૂકી દે છે, કોઈ કાળેય **તે** કદી,
શી અડચણની વેળા ગૂંચવાયેલ ક્યાંક છે,
તે વેળાએ જ તો **एवो** સહાયે ધાયે જ ઊડીને. ૧૮૮-૧૮૯

શ્રીસદ્‌ગુરુપદે જેણે ભક્તિથી માથું મૂક્યું છે,
તેને ઉગારવા કેવો તલપાપડ હોય **તે** !
ક્યાંયનો ક્યાંય ઊડી **તે** એની મદદમાં ચઢે,
મર્યાદા કૈં ન રાખે **તે** એને ચઢાવવા પથે. ૧૯૦-૧૯૧

શ્રીસદ્‌ગુરુપદે મૂક્યું માથું જેણે નમાવીને,
જે તે કંઈ બધું તેનું તત્પર કરવા જ **તે**,

ગરુડે ચઢી વ્હારે **તે** તત્કાળ ઊડીને તહીં
-જવા પ્હોંચી શી **એને** છે, તાલાવેલી જ દિલથી ! ૧૯૨-૧૯૩

ઊંચે લેવાતણું કર્મ શ્રીસદ્‌ગુરુનું જીવને,
બારે દ્વારે જ જ્યાં તાળાં ત્યાં સદ્‌ગુરુ કરે શું તે ?
એકાગ્રતા પરિપક્વ અંતરે ના થયેલ છે,
પ્રવેશવાની **એવાને** પછી ના શક્યતા કશે. ૧૯૪-૧૯૫

પોતાને સમ સંપૂર્ણ બનાવવાનું કર્મ તે
-સદ્‌ગુરુ કેવું પ્રીછી, શા તેમાં એકાગ્ર તલ્લીન !
શો સહકાર સામેથી લાગંતાં ભક્તિનો મળે,
ત્યારે સદ્‌ગુરુનું કર્મ આપમેળે સધાતું છે. ૧૯૬-૧૯૭

ગુરુમાં હજી સંપૂર્ણ મળ્યા, જીવ્યા, ગળ્યા નથી,
ને સદ્‌ગુરુની ભક્તિનું જેને લાગ્યું કશું નથી,
છતાં સદ્‌ગુરુની પાસે માગવા ધૃષ્ટતા કરે,
કરે શું ગુરુ એવાને ? ઓઢે કે વળી પાથરે ? ૧૯૮-૧૯૯

જીવતો સદ્‌ગુરુ કેવો અંગારો ચેતનાત્મક !
સ્વીકારાત્મક ભાવેથી થતાં, પ્રત્યુત્તરાત્મક,
ભૂમિકા શી પછી પક્વ થાય છે સંગ્રહાત્મક,
અવતારી શકે ત્યારે સદ્‌ગુરુ ભાવ અંતર. ૨૦૦-૨૦૧

પોતાની છાપ મેળે શી પડે સહજ **એની** તે !
સ્થૂળ **તે** ના સ્વીકારે છે, કિંતુ સૂક્ષ્મ ગ્રહી શી લે !
ગુણદ્વંદ્વ વિનાના જે ભાવ, તે સૂક્ષ્મ તો ગ્રહે,
ચેતનાનિષ્ઠનો ભાવ મેળે સૂક્ષ્મ ગ્રહી જ લે. ૨૦૨-૨૦૩

એકીસંગાથ **તે** કેવો અનેકમાં ભળેલ છે !
પ્રત્યેક તે પળે પાછો એકનો એક હોય **તે**,
જુદો જુદો ભલે લાગે છતાં **એક** સ્વરૂપ છે,
**એવા** સદ્‌ગુરુની શક્તિ અપરંપાર હોય છે. ૨૦૪-૨૦૫

પ્રકાશ એકનો એક કિંતુ સંજોગ, કાળમાં
-ને સ્થળને લીધે કેવો લાગે જુદા પ્રમાણમાં !
પ્રકાશ મૂળનો જે છે, ના ફેરફાર તે વિશે,
બાહ્યમાં માત્ર ત્યાં કેવો ફેરફાર જણાય છે ! ૨૦૬-૨૦૭

પ્રતિબિંબની છાયા ને અસલ જે સ્વરૂપ છે,
તેવી છાયા અને મૂળ બંને ના એકરૂપ છે,
પ્રતિબિંબ વિશે મૂળ તેવું ને તેવું **તે** ન છે,
ચેતનાનિષ્ઠ તેથી તો સ્પર્શતાં, ભિન્ન શો બને ! ૨૦૮-૨૦૯

લાગે જેવો જ તેવો તે ખરેખરો ન **તે** જ છે,
જ્યાં જ્યાં સ્પર્શે, ખરે ત્યાં તો તે ને તે રૂપ થાય છે,
તાદાત્મ્યનો ખરે તેવો **તેનો** શો ગુણધર્મ છે ! ૨૧૦

બાહ્ય આચારથી કો'નું તારતમ્ય કઢાય ના,
માપવા જવું એ રીતે મૂર્ખામી જાણવી તદા. ૨૧૧

પોતાનામાં રહી પૂર્ણ પૂર્ણ રીતે પૂરેપૂરો,
ઓછોવત્તો ન તે થાય, વપરાતો ભલે જ છો,
ચંદ્રતેજ જુદું જુદું લાગે, છતાં ન તેમ તે,
ચેતનાનિષ્ઠનું તેવું જાણી લેવું નિરંતરે. ૨૧૨-૨૧૩

સદ્‌ગુરુની અનિર્દેશ્ય સંપત્તિનું જ લક્ષણ
-વહેંચાયા કરે મેળે **એની** અજાણીતી રીત. ૨૧૪

ઊર્ધ્વ માર્ગે ચઢાવાનું ચેતનાનિષ્ઠનું જ તે
-જીવને એકલું માત્ર સાચું કર્તવ્ય હોય છે. ૨૧૫

ભક્તિ સદ્‌ગુરુમાં લાગ્યે સૌ ગ્રંથિ તૂટી જાય છે,
શંકા, સંશય ભક્તિથી મેળે ઓગળી જાય છે,
પાપ ને પુણ્ય ભક્તિથી સંપૂર્ણ લય થાય છે,
સદ્‌ગુરુભાવ પ્રત્યક્ષ સાકાર જે થયેલ છે. ૨૧૬-૨૧૭

ભાવ પ્રબળતામાંથી સંપત્તિ પ્રગટે જ જે,
પવિત્રતા શી સૌંદર્યે કળા સંયુક્ત જીવને !
કિંતુ પ્રવિત્રાતા એવી સંસારી માન્યતાતણી
-રીતની તે નથી, એનો ન્યારો ઑર પ્રકાર છે,
કલ્પના માનવીબુદ્ધિ એની ના તે કરી શકે,
અદ્વિતીય, અનોખી જે અગમ્ય શી અગોચરે ! ૨૧૮-૨૨૦

પોતે પોતાનું સંપૂર્ણ સ્વરૂપ આગવું જ તે
-જાણી લઈ, રમે તેમાં એકાકારપણે હૃદે,
કિંતુ નિમિત્તમાં કોઈ જ્યારે **તે** સંકળાય છે,
ત્યારે જે જાણવા જેવું મેળે **તેને** જણાય છે. ૨૨૧-૨૨૨

બળતો અગ્નિના જેવો ચેતનાનિષ્ઠ જીવને,
છતાં આવે ન જાણ્યામાં તેવી રીતે જ કોઈને,
વ્યવહાર બધો **એનો** સામાન્ય માનવી સમો,
છતાં કોઈ પ્રસંગોમાં અસામાન્ય જણાય શો ! ૨૨૩-૨૨૪

ભૂમિકા ચોકઠું જેવું તેવા શા ઘાટ **તે** ધરે !
અવિરક્તપણે તેથી, છતાં તે ભાવ ઑર છે,
વ્યક્ત હોવા છતાં પાછો અવ્યક્ત **તે** પૂરેપૂરો,
સાચું સ્વરૂપ તે **તેનું** મૌલિક મુદ્દલે જ શું ! ૨૨૫-૨૨૬

મૌલિક રીતની કેવી વિવિધતા, વિચિત્રતા,
સદ્‌ગુરુમાં મળે તે તે આબેહૂબ નિહાળવા,
છતાં ના શંભુમેળો તે, અજાયબ સમન્વય
-સૌંદર્ય ને કળા, ભાવતણો કેવો ખરેખરો ! ૨૨૭-૨૨૮

પ્રેરણામૂર્તિ પ્રત્યક્ષ ચેતનાનિષ્ઠની સમી
-ક્યાંયે જોવા મળે છે ના, **એની** છે જ્યોત એવી શી !
પ્રકાશ અજવાળે છે, તે અંધકાર ફેડીને,
બિંબાકાર નર્યું કેવું પસારે તેજ અંતરે ! ૨૨૯-૨૩૦

તારાપ્રકાશની રેખા એક છેડાથી તે બીજે
-આકાશના જ છેડે તે પહોંચી સાવ જાય છે !
ભાવપ્રકાશનું તેવું તેવી રીત પ્રમાણવું,
છે પ્રસરવું આધારે **એનું**, સહજ રીતનું. ૨૩૧-૨૩૨

કરુણા ગુણથી **એવો** પીગળી ઑર જાય છે,
પલળીને પલાળે છે, અંતરે કેટલાંકને. ૨૩૩

આપમેળે બીજાંનામાં ઉત્સાહ રેડતો જ **તે**,
પ્રકાશ સૂર્યનો જેમ જ્યાં ત્યાં શો પ્રસરાય છે !
ઓળખાયા વિના કેવું છૂપું કામ થયા જતું !
કર્મયોગી બીજો છાનો **એના** જેવો ન કોઈ શું ! ૨૩૪-૨૩૫

સદ્‌ગુરુની કળાની શી અનંત બલિહારી છે !
જેને તેવું જ છે જ્ઞાન તેવો તેમ પિછાનશે,
બાકી અલેલટપ્પુ તો સિક્કા **एने** લગાડીને,
વેગળો ક્યાંય ફેંકી તે દે **एने** દૂરે દૂરે. ૨૩૬-૨૩૭

**हरि**ના ભક્ત કે જ્ઞાની કે યોગી, ધ્યાની હોય જે,
તેના જીવનનાં કર્મ યજ્ઞ સ્વરૂપ હોય છે,
વહે પ્રહર આઠે **ते** ચેતનાના પ્રવાહમાં !
તેથી સૌ તેમનાં કર્મ નથી **जीवदशा**તણાં. ૨૩૮-૨૩૯

• • •

॥ હરિઃૐ ॥

## અધ્યાય ૪ : સદ્‌ગુરુ વર્તનનું અર્થઘટન

(અનુષ્ટુપ)

સમાજની બધી જે તે માનેલી માન્યતા જ જે,
ચેતનાનિષ્ઠ પ્રત્યેની તે સૌ સાચી ન હોય છે. ૨૪૦

**તે** વદે જેવું, તેવું તે 'સાચું સૌ પડશે જ તે',
માન્યતા એવી લોકોની પાયા વિનાની સાવ છે,
આશ્વાસન કદી દેવા બોલતો વળી હોય **તે**,
કદીક સાંત્વન દેવાને, પ્રેરવા ધૈર્ય **તે** વદે,
કદીક હામ દેવાને, છાના કૈં કદી પાડવા,
-તેવું બોલાયેલું, સાચું તેમ હોવા ન શક્યતા. ૨૪૧-૨૪૩

જ્યારે ઉન્માદવાળો શો ભાવ તે ઊછળેલ છે,
**હરિના** ભાવનાં મોજાં, પર્વત જેટલાં ઊઠે
-એવો કેંદ્રિત જ્યાં ભાવ ચેતેલો શું ઊઠેલ છે !
તે વેળાનું વદાયેલું સાચું તે પડવાનું છે. ૨૪૪-૨૪૫

સંજોગોમાં જુદા જુદા ચેતનાનિષ્ઠથી કશું
-બોલાયેલું ન તેમાં કૈં સરખાપણું હોય છે,
નકામા લોક ત્યારે શો દોષનો ટોપલો બધો
-**પેલાની** પર નાખીને **તેને** ઉતારી પાડતા. ૨૪૬-૨૪૭

ચેતનાનિષ્ઠનું કૈંક વદેલું બહુ તે રીતે,
નીવડવાનું સાચું તે પૂરી ના શક્યતા ખરે,

કેમ કે **તે** વદે પોતે વિનોદ હાસ્યવૃત્તિમાં,
કે સહાનુભૂતિ ભાવે ભલો **તે** વદતો કદા ! ૨૪૮-૨૪૯

તમારી ધારણા કે હો માન્યતા મન જેવી છે,
સહાનુભૂતિ તે સાથે ધારી કદીક **તે** વદે,
એવા એવા પ્રકારોનું **એનું** બોલેલું જેમ-જે
-તેમ સાચું થવાની તે શક્યતા ના કદી જ છે. ૨૫૦-૨૫૧

જે જે **તેમનું** બોલેલું લોકની ધારણા રીતે,
સ્વાર્થની રીતની પેરે જો બનતું ન હોય તે,
તેવા લોક પછી કેવા **પેલા** પર તૂટી પડે,
છતાં તેવાં બધાં સાથે **પેલો** નિઃસ્પૃહી સાવ છે. ૨૫૨-૨૫૩

સ્વરૂપે, વર્તને બાહ્ય કૈં મૂલ્યાંકન કોઈનું,
ભૂલેચૂકે રખે જો જો બેસતા કરી દિલ શું,
મૂલવવા જવું એવી રીતે તો કોઈને જગે,
મોટામાં મોટી શી ભૂલ ! આપણી જાણી લેવી તે. ૨૫૪-૨૫૫

સત્પુરુષતણા દિવ્ય અંતરાત્મા વિશે ખરો
-ગૂઢમાં ગૂઢનો સાચો મર્મ છૂપો રહેલ શો ! ૨૫૬

લોકસંગ્રહ **એને** છે, કિંતુ ફરજિયાત ના,
લોકસંગ્રહનાયે છે, જુદા જુદા પ્રકાર શા !
સ્થૂળ ને સૂક્ષ્મ રીતે જે કારણનું સ્વરૂપ છે,
સદ્‌ગુરુ કોઈ ને કોઈ રીતે જોડાયેલો જ છે. ૨૫૭-૨૫૮

નાનકડી જિંદગીમાં **તે** ઘણું કરી બતાવશે,
**હરિની** શક્તિ **એવાને** સ્‌હાય દેતી જણાય છે,

અશક્ય લાગતાં કર્મ થાય સાકાર જીવને,
છતાંય કોણ **एवाने** પ્રીછવાને સમર્થ છે ? ૨૫૯-૨૬૦

શી મુલાયમતા **एनी** ! 'આપણી મરજી રીતે
-કદીક ચાલતો લાગે, કહ્યુંયે આપણું કરે',
**एनी** શી નમ્રતા ઑર વર્ણવી નવ જાય તે !
પૂર્ણ સંપૂર્ણતામાં ના **एनी** મરજી જે મળે. ૨૬૧-૨૬૨

સદ્‌ગુરુ કાયદા પાળે જે કુદરતી હોય છે,
અપવાદ તરીકે **તે** માત્ર કોઈક વાર જે
-કુદરતતણા તોડે કાયદા નવ છૂટકે,
જાણ્યામાં આવવું તેવું કોઈનુંયે થતું ન છે. ૨૬૩-૨૬૪

ક્રોધ સદ્‌ગુરુનો, જેવું ચિહ્‌ન પાણી પરે જ છે,
હોવા છતાં શું અસ્તિત્વ, તેનું અસ્તિત્વ કૈં ન છે,
એવી જ બીજી **एनी** સૌ દેખીતી વૃત્તિઓ વિશે,
તે સૌ હોવા છતાં પાછું ના કૈં અસ્તિત્વ આખરે. ૨૬૫-૨૬૬

શી અલૌકિક શક્તિઓ કૃપાથી તેમના વિશે !
ઉપયોગ છતાં તેનો ઇચ્છા ના કરવાની છે,
મૂગા મૂગા બધું કેવું નિશ્ચેષ્ટ નીરખ્યા કરે !
દુર્લભ શા મહાત્મા છે, એવા સંસારને વિશે ! ૨૬૭-૨૬૮

જગે મનુષ્ય શક્તિ જ્યાં સંપૂર્ણ ગૂંચવાય છે,
ને જ્યાં પાછી પડે છે તે, શ્રદ્ધા ત્યાં કામ લાગશે,
'સંસારે વ્યવહારે તો ચેતેલા ખપના ન છે',
એવી કૈં માન્યતાવાળા સંસારે લોક કૈંક છે.

કિંતુ **તેમની** ત્યાંયે શી ચાંચ બૂડી શકે ખરે,
ક્યાંય ટાંચા પડે ના **તે** એવા શા કાર્યદક્ષ **તે** ! ૨૬૯-૨૭૧

સદ્‌ગુરુના ટીકાકારો દ્વેષીલા ઑર હોય છે,
કેટલા ચઢી તોફાને દેવા ઉત્સુક ત્રાસ જે,
અપમાને સહે પોતે પ્રેમથી ભાવપૂર્વક,
જાણે કશું બન્યું ના હો, કેવા નિશ્ચિંત, નિશ્ચિત ! ૨૭૨-૨૭૩

પ્રત્યક્ષના પ્રયોગોથી સિદ્ધ કરી બતાવશે,
અસહ્ય વેદનામાંયે પોતે મૌલિક સર્જશે,
અનેક સાબિતી એવી ભલેને આપતો હશે,
છતાં કોઈ જ **एवाने** યોગ્ય કૈં ના પિછાનશે. ૨૭૪-૨૭૫

સ્ફુરેલો મન સંકલ્પ આપમેળે ફળી જતાં,
સદ્‌ગુરુ દિલમાં કેવો આત્મસંતોષ થાય ત્યાં !
સંકલ્પ હોય છે તે ના પ્રકૃતિના પ્રદેશનો,
ચેતના પ્રકૃતિ સાથે સ્પર્શતાં તે જ ઊગતા. ૨૭૬-૨૭૭

સ્વ-સ્વનિમિત્તના જે જે સંકલ્પ મન સ્ફુરતા,
કૃપાથી ફળતા શા તે ! નિશ્ચયે આજકાલમાં,
**જીવની** સાથનાં એવાં બીજાં નિમિત્ત હોય જે,
નિશ્ચયે ફળશે તે તે કહી ના કૈં શકાતું છે. ૨૭૮-૨૭૯

ચેતના શી નિરાકાર ! સાકાર ચેતના ખરે
-પ્રત્યક્ષ જોવી જો હોય સદ્‌ગુરુ તે પ્રમાણજે,
'ચેતનાનિષ્ઠ સંપૂર્ણ જે તે કૈં જાણતો જ છે',
એવી જે માન્યતા, તેમાં ઝાઝું તથ્યાંશ કૈં ન છે. ૨૮૦-૨૮૧

જાણવાની કશા વિશે ઈચ્છા સદ્‌ગુરુને ન છે,
જે તે સહજ **एनुं** છે, નિર્લેપ નિર્વિકાર **ते**,
સહજ તે થતો જેવું જ્યાં જ્યાં તે થવું જેમ છે. ૨૮૨

વર્તને, રીતભાતે ને બોલવે, ચાલવે કરી
-પરખાયા વિના ના ર્‌હે, એવો જે કોઈ માનવી,
સદા સંતોષી સંપૂર્ણ જેમાં તેમાં બધાં વિશે,
ઈચ્છા **एने** કશાની ના, સંપૂર્ણ શો નિરિચ્છ **ते** ! ૨૮૩-૨૮૪

જેવાં હો વલણો, તેવું વર્તે સદ્‌ગુરુ તે રીતે,
અંતરે હોઈએ જેવાં કદીક તેવું **ते** કથે.
સ્વભાવ પ્રકૃતિ જેવાં જાણે પ્રત્ય હોય જે,
તે પ્રમાણેનું વર્તે છે, સદ્‌ગુરુ શો કદીક તે ! ૨૮૫-૨૮૬

**एने** ના સરખાવાઈ શકાયે કોઈ સાથ તે,
અલૌકિક, અનોખો **ते** જીવનમાં બધાંથી છે,
સામાન્યમાં જ સામાન્ય છતાં શો લાગતો જ **ते** !
કદીક મામૂલી જેવો લાગે, તેવો છતાં ન **ते**. ૨૮૭-૨૮૮

**एनुं** સાચવવું જે તે મુશ્કેલ છે ખરેખર,
છંછેડાઈ જશે ક્યારે કહેવાય ન ચોક્કસ,
**एना** જેવો છતાં પાછો સંપૂર્ણ સ્વસ્થ કો ન છે,
ઉપરની બધી ચાલ **एवानी**, ભ્રમજાળ છે. ૨૮૯-૨૯૦

ચેતનાનિષ્ઠનો કેવો આખાબોલો સ્વભાવ છે !
કદીક જેવું હો તેવું બોલી નાખે જ સ્પષ્ટ **ते**,

કૈં સંસારની કક્ષાનો **તે** વિવેક ન રાખતો,
**તે** કથે તેવું જો સાચું ગ્રહાયે, શ્રેય થાય તો. ૨૯૧-૨૯૨

**તે** જેવો, તેમનો તેમ માની લેવાનું યોગ્ય ના,
જેવા કૈં આપણે છીએ તેમ **તે** વર્તતો કદા,
તેવાનું વર્તવું બાહ્ય એનાં કારણ ગૂઢ છે,
ખોળી તે કાઢવા બુદ્ધિ પરિપક્વ ન દિવ્ય છે. ૨૯૩-૨૯૪


માનવી જેવું વર્તે **તે**, છતાં **તે** માનવી ન છે,
માનવીથી જુદું **એનું** બંધારણ ખસૂસ છે,
તપ, ત્યાગ, તપશ્ચર્યા, ભાવથી પુરુષાર્થ કૈં,
કેટલાં કેટલાં એવાં સાધનો શાં થયેલ છે !
સંસારી માનવીથી તો **એ** શો જુદો નર્યો દીસે !
માનવાતીત **તે** હોવા છતાં, તેવો ન લાગશે. ૨૯૫-૨૯૭

• • •

હરિઃૐ

## ખંડ - ૭

# વિવિધ સ્વરૂપે સદ્‌ગુરુ



સદ્‌ગુરુને સ્વરૂપો છે, અનેકાનેક જીવને,
છતાં સ્વરૂપ કોઈયે સદ્‌ગુરુને ન હોય છે.

॥ હરિઃૐ ॥

(અનુષ્ટુપ)

પૂર્ણતામાંય કોટિ છે, એક એકથી ઉચ્ચ જે,
ઉચ્ચ કો કોટિના આત્મા ક્યાંયના ક્યાંય શા ચઢે !
વિકાસાત્મક કેવી તે ભૂમિકા જે અનન્ય છે !
કેવું અનંત સીડીએ સક્રિય પ્હોંચવા જ તે ! ૧-૨

જેવી હો દૃષ્ટિ, તેવી છે સૃષ્ટિ તે તે બધાંતણી,
તે રીતે તેમણે ન્યાળ્યો સદ્‌ગુરુને ખરો ગણી,
દૃષ્ટિની સૃષ્ટિથી એ તે કોઈક ઊર્ધ્વ સૃષ્ટિ ત્યાં,
એકબીજાની સંગાથે સરખાવી શકાય ના. ૩-૪

બંને સૃષ્ટિતણાં જુદાં વાતાવરણ સ્પષ્ટ છે,
નિયમો એકબીજાના બંને સાથે ન મેળ છે,
છતાં અસ્તિત્વ બંનેનું નિરનિરાળું હોય છે,
ચેતનાનિષ્ઠનું તેવું જાણી લેવું બધું ખરે. ૫-૬

'જેવો માનવી લાગે છે, તેવો ને તેટલો જ તે
-કદી હોતો નથી નિશ્ચે', એ તો વાત પ્રસિદ્ધ છે,
ચેતનાનિષ્ઠને તેથી તેના બાહ્ય સ્વરૂપથી
-તેવો ને તેટલો **एने** ના માનવો જ ભૂલથી. ૭-૮

ચીંથરેહાલ સંપૂર્ણ સ્થિતિમાં હો પડેલ **તે**,
કોઈના લક્ષમાં તેવો આવેલો છો ભલે ન **તે**,
છતાં સ્થિતિ શી **एवानी** અલૌકિક પ્રકાર છે,
જાતે અનુભવ્યા કેડે કૃપાથી **आ** લખેલ છે. ૯-૧૦

વ્યવસ્થામાં પૂરેપૂરી યોગ્ય વ્યવસ્થિતિ વિશે,
નિપુણ વ્યવહારે શો ! કૌશલ્ય ને કુનેહ છે,

બુદ્ધિમત્તા શી જેની છે, પારાવાર પ્રકાર તે,
ચેતનાનિષ્ઠ એવાયે નિહાળ્યા છે કૃપાથી જે. ૧૧-૧૨

મેલાંઘેલાં જ સંપૂર્ણ ગંદાં દેખાય વસ્ત્ર જે,
કેવી બણબણે માંખો ! છતાં અદ્‌ભુત જ્ઞાની **તે**,
અનુભવેલું તે સત્ય કેટલાંય બધાંતણું,
કોઈનો વેશ જોઈને તેથી કૈં ના વિચારવું. ૧૩-૧૪

પોતે શો નગ્ન સંપૂર્ણ ! શરીરે વસ્ત્ર કૈં ન છે,
બોલવા ચાલવામાં તો, ઠેકાણું જેનું છે ન જે,
**તેના** બૂમબરાડા શા ! ડંડો ચલાવતો જ છે,
શો અવધૂત **એવો તે** ! અનુભવે લખેલ છે. ૧૫-૧૬

દંડો લગાવતાં જેને દયા ના આવતી જરા,
કલ્પી શકાય ના જેના રંગઢંગ નવા નવા,
છતાં પંકાયેલો કેવો સંન્યાસીમાં મહાન **તે** !
આપણા ગજથી **એને** માપી કૈં ના શકાય છે. ૧૭-૧૮

કેવો ઘડીકમાં શાંત ! વળી નાચેકૂદે ઘણું,
શી અસંબદ્ધ વાતો છે ! અર્થ કઢાય ના કશો,
પ્રતીકાત્મક બોલે **તે**, મુશ્કેલ જાણવું બધું,
ગાંડો કેવો નરાતાર ! છતાં તે મૂર્તિ ઑર શું ! ૧૯-૨૦

કર્મે અવતરેલો છે, પૂરેપૂરો ચહી ઊંડું,
**હરિની** ભક્તિના ભાવે છે રંગાયેલ દિલ શું !
કર્મ જે માત્ર **એવાને** આહુતિ-અંજલિરૂપે
–**હરિના** પાદપદ્મે તે સમર્પણાર્થ પુષ્પ છે.

ભક્તિ ને જ્ઞાન **એવામાં** આધારે રોમરોમમાં
-છે પ્રસરેલ **એને** તો જાણે કોઈ ન તે છતાં. ૨૧-૨૩

અનેક ઢંગના કેવા જુદા જુદા જ વેશના,
શા અવધૂત સંપૂર્ણ જાણ્યામાં જે ન આવતા,
છતાં જો ભક્તિ જાગી છે, **એવાની** દિલમાં ઊંડી,
તો તો એનું પરિણામ જીવને ફળતું વળી. ૨૪-૨૫

*જાણીને મ્હાલવાકેરો અદ્‌ભુત યજ્ઞ જીવને
-કૃપાથી જે મળેલો છે, રંગરસે ભરેલ જે,
સદ્‌ગુરુના પ્રતાપેથી જીવન જે રળાયું છે,
એને પાછું સમર્પ્યું છે, ભક્તિ ભાવથી પાદપે. ૨૬-૨૭

નર્યો ગાંડો જ સંપૂર્ણ એક વાર મળ્યો હતો,
છતાં **એણે** કરી વાતો ચમત્કારિક જ્ઞાનની,
શી કેટલીક તે વાતો આજેય સાંભરે મને,
ગૂઢ ને ગુહ્ય શું જ્ઞાન **એવાનામાં** ભરેલ તે ! ૨૮-૨૯

અપરિગ્રહ સંપૂર્ણ **એનો** શો મૂળ ધર્મ તે !
યોગ્ય જરૂરી લાગ્યે જ્યાં પરિગ્રહેય તો કરે.
બાહ્ય નિયમને કોઈ બાકી તાબે થતો ન **તે**,
**એને** નિયમ પોતાના, કલ્પનામાં ન જે ઊગે. ૩૦-૩૧

લાગે કદીક સ્વચ્છંદી ને શો સ્વૈરવિહારી **તે**,
છતાં તેવો જ તેનો તો એવો મૂળ સ્વભાવ છે,
કેવા કુદરતી ધારા એકધારા જ છે સદા !
ઓચિંતું ત્યાં છતાં કેવું આડુંતેડું જતું ફૂટ્યા ! ૩૨-૩૩

* દૃષ્ટિ સોંસરવી પાર **એની** વેધક હોય છે,
ગૂઢ જીવનમાં **એનું** શું વ્યાપકત્વ હોય છે !

મુનસફી પ્રમાણે **ते** પોતાની વર્તતો જ છે,
કિંતુ સ્વયંભૂ એવી કંઈ **एने** કોઈ ન વૃત્તિ છે,
કોઈ નિમિત્તને લીધે **एने** એવું થતું શું છે !
કિંતુ માંહ્યલું **एनुं** તો જોતાં કો'ને ન આવડે. ૩૪-૩૫

નિરાવલંબી સંપૂર્ણ સૌ વાતે **ते** સ્વતંત્ર છે,
**ए** બાદશાહ પોતાનો સંચાલિત સ્વયં જ **ते**,
નિરંકુશપણે કેવો વર્તતો લાગતો શું **ते** !
છતાં નિયમ **एने** છે, શા અલૌકિક મૌલિકે ! ૩૬-૩૭

*તાસીર શી જમાનાની પ્રતિબિંબિત **ते** કરે
-પોતાનામાં અનોખી તે રીતે કદીક જીવને !
દેખાતો હોય તેવો **ते** કદીક તે રીતે ભલે,
કિંતુ શો મૂળમાં તેવો લગીરે નવ હોય છે ! ૩૮-૩૯

સદ્‌ગુરુને સ્વરૂપો છે, અનેકાનેક જીવને,
છતાં સ્વરૂપ કોઈયે સદ્‌ગુરુને ન હોય છે. ૪૦

પ્રસ્થાપિત મૂળે એક કેંદ્રિત મૂળમાં સદા,
રહી મૂળ સ્વરૂપે શો **ते** બહુરૂપી આપ છે ! ૪૧

અનંતાનંત સંપૂર્ણ શો નિરાકાર મૂળ છે !
એકીસંગાથ શો પાછો વળી સાકાર બ્રહ્મ **ते** ! ૪૨

નિરાકાર થકી જે તે થયું સાકાર સર્વ છે !
-છતાં તેમાંથીયે **'शेष'** મૂળમાં તો રહેલ છે. ૪૩

---

* ઉત્કટ પ્રશ્ન ને ગૂંચો મુશ્કેલ કોયડા વિશે
-તે ગૂંચાઈ જતો ના છે ઉકેલવા સમર્થ **ते**.

**તે** જ આધાર સૌનો છે, નારાયણ ‘**શેષ**’ છે,
એવા તે ‘**શેષ**’નો ભાવ સદ્‌ગુરુમાં ધરેલ છે. ૪૪

સંપૂર્ણ નમ્રમાં નમ્ર છતાં પાછો મિજાજી છે,
શૂન્ય પોતે નિરાકાર છતાં સાકાર સાથ છે. ૪૫

ભળેલો ને ગળેલો છે, પળેપળ નિમિત્તમાં,
છતાં પાછો અનોખો શો અળગો, સાક્ષી **તે** સદા. ૪૬

સમુદ્રે મળતી ગંગા મૂળમાં તેવી **તે** ન છે,
મૂળ ને મુખ બંનેય જુદાં, છતાં શી **એક** તે !
ચેતનાનિષ્ઠનું તેવું જુદું વર્તન બાહ્યનું,
કિંતુ શો મૂળમાં પાછો નિરાકાર પૂરેપૂરો ! ૪૭-૪૮

પોતે **એક** છતાં કેવો બહુ રીતે વિભિન્ન છે !
જુદાં જુદાં સ્વરૂપોમાં **એકનો એક** તે જ છે,
પોતા વિશે શું સાચું **આ** ! તેવું જ સદ્‌ગુરુ વિશે,
કિંતુ તેને પ્રમાણે તે કોઈયે લેખતું ન છે. ૪૯-૫૦

જે જે મળેલ તે સૌને તેમને તેમની રીતે
-ચેતનાનિષ્ઠ તો સૌને ચાહ્યા શો કરતો જ છે !
કિંતુ સંસારી શા લોક ચાહવું દૂર તો રહ્યું !
-ને ઉપરથી માટીના લોંદા નાખ્યા કરે બહુ. ૫૧-૫૨

ચેતનાનિષ્ઠ સંસારે સંસારી જેમ વર્તશે,
કિંતુ **એવાની** તો ચાલ વર્તાયા વિણ શેં રહે ?
શી અનોખાપણાની તે ખબર કાંઈ ના પડે !
છતાંયે કોઈ તો **એને** લેતો પરખી હોય છે. ૫૩-૫૪

ચેતનાનિષ્ઠની ભક્તિ લાગ્યા ખરેખરી વિના,
**एना** કહ્યાનું સંપૂર્ણ તારતમ્ય પમાય ના,
**एवाना** તે કહ્યાનો શો ગૂઢાર્થ સૂક્ષ્મ જે છૂપો,
-કોઈક વિરલો ભક્ત શકે સમજી યોગ્ય તો ! ૫૫-૫૬

મરજી કાયદો **एनो**, બેતાજ બાદશાહ છે,
કેવો કદીક કંગાલ ચીંથરેહાલ સાવ **ते** !
કદીક વરરાજાની પેઠે અવનવા સજે
-શા શણગાર ! આંખે તે ઊડીને વળગે ખરે. ૫૭-૫૮

**एनो** સ્વભાવ તો કેવો સાવ વિચિત્ર હોય છે !
જવાય ગભરાઈ ને દિગ્મૂઢ શું થવાય છે !
**एने** તો બદલાવામાં વાર કૈં લાગતી નથી,
વારંવાર દશા **तेवा**તણી તો બદલાય શી ! ૫૯-૬૦

અહંકારભર્યું **एवो** વદે કદીક તો નર્યું,
અશ્લીલ બોલતાં **एने** થાય સંકોચ ના કશો,
મૂર્ખામી કરી બેસે **ते**, **एवो** કદીક તો વળી,
કરે **ते** જ્ઞાનની વાતો જેનો જોટો ન ક્યાંય છે. ૬૧-૬૨

નાણું નગદ તો **एनी** પાસે કશું ન પાઈ છે,
છતાં સંતોષની **एनी** અવધિનો ન પાર છે,
કાળજું તોડી નંખાવે એવી પરિસ્થિતિ વિશે,
ધૈર્ય, આનંદ સંગાથે મસ્તીભર્યો જીવે શું **ते** ! ૬૩-૬૪

વેપાર ખેલતો હોય લાખોનો જગમાં ભલે,
છતાં ત્યાં એકલું માત્ર **हरि** ચિંત્‌વન તે પળે,

રોકાયેલો ઘણાં સાથે છતાં **एना** મનાદિમાં,
**हरि** શો એકલો માત્ર રમે આનંદ મસ્તીમાં. ૬૫-૬૬

પડેલો ફૂટપાથે હો મેલોઘેલો પૂરેપૂરો,
ને વાળ જીંથરાં જેવા સંપૂર્ણ અસ્તવ્યસ્ત છો,
કંટાળો દેખતાં છૂટે એવો **एनो** શું વેશ છે !
છતાં **एवोय** તે જ્ઞાની હોવાની શક્યતા જ છે. ૬૭-૬૮

કેવું કદીક દારિદ્રય અપરંપાર હોય છે,
પાછો કદીક શો **एनो** વૈભવ ને વિલાસ છે,
શ્રીમંતાઈ શી **एवानी** પાર વિનાની હોય છે,
**एनी** તે બાદશાહીની બલિહારી અજોડ છે. ૬૯-૭૦

સંપૂર્ણ વૈભવે શો **ए** મ્હાલતો ભભકાભર્યો !
ને ઠાઠમાઠ રાજાના જેવા જેના અપાર છે,
**एवाये** કેટલાકે તો જ્ઞાની ભક્ત થયેલ છે,
રંગઢંગ કશા સાથે સંબંધ જ્ઞાનીને ન છે. ૭૧-૭૨

કદી પોતે નવસ્ત્રોય પડ્યો ને પાથર્યો રહે !
બોલ્યા, ચાલ્યા વિના શો **ते** છાનોમાનો પડી રહે !
ઠામઠેકાણું **एवानुं** લગાર ના કશું જ છે
-**एवाने** પ્રીછવાનું તો સમૂળું મૂકવું ઘટે. ૭૩-૭૪

લાગે ગમાર જેવો **ते** કદીક ભોટ શો દીસે !
કેવો રૂઆબ **एवानो** અપરંપાર હોય છે !
નમ્રમાં નમ્ર શો પાછો ! તેજસ્વી સૂર્યની સમ,
અજાણ્યો સાવ સંપૂર્ણ થતાં શો સુજ્ઞ છે દિલ ! ૭૫-૭૬

હોવા છતાં પૂરેપૂરો શો સરળ સ્વભાવથી !
છતાં આંટીઘૂંટીમાં **તે** ફસાઈ કૈં જતો નથી. ૭૭

વિશ્વાસભંગ કોઈનો કદીયે કરતો ન **તે**,
છતાં કોઈક શા **એને** છેતરી પણ જાય છે !
છેતરાવા ખુશીથી દે **એને** કૈં આંચકો કશો
-તેથી ઊપજતો છે ના, એવો શ્રીસદ્‌ગુરુ જ શો ! ૭૮-૭૯

જીવને સબૂરી નિષ્ઠા પ્રતિષ્ઠિત થયેલ છે,
દિવ્ય ગુણો થકી 'જેની' પ્રતિભા છલકાય છે,
એવા શ્રીસદ્‌ગુરુ પોતે ચેતનાનિષ્ઠ પૂર્ણ છે,
સમર્પાતાં પૂરેપૂરું શરણાગતિ સિદ્ધ છે. ૮૦-૮૧

ઓચિંતો અણધાર્યો કૈં ફટકો અકસ્માતથી
-આવી પડે શિરે, ત્યારે અંતરમાં શ્રીસદ્‌ગુરુ
-પરંપરાતણા એવા તે વિચારોની સાંકળે
-ભેરવાયા વિના, એનો તોડ **એને** સૂઝ્યા કરે. ૮૨-૮૩

પળેપળની પ્રવૃત્તિ વિશે હો ગરકાવ છો,
ને રાજકીય ખેલોમાં સંપૂર્ણ પટુ નિત્ય હો,
શા કેટલાક **એવાયે હરિ**માર્ગે વળેલ છે !
ચેતનામાં પ્રતિષ્ઠા **તે** નિશ્ચે પામી ગયેલ છે. ૮૪-૮૫

ચેતનામાં પ્રવર્તેલા સરખાવી શકાય ના
-એકબીજાની સંગાથે, **તે** લોકોત્તર હોય શા !
બાહ્ય રીતે જુદા જુદા, નોખા નોખા સ્વભાવ છે,
**તેમની** વર્તવાની તો રીત સૌ જુદી હોય છે. ૮૬-૮૭

શો સ્ત્રીજાતિમાંથીયે સદ્‌ગુરુ કોક પાકીને
-**તે** આકર્ષણ જન્માવે અદ્‌ભુત કેવું જીવને !
**તે** સમુદાયને ખેંચી લાવે છે નિજ વર્તુળે,
શા રસિક, રસીલા **તે** આત્મા વિરલ વીર છે ! ૮૮-૮૯

જેના જીવનમાં કેવાં ઐશ્વર્ય ને વિપુલતા !
વૈભવ શો મહામૂલો જીવનમાં અપાર છે !
પ્રતિષ્ઠા, કીર્તિ ને તેજરેખા જેની જ્વલંત છે,
જેની છે બોલબાલા, શા **एवाये** જ્ઞાની ભક્ત છે ! ૯૦-૯૧

ગામડિયો પૂરેપૂરો એવો જેનો શું વેશ છે !
'બે બોર ઊપજે જેનાં કદી ના', એવી ચાલ છે,
કેવો **તે** વર્તને પાછો જેનો ધડો કશો ન છે,
**एवोय** જ્ઞાની હોવાની શક્યતા પૂરી સંભવે. ૯૨-૯૩

રક્તપિત્તથી જેનાં સૌ ખવાયાં આંગળાં જ છે,
પરુથી ખરડાયેલો ગંધાતો ગોબરો શું છે !
માંખો બણબણે જેના શરીરે શી અપાર જે !
**एवोये** જ્ઞાની હોવાની શક્યતા યોગ્ય સંભવે. ૯૪-૯૫

સ્ત્રી કે પુરુષ જાતિ ના એવી જાતિયમાંથી **તે**,
શા આત્મજ્ઞાની પાકેલા જાણ્યા પ્રત્યક્ષ છે જગે,
બાહ્ય વેશથી કોઈને મૂલવી ના શકાય છે,
બાહ્ય વર્તનથી તેવું કોઈને ના મપાય છે. ૯૬-૯૭

નિમ્નમાં નિમ્ન જ્ઞાતિના એવા શા કેટલાક **તે**,
-સ્મરી સ્મરી ભજી ભાવે તલ્લીન ભક્તિમાં જ છે,

સંતાત્મા, ભક્ત **એમાંના** છે પંકાયેલ જીવને,
જ્ઞાતિ-જાતિતણો બાધ **એવાને** પછી કૈં ન છે. ૯૮-૯૯

જુદા જુદા ભલે લાગે છતાં જુદા કદી ન છે,
તેથી સદ્‌ગુરુને ભાવે ભક્તિથી હું નમું હૃદે. ૧૦૦

ચેતનાનિષ્ઠ સંપૂર્ણ જીવનવ્યવહારમાં,
-શો વ્યવસ્થિત **તે** લાગે, જ્યારે કોઈક તો બીજા
-સાવ શા ઠામઠેકાણા વિના હોય પૂરેપૂરા !
કોઈક તો વળી કેવા સાવ નિઃસ્પૃહી હોય શા ! ૧૦૧-૧૦૨

ચેતેલાનીય કક્ષાઓ એક પછી શી એક છે !
ઉત્તરોત્તર મૌલિક ઊર્ધ્વારોહણના પથે,
દ્વંદ્વાતીત, ગુણાતીત થવાતાં, છે અનુભવી
-એનાથી કૈં ભલે ઊંચા છતાં તત્ત્વે ન ભેદ છે. ૧૦૩-૧૦૪


પૂર્ણતામાં પહોંચેલા જેની જાણ ન કોઈને,
કેટલાક અજાણ્યા શા એવા આ વિશ્વમાં જ છે,
પરત્વે જેની કૈં લક્ષ કોઈનુંયે ગયું ન છે,
એવાં અણમૂલાં રત્નો કોક ખૂણે પડેલ છે. ૧૦૫-૧૦૬

• • •

હરિઃૐ

## ખંડ - ૮

# સદ્‌ગુરુ પ્રત્યે સાધકનું વલણ



તમારું કૈં ન રાખીને, બધું **એનું** જ દ્યો કરી,
જેમાં તેમાં બધાંનામાં, **એને** જ નીરખો ચહી.

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૧ : ગરજ સાધકની-સદ્‌ગુરુની નહિ

(અનુષ્ટુપ)

શ્રીસદ્‌ગુરુ કદી પોતે હાલતો ચાલતો ન છે,
પડે ચલાવવો **एने**, **एने** હલાવવો પડે,
ગરજ જો તમારે હો, તમારે દિલ સ્વાર્થ જો
-તે અર્થે ઉદ્‌ભવેલો હો, તેમ વર્તવું રાખજો. ૧-૨

ચાલતાં ચાલતાં માર્ગ ઓછો થતો જ લાગશે,
માત્ર ચલાવવાનું તો કર્મ સદ્‌ગુરુનું જ છે,
શ્રીસદ્‌ગુરુ પરત્વેની ભક્તિ લાગ્યા વિના હૃદે,
કોઈથી ચાલવાનું તે થતું ના પ્રભુના પદે. ૩-૪

ભાવના માત્રમાં નિત્ય એકધારું ટકી ટકી,
પોકાર પાડતા ર્‌હેવું સદ્‌ગુરુને સ્તવી સ્તવી. ૫

કેટલો સ્વાર્થ પાકો છે ! લાગી ગરજ કેવી છે !
એના પરે જ આધાર સારા જીવનનો જ છે. ૬

તમોને જો પડી ના છે, જીવનની કશી જ તે,
તો પછી સદ્‌ગુરુને શી પડી હોય તમો વિશે ? ૭

**एने** ઈચ્છા કશી ના છે, પોતાના વિશે જ મસ્ત છે,
હૈયાનાં ભાવ ભક્તિને લીધે સંબંધ **एहने**. ૮

તેનો છાંટોય જો ના હો, કશો **ते** ખપનો ન છે,
બાલાં સૌ મારવાં ખોટાં, કશું ના વળવાનું છે. ૯

**एने** વળગી ર્‌હેવાની કશી પડી ન હોય છે,
વળગવું તમારે જો, રહો વળગી તો તમે. ૧૦

નોતરવા ન **ते** આવ્યો, ચોખા કંકુ લઈ ગૃહે
-મૂકવા તે ન આવ્યો છે, ગયા પોતાની મેળ તે. ૧૧

નિમિત્ત કોઈથી **एवो** ભલે પ્રેરાયેલો હશે,
છતાં પોતે ન આવે છે, ખસી આપણી પાસ **ए**. ૧૨

આપણે આપણી મેળે **एनी** કને જતાં છીએ,
નથી બોલાવવા આવ્યો **ए** તો આપણને ખરે. ૧૩

પછીથી આવતો પોતે થતો સ્થૂળ રીતે ગૃહે,
બોલાવ્યો આપણે **तेय** આવે આમંત્રણે ઘરે. ૧૪

કોઈક વાર માગીને નોતરું પણ આવતો,
કેવો સંબંધ જીવંતો જોવા તદા મળે ખરો ! ૧૫

સાચો શ્રેયાર્થી જે યોગ્ય તે તો શો માત્ર અંતરે,
-ચાહવાનો ખરો ધર્મ પોતાનો જે બજાવશે. ૧૬

એવાને ચાહવાકેરો સંબંધ બાંધવો હૃદે,
તો જ કૈં પામવા લ્‌હાણતણી તો શક્યતા બઢે. ૧૭

**एने** તો સ્વાર્થ કૈં ના છે, કેવો છે સ્વાર્થ આપણો !
-પરખાઈ જવાનો છે, વર્તણૂકથી તે બધો. ૧૮

અલિપ્ત સાવ સંપૂર્ણ જે તે સર્વથી **ए** જ છે,
લેવાદેવા ન **एने** છે, કશાની સાથ જીવને. ૧૯

પરીક્ષા કે કસોટીની ઈચ્છા **એને** નથી કશી,
આપણે આપણી મેળે ધારી લેતાં જ દિલથી,
હાલવા ચાલવાનું ના **એને** ક્યાંય કશા વિશે,
હલાવવો પડે **એને** આપણને જો પડી જ છે. ૨૦-૨૧

જીવન ઘડવા માટે આધાર યોગ્ય કોઈ જો,
આપણી ઝંખના કેવી કેટલી, પર તે જ શો !
સદ્ગુરુને તમે યોગ્ય કામે જો ના લઈ શકો,
સદ્ગુરુ એની મેળે કૈં ધૂંસરીએ ચઢે ન તે. ૨૨-૨૩

‘જેનાથી કામ લેવું છે, તેના પરત્વેની હૃદે
-ગરજ કેટલી ઊંડી તમારામાં શી જાગી છે !’
તેના પર જ આધાર બધો કામ સર્યાતણો,
કર્મ **એને** હલાવાનું આપણા એકલાનું તો. ૨૪-૨૫

જ્યાં છે ઢોળાવ, પાણી ત્યાં આપમેળે વહ્યા કરે,
તેવું સદ્ગુરુ પ્રત્યેનો ભાવ, ત્યાં તે વહ્યા જશે,
બાકી પોતાની **તે** મેળે પ્રેરાશે સદ્ગુરુ ન કૈં,
તમોને સ્વાર્થ લાગ્યો હો, દેજો ભાવ ચહી હૃદે. ૨૬-૨૭

જેનામાં ભાવ લાગ્યો હો કૈંક ને કૈંક તેતણું,
-ચાલતું હોવું જોઈશે અંતરે ઊંડું જીવતું.
ભાવનું એ જ પ્રત્યક્ષ લક્ષણ છે ખરેખરું,
જો હોતાં એવું, આધારે ગુરુ પ્રત્યક્ષ તુર્ત તો. ૨૮-૨૯

સદ્ગુરુ પાસથી લેવા ઝંખના જ્ઞાન ભક્તિની,
**એના** પરત્વેનો ઊંડો લાગેલો સ્વાર્થ જોઈશે,

તો પરસ્પરની સાથે લેણદેણ થયા જશે,
ભૂમિકા લાભ લેવાની જાગેલી તો રહે ખરી. ૩૦-૩૧

સદ્‌ગુરુને ઊંડા ભાવે વળગ્યાં, વળગ્યાં કર્યે
-એકધારા રહેવાથી ભક્તિમાં ભાવ જાગતો,
ભાવ તલ્લીનતાથી શો અંતરે રસ ઉદ્‌ભવે !
એવા રસે પછી કેવું ભીનું ભીનું થવાય છે ! ૩૨-૩૩

તેને જે શોધતો ર્‌હે છે, જેનું મનન ચિંત્‌વન
-ચેતનાનિષ્ઠ જીવંતું, તેને તે જડવાનું છે. ૩૪

મથ્યા જે જે કરે ભાવે એકધારું નિરંતરે,
તેમાં મંડ્યા રહેલો જે, તેને હાર્દ મળે જ છે. ૩૫

સ્વાર્થ લાગ્યા વિના ઊંડો સંધાણ થવું કોઈથી
-કદાપિ શક્ય તે ના છે, કોટિ કોઈ ઉપાયથી.
અનુરાગ થયા વિના સંબંધ દિલનો ઊંડો
-કશો જ નથી બંધાતો, નિશ્ચયે જાણી લેવું તો.
ઉત્કટ સ્વાર્થ જે સાથે લાગેલો છે ખરેખરો,
સાધવા સ્વાર્થ તે વ્યક્તિતણું જોવાય ના કશું !
માત્ર તે સાધવા સ્વાર્થ એકાગ્ર લક્ષ તલ્લીન
-એકધારું રહે કેવું ! એવું ત્યાં સ્વાર્થ ધોરણ. ૩૬-૩૯

સદ્‌ગુરુ સાથ એવોયે સ્વાર્થ લાગ્યો હશે જ જો,
સંબંધ તો થયા વિના ર્‌હેવાનો નથી, જાણજો.
મળેલાં કેટલાંકો જે વર્તતાં મુજ સાથ તે,
તેટલા માત્રથી કેવી પડે સમજ તો મને,

ને વળી કેટલાંનો શો સ્વાર્થ લાગેલ છે હૃદે !
આપમેળે જણાઈ તે આવે છે, વર્તવા થકે,
ઊંડો બંધાયેલો જે છે સંબંધ તેનું વર્તવું
-ચાલવું, બોલવાનુંયે સૌ પરખાઈ તે જતું,
કેવું કેવું વિચારે છે, કેવો જવાબ વાળતાં,
ને પ્રત્યાઘાત આઘાતે વલણ પરખાય ત્યાં. ૪૦-૪૪

અંતરે સ્વાર્થ જ્યાં અગ્નિ જેવો ભભૂકતો હશે,
તો સદ્‌ગુરુ વિશે લક્ષ ચોંટવાનું જ નિશ્ચયે. ૪૫

જેવા પ્રકારનું ધ્યેય જેને લાગેલ જીવને,
તેવા પ્રકારનો સ્વાર્થ લાગે તેને ખરેખરો. ૪૬

આપણે જો પડી ના છે, પછી **एने** પડી શી છે !
જગાડો તો જ જાગે **ते**, બાકી સૂતો પડેલ છે. ૪૭

**ए** તો જંપી ગયેલો છે, **एने** ના ચેતવાનું છે,
નિમિત્ત કિંતુ જો **एने** ઋણાનુબંધ હોય જે.
સંકળાયેલ ત્યાં શો **ते** મેળે પોતે રહ્યા જશે,
મથાવીને મથાવીને એને શો **ते** જગાડશે. ૪૮-૪૯

બળાત્કાર કશી વાતે છતાં **ते** કરતો ન છે,
જેમ જે કૈં થતું હોય થવા દે તેમ તે રીતે. ૫૦

આપણા પર તેથી તો ઉદ્ધાર તે થવાતણો,
મદાર સર્વ સંપૂર્ણ પૂરેપૂરી રીતે રહ્યો. ૫૧

ગરજ, સ્વાર્થ ને ઊંડી તાલાવેલી શી જીવને !
સદ્‌ગુરુની ભભૂકેલી જ્યાં દિલ પ્રગટેલ છે,

તે વેળાનો ગુરુભાવ વર્ણવ્યો જાય શી રીતે !
તે અનુભવી સંપૂર્ણ જાણશે એકલા જ તે. ૫૨-૫૩

ખરેખરો જહીં સ્વાર્થ ઊંડો લાગેલ હોય છે,
ગધેડાનેય ત્યાં બાપ કહેવા લાગી જાય છે,
સધાતો સ્વાર્થ જેનાથી હોય, તેવા વિશે કશું,
આડુંઅવળું કૈં જોવા કોઈ ના કદી બેસતું. ૫૪-૫૫

સદ્‌ગુરુનો ઊંડો સ્વાર્થ જેને લાગે ખરેખરો,
વાણી ને નયનો તેનાં બોલી શાં ઊઠતાં ખરાં !
જોતરાયેલ સંપૂર્ણ **तेने** જોતરું ના છતાં,
સ્વામીમાં **ते** છતાં કેવો સ્વામી પોતે નિમિત્તમાં. ૫૬-૫૭

વિરોધાભાસી સંજોગો મળે જીવનમાં છતાં
-તેજસ્વી, સ્વસ્થ ને દક્ષ પોતે તેમાં કરે રહ્યા. ૫૮

છંછેડાયેલ શો લાગે પૂરેપૂરો કદીક **ते** !
એ વેળા **ते** છતાં પાછો અંતરે સ્વસ્થ હોય છે. ૫૯

**एने** તે રીતનો માની લેવા તત્પર બુદ્ધિ ના,
દાખલો કોઈ પ્રત્યક્ષ તેવો ના ક્યાંય જાણમાં. ૬૦

પહાડ જેવડાં મોજાં સમુદ્રે મસ્ત ઊછળે,
કિંતુ ઊંડે ઊંડે કેવો સમુદ્ર શાંત, સ્વસ્થ છે ! ૬૧

અમીરી કે ફકીરીમાં એકધારો સદા વહે
-**हरिना** ભાવમાં મગ્ન, એવો સદ્‌ગુરુ શો ખરે ! ૬૨

રખેવાળ **गुरु** જેવો બીજો કોઈ ન ક્યાંય છે,
શ્રીસદ્‌ગુરુની ભક્તિ છે, તેને છે તેમ જીવને ! ૬૩

ભેદ શ્રીસદ્‌ગુરુનો તે કોઈથી ના પમાય છે,
કિંતુ જે ભક્તિથી પૂર્ણ તેવાને ઓળખાય **ते**. ૬૪

જે તે સૌ વાસ્તવિકતાથી, લેતો સ્વીકારી હોય છે,
**हरिना** ભાવનો માત્ર, **ते** શો શિકારી હોય છે. ૬૫

ભાવ વિના કશું **एने** બીજું કૈં ખપતું ન છે,
ભાવાતીત છતાં પાછો, **ते** નિરંતર હોય છે. ૬૬

ગમે તેવુંય તે **एने** સંકોચ કરતાં ન છે,
શાહુકાર પૂરેપૂરો, છતાં પાછો ખરેખરો. ૬૭

**एना** જેવી ન કોઈની, સંસારે શાખ હોય છે,
ચઢિયાતો સહુનાથી, સુવિખ્યાત ભલે ન છે. ૬૮

સંપૂર્ણ ચેતનામાં **ते**, ગુણધર્મે બરાબર
-સદ્‌ગુરુ ચેતના જેવો, છતાં લાગે ન તેમ **ते**. ૬૯

અપરંપાર શક્તિનો, ભર્યો ભંડાર અંતરે,
**ते** ખાલી કોથળા જેવો છતાં લાગે નર્યો દીઠે. ૭૦

લાગે મામૂલી સંપૂર્ણ, છતાં તેવો કદી ન છે,
પરિચય થતાં ભાવે, તારતમ્ય પ્રિછાય છે. ૭૧

કઢાતાં ઓળખી **एने** અપરંપાર અંતરે
-કેટલો કેટલો વ્યાપે, આનંદોત્સાહ **एहने** ! ૭૨

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૨ : ગુરુની રીતે ગુરુમાં ભળવું

(અનુષ્ટુપ)

ઉઠાડવા પડ્યાં જ્યાં છો ત્યાંથી સદ્‌ગુરુ શો ચહે !
આપણે ચસીએ કિંતુ તસુ એકે ન ત્યાં થકે,
પછી પેલો બિચારો **ते**, તે અર્થે શું કરી શકે ?
દોષ દેવો પછી **एने** મૂર્ખામી આપણી જ છે. ૭૩-૭૪

**एनामां** ભળવું જો હો તમારે દિલથી ચહી,
ગમે જે રીત **एने** તે ભળો તે રીતથી ચહી. ૭૫

**एनुं** જે ધર્મકર્તવ્ય તેમાં દેવા જ સ્‌હાયને
-ઉમળકાથી તૈયારી હો, તો દેજો ચહી તમે. ૭૬

શ્રેયાર્થીનો ખરો ધર્મ ‘દોષ તે ખોળી ખોળી સૌ
-પોતાનામાં પડેલા જે, સર્વ તે કાઢવાતણો.’ ૭૭

એના તો કરતાં ભક્તિતણો વેગ બઢી જતાં,
આપમેળે બધા દોષો ગૌણ જીવનમાં થતા. ૭૮

જે જીવનનું છે ધ્યેય ને જેની સ્‌હાયથી હૃદે
-સાધવા માગતા, **तेने** રાખો ભક્તિથી મોખરે. ૭૯

જેમાં તેમાં બધાંનામાં **एने** મહત્ત્વ આપજો,
જેમાં તેમાં બધાં કર્મે **एने** જીવંત રાખશો. ૮૦

આપણે અર્થ તે તે સૌ ચહીને કરવાનું છે,
બાકી **एने** કશું ના છે, જે તે સૌ અર્થ આપણે. ૮૧

ચલાવવો પડે **एने** ભાવથી કરી આપણે,
ભાવભક્તિ વિના પોતે ડગ ક્યાંયે ન **ते** ભરે. ૮૨

આપણે આપણી રીતે જીવને ચાલવું જ છે,
દોરવવા પછી **एने** ઈચ્છીએ, સહુ વ્યર્થ તે. ૮૩

અનેક જાતના ફાંકા હજી શા રાખીએ છીએ !
હજી આપણને સાચા આપણે માનીએ છીએ,
તો પછી સ્‌હાય લેવાની ઈચ્છા પેલાની પાસથી
-છોડી દેવી ઘટે સર્વ, તો જાઓ વેગળા હઠી. ૮૪-૮૫

'ઘડાવું હોય જેનાથી રીતરસમ **तेहनी**
-પ્રમાણે ચાલવાની જો તૈયારી' સાથ ર્‌હો ચહી. ૮૬

પારખવા જવાકેરી બુદ્ધિ કેળવશો નહિ,
કેળવી કેળવી ભાવસંબંધ બાંધજો ચહી,
શ્રેયાર્થી કાજ એવો તે સંબંધ ખપનો ઘણો,
ઊતરાશે જ **एनामां** તો જ, નિશ્ચય જાણજો. ૮૭-૮૮

જે તે તમારું સંપૂર્ણ એમનું એમ રાખીને,
**हरिने** શરણે ક્યાંથી જવાય પછી શી રીતે ? ૮૯

મમત્વ સ્થૂળ પ્રત્યેનું, સૂક્ષ્મ પરત્વનુંય તે,
તેને સમર્પી દેવાનું બધું શ્રીસદ્‌ગુરુ પદે. ૯૦

નિરાવલંબી સંપૂર્ણ, નિરાગ્રહી બધી રીતે,
ને નિરાસક્ત પૂરો તે શો શ્રીસદ્‌ગુરુ જીવને ! ૯૧

સાવ સંસારથી ન્યારો શો અનુભવી મુક્ત છે !
સંસારના રિવાજોથી માપવો, તે અયોગ્ય છે. ૯૨

છતાં લોક ન છોડે છે, **एवानो** છાલ જીવને,
ઊંધુંચત્તું ગમે તેમ લોક **एना** વિશે વદે. ૯૩

અનુભવીનું સંસારે વર્તન જેમ હોય છે,
**एनी** તે ભૂમિકા પેરે એને સમજવું ઘટે. ૯૪

આપણે આપણો કેવો સ્વભાવ જીવને જ છે,
જીવને રાખી તેવો ને તેવો જો ચાલવું જ છે,
તો તો આપણી તે નેમ ધ્યેયને પ્‌હોંચવાતણી
-યોગ્ય પ્રકારની ના છે, જાણી લેવું ઘટે સહી. ૯૫-૯૬

શ્રીસદ્‌ગુરુથી જો સ્વાર્થ સાધવા દિલ આપણું,
**तेनामां** દિલ સંપૂર્ણ પ્રેરાવીને ભળી જવું,
ભળાતાં દિલમાં **तेना** સંપૂર્ણ ભાવથી કરી,
તો ઓળખાય **तेवो** શો આપણા થકી દિલથી ! ૯૭-૯૮

છે વ્યવહારમાં તેવું સંબંધ જ્યાં પરસ્પરે
-થાય છે ગાઢ, ત્યારે સૌ જે તે-નું જ જણાય છે. ૯૯

આપણે આપણી રીતે આપણું સર્વ સાચવી,
સ્વીકારાવાનું **तेनुं** તો આપણાથી થવાનું ના,
**तेनी** સાથે મળી ભાવે ભળી, ગળી જવા હૃદે
-તમન્ના જેની સંપૂર્ણ તેવા જ માત્ર મેળવે. ૧૦૦-૧૦૧

ધારેલી આપણી રીતે આપણાથી કઈ રીતે
-ક્‌હેવાય સદ્‌ગુરુને તો વર્તવાનું જ તે રીતે ?

જો ઘડાવાની તૈયારી જેને હાથ તમારી છે,
**ए** ઘડે જે રીતે પોતે ઘડાવું તેવું યોગ્ય છે. ૧૦૨-૧૦૩

શિલ્પીના ટાંકણાકેરી કળા વાપરવાની જે,
શિલ્પી જે યોગ્ય સંપૂર્ણ તે જાણે યોગ્યતા રીતે,
ત્યાં ડહાપણ ચાલે ના આપણું તો જરા કશું,
ગરજ જો તમારે હો ચહો તે રીત શીખવું. ૧૦૪-૧૦૫

**एना** કહ્યા પ્રમાણે તો આપણે ચાલવું ન છે,
આપણી રીતથી કેવો **एने** ચલાવવો જ છે,
આપણી માન્યતા રીતે **एने** વર્તાવવો જ છે,
તો માથાં ફોડવાં વ્યર્થ જીવને આપણાં જ છે. ૧૦૬-૧૦૭

ગુલામ આપણો **ते** ના, **एने** જીવનમાં તમે
-હાંકવાને ગમે તેમ ઈચ્છો છો પછી શી રીતે ?
શી નાલાયકી સાબિત થયેલી તેથી આપણી,
રજમાત્ર છતાં તેની પડી આપણને નથી. ૧૦૮-૧૦૯

આપણે આપણી રીતે નરી સ્વચ્છંદતા રીતે,
મન ધારી જ ચાલે તે જીવને ચાલવું જ છે,
સદ્ગુરુને પછી ખાલી ખીલે તે બાંધી રાખવો
-નકામો અર્થ વિનાનો, ખાલી જંજાળ માનજો. ૧૧૦-૧૧૧

ઉત્કટ લાગતાં સ્વાર્થ તેને યોગ્ય ફળાવવા,
માનવી કેટલું કેવું જે તે સૌ કરતો તદા,
સામેનાનું કશું ત્યારે આડુંઅવળું ના જુએ,
સાધવા માત્ર તલ્લીન કેવો તે દિલમાં રમે ! ૧૧૨-૧૧૩

સંપૂર્ણ લાભ લેવાનો ઉત્કટ સ્વાર્થ જો હૃદે
-ખરેખરો જ લાગેલો, તેવા તે માત્ર જીવને
-**एवानो** લાભ લેવાને શા ભાગ્યશાળી નિશ્ચયે !
પ્રત્યક્ષ દાખલા એવા નીરખ્યા છે અનુભવે. ૧૧૪-૧૧૫

**ए** જ્યારે બગડે ત્યારે નથી **ते** કોઈનો પણ,
શાંતિને પકડી ત્યારે ર્‌હેવું ભક્તિપરાયણ. ૧૧૬

બગડ્યો કેમ ને શાથી વિચારવા ન બેસવું,
ખોળતાં અનુમાને તે યોગ્ય સ્થિતિ ન પામશું. ૧૧૭

જેવું જે જેમ તે હોય રહેવા દેવું તેમ તે,
જેટલું ભાવના મગ્ન ર્‌હેવાય શ્રેષ્ઠ યોગ્ય તે,
ચેતેલાનું કશું એવું ખાલી ખાલી ન હોય જે,
એની પાછળનાં જે હો કારણો ના જણાય છે. ૧૧૮-૧૧૯

સદ્‌ગુરુ શક્તિ તે કોને કોને કેટલી સ્પર્શતી ?
તેના તે કાયદાની તો સમજ **एनी** પાસ શી !
ક્યારે તે શક્તિની થાય કૃપા તો આપણી પરે ?
તેથી તો કરવાનું જે કરી દો બધું આપણે. ૧૨૦-૧૨૧

સ્વીકારાત્મક ભૂમિકા ગ્રહણાત્મક જ્યાં થશે,
આપમેળે કૃપા **एनी** વર્ષતી લક્ષ આવશે,
કૃપા **एनी** સ્વયંભૂ છે, એને ના વર્ષવાપણું,
પ્રત્યક્ષ છે સદાકાળ જ્યાં ત્યાં કેવી બધે જ શું !
યોગ્યતા આપણી ના છે, તેથી વર્તાતી તે નથી,
ભૂમિકા યોગ્ય સંપૂર્ણ થતાં, પ્રત્યક્ષ આપ શી ! ૧૨૨-૧૨૪

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૩ : છોડો નકારાત્મક ભાવને

(અનુષ્ટુપ)

કોણ સાચો અને કોણ ખોટો સંસારમાં જ છે ?
એ બધું જાણવાકેરી પંચાત છોડવી ઘટે. ૧૨૫

કૈં જતા માપવા **एने** મપાઈ તો જવાય છે,
ચાહવાનું થતાં **एने** સોબત ઊંડી થાય છે.
સોબતનો હૃદે રંગ **आज** કે **काल** લાગશે,
ઊર્ધ્વ માર્ગે જવા અર્થે ચાહવું શ્રેષ્ઠ માર્ગ છે. ૧૨૬-૧૨૭

**एने** જે ઓળખી લૈને **एनो** આશ્રય જે ગ્રહે,
ભક્તિ **एना** પરે ધારે **तेनो** બેડો જ પાર છે. ૧૨૮

જેને જેને થયેલું હો જીવને મળવાનું તે,
તે તે સાથે જ સંબંધ દિલનો બાંધવો ઘટે. ૧૨૯

‘નકારાત્મક ઓછામાં ઓછું જેટલું તે બને,
ઉત્તમ તેટલું સૌથી’ વર્તવું તેમ જીવને. ૧૩૦

સંસારી **जीवनुं** ઊંધું જે કૈં વિચારતા હશો,
છે પરિણામ તેવુંયે પડે ભોગવવું જ સૌ. ૧૩૧

કિંતુ જે જ્ઞાની છે તેનું ઊંધું વિચારવું થતાં,
ભોગવવું વધારે તે પડવાનું જ, નિશ્ચયે,
સદ્‌ગુરુ જેની સંગાથે નિમિત્તે વળગેલ છે,
ગમે તેવું થતાં તોયે છોડી તેને જ **ते** ન દે. ૧૩૨-૧૩૩

**एने** જે માનતા જેમ ભલે તે તેમ માનતા,
જે જે તે માનશે જેમ તેમ છે પરિણામ ત્યાં,
પરિણામ તમારે જો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જોઈતું,
માનવું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સદ્‌ગુરુ માટ યોગ્ય શું ! ૧૩૪-૧૩૫

હો વળગવું **एवाने** સંપૂર્ણ જોમ દિલ છે,
વળગવા જતાં પ્‌હેલાં તપાસી લેવું યોગ્ય તે,
નકારાત્મક સંપૂર્ણ છોડાતું જો હજી ન છે,
ખસવું વેગળું ત્યાંથી જીવનહિત અર્થ તે. ૧૩૬-૧૩૭

**एणे** ના નોતરેલા છે, આવેલ આપમેળે છો,
પછી તુક્કા નકામા કાં ઉરાડવા જ વ્યર્થ તો !
સદ્‌ભાવ ના રખાતો હો છૂટી જવું યથાર્થ તે,
વેંઢારી અર્થ વિનાનો રાખવો પછી વ્યર્થ છે. ૧૩૮-૧૩૯

નમ્રતા યોગ્ય સંપૂર્ણ પ્રગટ્યા વિણ અંતરે,
સ્વીકારાત્મક ભૂમિકા કદી ના કેળવાય છે. ૧૪૦

સદ્‌ગુરુની થવા સ્‌હાય નમ્રતા, ભક્તિ બેઉયે
-કેળવાયેલ તે હોવી જોઈશે ભાવથી હૃદે. ૧૪૧

બુદ્ધિથી જાણવાકેરો ફાંકો સૌ કાઢી નાખજો,
બુદ્ધિની શક્તિની તે છે મર્યાદા બ્‌હાર વાત સૌ. ૧૪૨

સદ્‌ગુરુ જે હૃદે જેવો જેટલો ધારતા હશો,
આપણું ધારવુંયે ના યોગ્ય કોઈ પ્રકારનું. ૧૪૩

ધારવા માનવાથી તો ભક્તિમાં લાગી તે જવું,
શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ તે કર્મ કરવા જેવું યોગ્ય શું ! ૧૪૪

**एने** ઓળખવા જેવું સામર્થ્ય બુદ્ધિમાં ન છે,
બુદ્ધિમાં ભક્તિ લાગ્યાથી શક્તિ સાંપડવાની તે. ૧૪૫

સદ્‌ગુરુ દોષ જોવા છે, એક બાજુથી અંતરે,
બીજી બાજુથી તો લાભ લેવાની ઝંખના હૃદે,
બંને બાજુતણો મેળ કેવી રીતે જ બેસશે ?
મેળ તે બેઉ પાસાંનો બેસે છે ના કંઈ કશે. ૧૪૬-૧૪૭

પ્રકૃતિની બધી ચાલ સૂક્ષ્મ અટપટી નરી,
તીવ્ર પકડ પોતાની રાખવા કેવી માગતી !
પ્રકૃતિથી થવું મુક્ત કદી રેઢું પડ્યું ન છે,
સૌ પુરુષાર્થની સાથે કૃપાભાવ જરૂરી છે. ૧૪૮-૧૪૯

જો સામાના હૃદે **ते** ના, તો તેનામાં અનુભવી
-**प्राण** રેડી શકે છે ના જીવને કોઈ રીતથી. ૧૫૦

સ્વીકારાત્મક ભૂમિકા થાય ના ભક્તિના વિના,
ગ્રહણાત્મક સંપૂર્ણ થયા વિના, પમાય ના. ૧૫૧

સ્વીકારાત્મક ભૂમિકા થતાં પ્રત્યુત્તરાત્મક,
ચેતનાનિષ્ઠનો ભાવ સ્પર્શવા લાગતો તદા,
થવાતાં ત્યાં જતાં યોગ્ય બનાતાં પાત્ર અર્થ તે,
અંતરે ભાવ મેળે શો ફૂટ્યા તે કરતો રહે ! ૧૫૨-૧૫૩

શા ફાંટાબાજ બુદ્ધિનાં દલીલો, તર્ક જ્યાં શમે,
તે ફાંટાબાજ બુદ્ધિના ફાંકા સર્વ જહીં ગળે,
તર્ક પરંપરાયુક્ત વિચારવાનું જ્યાં ટળે,
એવું તો એકલું યોગ્ય સદ્‌ગુરુપદ પાત્ર છે. ૧૫૪-૧૫૫

ચાહતાં ચાહતાં ભાવે **एवाने** દિલ દિલથી,
તો રાખવાનું સામે ને સામે **एने** થતું ચહી,
ચાહતાં ચાહતાં ઊંડું હૈયાં જોડાય પ્રેમથી,
હૈયાંની મૈત્રીથી હૈયાં સંધાય એકમેકથી. ૧૫૬-૧૫૭

પ્રેમસ્વરૂપ **एवानुं** કોઈથી પરખાય ના,
મળ્યા, ગળ્યા વિના પૂર્ણ પ્રેમમાં, સમજાય ના,
ચાહવું એકલું માત્ર કીમિયો પામવાતણો,
ચાહવું શ્રેષ્ઠ ઉપાય સાધનાપથ ભક્તિનો. ૧૫૮-૧૫૯

કેવો સદ્‌ગુરુ પ્રત્યક્ષ તત્પર વર્તવા જ છે,
કિંતુ ત્યાં આપણો સાથ એવો સામેથી જોઈશે,
પ્રયોગાત્મક આ વાતો વર્તતાં સમજાય છે,
એવું ઐક્ય કરી જોતાં જોઈ લ્યો પછી ભાવ તે. ૧૬૦-૧૬૧

સદ્‌ગુરુ એકલો માત્ર એકલે હાથ અંતરે
-જો સહકાર હૈયે ના, કરી કૈં શકતો ન **તે**,
કિંતુ છતાંય સંસ્કાર સદ્‌ગુરુ ભાવના હૃદે
-સૂક્ષ્મ ચિત્ત વિશે ઊંડા પડ્યા વિના રહે ન તે. ૧૬૨-૧૬૩

પડેલા તે જ સંસ્કાર, ઉદય વર્તમાન જ્યાં
-સદ્‌ગુરુ ભાવમાં ત્યારે શું પ્રેરાવાય તેમ ત્યાં ! ૧૬૪

કૈં જોડાયા વિના બંને હાથ, તાળી ન તે પડે,
તેમ જીવનમાં પાકો પૂરો મેળ થવો ઘટે,
મેળ જામ્યા વિના પાકો હૈયે હૈયાં મળે ન છે,
હૈયે હૈયાં મળ્યાં વિના કામ કૈં ના સધાય છે. ૧૬૫-૧૬૬

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૪ : સદ્ગુરુ પ્રત્યે થવું ખુલ્લું

(અનુષ્ટુપ)

મેળવવું તમારે જો **એની** પાસથી હોય કૈં,
બધી રીતે થવું ખાલી તમારે પડશે હ્દે. ૧૬૭

ભરી રાખી તમારું સૌ અકબંધ બધી રીતે,
**એની** પાસે જશો તોયે પમાશે લ્હાણ ના ખરે. ૧૬૮

'જીવને ખુલ્લું સંપૂર્ણ સૌ આરપારદર્શક',
થવું એવું તમારે તો પડશે ત્યાં બધી રીત. ૧૬૯

કશું સંતાડી રાખીને **એને** ભોળવવા જવું,
પ્રયત્ન તે તમારા તો જવાના વ્યર્થ તે સહુ. ૧૭૦

તમારું કૈં ન રાખીને બધું **એનું** જ દ્યો કરી,
જેમાં તેમાં બધાંમાંહી **એને** જ નીરખો ચહી. ૧૭૧

થતું જે તે કંઈ સર્વ જણાવતાં રહેવું તે,
હૈયાથી પ્રાર્થના **એને** ભાવે કર્યાં જવી હ્દે. ૧૭૨

પરિણામતણી સ્હેજે હોવી ના ઝંખના ઘટે,
છે પરિણામ નિશ્ચિત જો સૌ યોગ્ય પ્રકાર છે. ૧૭૩

થવાતાં ખુલ્લું સંપૂર્ણ સદ્ગુરુ પાદ પદ્મમાં,
ભૂમિકા ભક્તિને યોગ્ય પાકી ગયેલ જાણ ત્યાં,
મુનીમ શેઠને જેમ રોજનીશી બધી કથે,
કથીને હળવોફૂલ બને કેવો બધી રીતે !

કશો ભાર કશા વિશે પછી એને ન શિર રહે,
તેવું ખુલ્લું થવાવાથી મોકળું ત્યાં થવાય છે. ૧૭૪-૧૭૬

હોઈએ જીવને જેવા તેવું ખુલ્લું પૂરેપૂરું,
થવું સદ્‌ગુરુની પાસે કેટલું તે મહત્ત્વનું !
સર્વ પ્રકારનું પૂર્ણ ખુલ્લાપણું બધી રીતે
-સદ્‌ગુરુપદમાં વ્યક્ત થવાતું રહેવું યોગ્ય છે,
ભક્તિ જીવનને માટે જામી ગયેલ હોય છે,
ખુલ્લાં ત્યાં તો પછી પૂર્ણ સ્વાભાવિક થવાય છે,
બાકી ખુલ્લું થવું યોગ્ય રીતનું તે પૂરું પદે
-ધારીએ તેટલું સ્હેલું કદી હોતું નથી જ તે. ૧૭૭-૧૮૦

• • •

॥ હરિઃૐ ॥

## અધ્યાય ૫ : સમર્પો જે તે કૈં બધું ગુરુપદે

(અનુષ્ટુપ)

સો વાર જો તમારે હો **एनी** ગરજ, તો તમે
-**एनी** પાસે જજો પ્રેમે ધરી સર્વસ્વ ત્યાં પદે. ૧૮૧

**एनामां** સર્વ આરોપો જેમાં તેમાં બધાં વિશે,
એકમાત્ર જ **एने** તો જીવતો રાખજો હૃદે. ૧૮૨

જે જે સર્વ તમારું હો તમારી પાસ છો રહ્યું,
ધારણા જીવતી કિંતુ તેમાં સદ્‌ગુરુની ધરો. ૧૮૩

વાપરો તોય તે **एनुं** એમ ધારી જ વાપરો,
આપણું ના કશું તે છે, તે તે ઉછીનું સર્વ છે. ૧૮૪

માલિકી હક્ક સંપૂર્ણ જતો ર્‌હેવો જ જોઈશે,
સર્વસ્વ માત્ર માલિકી **श्रीहरि** એકલાની છે. ૧૮૫

આપણે ચપટી આપી આખું જો લઈ લેવું છે,
ફળીભૂત થવાના ના જીવને કદી તે વિશે,
**हरिने** પામવાકેરો જેને છે સ્વાર્થ સાધવો,
-**एवाने** એકલાને જ **आ** વાતો લાગુ શી પડે ! ૧૮૬-૧૮૭

જીવને તો કર્યા વિના ત્યાગ ને પરમાર્થયે
-તપશ્ચર્યા થયા વિના કશુંયે ના પમાય છે. ૧૮૮

યોગ્ય તે જીવવાકેરી રીત **ए** શો બતાવતો !
કિંતુ એમાંય તો સ્વાર્થ **पेलानो** નીરખે જનો. ૧૮૯

એકલા માત્ર તે સ્વાર્થે નર્યા પડ્યા રહ્યા કરી
-સાધવા માગતા જો હો, વ્યર્થ સૌ યત્ન તે સહી. ૧૯૦

મળેલાં કર્મને ભાવે પ્રભુપ્રીત્યર્થ દિલથી,
આચરતાં રહી પૂરું થયે, સમર્પવું સ્તવી. ૧૯૧

આપણે લાભ લેવાની ઉત્કટ ઝંખના ધરી,
પ્રેમભક્તિથી વારીને પદે ત્યાં ઠરવું ચહી,
સમર્પ્યા કરવું જે તે ભાવ ભક્તિથી પાદ પે,
તો જ સત્કારનું પાસું **एनुं** જોવા તદા મળે. ૧૯૨-૧૯૩

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૬ : કેળવો ભાવ-ભક્તિ, તમન્ના, એકાગ્રતા, સભાનતા

(અનુષ્ટુપ)

જીવવું એકલું માત્ર ગુરુ વિના હરામ છે,
જીવતાં ગુરુ વિનાનું જાણે જાય જ પ્રાણ તે. ૧૯૪

ગુરુની લે' હૃદે જેને લાગી રૈ' દિનરાત છે,
ગુરુની ચેતના એને પ્રેરણા ઑર પ્રેરશે. ૧૯૫

સદ્‌ગુરુ ખાલી ખાલી **તે** વૈતરું, કામ ના કરે,
કરે શી ગુરુ ગુલામી તે જાણે નવ કોઈએ ! ૧૯૬

રમકડાં રીતે ગુરુ સ્થાન ના રમવાનું તે,
ગંભીરતા નથી જેને થાય શું કામ તે થકે ? ૧૯૭

દૃઢવવા શું ભાવાર્થે આપ્યા કરે મહત્ત્વ જે
-તે વિશે લક્ષ એકાગ્ર ર્‌હેતાં ઊંડું સધાય છે. ૧૯૮

કરવું કશું ના પોતે, ધરે ચિત્ત લગાર ના,
ગુરુને મારિયા ગોદા વિસ્તાર પામિયા જ ત્યાં. ૧૯૯

મળ્યા નિમિત્ત યોગેથી પ્રેમસંબંધ જીવને,
તે તે ઉઠાવવા ત્યાંથી શું શું ભોગવતા જ **તે** ! ૨૦૦

નિમિત્ત સાથનું જે તે ધરી **તે** પ્રેમ ભોગવે,
કિંતુ છે દુઃખ ઊંડું કે તે નેમ કોઈ ના ધરે. ૨૦૧

સદ્‌ગુરુ સાથનું ઐક્ય દિલ દિલનું થાય છે,
તેવી વેળાની ખુમારી કેવી તેજસ્વી હોય છે ! ૨૦૨

હો મેળવવું જેનાથી તે પરત્વતણો હૃદે
-સહકાર ન જામેલો ભક્તિ ભાવથી મુદ્દલે,
અરે ! ઊલટું એનાથી ઊંધું શું વેતરાય છે !
લેવાની સ્હાયની વાતો કેવી મૂર્ખામી સાવ તે ! ૨૦૩-૨૦૪

ભાવ ભક્તિ વિના ઊર્ધ્વ માર્ગે જવાનું શક્ય ના,
અજાણ્યે પંથ ભોમિયો કેવો મહત્ત્વનો જ ત્યાં !
ભોમિયાથી મળે કેવી પંથે સરળતા બધી !
શી આંખો મીંચીને માત્ર ચાલવાનું રહે પછી ! ૨૦૫-૨૦૬

'સદ્‌ગુરુ ભાવ જીવંતો લગાતાર થયેલ છે,
મળવું સદ્‌ગુરુ' જાણો સાચા સ્વરૂપનું જ તે,
ચેતનાત્મક હૈયાનું ગુરુદર્શન યોગ્ય તે,
એવા ભાવની ગંગામાં કરવું સ્નાન યોગ્ય છે. ૨૦૭-૨૦૮

હૈયાની ભક્તિ સંપૂર્ણ **एना** પ્રત્યે ઊગ્યા વિના,
શો કૈં ઓળખવો **एने** મુશ્કેલ ત્યાં સુધી સદા ! ૨૦૯

મળી, હળી, ભળ્યા વિના ગળ્યા વિના પૂરેપૂરું
-રહસ્યને પમાવું તે દુર્લભ બધી રીતનું. ૨૧૦

તમાશો માત્ર જોવાનું કામ આ તો કદી ન છે,
હાથમાં માથું રાખીને મૃત્યુને વરવાનું છે. ૨૧૧

એવી જો આગના જેવી જિજ્ઞાસા જેની તીવ્ર છે,
બળે પ્રચંડ જ્વાળાએ તેવો એક જ માત્ર તે
-સાધ્ય ધ્યેય કરે પોતે ને વરે નિજ શ્રેય જે. ૨૧૨

સ્વાર્થ લાગ્યા વિના પૂરો શ્રીસદ્‌ગુરુતણો ઊંડો,
સદ્‌ગુરુમાં ભળાવાનું કોઈ રીતે બને ન તો. ૨૧૩

ભક્તિ લાગ્યા વિના હૈયે સંપૂર્ણ સર્વ ભાવથી,
હાર્દ કશાનું ના'વે છે, હાથ આપણને કદી. ૨૧૪

શો એકરસ સંપૂર્ણ થવા કાજે મહત્ત્વની
-એકલી માત્ર ભક્તિ છે, સદ્‌ગુરુ પામવા ખરી. ૨૧૫

તેથી સદ્‌ગુરુથી યોગ્ય એમ થવાનું દિલ જો,
તો થવી તેની સંગાથે ભક્તિ શી અનિવાર્ય છે ! ૨૧૬

દિલમાં અગ્નિના જેવી તમન્ના લાગી છે હૃદે,
છોડેલા તીરની પેઠે તેવા સોંસરવા તરે. ૨૧૭

શા અધકચરા માત્ર ને અધવચલા જ જે,
બાલાં માર્યાં કરે ખાલી મૂએલા છે જ, જાણ તે. ૨૧૮

એવાની સાથ નિમિત્ત કિંતુ સદ્‌ગુરુનું જ છે,
તેનો સંબંધ છોડી દે કોઈ સંજોગોમાં ન **તે**. ૨૧૯

**एवाने** જાણવાનું તો આપણા શ્રેય અર્થ છે,
સરે ના માત્ર જાણ્યાથી **एनी** ભક્તિ થવી ઘટે,
ભક્તિથી જેટલું પાસે અવાયે દિલ દિલથી,
બીજા કોઈ ઉપાયેથી અવાતું તેટલું નથી. ૨૨૦-૨૨૧

સોબત ભાવથી હૈયે **एवानी** ચહીને ઊંડી
-પોતાના શ્રેયને અર્થે આપણે ધરી રાખવી,

સાચેસાચા જ હૈયાના જો મિત્ર આપણે જ હો !
દોષ જાણ્યા છતાં તેના છે ના મહત્ત્વ તેનું તો. ૨૨૨-૨૨૩

ગમે તેવો ભલે મિત્ર એનું તો ચાહવાનું જે
-દિલ દિલથી કેવું તે કર્યાં શું કરીએ છીએ !
તેવું ને તેટલું માત્ર થાય જો ચાહવાનું તે
-શ્રીસદ્‌ગુરુને હૃદે ઊંડું તો તો કર્મ સધાય તે. ૨૨૪-૨૨૫

ચેતનાનિષ્ઠનું કર્મ લાખો ખાંડી ભલે કરો,
છતાં સંતોષ **તે** પામે એવું ક્હેવાય ના કશું,
કિંતુ જેથી કર્યે કર્મ ચેતના અભિમુખતા
-ઉત્તરોત્તર અગ્નિની પેઠે યોગ્ય બઢ્યે જતાં,
**હરિ**ના ભાવની કક્ષા હરોળે જન્મતાં જતાં,
**એનો** આનંદ ત્યારે શો ઊછળે છે અપાર ત્યાં !
**એનું** કર્મ કરંતાં હો તે વેળા ત્યાં સભાનતા
-ચેતનાત્મક જાગેલી સદ્‌ગુરુની પરત્વમાં,
તો તેવી જાગૃતિયુક્ત સભાનતાથી જીવને
-યોગ્ય વિકાસ જે થાય તેથી **તે** રાજી થાય છે,
જેમાં તેમાં જ તો કર્મ સાથે તેવી સભાનતા,
પામવા સદ્‌ગુરુકક્ષા યોગ્ય તેવી સભાનતા. ૨૨૬-૨૩૧

જેની સળવળેલી છે, જિજ્ઞાસા શી જરાતરા !
તેવા જ વળવા યત્ન કરી શકે જરાતરા !
સદ્‌ગુરુની પરત્વેનો દાવાનળ સમો હૃદે
-સંપૂર્ણ સ્વાર્થ જાગ્યો છે, તેવા તે માત્ર પાત્ર છે.

ને સદ્‌ગુરુ વિશે તેવા ભળવા શક્તિમાન છે,
બાકીનાનું ગજું ના છે, **हरि** માર્ગે જવાતણું,
પુરુષાર્થ કર્યા વિના ફળતું કર્મ ના કશું. ૨૩૨-૨૩૪

શરણું સદ્‌ગુરુનું જે પ્રેમભક્તિથી લે હૃદે,
ઊર્ધ્વ ગતિ થયા વિના તેવાની ના કદી રહે. ૨૩૫

પ્રેમભક્તિથી ધારે છે, સદ્‌ગુરુને અખંડ જે,
હેતુને સાધવા અર્થે નિમિત્ત સદ્‌ગુરુશ્રી છે,
પાર તે પાડવા ધ્યેય અગ્નિજ્વાળા પ્રચંડ છે,
એવા તે એકલા પાત્ર વરે ચેતનને ખરે. ૨૩૬-૨૩૭

ભક્તિ જ્ઞાનભર્યા હૈયે અંતરે ઋજુતાભર્યો
-સ્વીકાર શો થયેલો છે, બીજાનો તે મહત્ત્વનો !
ચેતનાનિષ્ઠનું એવું દર્શન ધન્ય ધન્ય છે,
**एनी** કદરભક્તિની તોલે આવે કશું ન તે. ૨૩૮-૨૩૯

સદ્‌ગુરુ ખાલી ખાલી તે બોલ્યાથી ના કશું વળે,
મૂર્તિ તે **एनी** જોવાથી કે ના દર્શનથી વળે,
**एने** શો ભાવ સાકાર મૂર્તિમંત જ જીવને
-હેતુને લક્ષમાં ધારી કરવાનો જ આપણે. ૨૪૦-૨૪૧

**एवानी** માત્ર હૈયાની ભક્તિથી, દિલ સાંપડે
-કે જેનાથી જ પ્રશ્નોના સૌ ઉકેલ સધાય છે. ૨૪૨

બુદ્ધિમાં સૂક્ષ્મતા ઓર ભક્તિના રંગથી બઢે,
સૌ કલેવર બુદ્ધિનું ભક્તિથી બદલાય છે. ૨૪૩

સત્પુરુષ ન વ્યક્તિ છે, ભાવની **ते** સમગ્રતા,
સંક્રાંતિકાળ જન્માવે સત્પુરુષની તે કૃપા. ૨૪૪

સત્પુરુષતણી ભક્તિ શી વિકાસક હોય છે !
અનુભવ્યા વિના કૈં તે એની ખબર ના પડે,
એના પ્રયોગ તો કેવા કૃપાથી શા થયેલ છે !
જીવંત દાખલા એના કાજે હું શો જીવંત જે ! ૨૪૫-૨૪૬

સદ્‌ગુરુ ચાહવો જો ના હૈયાની પ્રેમભક્તિથી,
તે વિના સદ્‌ગુરુ ના'વે ખપ કેમે કશો જરી,
સહકાર તમારા તે વિના સદ્‌ગુરુ કાંઈએ
-કરી શકે તમારું ના કશુંય કર્મ જીવને. ૨૪૭-૨૪૮

ભક્તિ લાગ્યા વિના ઊંડી, સદ્‌ગુરુનું મહત્ત્વ તે
-કોઈ રીતે તમારામાં કદી ચોંટી શકે ન તે. ૨૪૯

**એનું** માહાત્મ્ય એવું, જે હૃદે લાગ્યા વિના ઊંડું
-સમજવાનું તો **તેને**, જ્ઞાન દુર્લભ જાણવું. ૨૫૦

તે સદ્‌ગુરુ પરત્વેની તેવી ભક્તિ જરૂરી છે,
એકાગ્ર ભક્તિને લીધે ચોંટાતું છે ઊંડે ઊંડે. ૨૫૧

કામક્રોધાદિને લીધે ચોંટી સંસ્કાર જાય છે,
તેથી જે જેવી ભક્તિ છે, તેવું ચોંટી જતું જ છે. ૨૫૨

જ્યાં જ્યાં ચોંટી રહેલાં છો ત્યાંથી મુક્ત થવા હૃદે,
ઉચ્ચ પ્રકારની એવી હોવી સભાનતા ઘટે. ૨૫૩

વર્તવામાં બીજાં સાથે ચેતનાનિષ્ઠને કશો
આડોતેડો ન છે સ્વાર્થ, હોય જો તો ભલાતણો. ૨૫૪

જે સ્વાર્થ વ્યવહારીનો બીજાંની સાથ હોય છે
-જણાતો સ્પષ્ટ ના તે છે, દક્ષતા સૂક્ષ્મ એવી તે,
સીધેસીધી રીતે કોઈ ‘વ્યવહાર’ નિપુણ જે
-ચાલતો ના કદી દીઠો તેનો શો વ્યવહાર તે ! ૨૫૫-૨૫૬

ચેતનાનિષ્ઠનું તેવું જે ખરેખર જેવું છે
-વર્તતો ગૂઢ લાગે છે, છતાં **તે લોક** સ્પષ્ટ છે. ૨૫૭

પ્રીછવા સ્પષ્ટતા એવી આપણાં આંખ ને દિલ
-પૂરેપૂરાં ખૂલ્યાં ના છે, તેથી ના પરખાતું તે. ૨૫૮

ચેતનાનિષ્ઠનું કેવું વર્તન છે જુદું જુદું,
ટકોરાબંધ છે કિંતુ માંહ્યલો અકબંધ શો ! ૨૫૯

સંસારી, વ્યવહારીનું વર્તન પણ એવું છે,
જુદું જુદું બધાં સાથે વર્તતો તેમ હોય તે,
તો પછી ફાંસીએ શાને સદ્‌ગુરુને ચઢાવતા ?
તે ગેરફાયદામાં છે, તમારા જાણી લ્યો સદા. ૨૬૦-૨૬૧

સમર્પણ, બલિદાન, ભક્તિ ને ત્યાગ ને તપ,
પરિસેવન સંપૂર્ણ થયા વિના, ન સૌરભ,
કેટલી કેટલી યોગ્ય તપશ્ચર્યા થયેલ છે,
સદ્‌ગુરુપદ ત્યારે તે પામેલા કેવું આખરે ! ૨૬૨-૨૬૩

અનુરાગ થયા વિના લાગે ભક્તિ કદી ન તે,
લેવા કાજે કશો લાભ ભક્તિ શી અનિવાર્ય છે ! ૨૬૪

જેનાથી જે સધાવાનું શ્રેય જીવનનું જ જે,
લાગ્યા વિના ન **તેનામાં** એ પ્રત્યેનો જ સ્વાર્થ તે,
તમારાથી પરોવાનું **તેનામાં** લક્ષ ના બને,
તો પછી સદ્‌ગુરુ ક્યાંથી પ્રવેશી દિલમાં શકે ? ૨૬૫-૨૬૬

પ્રવેશાયા વિના હૈયે સદ્‌ગુરુથી કંઈ કશું,
ઊર્ધ્વ જીવનનું થાય ના કૈં શ્રેય પ્રકારનું. ૨૬૭

સ્વાર્થ લાગ્યા વિના ઊંડો ના વળગી શકાય છે,
ને વળગ્યા વિના ક્યાંથી સધાય કર્મ શી રીતે ? ૨૬૮

તેથી વળગવું ભાવે સદ્‌ગુરુને થતું જ છે,
તે જેમ જેમ ઊંડું ને ઊંડું જ્યાં ઊતરાય છે. ૨૬૯

‘સદ્‌ગુરુ એકલો માત્ર કલ્યાણ કરનાર છે’,
એ ભાવ ભક્તિને લીધે ઊગે શ્રેયાર્થીને હૃદે. ૨૭૦

આપમાં જે છુપાયો છે, તેને આપથી આપમાં
-સંશોધી દિલ સંશોધી મથે જે કોઈ પામવા,
તેવાને એકલાને **તે** પોતે પ્રત્યક્ષ થાય છે,
એવાની ભક્તિનો રંગ ત્યારનો કોઈ ઑર છે. ૨૭૧-૨૭૨

સદ્‌ગુરુમાં ઊંડો ભાવ ચેતનાત્મક લાગતાં,
ત્યારે કેવાં પરિણામો ચઢિયાતાં પ્રમાણનાં !
એકથી એક શાં ઊર્ધ્વ તે પ્રત્યક્ષ થતાં જતાં
ગૂઢ સદ્‌ગુરુની શક્તિ પિછાનાતી જતી તદા. ૨૭૩-૨૭૪

જીવને સદ્‌ગુરુ પોતે કેટલો પ્રાણવાન છે !
**एनामां** લાગતાં ઊંડું તારતમ્ય ઊગે જ છે,

ઊતરાતાં ઊંડું ઊંડું વધુ ને વધુ ત્યાં ઊંડે,
રહસ્યો ગૂઢમાં ગૂઢ છતાં થતાં જણાય છે. ૨૭૫-૨૭૬

એકને એકનું ઊંડું વિચારવાનું થાય જે,
તેમાંથી ઊગતું લાગ્યું જે કૈં સ્પર્શી ગયેલ છે !
સ્પર્શના તણખાથી તે ભડકો અંતરે થયો,
જિજ્ઞાસાગ્નિ શું તેનાથી શો ભડભડતો જલ્યો ! ૨૭૭-૨૭૮

ઊંડામાં ઊંડી તે ભક્તિ લાગ્યાથી અંતરે ખરી,
પારખું સાચું પોતાનું પ્રીછવાનું મળે સહી,
સદ્‌ગુરુની કરુણાની શક્તિ કેવી પ્રચંડ છે !
ત્યારે ખરેખરી હૈયે સહજ પરખાય તે. ૨૭૯-૨૮૦

ઊંડામાં ઊંડું હૈયામાં ઊતરાયાં જતાં ખરું,
ખૂલવા માંડતું ત્યારે સત્ય છુપાયેલું ઊંડું,
સુવાસ સ્પર્શનો સાચો થવા જ્યાં લાગતો જ છે,
ધસમસતું કેવું તો વહેવાનું થયા કરે ! ૨૮૧-૨૮૨

બુદ્ધિ ગણતરીવાળી જેમાં તેમાં બધાં વિશે
-જેની ચાલ્યા કરે ઝાઝી વિચારે તે પ્રમાણ જે,
વિચારીને વિચારીને વિચારે તર્ક યુક્તિએ,
આવાએ હજી ભક્તિમાં પગ માંડ્યો નથી ખરે. ૨૮૩-૨૮૪

પ્રસંગ આવતાં ખૂબ વિચારો ઊભરાય છે,
ચારેબાજુતણું જેમાં વિચારોથી ડુબાય છે,
મતાગ્રહો, મડાગાંઠો, સમજણો સમ્યાં ન છે,
તેમને ભક્તિનો રંગ હજુ લાગ્યો નથી હૃદે. ૨૮૫-૨૮૬

સ્વયંસ્ફુરિત ભાવેથી વિચારો કૈં થયા વિના
-આપમેળે ઊગી આવે તે સમજવી પ્રેરણા,
તર્ક પરંપરા જેમાં વિચારોની પરંપરા
-ઊગેલાં મુદ્દલે ના છે, તે જાણો યોગ્ય પ્રેરણા. ૨૮૭-૨૮૮

રંગાવું હોય ભક્તિમાં તો ભાવને મહત્ત્વ દો,
ભાવ ગાઢ થતાં મેળે પ્રેરણા સ્ફુરશે જ તો,
ઝાઝું વિચારવાની કે વાગોળવાની ટેવને
-શ્રેયાર્થીએ મૂકી દેવી ઘટે, યોગ્ય થવા હ્રદે. ૨૮૯-૨૯૦

સેવતાં સેવતાં ઊંડી ભક્તિથી સદ્‌ગુરુ હ્રદે,
મંડ્યા ર્‌હેવાથી ખંતેથી એકધારા જ તે વિશે !
બઢતાં બઢતાં ભાવ એકાગ્રતા ઊંડે ઊંડે
-પ્રસરાતી જતાં, હાર્દ સદ્‌ગુરુનું પમાય છે ! ૨૯૧-૨૯૨

સદ્‌ગુરુ ખાણના જેવા ખોદો જેમ ઊંડું ઊંડું,
માણેક, રત્ન ને હીરા મળતા ત્યાં જતા જ શું
!
જાણકારી વિના કિંતુ યદ્વાતદ્વા રીતે કર્યે,
ઊડઝૂડિયું જે તે કૈં, તો તો પત્તો ન ખાય છે. ૨૯૩-૨૯૪

સાંયોગિક પ્રસંગો શા ચેતેલાને જ જીવને
-પ્રગટે છે શું શક્તિના અસ્તિત્વને પ્રમાણવા !
જેમને દિલ છે ભક્તિ લાગેલી તેમને જ તે
-લાગે પ્રત્યક્ષ, બાકીના મૂળા ધોયેલ જેમ છે. ૨૯૫-૨૯૬

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૭ : મનાદિમાં સદ્‌ગુરુ ધારો

(અનુષ્ટુપ)

મનાદિમાં વસેલા જો સદ્‌ગુરુ નવ હોય છે,
સદ્‌ગુરુ માટ જો હૈયું તમારું દ્રવતું ન છે,
ને ચોવીસે કલાકોમાં સદ્‌ગુરુ દિલ જો ન છે,
સદ્‌ગુરુ તો પછી કર્મ પોતે કરે કઈ રીતે ? ૨૯૭-૨૯૮

સંસાર માટ હો સ્વાર્થ, સ્વાર્થ જો તેટલોય તે
-સદ્‌ગુરુ અર્થ હૈયે જો ખરેખરો વસેલ છે,
તોયે કૈં એટલાથીયે મોકળાશ મળે તહાં
-**एवाने** કરવા કર્મ ઊંડે અવતરી હૃદે. ૨૯૯-૩૦૦

**एवाने** ટકવા કાજે ભૂમિકા આપણી ન છે,
**एने** સંભારવાનું કે વિચારવાનું જો ન છે,
ભીંજાતા દિલથી **एवो** યાદ જો આવતો ન છે,
સદ્‌ગુરુ તો પછી પોતે કરે કર્મ કઈ રીતે ? ૩૦૧-૩૦૨

પ્રાણાર્પણ કરી દેવા હૈયે ઉમળકો ન છે,
ને મરી ફીટવા, પ્રાણ જેના તો તલસે ન છે,
હૈયે તત્પરતા જેને લાગી છે ના ખરેખરી,
સદ્‌ગુરુ પછી એવામાં કરે કર્મ કઈ રીતે ? ૩૦૩-૩૦૪

આપણે ઊઠવું જો ના, બેઠું થવું ન આપણે,
આપણે ચાલવું જો ના, પછી સદ્‌ગુરુ શું કરે ?

તમારામાં ન જિજ્ઞાસા ચેતેલી સળગેલ છે,
પછી **एने** બૂમો ખાલી પાડવાનો ન અર્થ છે. ૩૦૫-૩૦૬

તમારી બૂમમાં ક્યાં છે, પ્રાણ સળવળતા જરા ?
સદ્‌ગુરુ અર્થ હૈયે ક્યાં બળતી ઝંખના જ છે ?
રોજ તો કેટલી વાર ઝંખના સદ્‌ગુરુની છે ?
છતાં શાં ફાંસીએ **एने** કાં લટકાવતાં છીએ ? ૩૦૭-૩૦૮

સંઘર્યો સદ્‌ગુરુને તો ના ખપ જેટલોય તે,
ગજવામાં ન રાખ્યો છે, તકેદારીથી **एहने**,
આપણું વૈતરું જે તે કરાવા પછીથી તમે
-શું **एनी** પાસ ઈચ્છો છો ? તપાસજો વિચારી તે. ૩૦૯-૩૧૦

સદ્‌ગુરુ પાસથી લેવા કામ, તમારું દિલ છે,
ગરજ તો પછી કાં ના તમારે દિલ ઊગી છે ?
ગરજ, રસ લાગેલાં પોતે બોલી ઊઠે જ તે,
રસ વિનાનું તો જે તે સૌ ફિક્કુંફસ લાગશે. ૩૧૧-૩૧૨

આપણે કામ લેવું હો જો કૈં સદ્‌ગુરુ પાસથી,
તો પછી સદ્‌ગુરુને ના કાં વળગેલ દિલથી ?
તમે જો વળગેલાં હો તો વારંવાર સદ્‌ગુરુ
-મનાદિમાં ઊગેલા **ते** જણાયા વિણ ના રહે. ૩૧૩-૩૧૪

'રોજબરોજની જે કૈં દિનચર્યા તમારી હો,
કેટલો સદ્‌ગુરુનો ત્યાં રાખ્યો સાથ' વિચારજો,
લેવાદેવા વિના કૈંયે માર્યા ગોદા અનેક છે
-સદ્‌ગુરુને તમે કેવા ? સદ્‌ગુરુ પછી શું કરે ? ૩૧૫-૩૧૬

આપણું તેવું હોવા તે છતાં, તે તે બધું નર્યું
-સદ્‌ગુરુ સંઘરી રાખે પોતે તેમાંનું ના કશું,
તમે જો ના સ્વીકાર્યો છે, સદ્‌ગુરુને જરા કશો,
તમારું તો થવા કર્મ પછી ઈચ્છવું વ્યર્થ સૌ. ૩૧૭-૩૧૮

તમારી ખેવના જો ના કશી કૈં સદ્‌ગુરુ વિશે,
મનાદિમાં રમે છે ના સદ્‌ગુરુ જીવતા કશે,
સદ્‌ગુરુ માટ હૈયામાં હર્ષ ઊછળતો ન છે,
છતાં કર્મ તમારું **તે** કરે, ઈચ્છવું વ્યર્થ છે. ૩૧૯-૩૨૦

જેને આધાર છે બાહ્ય વાતાવરણની પરે,
તેવાને પછી તો કર્મ હૈયાનું કેમ જાગશે ?
સંજોગોમાં ગમે તેવા છતાં, જો કો' મથ્યાં જશે,
ફાવવાના જ તેવા તો **आज** કે **काल** નિશ્ચયે. ૩૨૧-૩૨૨

બેઠા છે ત્યાંથી સ્હેજેય જેને ના ખસવું જ છે,
જ્યાં છે ત્યાંથી ઊઠી આઘું જેને જવા ન દિલ છે,
પોતે જ્યાં છે, તહીં ને ત્યાં રહી જો કૈં થતું જ છે,
તો તો ભલે થતું તે છો, ચહે એવું ઘણાક તે. ૩૨૩-૩૨૪

બ્રહ્માંડનું છુપાયેલું લીલા રહસ્ય અંતરે,
બુદ્ધિથી જાણવાથી, દી વળવાનો કશો ન છે,
ભક્તિ લાગ્યા વિના હૈયે કશું ના ચોંટવાનું છે,
સદ્‌ગુરુને રીતે તેવી વળગવાથી સાર છે. ૩૨૫-૩૨૬

તમારું દિલ ચોંટ્યું છે, જો ના સદ્‌ગુરુ વિશે,
પૂરેપૂરો તમારામાં સદ્‌ગુરુ જો રહ્યો ન છે,
સદ્‌ગુરુની પરત્વેનો પ્રેમાગ્નિ સળગ્યો ન છે,
પછી સદ્‌ગુરુ શી રીતે આપણામાં પ્રવેશશે ? ૩૨૭-૩૨૮

અમસ્થાયે વિચારોમાં સદ્‌ગુરુ ઝબકે ન જો,
થતાં ઉલ્લેખ જ્યાં **તેનો** હર્ષ આવેશ ના કશો,
સદ્‌ગુરુમાં પરોવાયા વિના અંતરમાં ઊંડે,
કર્મે વિકાસનો વેગ આવવાનો કદી ન છે. ૩૨૯-૩૩૦

જાગીને લાગવું પૂરું જેનાથી લેવું કામ છે,
ખાઈખપૂસીને લાગ્યા વિના, કશું ન થાય છે,
મંડેલા ખૂબ ર્‌હેવાથી નિશ્ચયે, દૃઢતાથી તે,
સદ્‌ગુરુ સ્‌હાય પ્રત્યક્ષ ત્યારે વર્તાય અંતરે. ૩૩૧-૩૩૨

જેનાથી છે કમાવાનું જેની ખાતરી પાકી છે,
તેથી વળગી ર્‌હેવાનું બન્યું છે સ્વાર્થ કારણે,
માત્ર તે સ્વાર્થને લીધે સદ્‌ગુરુમાં ખરેખરું
-લાગેલા રહીને પૂરા સધાયાં ત્યાં જશે રૂડું. ૩૩૩-૩૩૪

જેમણે જેમણે ભક્તિ થકી સેવ્યા શ્રીસદ્‌ગુરુ,
ધ્યેયની સિદ્ધિને અર્થે જેણે સેવ્યા શ્રીસદ્‌ગુરુ,
કેવાં કૃપાથી પામ્યાં છે સુફળ ગુરુપાદનું,
ભાવ અખંડ એકાગ્રે થતાં કેંદ્રિત, સૌ ફળ્યું. ૩૩૫-૩૩૬

હૈયાની ભાવભક્તિથી સદ્‌ગુરુપાદ સેવીને,
સદ્‌ગુરુને હૃદે જેણે સાચવી ભક્તિ કીધી છે,
સંતોષ આપવામાં તો સદ્‌ગુરુને નિચોવીને
-પોતાના પાથર્યા પ્રાણ, તેવો ભાવ ખરો રળે. ૩૩૭-૩૩૮

આપણા પરનો ઊંડો રાજીપો સદ્‌ગુરુતણો
-કેટલો કેટલો બક્ષે પ્રસાદ દિલ **ગુણનો** !
સદ્‌ગુરુના જ સંતોષે પ્રસન્નતા શી પાંગરે !
ઊડવા પાંખ આકાશે કૃપાથી ઊગી જાય છે. ૩૩૯-૩૪૦

સાધના ભક્તિના ભાવે વિકસતી જતી શી તે !
ઠામને ઠામ બેસાડી રાખે કદી ન ભાવ જે,
જેમાં તેમાં ઊંડે ઊંડે ભાવ શો પ્રસર્યા કરે !
સદ્‌ગુરુનો ઊંડો કેવો ખરેખરો પ્રભાવ તે ! ૩૪૧-૩૪૨

જીવન બઢતું ર્‌હે છે, સેવાભાવ પ્રભાવથી,
સદ્‌ગુરુના પ્રતાપેથી ઊંડો ભાવ વહ્યા કરે,
જીવન ખીલતું ર્‌હેતું ભાવપુષ્પ સુવાસથી,
જીવન ખીલવા ભાવ ખાસ મહત્ત્વનો સહી. ૩૪૩-૩૪૪

અપાર વ્‌હાલ હૈયાનું આપણું સદ્‌ગુરુ પરે
-નદીના પૂરની પેઠે જ્યાં ઊભરાતું હોય છે,
ત્યારે સદ્‌ગુરુનો ભાવ આપણા પર થાય છે,
બંનેના ભાવનો મેળ થતાં, યોગ્ય ફળે જ છે. ૩૪૫-૩૪૬

મળી, ગળી થતાં **एक** એનો પ્રભાવ જે પડે,
તેથી શું પલટાયે છે, જે કૈં **जीवदशानुं** તે,
તેમાં ગળી જવાતાં તો જ્યારે **एक** થવાય છે,
ત્યારે પ્રકૃતિ પોતાનો છોડે છે કબજો મૂળે. ૩૪૭-૩૪૮

શ્રીસદ્‌ગુરુની શક્તિની સેર જે ભાવનાની છે,
તેનાથી જ્યાં ભીંજાવાનું થતાં, શું ફળ નીપજે !
અનુભવ વિના તેનો ખ્યાલ ના કોઈને ઊગે,
સદ્‌ગુરુ સેવતાં ભાવે શક્તિ લાગે અનુભવે. ૩૪૯-૩૫૦

સદ્‌ગુરુ શક્તિ પ્રત્યક્ષ એ ના ગપ્પાંની વાત છે,
અનુભવી પ્રયોગોથી જીવને મ્‌હાલી જાણી છે,

વેદનાકારી રોગોથી ભરેલું **આ** શરીર છે,
સ્વસ્થતાથી છતાં એને ટકાવે છે જ શક્તિ **તે**. ૩૫૧-૩૫૨

સદ્‌ગુરુ દિલમાં જેને રમે છે જ્યાં નિરંતરે,
**આજ** કે **કાલ** એવાને રહેતી નવ તે ખરે,
થવાપણું ન એને છે, પછી ક્યાંયે કશુંય જે,
અખંડ ચિંતવને લાગુ રહેલો મુક્ત નિત્ય તે. ૩૫૩-૩૫૪

રોજબરોજની જે તે પ્રક્રિયા સર્વ જે બને,
નિવેદ્યાં કરવાકેરો અભ્યાસ પાડવાથી જે,
થતાં અભ્યાસ તેવો તે જીવંતો જીવને યદા,
કેવો હાર્દિક સંબંધ કેળવાતો જતો તદા ! ૩૫૫-૩૫૬

ખાલી ખાલી નકામા તે સદ્‌ગુરુ કરવાતણો
-જીવનમાં રહેતો ના કશો અર્થ મહત્ત્વનો,
સદ્‌ગુરુ જો કરેલા છે, કિંતુ દિનચર્યા વિશે
-જેની યાદ ન જાગે છે, મિથ્યા કર્યા પ્રમાણજે,
કદીક યાદ જાગે છે, કિંતુ જેમાં ન પ્રાણ છે,
ને તેવી યાદમાં ઊંડી ઉષ્મા લાગણીની ન છે,
સદ્‌ગુરુ દિલ તાદૃશ જે યાદે કૈં થતા ન છે,
તો તેવી યાદ મિથ્યા છે, શ્રેયદાયી ન જીવને. ૩૫૭-૩૬૦

પ્રેમભક્તિથી **એનું** જે શબ્દેશબ્દ કહ્યું કરે,
ત્યારે સંતોષ **એવાનો** આપણી પર વર્ષશે,
રાજીપો પૂર્ણ હૈયાનો **એનો** જ્યાં મેળવાય છે,
ઉત્સાહ, પ્રેરણા, જોમ અંતરે ત્યાં પ્રકાશશે. ૩૬૧-૩૬૨

**एना** હુકમ, આજ્ઞાને પ્રેમભક્તિથી ઝીલીને,
એને આચરવામાં શો, પ્રેમનો ધોધ ઊછળે !
આચરવા વિશે તે તે જેની સભાનતા હૃદે
-છે સદ્‌ગુરુની જીવંતી, તેનું કર્મ સધાય છે. ૩૬૩-૩૬૪

થવાતાં ચેતનાનિષ્ઠ સદ્‌ગુરુ સમકક્ષ તે
-મેળે બની જતો શો **તે** ! બંને વિશે ન ફેર છે,
છતાં આદર ભક્તિનો ભાવ, કાયમ જીવતો
-શ્રીસદ્‌ગુરુની પ્રત્યેનો, ટકે છે દિલ નિત્યનો. ૩૬૫-૩૬૬

સદ્‌ગુરુને જ પોતામાં પોતાના અંતરે ઊંડા
-જીવતા જાગતા પૂર્ણ કરે, તે જીવતા ભલા. ૩૬૭

જે તે સૌ ખપમાં લેવાતણો અભ્યાસ જીવતો
-પાડ્યા કેવો કરેલો છે, સાધવા હેતુ અર્થ શો ! ૩૬૮

સૌ ઉપયોગ અર્થે છે, ઉપયોગ વિના કશું
-એમનું એમ ક્યાંયે કૈં જીવનમાં કર્યું ન છે. ૩૬૯

છે ઉપયોગમાં હેતુતણું તે ભાન જીવતું,
જ્ઞાનભાવે સધાતાંમાં ભાનમાં જ્ઞાન ઊગતું. ૩૭૦

સૌ કર્યાંકારવ્યાં વિશે ઉપયોગનું લક્ષ તે
-ધરાવાને મથાયું છે, સાધનામાંય એ રીતે. ૩૭૧

શું ઉપયોગને જ્ઞાન તેથી તો કથેલ છે,
પ્રાપ્ત સૌ કર્મમાં કેવો સધાયો ઉપયોગ છે ! ૩૭૨

શી ઉપભોગમાં પૂરી સંપૂર્ણ તે ગુલામી છે !
ને ઉપયોગમાં કેવું સ્વામિત્વપણું કૈંક છે ! ૩૭૩

તેમ થયા જવાથી તો સાધનામાં ઊંડે હૃદે,
જ્ઞાનભાવ સ્ફુરેલો છે, હેતુ એવો ધર્યા કર્યે. ૩૭૪

'ઉપયોગતણું સ્પષ્ટ ચોક્કસ ભાન તો હૃદે,
પ્રભુપ્રીત્યર્થના ભાવે સાધના કર્મમાં ઊંડે
-કેવું જાગ્યાં કરેલું છે !' અભ્યાસનો પ્રતાપ તે. ૩૭૫

શ્રેયાર્થી જે કૃપાથી છે, મથનારો ખરેખરો,
તે તો મહત્ત્વ આપે છે, જેમાં તેમાં બધા વિશે
-ચેતનાને ઊંડી ભક્તિભાવે લળી સ્તવી પદે,
કિંતુ એમાં છતાં એનું પુરુષાતન ઑર છે. ૩૭૬-૩૭૭

અલગ એવું પોતાનું કશું તે માનતો ન છે,
જે તે બધું થતું હોય તે તો **एनाथी** થાય છે,
દૃઢ પ્રતીતિ હૈયે તે ભાવે દૃઢાવતો રહે,
એવો અભ્યાસ જીવંતો ધારે તે ભાવપૂર્વકે. ૩૭૮-૩૭૯

સાધના સાધવા અર્થે એકાશ્રય મહત્ત્વનો,
કોઈ પાસે જવાનું ના એવો એનો ન અર્થ છે,
કિંતુ જ્યાં જ્યાં જવું થાય ત્યાં ત્યાં **एकनी** ધારણા
-ચેતનાત્મક ધારીને જવું, જ્યાં યોગ્ય લાગતાં. ૩૮૦-૩૮૧

'વિકાસ યોગ્ય સંપૂર્ણ **एनी** સમગ્રતા વિશે,
ને એની પાર તે ક્યાંયે પૂર્ણ વિકસવાનું છે,'
એવું અનુભવાતાં તે ભૂમિકા જીવને જહાં,
પરિપક્વ થતી પૂર્ણ ત્યારે જાણવી સાધના. ૩૮૨-૩૮૩

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૮ : કરો પ્રકૃતિ રૂપાંતર

(અનુષ્ટુપ)

જીવને જીવવાકેરું ધારાધોરણ સર્વ જે
-પડેલું, તેમ રાખીને, શકો મેળવી કૈં ન તે,
સમજણો અને ટેવો, પૂર્વગ્રહો, રિવાજ સૌ
-મડાગાંઠો વગેરે તે તોડવાનું ન દિલ જો,
સદ્‌ગુરુ તે પછી ખાલી માનવું બધું વ્યર્થ તે,
શુક્કરવાર તેથી તો વળવાનો કશો ન છે. ૩૮૪-૩૮૬

'ઊલટાયેલું મૂળેથી **જીવ**સ્વભાવથી જ જે,
સદ્‌ગુરુ ચેતનારૂપ' પામે છે એવું જે ધરે. ૩૮૭

જીવનધ્યેય હેતુથી હૈયાની જ્ઞાનભક્તિથી,
સદ્‌ગુરુમાં વસે ઊંડો, થતો તદ્રૂપ દિલથી. ૩૮૮

ચેતનભાવ શક્તિનો ગુરુ તેજસ્વી પિંડ છે,
થતાં સૌ કર્મને વિશે ધારણા **એની** ધારજે. ૩૮૯

કર્મઠ રીતથી કર્મ આચરવાં ન યોગ્ય છે,
જીવંતી ધારણા કર્મે સદ્‌ગુરુ ધારતાં, ફળે. ૩૯૦

'કર્મ, ગુરુની તે પૂજા, ગુરુનો ભાવ, કર્મ છે,
કર્મ સમર્પવાર્થે તે, ગુરુના પ્રાણ, કર્મ છે',
કર્મમાં ધારી તે રીતે ધરી તે ધારણા હૃદે,
જીવને અધિકું નૂર જન્મે છે મસ્ત ભક્તિએ ! ૩૯૧-૩૯૨

ભાવસાંકળ હૈયામાં ધરે સદ્‌ગુરુ ભક્તિથી,
સદ્‌ગુરુ સાથ તાદાત્મ્ય રાખે, બઢે શું ભક્તિથી ! ૩૯૩

મોહ નષ્ટ થતાં પૂર્ણ બુદ્ધિની શી પવિત્રતા
-ખીલવા માંડતાં કેવું પરિણામ થતું મહા !
શ્રીસદ્‌ગુરુ કૃપાથી તો બુદ્ધિની શુદ્ધતા થતાં,
ત્યારે તે બુદ્ધિ જે કામ આપે મહત્ત્વનું મહા. ૩૯૪-૩૯૫

તાટસ્થ્ય, સમતા, સાક્ષી પછીથી જન્મતું હૃદે,
ભક્તિથી દિલ તાદાત્મ્ય સંપૂર્ણ જાગી જાય છે. ૩૯૬

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૯ : કેળવો સદ્ગુરુતણો રાજીપો

(અનુષ્ટુપ)

સદ્ગુરુ રીઝવ્યા જેણે પ્રેરી સંતોષ તેમને,
જીવન ભક્તિ નિષ્ઠાથી સેવા તે એકધારી જે,
શ્રીસદ્ગુરુ થતાં રાજી બેડો શો પાર થાય છે !
મારો બેટો થતો કેમે ના એકદમ રાજી તે,
નીકળી દમ શો જાય સંતોષાતો ન તોય જે !
સદ્ગુરુની પરત્વેનો એકાગ્ર ભાવ કેંદ્રિત
-થતાં સંપૂર્ણ ભક્તિથી **એને** સંતોષ શો દિલ !
ત્યારે શ્રેયાર્થીનું કામ શું પરિપક્વ થાય છે !
ફળાવે સદ્ગુરુ કર્મ ત્યારે જીવનનું પદે,
ખરેખરું થતું ત્યારે જીવ્યું સાફલ્ય સૌ ખરે. ૩૯૭-૪૦૧

જે પુરુષાર્થના ઠેલા થકી ઠેલો કૃપાતણો
-શ્રીસદ્ગુરુતણો કેવો ચઢિયાતો ખરેખરો,
'પુરુષાર્થ ઘટે હોવો માથું વધેરવાતણો',
તાલાવેલી થતાં એવી કૃપા પ્રત્યક્ષ તુર્ત તો. ૪૦૨-૪૦૩

સદ્ગુરુમાં ગળે પૂર્ણ તેનું તો સર્વ **તે** કરે,
તેનો પ્રેમથી સૌ ભાર, સદ્ગુરુ તો ઉપાડશે. ૪૦૪

વિચારવાનું તે વિશે ત્યારે કશું ન હોય છે,
પ્રેરણાભાવથી સૂક્ષ્મ રીતે જે તે થતું જ છે. ૪૦૫

સંપૂર્ણ સદ્‌ગુરુમાં હો ભળવા, ગળવાતણો
-એકલો શો પુરુષાર્થ આપણે હાથ તો રહ્યો,
આધારનો પૂરેપૂરો લેવાઈ કબજો જતાં,
પછીથી ચેતના પોતે એવાનું સૌ કરે તદા. ૪૦૬-૪૦૭

ભળી, ગળી ગયા કેડે સદ્‌ગુરુમાં હૃદે ઊંડું,
જીવનનું ખરું ઊંડું કર્મ ત્યાંથી શરૂ થતું,
લગાતાર થતાં ધ્યેયે એકાકાર થતાં પૂરું,
ખરેખરો જ સાચો ત્યાં લાગે છે ખપ સદ્‌ગુરુ. ૪૦૮-૪૦૯

ભાવ સદ્‌ગુરુમાં જ્યારે જાગેલો છે ખરેખરો,
શો પરિચય ઊગે છે, ત્યારે સદ્‌ગુરુ શક્તિનો !
સદ્‌ગુરુને પછીથી તો વળગી રહેવું સહેલ છે,
**एना** પ્રત્યેની ભક્તિથી **एनी** સોબત નિત્ય છે. ૪૧૦-૪૧૧

દાનત શીખવાકેરી કેટલી કેવી ઊગી છે !
આપમેળે જણાયા તે વિના કેમ રહી શકે !
ખાલી વળગવાથી તો સદ્‌ગુરુને ન કૈં વળે,
શી ભક્તિ લાગતાં પૂર્ણ ગુરુની ! સૌ સધાય છે. ૪૧૨-૪૧૩

હૈયે શ્રીસદ્‌ગુરુકેરી ઊંડી શી ભક્તિ લાગતાં !
શાં પ્રત્યક્ષ પરિણામ જીવને વરતાય ત્યાં !
વૃત્તિ જો સ્ફુરતી તે છે, તેનીય ગતિ થાય છે,
તો પછી ભક્તિ શું લૂલી કે પ્રવાહે ન તે વહે ? ૪૧૪-૪૧૫

સંતોષ આપવો પૂરો સદ્‌ગુરુને હૃદે ખરો,
‘જેવા તેવાનું તે કામ નથી’, નિશ્ચય જાણજો,

હૈયામાં સ્વાર્થ લાગેલો કેટલો તીવ્ર તે વિશે,
વર્તન પરથી જે તે પરખાઈ ખરું જશે. ૪૧૬-૪૧૭

લાગતાં ભક્તિ સંપૂર્ણ જેને કવચ ભક્તિનું,
*મોહામણા પ્રસંગોથી ર્‌હે ના ડર પછી કશો,
સ્થૂળ કવચ હો પૂરું મજબૂત છતાંય તે
-કદીક શું ઘવાયે છે ! ભક્તિનું તેવું ના જ છે.
સદ્‌ગુરુમાં પૂરેપૂરો જે રંગાયેલ ભક્તિથી,
તેવો નિશ્ચિંત સંપૂર્ણ સંસારે સહુ વાતથી. ૪૧૮-૪૨૦

ધ્યેય જીવનનું ધારી સદ્‌ગુરુ શરણું હૃદે
-ભક્તિથી જેમણે સેવ્યું, તેવા પાર પડ્યા જ છે,
દાખલા કેટલા એવા પ્રત્યક્ષે વર્તમાન છે,
સદ્‌ગુરુતણું માહાત્મ્ય અપાર તેથી જીવને. ૪૨૧-૪૨૨

સદ્‌ગુરુની પ્રતિષ્ઠા તો સંપૂર્ણ તે થયા વિના,
ભાવે સદ્‌ગુરુ બેસાડ્યા વિના સંપૂર્ણ દિલમાં,
સ્વીકારાયા વિના ભાવે સદ્‌ગુરુને તમો થકી,
ઊર્ધ્વ વિકાસનું કર્મ થવાનું કશું તો નથી. ૪૨૩-૪૨૪

પોતે સદ્‌ગુરુ પ્રત્યક્ષ ભાવ ત્યાં જાણતાં હૃદે
-અખંડાકાર સાકાર થતાં, તત્કાળ થાય છે,
સદ્‌ગુરુ ભાવનું પોતે નક્કર તે સ્વરૂપ છે,
જીવનને પહોંચાડે ઠામે સદ્‌ગુરુભાવ તે. ૪૨૫-૪૨૬

---

* લોભામણા

સમાજમાં શું છેલ્લામાં છેલ્લું નપાટ જીવન !
એમાંથી ઊંચી આવી છે, ગણિકા શી પ્રભુપદ !
કેટલાય મહાપાપી **હરિનાં** સ્તવને તર્યા,
સદ્‌ગુરુ એક તેમાંનો **જીવ** ખરેખરો સદા. ૪૨૭-૪૨૮

ઊતરો જેમ ઊંડા ને ઊંડા શ્રીસદ્‌ગુરુ વિશે,
ને તાલાવેલી ભક્તિની લાગેલી દિલ જો હશે,
ભળતાં, ગળતાં ત્યારે ફુવારો ભાવ ફૂટશે,
ત્યારે સમાધિ આનંદ અગાધ મસ્ત ફાલશે. ૪૨૯-૪૩૦

**શ્રીહરિની** કૃપા કેવી અમર્યાદ, અનંત છે !
હોવા છતાં શી પ્રત્યક્ષ ! તેમ વર્તાતી તે ન છે,
ઊલટા લોક તો ગપ્પાં એને ગણે ખરેખર,
કિંતુ લાગેલી છે ભક્તિ તેને સાક્ષાત મૌલિક. ૪૩૧-૪૩૨

સ્થૂળ રીતે વિખૂટોયે સદ્‌ગુરુ છો પડેલ હો,
છતાં **એના** સમો બીજો વફાદાર ન કોઈ તો,
**તે** હો સાથે ન દેખીતો, છતાં સાથે જ હોય શો !
સંકળાયેલ જો **તે** છે, એક વેળા ખરેખરો,
કદી કાળ પછી છૂટો **તેવો** ના પડી જાય છે,
અજાણતાંય સંબંધ **એનો** તો સૂક્ષ્મ હોય છે. ૪૩૩-૪૩૫


તોડી નાખ્યો ભલે હોય **એનો** સંબંધ આપણે,
છતાં **તે** તોડી નાખે ના સંબંધ આપણો હૃદે,
**તેનો** સંબંધ બાંધેલો તે અકબંધ અંતરે
-રહેતો હોય છે છાનો, લાભદાયી પરંતુ તે. ૪૩૬-૪૩૭

• • •

હરિ:ૐ

## ખંડ - ૯

# સાધક પ્રત્યે ગુરુપ્રક્રિયા



સદ્‌ગુરુ શો પહોંચે છે, ઊંડા અંતર દેશમાં,
અવતરી ઊંડે ઊંડે, અસર **એની** ઓર ત્યાં.

॥ હરિઃૐ ॥

## અધ્યાય ૧ : ગુરુશક્તિ

(અનુષ્ટુપ)

જામતાં જામતાં ભાવ પ્‌હોંચતાં ઉચ્ચ શિખરે,
સદ્‌ગુરુ સાથનું ઐક્ય જીવન પલટાવશે. ૧

સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે તત્ત્વ તેને તો ઉપસાવવા,
નિમિત્ત સદ્‌ગુરુ પોતે કૃપાસ્પર્શે ફળાવવા. ૨

સૂર્યથી પણ બીજો કો ચઢિયાતો શું સૂર્ય છે !
પ્રકાશ કિંતુ ફેલાવા શક્તિ તે એની એ જ છે,
જીવને સ્થૂળની શક્તિ કરતાં, સૂક્ષ્મ દિવ્ય છે,
શી સ્થૂળમાંની શક્તિથી ફેરફાર બધા બને ! ૩-૪

સ્થૂળ ને સૂક્ષ્મમાં કર્મ પ્રત્યક્ષ વર્તમાનમાં
-કરાવવાતણો, શક્તિ કૃપાનો છે પ્રયોગ **આ**,
સદ્‌ગુરુ ચેતનાશક્તિ **જીવના** સહકારથી,
સ્થૂળમાં દિવ્ય શક્તિનો ઝબકારો થતો વળી. ૫-૬

છે સદ્‌ગુરુનું કર્તવ્ય પ્રવેશવાનું અંતરે,
શાં બારે દ્વાર તાળાં છે ! પછી પેસે કઈ રીતે ?
મથીએ અંતરે કેવું ધ્યેયમાં દિલ ઉત્કટ,
આપણું કેટલું કેવું ! મદાર સર્વ તે પર. ૭-૮

સદ્‌ગુરુમાં હૃદે માત્ર ભાવપ્રકાશ નિત્ય છે,
છે ભાવ એ જ તે માત્ર જીવન સદ્‌ગુરુનું તે,

દ્વંદ્વાતીત, ગુણાતીત, સંસ્કારાતીત ભાવ છે,
ભાવ તો ચેતનાનું તે દેશદર્શન દિવ્ય છે. ૯-૧૦

સ્થૂળમાં છે અણુ છૂપા દેખાતા તે ભલે ન છે,
તેના અસ્તિત્વની કિંતુ કો'થી પડાય ના ન જે,
તે અણુમાં રહેલી છે, ગૂઢ શક્તિ ખરેખરી,
કૂટસ્થ તેવી રીતે તો ચેતનાશક્તિ મૂળ શી ! ૧૧-૧૨

એવો સદ્‌ગુરુ કૂટસ્થ પોતે ના ઓળખાય છે,
તેના પરત્વની ભક્તિ જાગંતાં વ્યક્ત થાય છે. ૧૩

અનેક રીતનાં **एने** નિમિત્ત સૌ પ્રકારનાં,
તેમાં તેમાં જ તે રીતે **ते** તેમ ભળતો સદા. ૧૪

શ્રીસદ્‌ગુરુતણા જેવી બિરાદરી ન કોઈની,
સાથ આપ્યો, દીધો કોલ, વજ્રલેપ બરાબરી,
છેડો તો ફાડી નાખીએ **एनो** શો આપણે કદી !
કિંતુ ફાડી ન નાખે છે, છેડો **ते** આપણો વળી. ૧૫-૧૬

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૨ : ગુરુપ્રક્રિયા અને ભક્તિ

(અનુષ્ટુપ)

અનેક રીતથી **ए** તો પેલાને જાણી લે હૃદે,
**ते** રણકાર દેતો જ્યાં સિક્કો સાચો જણાય છે !
ત્યારે તો કેટલા વેગે સદ્‌ગુરુ દોડીને હૃદે
-એવાને ચાંપી લેવાને ઉત્સાહી શો અપાર છે ! ૧૭-૧૮

સદ્‌ગુરુની પરીક્ષામાં થવું પસાર દોહ્યલું,
ઉત્કટ છે તમન્ના જ્યાં તેને ના અઘરું કશું,
થઈ પસાર જે જાય એમ સદ્‌ગુરુ દૃષ્ટિમાં,
નૂતન જીવને પોતે જન્મે તે અવતારમાં. ૧૯-૨૦

વળગ્યા હેતુ અર્થે જે તે હેતુને ફળાવવા,
માધ્યમ સદ્‌ગુરુ પોતે યોગ્ય શ્રેષ્ઠ પ્રકારના,
લાગ્યાથી ભક્તિ જે તે-નું હાર્દ યોગ્ય પમાય છે,
ઊંડામાં ઊંડું ભક્તિથી અંતરે ઊતરાય છે,
શક્તિનું કેંદ્રબિંદુ છે, ગૂઢ સદ્‌ગુરુ હાર્દ જે,
પ્રવેશાયા વિના એમાં કૈં પમાય ન અંતરે. ૨૧-૨૩

શ્રીસદ્‌ગુરુમહીં ભક્તિ જ્યારે લાગી જતાં ઊંડી,
ત્યારે શરીર તે માત્ર હોતું સદ્‌ગુરુનું નથી,
ભલે શરીર અસ્તિત્વ છતાં ત્યાં ભાવ માત્ર છે,
વાંધા ને વચકા ત્યારે પ્રકૃતિના ન હોય છે. ૨૪-૨૫

અંતરે ભાવ પ્રેરાતાં શ્રીસદ્‌ગુરુ વિશે હૃદે,
અખંડાકાર જેમાં ને તેમાં પ્રસ્થાપિત થતે,
ભાવનો ભાવ શો ઊંડો સંબંધ ભાવથી થતાં,
શા શ્રીસદ્‌ગુરુ સંપૂર્ણ દેહરૂપે મટી જતા ! ૨૬-૨૭

શ્રીસદ્‌ગુરુની સંપૂર્ણ ભાવનાને જ લાયક
-યોગ્ય પાત્ર થવાનું છે, આધારે જીવને પણ,
**एनी** પસંદગીમાં તો આપણે આવવાનું છે,
**एनी** સૌ યોગ્યતામાં તો હૈયે પ્રવેશવાનું છે. ૨૮-૨૯

શ્રીસદ્‌ગુરુ પરે હૈયું જ્યાં વારી વારી જાય છે,
ઉછાળો પ્રેમભક્તિનો વ્હેતો ત્યારે અપાર છે,
શ્રીસદ્‌ગુરુ વિશે જ્યારે મનાદિ જ્યાં ડૂબેલ છે,
તે વેળા સદ્‌ગુરુ પોતે ઘડે અનોખી રીતિએ. ૩૦-૩૧

સદ્‌ગુરુ કેટલા કેવા પ્રત્યક્ષ ચેતનાત્મક !
ખોળવા ના પડે **एने** લાગતાં ભક્તિ પાસ જ,
સદ્‌ગુરુ અગ્નિના જેવા દૂર હોવા છતાં ભલે,
**एनो** તો સ્પર્શ લાગે શો ! કરે શો કર્મ ત્યાંય **ते**! ૩૨-૩૩

સદ્‌ગુરુમાં પ્રતિષ્ઠા જ્યાં સંપૂર્ણ દિલ થાય છે,
કર્મ સદ્‌ગુરુનું ત્યારે થવા લાગી જતું જ છે,
પ્રતિષ્ઠા તો થવા દિલ ભક્તિ શી અનિવાર્ય છે !
કર્મનું હાર્દ ભક્તિથી ખરેખરું પમાય છે. ૩૪-૩૫

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૩ : સાધક પર આંતરપ્રક્રિયા

(અનુષ્ટુપ)

સદ્‌ગુરુ શો પહોંચે છે, ઊંડા અંતરદેશમાં,
અવતરી ઊંડે ઊંડે અસર **एनी** ઑર ત્યાં,
જો સહકાર હૈયાનો સામેનાનો જ હોય છે,
ચિરસ્થાયી પમાડી તે **एनो** સિક્કો લગાડીને
-પોતે એના વિશે પેસી, કરે કામ છૂપી રીતે. ૩૬-૩૭

ચેતેલા સદ્‌ગુરુકેરી અસર જે પડેલ છે,
લાંબા ગાળા સુધી પોતે કર્મ કર્યા કરે જ તે,
જાણમાં તે ભલે ના'વે પરિણામે જણાય છે,
શો સમાગમ **एवानो** લંબાતાં, શ્રેયકારી તે ! ૩૮-૩૯

આનંદ શો પમાડે છે, તે અનુભવ અંતરે !
એની છાપ ઊંડી ઊંડી પ્‌હોંચાડીને મનાદિને
-વળાવવા જ **तेनामां** પ્રક્રિયા શરૂ થાય છે,
અનુભવો લગાતાર થતાં એકાગ્રતા શી છે ! ૪૦-૪૧

એવા અનુભવો વેળા બાહ્ય ભાન સમૂળગું,
શું કેટલીક તે વાર લુપ્ત થઈ જતું જ છે !
પોતાના સ્થૂળનું પોતે ભૂલી શો ભાન જાય છે !
ઊતરી જાય તે ઊંડો દેશે અગમ્ય અંતરે. ૪૨-૪૩

એવી તે છાપનું સૂક્ષ્મ કાર્ય જે સૂક્ષ્મ થાય છે,
પ્રક્રિયા તે થતી ના છે, બંધ કોઈ રીતે જ તે,

અનુક્રમણિકાનું તે બહુ વેળા શું જીવને
-એવું થયાં જતાં એથી કરણો પલટાય છે. ૪૪-૪૫

પ્રકૃતિ થકી ઊંચે જે ઊર્ધ્વ કોઈ પ્રવેશ છે !
જ્યારે લાગણી તેમાં જ્યાં અતિ ગાઢ થયાં જતે,
લાગણી ભાવનાનું તે પકડે રૂપ તે પળે,
ભાવના તે થતાં ગાઢ ગાઢ, ભાવ પ્રમાણજે. ૪૬-૪૭

ભાવમાં ભાવને લીધે ભાવથી ભાવનું ઊંડે
-વાતાવરણ જામે છે, ગાઢ એકાગ્રતા થયે,
જ્યારે ત્યાં ભાવ ઘૂંટાતાં ઊંડે અગમ્ય અંતરે,
સ્ફુલિંગ જે ઊઠે ત્યાંથી, તે **અનુભવ** પ્રીછજે. ૪૮-૪૯

અનુભવો થતા રહે જે ચેતનાના શું જીવને !
તેની સમજૂતી કૈંક માત્ર મેં દર્શાવી છે,
નર્યો ઉપરછલ્લો **આ** નિર્દેશ માત્ર જાણવો,
એનાથી કૈંક તો ઊંડો ચેતનાત્મક સ્પર્શ શો ! ૫૦-૫૧

ઊંડા પડેલ સંસ્કાર ભૂંસાઈ તે ન જાય છે,
યોગ્ય કાળે જ શા થાયે ઉદયવર્તમાન તે,
એના એ જ કૂંડાળે તો, તે એના એ જ જીવને
-તે સંસ્કાર પ્રવેશાવી ઠેરના ઠેર રાખશે,
કિંતુ સદ્ગુરુ માથાનો જિજ્ઞાસાયુક્ત **જીવને**
-મથાવીને કરાવે છે, સંસ્કારો દગ્ધબીજ તે. ૫૨-૫૪

કેટલાં સાધનો કેવાં ગૂઢ સૂક્ષ્મ અનેક છે !
જુદી જુદી ભૂમિકામાં જુદાં સાધન તેમ તે,
ઊર્ધ્વ તે ભૂમિકાનું કળણ શું ભયંકર !
તે વેળા સદ્ગુરુશક્તિ પૂર્ણ લાગતી શી ખપ ! ૫૫-૫૬

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૪ : ગુરુપ્રક્રિયાનું પ્રગટીકરણ

(અનુષ્ટુપ)

ટકોરાબંધ સંપૂર્ણ આત્મવિશ્વાસ સર્જક,
જે શ્રીસદ્ગુરુમાં શો છે શ્રદ્ધાથી ચેતનાત્મક !
**તેવાને** કશી કોઈયે છે સગડગ કૈં નવ,
સદ્ગુરુશક્તિ પ્રત્યક્ષ **એવાને** કેવી સન્મુખ ! ૫૭-૫૮

સદ્ગુરુશક્તિ પ્રત્યક્ષ જ્યારે પ્રવર્તમાન છે,
ત્યારે નિશ્ચિંતતા હૈયે પ્રગટી જતી શી હોય છે !
જે તે બધું ઉકેલાતું જીવને જતું હોય છે,
એને ટકોરવું એ તો કદી કાળ પડે ન છે. ૫૯-૬૦

આશ્રય સદ્ગુરુકેરો જેને છે પ્રેમભક્તિથી,
સર્વ સંભાળ તેવાની લેવાય બધી રીતથી,
જરૂરિયાત જે જે કૈં જે જે કાળે પડ્યા કરે,
**શ્રીહરિની** કૃપા તેને ઓછું ના પડવા જ દે. ૬૧-૬૨

જીવને પડીને પાછા ઊભા થવાની શક્તિ ને
-આગળે ચાલવા શક્તિ માનવીમાં રહેલ છે,
અંધારામાં દીવો શક્તિ પેટાવવાની અંતરે,
એવું એવું ઘણુંયે તો સદ્ગુરુમાં શું ગૂઢ છે ! ૬૩-૬૪

મરેલાને કરી બેઠા જીવન જીવવા ફરી,
અંતરે મરણિયા શા બનાવે કૃતનિશ્ચયી !

શી દિશા બદલાવે છે, માનવી મુખની નરી !
જાગેલ ભક્તિ તે માત્ર પિછાણે એવી શક્તિ શી ! ૬૫-૬૬

‘હોવું સભાન સંપૂર્ણ હોવું સજ્ઞાન અંતરે’,
ગૂઢ તે કળા એવી શી સદ્‌ગુરુથી પમાય છે !
વારંવાર જગાડીને નવા દેશ અલૌકિક
-સદ્‌ગુરુ શા બતાવે છે ! એવો સદ્‌ગુરુ મૌલિક. ૬૭-૬૮


ઊંડી શી સદ્‌ગુરુમાંથી ટકી ર્‌હેવાની શક્તિયે,
હિંમત, ધૈર્ય ને શાતા આકરી વેળ સાંપડે,
સૌ ખુલ્લાપણું બુદ્ધિમાં પ્રેરાવે છે શ્રીસદ્‌ગુરુ,
એવા તે કેટલા લાભ સદ્‌ગુરુના ગણાવું હું !
(ભક્તિ જો પ્રગટેલી હો તો તો **આ** થવું સત્ય સૌ.) ૬૯-૭૦

• • •

હરિઃૐ

# ખંડ - ૧૦

# ગુરુકૃપા



શ્રીસદ્‌ગુરુ કૃપાનો તો શો **અનુગ્રહ** હોય છે !
જેને તેનો થયેલો છે, તે અનુભવ પ્રીછશે.

॥ હરિઃૐ ॥

## અધ્યાય ૧ : કૃપાપાત્રતા

(અનુષ્ટુપ)

કૃપા માગી મળે છે ના, માગવું તેવું વ્યર્થ છે,
સંબંધ જ્યાં મેળે એવો થતાં, યોગ્ય થતું જ છે,
આશીર્વાદ-કૃપા એ તો મેળે વર્ષ્યાં કરે જ તે !
એમનું એમ ક્યાંયે કૈં કશું ના મળતું જ છે. ૧-૨

કિંમત ચૂકવ્યા વિના મળેલામાં મઝા ન છે,
પાડેલો પરસેવો હો એની સુવાસ ઑર છે,
સાધનાથી પરિપક્વ થતાં, જે ભાવ સ્ફુરતો
-તે ભાવ પાત્ર છે માત્ર, થવા કૃપાની અર્થ શો ! ૩-૪

ચેતનાનિષ્ઠ સંપૂર્ણ યોગ્ય પ્રકાર હો ભલે,
કિંતુ તે ભૂમિકા યોગ્ય પાત્ર વિના કશી રીતે
-શકે અવતરાવી ના ચેતનાતત્ત્વ કો રીતે,
એવું અધ્યાત્મવિદ્યાનું ખરું વિજ્ઞાનશાસ્ત્ર છે. ૫-૬

'થયા વિના જ સંપૂર્ણ ભૂમિકા યોગ્ય કો રીતે,
તત્ત્વ અવતરે છે ના' તે જાણી લેવું નિશ્ચયે,
ઠોકંઠોકા શી ચાલે છે, જેનો પાર ન કોઈ છે !
વિજ્ઞાનશાસ્ત્રને એવા પૂર્ણ કો જાણનાર છે ? ૭-૮

સંતોષી પૂર્ણ **એવો** તો છે સ્વાભાવિક જીવને,
જેમાં તેમાં બધાંમાંયે જે મળે તેથી તૃપ્ત છે,

કામના, ઝંખના **एने** કશા પ્રકારની ન છે,
**एवाने** શી પછી ખોટ ક્યાંથી જીવનમાં પડે ? ૯-૧૦

શા કેટલાક માગે છે, કૃપા **एवानी** પાસ કૈં,
કિંતુ તેવી પળે તેવો સ્વાર્થ એને ન દિલ છે,
કૃપાને માટેનો સ્વાર્થ ને તાલાવેલી તેતણી
-જીવતી જાગતી એને દિલ વર્તાતી છે નહિ,
પોતે તે માત્ર બોલે છે, ભાવ બોલ્યા પ્રમાણનો
-સ્પષ્ટ તેવા જ આકારે છે ના ત્યાં ચેતનાત્મક,
લોકનું બોલવું એવું ભલે મિથ્યા ન હો કદી,
છતાં તેમાં કશું ઝાઝું ઊંડાણ હોતું કૈં નથી. ૧૧-૧૪

'ઉત્કટ દિલ તૈયારી **एने** મેળવવા હૃદે
-કેટલી કેવી' તે ભાળ **एने** લાગવી જોઈશે. ૧૫

તમારાં માપ ને **एनां** માપમાં શો તફાવત !
ઊલટું સૌ તમારાથી ધારાધોરણ **एहनुं**. ૧૬

તમારો સ્વાર્થ કેવો છે ! **एना** પરત્વેનો હૃદે,
ગ્રહી લેવાની અગ્નિની જ્વાળા જલતી કેવી છે !
એની પૂર્ણ રીતે **एने** પરખ હોવી જોઈશે,
પછી તમારી સાથે તે પાડશે કામ યોગ્ય જે. ૧૭-૧૮

આશીર્વાદ-કૃપાની તે **एनामां** શક્તિ પૂર્ણ છે,
કિંતુ **ते** એમની એમ વેડફી મારતો ન છે,
જેનામાં પૂર્ણ સંતોષ ભરીને પેટ થાય છે !
તેટલા માત્ર તેવાને વણમાગ્યે ચહી જ દે. ૧૯-૨૦

કૃપાને માગતાં પ્હેલાં 'માગવાનો હૃદે ઊંડો
-બંધાય દિલ સંબંધ' એ શો મુખ્ય જરૂરનો !
વિના સંબંધ કોઈની કને કશું મગાય ના,
સદ્‌ગુરુ સાથ સંબંધ ભક્તિ વિના સધાય ના. ૨૧-૨૨

આશીર્વાદ-કૃપા ઊંડી કરુણા, દિવ્ય પ્રેમની
-શક્તિ અનંતધારાઓ **एनामां** શી પ્રવર્તતી !
યદ્વાતદ્વા કદી કિંતુ વાપરી શકતો ન **ते**,
સ્વતંત્ર *નિર્ણયો તેના વિશે સ્વતંત્ર સાવ **ते**. ૨૩-૨૪

ધારાધોરણ સંસારી રીતરસમનું જ ના,
**एवाने** પછી એ રીતે પ્રીછવા જવું, યોગ્ય ના,
આગવું વર્તવાનું છે, ધારાધોરણ **एहनुं**,
કો વ્યવહારની રીતે બંધાયેલ નથી કશો. ૨૫-૨૬

સંસાર વ્યવહારોના નિયમો, નિર્ણયોથી જ
-અનોખો ને જુદી રીતે સ્વતંત્ર આગવો જ છે,
સંસાર વ્યવહારોને ઉવેખતો કદી ન **ते**,
છતાં તેમાં જ પોતાની રીતે **ते** વર્તતો શું છે ! ૨૭-૨૮

સદ્‌ગુરુમાં કૃપાશક્તિ સંપૂર્ણ સર્વ રીતની,
એમનું એમ કોઈને સદ્‌ગુરુ આપી દે નહિ,
શ્રેષ્ઠ સંતોષ, આનંદ જેના થકી અપાય છે
-સદ્‌ગુરુ દિલ સંપૂર્ણ, મેળે તેને મળે જ તે. ૨૯-૩૦

---

* નિયમો

સદ્‌ગુરુ ખાલી કૈં વેઠ કદી કોઈની ના કરે,
ગધ્ધાવૈતરું તે **એનું** કામ તો કોઈ દી ન છે,
'સ્વીકારાત્મક ને કેવા જવાબ વાળનાર છો',
સૌ મદાર પરે તે છે, જાણી લેજો જ નિશ્ચયે. ૩૧-૩૨

કશું જો કરવું ના છે, તમારું બધું કોક તે
-આપશે કરી, તે મિથ્યા માન્યતા સર્વ ધૂળ છે,
કિંતુ સદ્‌ગુરુની ભક્તિ મન ને પ્રાણ બુદ્ધિથી
-થયેલી જો હશે, તો તો છે પરિણામ આપથી. ૩૩-૩૪

સદ્‌ગુરુએ બતાવેલું મૃત્યુ આવે ભલે છતાં
-સાકાર કરીને પૂર્ણ બતલાવાનું જોમ જો,
તો પરિણામ નિશ્ચિત એમાં ના ફેરફાર છે,
કલ્પનાનું ન આમાં તો, અનુભવેલું ગાયું છે. ૩૫-૩૬

આપણે આપણી રીતે સંસારે ચાલવાનું છે,
પ્રતિષ્ઠા, કીર્તિ, લક્ષ્મીમાં વ્યવહારે જ લક્ષ છે,
પરોવાયેલ સંપૂર્ણ કુટુંબ-પરિવારમાં,
શ્રીસદ્‌ગુરુ શું એવાને શકે તારવી કેમ ત્યાં ? ૩૭-૩૮

પોતે કશું ન આપી દે, ખાલી ખાલી અમસ્તું **તે**,
'તાકાત કેટલી કેવી ફના થવાની દિલ છે',
તત્પરતા શી લાગી છે ! તાલાવેલી શી ઉત્કટ !
લાગવું જોઈશે તે તે ! સાચું સદ્‌ગુરુને દિલ,
તેનાં તેનાં જ પ્રત્યક્ષ પ્રમાણો જીવને તદા,
વર્તાતાં સદ્‌ગુરુને હો, રીઝે સદ્‌ગુરુ ત્યાં સદા,

ત્યારે **एने** નથી વાર લગીરે આપતાં કશું,
**एनो** સંતોષ તો પૂર્ણ શ્રેય શ્રેયાર્થીનું જ છે. ૩૯-૪૨

પુરુષાર્થ કૃપાકેરું જોડકું જે અખંડ છે,
કયું પ્હેલું કયું બીજું કહી ના તે શકાય છે,
કૃપા તો કેવી પ્રત્યક્ષ કિંતુ સ્હાય ચઢી શકે
-સર્જવી ભૂમિકા એવી આપણા હાથમાં જ છે. ૪૩-૪૪

ઝંખના ખાલી જો માત્ર, સક્રિય જો થયેલ ના,
ઝંખના કર્મમાં ભાવે જીવને ઊતરેલ ના,
ઝંખના કોરી બુદ્ધિથી જીવન પલટાવવા,
સાવ અર્થ વિનાની છે, નિશ્ચયે જાણજો સદા. ૪૫-૪૬

સેવતાં સેવતાં ભાવે હૈયામાં સદ્‌ગુરુ ઊંડા,
ભાવ તાદાત્મ્ય હૈયામાં સદ્‌ગુરુને વિશે થતાં !
ભાવસ્વરૂપ પ્રત્યક્ષ ત્યારે સદ્‌ગુરુનું થતાં,
ગૂઢ રહસ્ય ત્યાં ખુલ્લું થાય, શ્રીસદ્‌ગુરુ કૃપા. ૪૭-૪૮

કૃપા મેળવવા પાત્ર પ્રેમથી થવું શું પડે !
શી અભિમુખતા એવી જાગેલી હોવી જોઈશે,
માત્ર જાગેલી ના ચાલે, ઉત્કટ અગ્નિના સમી,
તે ભભૂકતી ચેતેલી હોતાં, ભાગ્ય ફળે તહીં. ૪૯-૫૦

શ્રીસદ્‌ગુરુ કૃપાનો તો શો **अनुग्रह** હોય છે !
જેને તેનો થયેલો છે, તે અનુભવ પ્રીછશે,
**अनुग्रहनी** શક્તિનો છે પરિચય ભક્તને,
પ્રસાદ પામવા એવો ભક્તિ શી અનિવાર્ય છે ! ૫૧-૫૨

**હરિ**ભકત થવાથી તો જે જે કૈં યોગક્ષેમનું
-કૃપાથી ફળતું જાય, એવો કૃપાપ્રભાવ શું !
કૃપાનું કેવું પ્રત્યક્ષ પ્રાબલ્ય જીવને શું છે,
ભક્ત થયા વિના એનું કદી જ્ઞાન ન થાય છે. ૫૩-૫૪

• • •

॥ હરિ:ૐ ॥

# અધ્યાય ૨ : સદ્‌ગુરુનો કૃપાપ્રભાવ

(અનુષ્ટુપ)

કૃપાની શક્તિનો કેવો છે ચમત્કાર જીવને !
કૃપાનો ભક્ત સંપૂર્ણ થવાતાં, સૂઝ તો પડે,
તેવા ભક્ત થવા કાજે **એનામાં** ગળવા પડે
-સંપૂર્ણ ભક્તિ જાગેલી ત્યારે શી હોવી જોઈશે ! ૫૫-૫૬

જીવને સદ્‌ગુરુનાથી 'ધૈર્ય, હિંમત, ઓથ ને
-ઉત્સાહ, પ્રેરણા, શક્તિ' એવું એવું મળ્યાં કરે,
આપણે જાણતા ના કે ગુણોનું મૂળ ક્યાં જ તે !
શા બિનતારી સંદેશા સદ્‌ગુરુથી મળે ઊંડે ! ૫૭-૫૮

આપત્તિ, વિઘ્ન, મુશ્કેલી વેળા કઠણ જે પળે,
ટકી ત્યાં શકવાનું તો તે કારણ વડે બને,
સંજોગો શા ગમે તેવા વિપરીત ભલે હશે,
કિંતુ ત્યાં સદ્‌ગુરુ સ્હાય અકળ રીતથી મળે. ૫૯-૬૦

લીધેલાં કર્મમાં કેવાં કૌશલ્ય ને કુનેહ ને
-હૈયાસૂઝ મળે ત્યારે સદ્‌ગુરુના પ્રભાવથી,
સંકળાયેલ **તે** કેવો છાનોમાનો જ જીવને
-રહે છે આપણી સાથે, જાણતા નથી આપણે. ૬૧-૬૨

પિડાયેલું મહારોગો થકી શરીર હો ભલે,
ટટારી હોવી જ્યાં શક્ય નથી કોઈ રીતે જ તે,

હોશિયારી શી સક્રિય પૂરી ખબરદારી તે,
અગોચર રીતે કેવી **हरिशक्तिथी** તે મળે ! ૬૩-૬૪

માનવી ગાંગડું જેવો પૂરેપૂરો ભલે જ તે,
છતાંયે સદ્‌ગુરુ તેને ધીરે ધીરે પલાળશે,
કરે તે મૂર્ખ વિદ્વાન કીમિયાગર સૂક્ષ્મ તે,
ભક્ત થયા વિના **एना** એને તો ના પમાય છે. ૬૫-૬૬

ગૂંચ ને કોયડામાં જ્યાં ગૂંચવાયેલ પૂર્ણ છો,
નીકળવું કઈ રીતે કેમે કર્યું ન સૂઝતું,
માથાકૂટ તમારી સૌ મિથ્યા જતી જ લાગતી,
ઓચિંતો ક્યાંકથી ત્યારે જતો ઉપાય શો સ્ફુરી ! ૬૭-૬૮

વ્યવહારની મુશ્કેલી ગૂંચવણભરી જ જ્યાં,
બુદ્ધિ જ્યાં કામ આવે ના, કેમે તે ઊકલે જ ના,
વધારે ને વધારે જ્યાં ગૂંચવાતા જતાં જ છો,
સદ્‌ગુરુ સ્‌હાય છૂપી જે કદીક મળતી શી છે ! ૬૯-૭૦

સ્વતંત્ર પૂર્ણ અસ્તિત્વ આશીર્વાદ, કૃપાનું છે,
કિંતુ તે શરતો એની પરિપૂર્ણ થવી ઘટે,
કોઈક વાર તો એની મેળે અવતરે કૃપા,
સ્વયંભૂ રીતથી જેના પરે સંતુષ્ટ પૂર્ણ જ્યાં. ૭૧-૭૨

શક્તિ શી એકની એક વાતાવરણ, ભૂમિકા
-કિંતુ જ્યાં બદલાયે છે, તે શક્તિ કેવી જુદી ત્યાં !
જેમાં જેમાં ભળે પોતે તે તે રૂપ શું થાય છે !
ને ગુણધર્મ **तेना** સૌ તેને લાગુ પડે જ તે. ૭૩-૭૪

ફેરફાર થતા ર્‌હે જે તે મૂળ શક્તિને લીધે,
જેને છે ભાન પ્રત્યક્ષ તેનું, તેવા જ માત્ર તે

-ને જેનાથી થયું છે તે તેથી સભાન જ દિલ જે,
થવા વિકાસ એવાનો શક્યતા ઝડપી જ છે. ૭૫-૭૬

ભારે કળણમાં પૂર્ણ થયેલા ગરકાવ હો,
પુરુષાર્થ નકામો ત્યાં મધ્યે કેવો થયા જતો !
પ્રાર્થના એકલી માત્ર ગદ્‌ગદભાવથી થતાં,
દોડી આવી ચઢી વ્‌હારે કાઢી દે બ્‌હાર તુર્ત તો. ૭૭-૭૮

ત્યાં શા અટપટા દાવ લેવા પડે ખરેખરા,
કૈં ગફલતથી ચૂક્યા તો વાગ્યા બાર જાણવા,
કલ્પનામાં ન આવે કૈં જાગૃતિ ને સચેતન
-પળેપળની ત્યારે શી કૃપાથી ચેતનાત્મક !
થપ્પડ ખવરાવે છે, છતાંયે કોકવાર કૈં
-શી કૃપાશક્તિ ત્યારે ત્યાં બચાવી લે ઉગારીને ! ૭૯-૮૧

સદ્‌ગુરુની કૃપાશક્તિની બલિહારી ન્યારી છે,
ભર્યું ભર્યું નર્યું કેવું કૃપાથી શું થવાય છે !
અનુભવ કશો એવો જેને ના કૈં થયેલ છે,
તલભાર ગમે તેને ગળે ઊતરતું ન તે. ૮૨-૮૩

કદીક શો ભભૂકે છે, તાકાત કશી તે પળે
-કોઈનીયે ન ચાલે છે, ઊભા ર્‌હેવાની સામને,
છતાં **एवानुं** હૈયાથી શું આકર્ષણ હોય છે !
અજબનું શું તે ઓર ! કે પાસે સહુ જાય છે. ૮૪-૮૫


**एनी** અવળચંડાઈ દેખીતી કંઈ હોય છે,
ફેંકાઈ જાય છે દૂર **एनाथी** કેટલાય તે,
કોઈક ભવ્ય જાદુથી આકર્ષણ થકી તદા,
પાછાં કેવાં વળે છે તે, તે અજાયબની કથા. ૮૬-૮૭

• • •

હરિઃૐ

# ખંડ - ૧૧

# સદ્‌ગુરુ પદપ્રાપ્તિ



અહં સૌ ઓગળ્યા વિના, જ્ઞાની ભક્ત થવાય ના,
સદ્‌ગુરુપદ તો ક્યાંથી પછી પામી શકાય ત્યાં ?

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૧ : સદ્‌ગુરુ પદપ્રાપ્તિ

(અનુષ્ટુપ)

સદ્‌ગુરુ જે થયા તે તે પ્રત્યેકે સાધના કરી,
સાધના કૈં કર્યા વિના પદે ના કો શકે ઠરી. ૧

શ્રીસદ્‌ગુરુની બુદ્ધિને પ્રજ્ઞા સ્વરૂપ જાણી છે,
બુદ્ધિ પ્રજ્ઞા થયા વિના સદ્‌ગુરુ ના થવાય છે. ૨

રાગદ્વેષથી સંપૂર્ણ મુક્ત પોતે થયા વિના,
પાદપદ્મની સેવાની સુવાસ તે પમાય ના. ૩

સાધનો શાં જુદાં જુદાં **તે** અનુભવવા હૃદે !
જુદાં જુદાં બધાં કેવાં લેતાં જીવન હોય છે,
ભિન્નતા સાધનોમાં છે, ભિન્ન ના પરિણામમાં,
બધાંયે સાધનો કેવાં પરિણામે જ એક છે ! ૪-૫

અગ્નિના સમી જેનામાં તાલાવેલી પ્રચંડ છે,
તેવા જ માત્રનું કર્મ **તે** અનુભવવાનું છે,
બાકીનાનું ગજું ના છે મથતાં, મથતાં ઘણા
-જન્મે મેળવશે **તેને**, તેયે જો મથતા જ હો. ૬-૭

‘મથ્યા વિના મળે મેળે’ એવું જાણ્યું ન ક્યાંય છે,
‘તપશ્ચર્યા, તપ, ત્યાગ’ હોવાં સાધનમાં ઘટે.
સ્મરણ, પ્રાર્થનાદિનો, નિવેદન, સમર્પણ
-તણો માર્ગ સહેલો છે શો કેટલાંકને દિલ ! ૮-૯

**एवो** જે જે કરે તે તે અહંનું પરિણામ ના,
ગયેલું ઓગળી પૂર્ણ અહં **एवानुं** ઈશમાં,
અહં સૌ ઓગળ્યા વિના જ્ઞાની ભક્ત થવાય ના,
સદ્‌ગુરુપદ તો ક્યાંથી પછી પામી શકાય ત્યાં ? ૧૦-૧૧

પ્રકૃતિ ચેતના વચ્ચે સૂક્ષ્મમાં સૂક્ષ્મ બારીક
-શી અગોચર જે રેખા ! સ્થળ તે પ્રેરણાનું જ,
તે પ્રેરણા વિશે જ્યારે વ્યાપી અખંડતા જતી,
પ્રતિષ્ઠા ચેતનાકેરી આપમેળે સધાય શી ! ૧૨-૧૩

સૂર્યની છડી પોકારે પ્રાતઃકાળ શી તે ઉષા !
ચેતનાકેરી તે એમ ઉષાની જેમ પ્રેરણા,
પ્રાતઃ ઉષા થયા કેડે અંધારું ટકી ના શકે,
અખંડ પ્રેરણા થાતાં અજ્ઞાન ટળી જાય છે. ૧૪-૧૫

મથવામાં હૃદે જેને હો નિરંતરતા હૃદે,
મંડ્યા ઊંડું રહેવામાં જે લગાતાર નિત્ય છે,
એકાકારે થવાવામાં તત્પર જે અગાધ છે,
એવો ટોચે પહોંચે જે સદ્‌ગુરુપદ પામશે. ૧૬-૧૭

મહત્ત્વાકાંક્ષી સંપૂર્ણ જે આરપાર જીવને,
ભાવથી ભાવને ઝાંખી ભાવમાં જે રમ્યા કરે,
તાદાત્મ્ય ભાવથી જેને ભાવનું ભાવમાં થયે,
ભાવશિખર ટોચે જે પ્હોંચે, સદ્‌ગુરુ તે જ છે. ૧૮-૧૯

ભાવમાં જ પ્રતિષ્ઠા છે, જેની સંપૂર્ણ અંતરે,
ભાવથી ભાવની રીતે જે વર્તે છે શું જીવને !

જેની નક્કરતા પાકી ભાવ માત્રની છે હ્રદે,
ભાવની પાર પ્‌હોંચ્યા જે, સદ્‌ગુરુપદ યોગ્ય તે. ૨૦-૨૧

પ્રવાહ ચેતનાકેરો જેનામાં શો અખંડ છે !
અસ્ખલિત અબાધિત પાછો તેમાં નિરંતરે,
પાછો નિમિત્તમાં જ્યાં ત્યાં સ્વયંસિદ્ધપણે જ છે,
રમે જે નિત્ય આકાશે સદ્‌ગુરુપદ યોગ્ય તે. ૨૨-૨૩

**એને** કોઈ ન જાણે છે, છતાં જ્યાં જ્યાં નિમિત્ત છે,
તે તે-ને તે પ્રમાણે શો પ્રીછી લેતો શું હોય છે !
શો આરપાર નિમિત્તે બધાંમાં વર્તમાન છે !
છતાં પાછો શું નોખો છે ! સદ્‌ગુરુપદ યોગ્ય તે. ૨૪-૨૫

શો એકાકાર તાદાત્મ્યે સંપૂર્ણ જે નિમિત્તમાં,
છતાં નિમિત્તમાંયે તે છે બંધાયેલ ના જરા,
મુક્તતાની ભૂમિકાથી બંધાયેલ રહે સદા,
સ્પર્શે એવો, ન સ્પર્શાતો, સદ્‌ગુરુપદ યોગ્ય તે. ૨૬-૨૭

પળેપળ વસે જેને અખંડ સદ્‌ગુરુ હ્રદે,
શા ગુણધર્મ આધારે ઊગતા ગુરુના હ્રદે ! ૨૮

સદ્‌ગુરુ એમનું એમ કદીય ના થવાય છે,
તપ, ત્યાગ, પુરુષાર્થ તે અર્થે કરવાં પડે,
તમન્ના અગ્નિના જેવી જેને હો સળગેલ તે,
એકલા માત્ર તેવા તો સદ્‌ગુરુપદ મેળવે. ૨૯-૩૦

સંકોચ, માન, મર્યાદા ઓળંગી સૌ ગયેલ છે,
મતાગ્રહો, મડાગાંઠો ઉકેલાઈ ગયેલ છે,

નરી સરળતા જેને પાંગરતી શી ચાલી છે !
**એવો** સતત એકાગ્ર કેંદ્રિત **હરિમાં** રમે. ૩૧-૩૨

કશાની આડખીલી છે, **એવાને** કોઈ રીત ના,
સ્વતંત્ર, મુક્ત સૌ વાતે, **એને** કશો ઉચાટ ના,
વાણી ને આંખમાં **એને** નશો ઉન્માદકારી છે,
કદીક સિંહની પેરે ગર્જે, કોઈ પ્રસંગપે. ૩૩-૩૪

ખૂલે છે દૃષ્ટિ જેનાથી, ખીલે છે અભિમુખતા,
બધાં મનાદિ જેનાથી વળે છે **હરિ**પાદમાં,
આખું જીવન જેનાથી ફેરવાયે સમૂળગું,
એવા તો એકલા માત્ર શા **તે** સદ્ગુરુ પાત્ર શું ! ૩૫-૩૬

દ્વંદ્વાતીત, ગુણાતીત થયા વિના પૂરેપૂરું,
પ્‌હોંચવું સદ્ગુરુપાદે કદાપિ શક્ય ના ખરું,
નિરાગ્રહી, અનાસક્ત, શી મુલાયમતા નરી
-જીવને વ્યક્ત વર્તાતી એવાં લક્ષણ આપથી. ૩૭-૩૮


પોતાની સમકક્ષાનો **એને** શરણ જાય જે,
તેને, બનાવવાનો છે ધર્મ સદ્ગુરુનો હૃદે,
બનાવ્યા વિણ **તે** તેવો કદીયે નવ જંપતો,
જો સહકાર સંપૂર્ણ સામે પક્ષે રહેલ હો. ૩૯-૪૦

• • •

હરિઃૐ

**ખંડ - ૧૨**

# શબ્દસાધના



શબ્દમાં શબ્દથી ઊંડું, જ્ઞાન જે શબ્દનું જ છે,
શબ્દની સાધના વિના, કોઈથી ના પમાતું છે.

॥ હરિઃૐ ॥

(અનુષ્ટુપ)

સદ્‌ગુરુ શબ્દ ના માત્ર ચેતનનો પ્રવાહ છે,
ચેતનની હૃદે ભક્તિ જન્માવશે ગતિ જ તે. ૧

સદ્‌ગુરુ શબ્દથી કેવું ઊગે આકાશ જીવને !
મૂળે શો મૂળનો શબ્દ ચેતનનો પ્રકાર તે ! ૨

ચેતન પ્રીછવા કાજે માધ્યમ શબ્દ દિવ્ય તે,
શબ્દમાં મસ્ત ચૈતન્ય પ્રસ્થાપિત થયેલ છે. ૩

શબ્દમાં તેથી તો ભક્તિ જેને લાગેલ દિલ છે,
**आज** કે **काल** શો તેવો શબ્દાતીત જ થાય છે. ૪

શબ્દબ્રહ્મ વિશે જેનું એકાકારપણું ઊંડું,
-પળેપળ લગાતાર તેને છે જ્ઞાન શબ્દનું. ૫

કિંતુ શબ્દ જુદા જુદા તોયે શો ભાવ તે વિશે,
-એક જ સરખો પૂર્ણ તેમાં ના ભેદ છે કશે. ૬

મટાડવા બધા ભેદ શ્રેયાર્થી જે ખરેખરો,
એકધારો મથ્યો ર્‌હે છે, જતાં ભેદ સુખે સૂવે. ૭

ભેદમાં ચેન ના એને અભેદે લક્ષ જેનું છે,
તેવાને દિલ સાતત્ય શબ્દનું છે નિરંતરે. ૮

છે બ્રહ્માકાર જે શબ્દ સર્જન શબ્દથી બધું,
શબ્દથી પાંચ તત્ત્વાદિ, શબ્દ પ્રત્યક્ષ ઈશ છે. ૯

શબ્દમાં ધારણા જેની સૌનીયે આરપાર તે
-સોંસરવી જતી, તેને શબ્દમાં બ્રહ્મ છે ખરે. ૧૦

શબ્દ અક્ષર ના તેને, શો ભાવાતીત શબ્દ છે !
શબ્દને એ પ્રમાણે જે ધારે, તે શબ્દ પાર છે. ૧૧

હોવા છતાં જ પ્રત્યક્ષે શબ્દમાં શબ્દની રીતે,
શબ્દાતીત થતાં, પોતે શબ્દ અનુભવે હૃદે. ૧૨

શબ્દને લઈ બેઠેલા આલતુફાલતુપણે,
એકધારા જ નોધારા ટકી શકે ન ક્યાંય તે,
તેના શબ્દનું ઠેકાણું ક્યાંય ના હોય છે કશે. ૧૩

શબ્દનું હાર્દ તેવાને, જ્યારે આકાશમાં પૂરું,
-ખરેખરું શું ઊંડું છે ! શો એકાકાર તે વિશે !
લક્ષણ તેનું પ્રત્યક્ષ તેના આધારમાં છતું
-થતું આકાશના તત્ત્વે, તો તે સાચું પ્રમાણવું. ૧૪-૧૫

શબ્દમાંથી જ જન્મે સૌ, શી વ્યવસ્થિતિ સુંદર !
કળા, સૌંદર્ય સંપૂર્ણ શબ્દનું શું અનુપમ ! ૧૬

સર્વ અસ્તિત્વ જે જે છે, મૂળે જે સર્વનાય તે
-મૂળના મૂળમાં શબ્દ કેવો છૂપો રહેલ છે ! ૧૭

શબ્દની ગૂઢતા સૂક્ષ્મ સૂક્ષ્માતીત વળીય જે
-અંતરે શબ્દનો ઊંડો છે અનુભવ જેહને,
એવો જ્યાં શબ્દમાં નાદ શો સંભળાય અંતરે !
ત્યારે તેવો શું આકાશે જ્યાં ત્યાં શો વિસ્તરેલ છે. ૧૮-૧૯

સદ્‌ગુરુ શબ્દની સાથે છે એકાકાર જીવને,
ચેતનાનિષ્ઠ જે છે તે શબ્દના મૂળમાં જ છે,

કથા શબ્દતણી જેથી સદ્‌ગુરુમાં ગવાઈ છે,
અયોગ્ય કોઈને લાગે જાણે ના ગુરુતત્ત્વ તે. ૨૦-૨૧

શો પરબ્રહ્મ તો શબ્દ ! શબ્દાતીત ખરેખરો
-વ્યક્ત જીવનમાં જ્યારે, 'જ્યારે' બોલવું વ્યર્થ શું ! ૨૨

**તે** અવતરતાં નીચે ભૂમિકામાં જુદી જુદી,
જુદાં શાં સાધનો દ્વારા તે બદલાય મૂળથી ! ૨૩

આધારની ભૂમિકામાં પ્રત્યેક ભૂમિકા વિશે
-શબ્દનું કોઈનું કોઈ પ્રત્યક્ષ ત્યાં સ્વરૂપ છે. ૨૪

શબ્દ શો દમની સાથે સંકળાયેલ અંતરે !
શબ્દ દમ વિનાનો તે ક્યાંયે ના કૈં કશા વિશે. ૨૫

જ્યાં દમ, શબ્દ ત્યાં ત્યાં છે, શબ્દ લીધે જ શ્વાસ છે,
'વાયુ' ને 'તેજ'માં શબ્દ, શબ્દથી તે થયેલ છે. ૨૬

શબ્દ અક્ષર ના માત્ર, એને અક્ષર જે ગણે
-રહસ્ય શબ્દનું ના કૈં સમજાવાનું એહને. ૨૭

શબ્દ બ્રહ્મની સંગાથે શો એકાકાર છે સદા !
**एक** પરસ્પરે ગૂઢ, ગાઢ પાછો અકલ્પ્ય ત્યાં,
શો અવતરતાં નીચે શબ્દ જુદા સ્વરૂપનો !
શબ્દનાં રૂપ કેવાં છે, જુદે જુદે સ્વરૂપ તો ! ૨૮-૨૯

શબ્દ પોતે થયો જે તે, તેનું તે જ્ઞાન અંતરે
-શબ્દાતીત થતાં, શબ્દ ત્યારે પ્રત્યક્ષ જીવને,
શબ્દનું જ્ઞાન સાચું જે પ્રતીતિમાં જ તે ઝગે,
માયા શબ્દની કેવી જે કલ્પનાતીત આખરે. ૩૦-૩૧

શો પરાત્પર તો શબ્દ ! સર્વના આદિમાં જ તે,
જ્યારે કૈં કશું ન્હોતું ત્યાં શબ્દ પોતે હયાત છે. ૩૨

શબ્દાતીત ભૂમિકાને વર્ણવવી બધી રીતે
-લાયકાત ન મારી છે, વામણો ત્યાં હું આખરે. ૩૩

શબ્દ શો ગૂઢ સંપૂર્ણ, ગૂઢથી પણ ગૂઢ છે,
શબ્દ તેથી અનિર્વાચ્ય સર્વોપરી બધાંથીયે. ૩૪

શબ્દની ગૂઢ માયાને પામવા શક્તિમાન ના,
શબ્દ ઉપાસના જેની સંપૂર્ણ, સાર પામતા. ૩૫

શબ્દમાં શબ્દથી ઊંડું જ્ઞાન જે શબ્દનું જ છે,
શબ્દની સાધના વિના કોઈથી ના પમાતું છે. ૩૬

શબ્દમાં શબ્દનું મૂલ્ય શબ્દથી પરખાય છે,
શબ્દની સાધના તેથી શબ્દથી શી થતી જ છે ! ૩૭

શબ્દ સભાનતા જેને ઓતપ્રોત થયેલ છે,
ઊંડું પ્રવેશવા તેમાં તેવા જ માત્ર પાત્ર છે. ૩૮

શબ્દનું જ્ઞાન લેવાને અગ્નિ પ્રજ્વલતો જ છે,
એવા જ પાત્ર શા માત્ર શબ્દથી, શબ્દમાં હ્રદે. ૩૯

શબ્દમાં ઊતરેલો છે, ઊંડામાં ઊંડું અંતરે,
શબ્દથી, શબ્દનું જ્ઞાન તેવા જ માત્ર મેળવે. ૪૦

જુદી જુદી ભૂમિકાના શબ્દયે શા જુદા જુદા,
એનો તો દાખલો જોવા મળે કેવો શું તંત્રમાં ! ૪૧

રહસ્ય શબ્દમાં કેવું ! એકાકાર થયા વિના
-શબ્દની સાથ, કોઈથી કેમેય પરખાય ના. ૪૨

શબ્દ જુદાં જુદાં તત્ત્વમાધ્યમે વ્યક્ત થાય જે,
પ્રત્યેક શબ્દના તેવા જુદા જુદા પ્રકાર છે. ૪૩

બધાંય તત્ત્વમાં ગૂઢ જેમ આકાશ હોય છે,
ને જો સર્વત્ર આકાશ આકાશાતીત શબ્દ છે,
તેથી તો શબ્દ જ્યાં ને ત્યાં અનેક ભૂમિકા વિશે
-શો તે પ્રત્યક્ષ ! પાછો તે ભૂમિકાતીત નિત્ય છે. ૪૪-૪૫

જેમ આકાશ સંપૂર્ણ નિરાકાર બધી રીતે,
તેમ શબ્દ નિરાકાર બ્રહ્માંડાતીત તેથી તે. ૪૬

ગણેલો કોઈકે શબ્દ બ્રહ્માતીત ખરેખરો,
એવું મહત્ત્વ, માહાત્મ્ય શબ્દનું છે અનંત શું ! ૪૭

શબ્દ જુદાં જુદાં તત્ત્વમાધ્યમે વ્યક્ત થાય જે,
શબ્દ પ્રત્યેકની તેવી જુદી જુદી શી શક્તિ છે ! ૪૮

ગૂઢ અત્યંત એવી જે શબ્દની સૌ હકીકતો,
પ્રત્યેક ભૂમિકાના જે શબ્દનો ભાવ શો જુદો ! ૪૯

હકીકતોય જુદી ને જુદાં રહસ્ય, ભાવ છે,
જુદી શક્તિય શી ત્યાં છે ! જુદી ઉપાસનાય છે. ૫૦

શબ્દમાં સર્વ સામર્થ્ય, ભાવ, તેજ બધુંય તે
-શબ્દમાં શબ્દથી વ્યક્ત થતાં કેવાં રહે જ તે ! ૫૧

જે જે શબ્દ થતો વ્યક્ત પ્રત્યેક તત્ત્વમાધ્યમે,
તે તે શબ્દની તન્માત્રા જુદે જુદે પ્રકાર છે. ૫૨

શબ્દ આકાશનો જુદો, શબ્દ વા-તત્ત્વનોય તે,
તેજ-તત્ત્વતણો શબ્દ, જળ ને પૃથ્વીનોય તે,
તે તે બધાય શા શબ્દ જુદે જુદે સ્વરૂપ છે !
શક્તિ તે ભાવ ને તેજે પરિણામે શું ફેર છે ! ૫૩-૫૪

અનાદિ શબ્દ પોતે છે, અંત એને ન ક્યાંય છે,
અનંતાનંત સંપૂર્ણ જેમાં તેમાં બધાં વિશે. ૫૫

શબ્દને અર્થ કોઈ ના, શબ્દને માત્ર ભાવ છે,
અખંડાકાર છે શબ્દ, શો સર્વોપરી શબ્દ છે ! ૫૬

સર્વનો ગર્ભ છે શબ્દ, આકાશ ગર્ભ શબ્દ છે !
'અનાદિમાં અનાદિનું જે તે-નું મૂળ' શબ્દ છે. ૫૭

સદ્‌ગુરુ શબ્દની સાથે સંકળાયેલ જીવને,
શો એકાકાર તે સાથે ! શો એકરસ અંતરે ! ૫૮

જતાં વર્ણવવા જ્યારે ગુરુને હોઈએ હૃદે,
જોડવો શબ્દ જોઈએ સદ્‌ગુરુમાં યથાર્થ તે. ૫૯

આકાશમાંથી છે શબ્દ, સર્જાયું શબ્દથી બધું,
શબ્દથી પ્રાણ તેથી તો છે સર્જાયેલ જીવને. ૬૦

નાભિનો શબ્દ શો પોતે જ્ઞાનાત્મક ન પૂર્ણ છે,
પાછો સાથે અને સાથે અજ્ઞાનાત્મક તે ન છે. ૬૧

શબ્દનું એ પરિણામ નાદ પ્રત્યક્ષ જાણજે,
નાદ એકાગ્રતા કેવી અંતરે પ્રગટાવશે. ૬૨

નાદ ને નાદમાં લીન મનાદિ મગ્ન થાય છે,
છતાં તે નાદ ના જ્ઞાન, નાદ ને જ્ઞાન ભિન્ન છે. ૬૩

પ્રત્યેક ભૂમિકાકેરા શબ્દનો નાદ શો જુદો !
પ્રત્યેક નાદના પાછા ગુણ ને ભાવ છે જુદા. ૬૪

શબ્દ પ્રકૃતિનાં અંગોમાંથી જે નીપજેલ છે,
ને શબ્દ બાહ્ય આકાશમાંથી જે નીકળેલ છે,
એકબીજાથી તે શબ્દતણા ભિન્ન પ્રકાર છે,
એક શો પ્રકૃતિજન્ય, બીજો સાકાર બ્રહ્મ છે. ૬૫-૬૬

જુદી જુદી ભૂમિકાના શબ્દનાય પ્રકાર છે,
તે તે શબ્દતણા નાદ પાછા ભિન્ન પ્રકાર છે.
નાદનું મુગ્ધ સંગીત ભારે કળણ કેવું તે !
રાખે ડુબાડી તેમાં ને તેમાં તલ્લીન સાવ તે. ૬૭-૬૮

કેટલાય પ્રકારો છે, ચેતનાનિષ્ઠમાં નર્યા !
વર્તને શા જુદા જુદા ભાવમાં એક તે છતાં
-સ્વભાવે સાવ નોખા સૌ, છતાં શા એક તત્ત્વમાં !
વ્યક્તત્વમાં જુદા જુદા, એક છે ચેતના છતાં. ૬૯-૭૦

સાધના છો જુદી જુદી કરેલી તેમણે જ હો,
કિંતુ ત્યાં પરિણામે તો થવાનું એક ઠામ છે.
સ્વભાવે પોતપોતાના તે પ્રમાણેની સાધના
-નોખી નોખી રહેવાની, તેમાં ના એકરૂપતા. ૭૧-૭૨

કોઈક સાધના માગી તપશ્ચર્યા કઠિન લે,
સહેલી સુતરી કોક જેમ નામજપાદિ તે,

સૌ કરણોની શુદ્ધિને માગી લે કોક સાધના,
**નામની** સાધના જ્યારે શકે સૌ કોઈ સાધી તે. ૭૩-૭૪

કોઈક સાધના એવી શકે ટૂંકાવી કાળને,
કિંતુ શુદ્ધિ અનિવાર્ય ત્યાં ઘણી જ જરૂરી છે. ૭૫


લેતાં લેતાં જ જ્યારે તો નામ, શુદ્ધિ થતી જતી,
જાગતાં ત્યાં અનુરાગ લગની બઢતી જતી,
સહુ તે સાધનોમાં છે, શ્રેષ્ઠ **નામની** સાધના,
અનુભવી જ ગાયું છે, જીવને આચરી સદા. ૭૬-૭૭

• • •

હરિઃૐ

**ખંડ - ૧૩**

# જ્ઞાની અજ્ઞાની જીવનવ્યવહાર



અજ્ઞાની જાગતો છો હો, છતાંય ઊંઘતો જ તે,
જ્યારે જ્ઞાની ભલે ઊંઘે, છતાં તે જાગતો જ છે.

॥ હરિઃૐ ॥

(અનુષ્ટુપ)

જ્ઞાની અજ્ઞાની બંનેમાં જે ફેરફાર હોય છે,
યોગ્ય જે જાણવાથી તો બંનેને યોગ્યતા વિશે
-સાચી રીતે પૂરેપૂરા તે સમજી શકાય છે,
તેવા હેતુથી જ્ઞાની ને અજ્ઞાની વર્ણવેલ છે. ૧-૨

'ઊઠવું, બેસવું, ખાવું' સ્વાભાવિક પ્રક્રિયા,
જ્ઞાની અજ્ઞાની બંનેની એકસરખી છે સદા.
અજ્ઞાનીનો શું ખાવામાં એકલો માત્ર સ્વાદ છે,
મુદલે એવું જ્ઞાનીને એકલું તેવું કૈં ન છે. ૩-૪

જ્ઞાની અજ્ઞાની બંનેમાં શો મૂળગો જ ફેર છે,
સ્વભાવમાંય બંનેના કેવો ભેદ જ હોય છે !
મહત્ત્વે પ્રકૃતિ જોશ એકના તે સ્વભાવમાં,
જ્યારે પ્રકૃતિ છે ગૌણ જ્ઞાનીના તે સ્વભાવમાં. ૫-૬

જ્ઞાની અજ્ઞાની બંનેયે કર્મના વ્યવહારમાં
-લાગે છે સરખા, તોયે બંને ના સરખા તહીં,
અજ્ઞાની કર્મમાં કેવો યદ્વાતદ્વા પ્રમાણનો,
જ્યારે જ્ઞાનીનું ના તેવું તે નિશ્ચિત પ્રમાણનું. ૭-૮

સ્વસ્થતા, શાંતિ ને શાતા ઓર પ્રસન્નતા બધાં
-શાં તરવરતાં સૌ તે જ્ઞાનીમાં જ પ્રવર્તતાં,
જ્યારે અજ્ઞાનીમાં તેવું કશું ના વ્યવહારમાં,
ગબડ્યા શો કરે માત્ર આમથી તેમ કર્મમાં ! ૯-૧૦

એક જ્યાં હો ન સંપૂર્ણ, બીજું પકડવા ધસે,
ધમાચકડી શી એવા અજ્ઞાનીની જગે ખરે !
પ્રાપ્ત જે કર્મ તે માત્ર જ્ઞાનીનું કર્મ હોય છે,
પ્રભુપ્રીત્યર્થ નિર્લેપ અનાસક્ત રહી કરે. ૧૧-૧૨

છે વ્યવસ્થિતિ સંપૂર્ણ જ્ઞાનીનાં કર્મને વિશે,
મળેલાં કર્મમાં **એની** વ્યવસ્થા યોગ્ય હોય છે,
જ્યારે અજ્ઞાનીનાં કર્મો અવ્યવસ્થિત જીવને,
કામક્રોધાદિથી **એનાં** શાં પ્રેરાયેલ કર્મ છે ! ૧૩-૧૪

લોભમોહાદિ વૃત્તિનું અજ્ઞાનીમાં શું જોર છે !
પ્રતિષ્ઠા, આબરૂ, કીર્તિ, શો તણાયેલ તે વિશે,
જ્યારે જ્ઞાનીનું એવું ના, **એને** કશી પડી ન છે,
કેવો બેપરવા પોતે ! સંપૂર્ણ નિઃસ્પૃહી જ તે. ૧૫-૧૬

બંનેના વ્યવહારે શો છે તફાવત મૂળમાં !
આશા, ઈચ્છા, સ્પૃહા, શી શી અજ્ઞાનીને જગે સદા!
તેમાંનું જ્ઞાનીને ક્યાંયે સ્વપ્ને ના ખપતું કદા,
જ્ઞાની અજ્ઞાની શા એક લાગે, શો ફેર તે છતાં. ૧૭-૧૮

સંસારી ઝંખના ભારે અપરંપાર એકને,
**હરિ**ની ભક્તિ તો માત્ર બીજાને ખપતી શી છે !
અજ્ઞાની જાગતો છો હો, છતાંય ઊંઘતો જ તે,
જ્યારે જ્ઞાની ભલે ઊંઘે છતાં તે જાગતો જ છે. ૧૯-૨૦

અજ્ઞાનીનાં બધાં કર્મે પ્રવર્તે લાલસા નરી,
જ્ઞાનીનાં કર્મમાં જ્યારે એનો લસરકો નથી,

અજ્ઞાની અફળાતો છે, આમથી તેમ જીવને,
જ્યારે સંપૂર્ણ જ્ઞાનીનો **हरि**ને હાથ દોર છે ! ૨૧-૨૨

નિશ્ચિત ધ્યેય વિનાનું અજ્ઞાનીનું શું જીવવું !
જ્ઞાનીનું એથી ઊંધું છે ! જ્ઞાનીનું ધન્ય જીવવું,
પ્રવાહે શો તણાતો ર્‌હે, સીધેસીધો ન પાંસરો,
જેમાં તેમાં સદા જ્ઞાની રહે છે તરતો પૂરો. ૨૩-૨૪

પ્રાબલ્ય પ્રકૃતિનું છે, અજ્ઞાનીમાં સદા નર્યું,
જ્ઞાન અજ્ઞાનીનું જાણો આકડાના રૂની સમું,
અજ્ઞાનીની બડાશો શી ! એનું હુંપદ તો ઘણું,
જ્યારે એમાંનું ના કાંઈ જ્ઞાનીમાં હોય છે કશું. ૨૫-૨૬

કૈં કૈં લોલુપતા, જેનો કશો પાર ન હોય છે,
ડૂબેલો નિત્ય એમાં ને એમાં તે ખૂબ હોય છે,
ના ધરપત, સંતોષ અજ્ઞાનીને કશે ન છે,
જ્યારે એમાંનું કાંઈયે જ્ઞાનીમાં નવ હોય છે. ૨૭-૨૮


શો નિરાગ્રહી સંપૂર્ણ ! નિઃસ્પૃહી પરિપૂર્ણ છે,
સ્થિતપ્રજ્ઞથી ક્યાંયે શો આગળે **તે** ગયેલ છે !
પ્‌હોંચેલો છે ત્યહીંથી તો પાછા ના ફરવાનું છે,
એવી સ્થિતિ મળ્યા કેડે વિકાસ શો નિરંતરે ! ૨૯-૩૦

• • •

હરિઃ ૐ

# ખંડ - ૧૪

# જીવનગુરુની ઉપાસના



સદ્‌ગુરુમાં સમાઈને, સદ્‌ગુરુમાં ભળી, ગળી,
અનુભવી મહાલ્યો છું, વારી વારી ગુરુપદે !

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૧ : ગુરુસંપર્ક અને ગુરુમહિમા

(અનુષ્ટુપ)

શ્રીસદ્ગુરુ ન વ્યક્તિ છે, વ્યક્તિવિશેષયે ન છે,
શા ભાવાત્મક સંપૂર્ણ શ્રીસદ્ગુરુ હોય છે ! ૧

જે **अनुभवी** સંપૂર્ણ વ્યક્તિ **ते** મટી જાય છે,
વ્યક્તિ હોવા છતાં, **तेवो** ગણનામાં વ્યક્તિ ન છે.
શ્રીસદ્ગુરુ અનામી છે, નામ, રૂપ અને ગુણ
-પર શા એ ત્રણેથી છે, છતાં **ते** નામતદ્રૂપ. ૨-૩

સન્મુખતા **हरि** સાથે જેની પૂર્ણ થયેલ છે,
**तेवानी** બલિહારીની બોલબાલા અપાર છે. ૪

કેવું અનુભવીનું છે, વ્યાપકત્વ અનોખું જે !
મૌલિક ને સ્વયંભૂ છે, ને સ્વાભાવિક સૌ રીતે.
એવું હોવા છતાં કોઈ થકી ના પરખાતું જે,
ગૂઢમાં ગૂઢ **ते** હોવા છતાં, સરળ સૌ રીતે. ૫-૬

ખુલ્લામાં સાવ સંપૂર્ણ ખુલ્લો શો **ते** બધી રીતે !
છતાં **एने** પ્રમાણે તે કોઈ પિછાણતું ન છે.
ઓળખાઈ શકાતો કૈં ના સ્વયંભૂપણાથી જે,
કિંતુ લાગેલ છે ભક્તિ એવા **एने** જ પારખે. ૭-૮

**एनो** ભ્રૂભંગ કોઈથી સહેવાયો ન જાય તે,
તેવો **एनो** ઊંડો પ્રેમ ઓળખાયો ન જાય છે.

છતાં ના પરવા **एने** એવા કશાની હોય છે,
પોતે પોતાની મસ્તીમાં મૂળ સ્વભાવથી જીવે.
સમગ્ર દુનિયા **एनी, एनुं** પોતાનું સર્વ છે,
સહુમાં છે સમાયેલો છતાં ઈલાયદો જ **ते**. ૯-૧૧

વ્યક્ત બ્રહ્માંડ શી **एनी** ક્રીડા રાસલીલાની છે !
એનો જે રસિયો ગાઢ **तेने** ખૂબી કળાય છે. ૧૨

વફાદારીની, નિષ્ઠાની ભાવના સદ્‌ગુરુની છે,
ચ્યુત થવાનું તેમાંથી **तेनुं** કદી ન થાય છે. ૧૩

રહે છે એકધારો શો વળગીને પૂરેપૂરો !
છતાં એનો ઈશારોયે દેતો ન આવવા કશો. ૧૪

પોતે પોતાની સંગાથે કેવો રમી રહેલ છે !
તેની તે જાણ **तेने** છે, કેમ કે સાક્ષી આપ છે. ૧૫

સદ્‌ગુરુની કૃપાકેરો શો ચમત્કાર જીવને,
ને અનુભવવા ભાગ્ય કેવું મળેલું અંતરે ! ૧૬

મને પકડીને ખેંચ્યો જાણ બહાર મારી તે,
ઓળખતો નહોતો હું, નો’તા તે જાણતા મને,
કિંતુ શા ચૂનિયા નામે સંબોધી, નડિયાદથી
-મને બોલાવી મંગાવી રાખ્યો પાસે જ **एमनी**,
કીમિયાગર શો ભારે ! અદ્‌ભુત કીમિયાથી જે
-લીધો આકર્ષી દર્શાવી, અકળ રીત અંતરે. ૧૭-૧૯

જીવીને હું રળ્યો છું જે શ્રીસદ્‌ગુરુ પ્રતાપથી,
શ્રીસદ્‌ગુરુની ભક્તિથી સમર્થ **जीववा** વળી. ૨૦

જીવનની શરૂઆત વિના ઓળખ શી ગઈ !
મળ્યો તોય, મળ્યા જેવો લ્હાવો ન્હોતો જ દિલથી. ૨૧

આવેલો'તો હીરો હાથ છતાં જાણ્યું ન મૂલ્ય છે,
એવો શો હતભાગી હું ! સાવ બોથડ મૂર્ખ જે. ૨૨

જેણે હબસીના જેવો ડાબો કાન ઝલાવિયો,
રોગ પ્રેરાવીને જેણે નામ શું લેવરાવિયું. ૨૩

જેમ તે નામ લેવાતાં લેવાતાં ઊંડું અંતર,
શ્રીસદ્‌ગુરુ પ્રભાવેથી માંડ્યો શો લાગવા રસ ! ૨૪

મટ્યો રોગ, હૃદે તેનો કેવો હર્ષ અપાર છે !
શ્રીસદ્‌ગુરુ વિશે ત્યારે ખેંચાણ શું થયેલ છે ! ૨૫

જેમ જેમ હું લેવાને લાગ્યો સ્મરણ દિલથી,
તેમાં ઉદ્યમ, ઉત્સાહ, ખંત, હામ મળ્યાં સહી. ૨૬

સ્મરણમાંથી લાધ્યું છે, સાધન પ્રાર્થનાતણું,
ભજન કીર્તનો ભાવે ગવાવાં લાગિયાં ઘણું. ૨૭

તેમાંથી ભાવ જન્મ્યો છે, શ્રીસદ્‌ગુરુ વિશે હૃદે,
સાધનાભ્યાસમાં જેમ દઢાવતાં, વધ્યો જ તે. ૨૮

ગરજ કૈં વિના લાગ્યા ના પરોવાય લક્ષ તે,
સદ્‌ગુરુમાં ઊંડો સ્વાર્થ લાગ્યો શો તે ધીરે ધીરે ! ૨૯

સાધનાભ્યાસથી ધ્યેય છતું જીવનનું થયું,
એને શો પામવા નાદ લાગ્યો પછીથી દિલ શું ! ૩૦

હાંસલ તે થવા ધ્યેય શ્રીસદ્‌ગુરુ કૃપાતણું
-મહત્ત્વ, ઊંડું માહાત્મ્ય અંતરે જાણવા મળ્યું. ૩૧

પ્રયત્ન એકલો માત્ર કેવો કર્યાં કરેલ છે !
ઊંધું તે ઘાલીને ઝૂઝ્યાં મેં તો ખૂબ કરેલ છે. ૩૨

આદર્શ-લગની ઊંડી લાગેલી જીવને હતી,
વળગી તેથી ર્‌હેવાયું હૈયે અભ્યાસમાં વળી. ૩૩

સાધનાનો કશો માર્ગ નહોતો જાણતો હૃદે,
સ્મરણાદિ વિશે હૈયે ત્યારે રત હું શો ખરે ! ૩૪

શ્રીસદ્‌ગુરુથી સૌ જે તે પ્રેરણાથી મળેલ છે,
તેમ તેમ ઊંડો ભાવ સદ્‌ગુરુમાં થયેલ છે. ૩૫

શ્રીસદ્‌ગુરુથી સ્વપ્નાંમાં સાધનામાર્ગ શો મળ્યો !
અભય, નમ્રતા, મૌન, એકાંત પાળતો ગયો. ૩૬

જો સદ્‌ગુરુ શું સ્વપ્નાંમાં માર્ગદર્શન પ્રેરતા !
તો પછી કરવા હૈયે **एने** કાં નવ જીવતા ? ૩૭

એવો તો ભાવ ઓચિંતો જાગ્યો જ્યાં છે હૃદે મને,
ત્યાં પ્રગટાવવા **एने** મથ્યો કેવો હું જીવને ! ૩૮

સાકાર મૂર્તિ સાક્ષાત સદ્‌ગુરુની હૃદે ઊંડી
-ધારવાને ઊંડા ભાવે, મથ્યા પ્રેમે કર્યું ચહી. ૩૯

એકાકાર થવા ઊંડું હૈયે સદ્‌ગુરુને વિશે,
**एनामां** ત્યાં ધરી લક્ષ નિવેદ્યાં કર્યું છે પદે. ૪૦

ગરજ, સ્વાર્થને લીધે સાધનાભ્યાસ તે થતાં,
તેમ તેમ હ્રદે ભાવ સદ્ગુરુમાં ગયો વહ્યા. ૪૧

સદ્ગુરુ મૂર્તિ પ્રત્યક્ષ હ્રદયે નયને થતાં,
પ્રેરણા, ભાવ, ઉલ્લાસ, ઉત્સાહ મળતાં થયાં. ૪૨

સાધનાભ્યાસમાં જોમ ભાવભક્તિ બઢ્યે ગયાં,
જે જે કાંઈ થતું તેમાં સદ્ગુરુને ગયો સ્મર્યાં. ૪૩

સદ્ગુરુને જ પ્રત્યક્ષ **તે** પરે ભાવ જાગતાં,
જ્યારે થયા જ આધારે પૂરેપૂરા ખરેખરા,
ત્યારના વેગની વાત થઈ શકે જ એવી ના,
પ્રચંડ પૂરની પેઠે વ્હેતાં જવાતું'તું જ ત્યાં. ૪૪-૪૫

ભાવનાત્મક સદ્ભાવે એકમેક પરસ્પરે
-સધાતાં દિલની સંધિ શો વ્યવહાર તે પછે ! ૪૬

સાહસો, જોખમો કેવાં ખેલાવ્યાં જીવને મને,
શ્રીસદ્ગુરુની ત્યાં ઓથ કેવી પ્રત્યક્ષ અંતરે ! ૪૭

મને દૂર જ ધકેલ્યાં કીધો કેટલી વાર **તેં**,
ઢૂંકડે આવતાં, પાછો આઘો તું તો ખસેલ છે,
દૂર દૂર રહી કેવાં કરેલાં નખરાં શું **તેં** !
મને **તેં** લલચાવીને એ રીતે ખેંચિયો જ છે. ૪૮-૪૯

વડવાનલ વેઠે છે, કેવો સમુદ્ર પ્રેમથી !
વિષ્ણુ શી પૃથ્વી ધારે છે, પીઠની પર નિજની. ૫૦

હળાહળ શું પી લે છે, ઝેર શંકર ભાવથી !
સહેવું, વેઠવું, પ્રેમે તપશ્ચર્યા ખરેખરી. ૫૧

સદ્‌ગુરુ તે થયા પોતે તપશ્ચર્યા કરી કરી,
તપશ્ચર્યા વિના કાંઈ મેળવાય ન કોઈથી. ૫૨

તપશ્ચર્યા કરાવી છે, એવી **एणे** શી પ્રેમથી !
છતાં ના કોઈએ જાણ્યું કે ના મહત્ત્વ પ્રીછિયું. ૫૩

કોઈકે જાણ્યું છે એને હકીકતરૂપે ભલે,
મૂલ્યાંકન છતાં એનું વાસ્તવિક થયું ન છે. ૫૪

'પ્રત્યેક કર્મમાં જ્ઞાન હેતુતણું જરૂરી છે',
ઓતપ્રોત વણાયેલું જીવનમાં જ સૂત્ર તે. ૫૫

ગમે તેવા મળ્યા કર્મે હેતુ જીવનનો જ જે,
તેને ત્યાં લક્ષમાં પૂર્ણ ધારવા દઢતા જ છે. ૫૬

સદ્‌ગુરુએ મને તેમાં પારંગત કરી દઈ,
હેતુ સભાનતામાં શો કર્યો નિષ્ણાત પ્રેમથી ! ૫૭

કેટલાં કેટલાં **एनां** યશોગાન કરું હૃદે,
આખું જીવન **एनाथी आज** કેવું ઊભેલ છે ! ૫૮

રંગાઈ શો ગયેલો છું રંગરાગથી **एहना** !
**एना** તે પ્રેમનો ભાવ વર્ણવું કઈ રીતમાં ? ૫૯

સદ્‌ગુરુના પ્રભાવેથી પ્રતાપેથી જ જીવને
-આરપાર તરી પેલે પાર કેવું જવાયું છે !
એવા સદ્‌ગુરુ શા પોતે, જીવનરૂપ આપ છે !
લોહીનું મૂળ જે સત્ત્વ પ્રત્યક્ષ ગુરુ મૂળ છે. ૬૦-૬૧

સદ્‌ગુરુમાં સમાઈને, સદ્‌ગુરુમાં ભળી, ગળી,
શ્રીસદ્‌ગુરુ કૃપા કેવી ત્યારે લાગી જ કામ શી ! ૬૨

સદ્‌ગુરુએ શું પ્રત્યક્ષ જીવને બતલાવ્યું છે !
તેનું માહાત્મ્ય તેથી તો ગાવા હું શો સમર્થ તે ! ૬૩

શીખવામાં કશું કૈંક પ્રત્યક્ષ જાણકારની
-સ્‌હાય કેવી જરૂરી છે ! તેવું જ સદ્‌ગુરુ વિશે,
તાલાવેલી ભભૂકેલી ઊંડી જ્યાં શીખવા વિશે,
શીખવામાં ખરા પ્રાણ ત્યારે જ પ્રગટ્યા જશે. ૬૪-૬૫

નિરાશા, પછડાટો શી જીવનમાં મળેલ છે,
ત્યારે પ્રત્યક્ષ કેવી તે સદ્‌ગુરુ સ્‌હાય અંતરે !
એ સ્‌હાયે તો ઉગારીને બચાવ્યો છે મને ખરે,
**एवा** સદ્‌ગુરુને ભાવે કોટિવાર નમું પદે. ૬૬-૬૭

સાધનાભ્યાસમાં જેમ બઢાતું જ્યાં જવાયું છે,
ભાવની ભરતીમાં ત્યાં ન્‌હાવાનું મસ્ત ઑર છે,
ત્યારે પ્રતીતિ પ્રેરાવી શ્રદ્ધા દૃઢાવી અદ્‌ભુત,
નિષ્ઠા શી લાગી શ્રદ્ધાથી ! પીવા મળ્યું કૃપામૃત. ૬૮-૬૯

સદ્‌ગુરુએ મને કેવો ગૂંદી ગૂંદી, ટપેરીને,
-ટપારીને ઘડ્યો ઘાટ, ટપલા મારી મારીને,
શો સહકાર સંપૂર્ણ દેવાની ભાવના હૃદે
-પ્રગટી હતી ! એ તો શો **શ્રીહરિનો** પ્રભાવ તે ! ૭૦-૭૧

કેવી કળણની ભારે ભૂમિકામાં પડેલ હો !
સુખાનંદ નર્યો ત્યારે છે પ્રવર્તેલ દિલ શો !

તેમાં અખંડતા પાકી પૂરેપૂરી જ હોય છે,
'કિંતુ એનાથીયે નોખા છો' એવું નવ ભાન છે. ૭૨-૭૩

શક્તિ કળણમાંથી એ કાઢનારી શ્રીસદ્‌ગુરુ,
બીજા તે કોઈનુંયે ત્યાં ચાલે છે ના ગજું કશું,
એવાં શાં કળણો સૂક્ષ્મ દિવ્ય તે ભૂમિકા વિશે !
સદ્‌ગુરુની ખરી શક્તિ ત્યારે આવે શી કામ તે ! ૭૪-૭૫

કશું કૈં સદ્‌ગુરુએ તો મારી સામે ન જોયું છે,
છતાં સદ્‌ગુરુએ સામું મારી જોયાં કર્યું જ છે. ૭૬

**एना** જ સામું જોવાથી મારી દશા ફરેલી છે,
જોકે સદ્‌ગુરુની સાથે મેંયે પ્રેમ કરેલ છે. ૭૭

• • •

॥ હરિઃૐ ॥

## અધ્યાય ૨ : જીવનગુરુનાં કાર્ય-દેણ-કૃપા

(અનુષ્ટુપ)

સુષુપ્ત બુદ્ધિચાતુર્ય સદ્‌ગુરુએ જગાડીને,
પ્રેરાવી સાધનાકર્મે જોડાવ્યું ઉપયોગમાં. ૭૮

કર્મકૌશલ્ય એવું જે શ્રીસદ્‌ગુરુનું ભવ્ય તે,
અનુભવી મહાલ્યો છું, વારી વારી ગુરુપદે. ૭૯

વિપત્તિમાંથી સંપત્તિ મેળવવાતણી કળા,
તપશ્ચર્યા કરાવીને વિદ્યા પ્રાપ્ત કરાવી ત્યાં,
ચમત્કારિક શી રીત શ્રીસદ્‌ગુરુની તો ગળે
-શા ઊતરાવવા પાઠ અલૌકિકપણે ખરે ! ૮૦-૮૧

જીવનનો રસાસ્વાદ ચાખવા અભિલાષથી,
ઉત્સાહે ત્યાં ઝુકાવીને ઝંપલાવી દીધું ચહી,
ઊંડે ઊંડે પછીથી તો ઊતરાયું જ છે ઊંડે !
ત્યાંનો આનંદ તો કોઈ મસ્ત પ્રકારનો જ છે. ૮૨-૮૩

અપરિમિત તે પાછી અમર્યાદ શી સંસ્કૃતિ !
મોહ લાગી ગયો મુગ્ધ થયો એના પરે ચહી,
જીવને તપ ને ત્યાગ, દીક્ષા શી પરમાર્થની
-સંસ્કૃતિએ મને પ્રેરી, લેવરાવ્યો જ ભેખ છે. ૮૪-૮૫

પ્રફુલ્લ પૂર્ણ આનંદ પ્રસન્ન મનને થવા,
ધ્યેયાકાંક્ષી જ સંપૂર્ણ ચાહ્યું જીવન જીવવા. ૮૬

તેવા પ્રકારના નિત્યે, અભ્યાસે જ પૂરેપૂરા
-ખોવાઈ ત્યાં જવાતાંમાં મન તેવું થયું તદા. ૮૭

સદ્‌ગુરુની કૃપાથી તો સાધનાભ્યાસમાં સદા
-પરોવાઈ રહેવાનું થયું તે **એની** શી કૃપા ! ૮૮

પ્રસન્ન મનથી જ્યારે સાધનાભ્યાસ થાય છે,
ત્યારે તેનો જ ઉઠાવ અનેરો કોઈ ઑર છે. ૮૯

ધપતાં ધપતાં માર્ગે જ્યારે જરૂર જેની છે,
સદ્‌ગુરુએ હૃદે તે તે શિખવાડ્યું કૃપાથી તે. ૯૦

કૃતકૃત્ય થવાતાં ત્યાં જીવનોલ્લાસ શો ખીલ્યો !
સુવાસ લાગી ફેલાવા ત્યારે ચોપાસ દિલ તો. ૯૧

જીવને પારકાં કાજે તેજ પાથરવા પથે,
શક્તિ વાપરી પોતાની નાખે અન્યની અર્થ જે. ૯૨

વપરાઈ જતાં પોતે બીજાં અર્થે પૂરેપૂરા
-જેઓ કલ્લોલતાં પૂર્ણ સાચું જીવવું તેમનું. ૯૩

એવી વિદ્યા, કળા, શાસ્ત્ર સદ્‌ગુરુએ પઢાવિયાં,
ગોખાવ્યાં માત્ર તે તો ના જીવને ઉપસાવિયાં ૯૪

જીવનની બલિહારી શ્રીસદ્‌ગુરુ કૃપાથી તો,
કેવી ખીલી મહોરી છે ! લ્હાવો શો જીવવાતણો ! ૯૫

થવો મેળાપ **એવાનો** કૃપા પ્રત્યક્ષ **એની** તે,
અનુભવે હૃદે સત્ય મને તે ઊતરેલ છે,

બડભાગી થઈ આજે ખડો વર્ણવવા થયો,
કૃપા **एणे** શી બક્ષીને જે તે લખાવી દીધું સૌ ! ૯૬-૯૭

કંકાસ, ક્લેશ શા ઉગ્ર સંસારે જલતા હતા !
સંસાર કેળવાવાને તેવો બક્ષ્યો કૃપાથી ત્યાં,
હૈયે તટસ્થતા તેમાં રખાવીને મથાયું છે,
વિરોધાત્મક સંજોગો શીખવા અનિવાર્ય છે. ૯૮-૯૯

'કારમાં કેટલાં દર્દો શાં ભયંકર અર્પીને
-ભાવમાં કેટલું કેવું રહેવાય', પરખાયું છે,
તીવ્ર તે વેદના વિશે ભજનો શાં રચાય છે !
મૂર્ખ પાસે કરાવ્યાં **तें** કેવાં સર્જન કૈંક જે ! ૧૦૦-૧૦૧

તમન્ના આગના જેવી ઓચિંતી સળગી ન તે,
સાધનામાં પરોવાતાં ઑર શી પ્રગટેલ છે !
હૈયે પ્રગટવા લાગી જ્વાળા પ્રચંડ વેગથી,
ત્યારે તે સાધના ભવ્ય કૃપાથી શી થયા કરે ! ૧૦૨-૧૦૩

નિરાશામાં હતો ભારે ને ભયંકર આફતે,
આરો જ્યારે સૂઝ્યો નો'તો ભારે ત્યાં મથતાં છતે,
સદ્‌ગુરુ એકલો માત્ર સહારો મુજ શો હતો !
હિંમત પ્રેરી પ્રેરીને જેણે મથાવિયો મને. ૧૦૪-૧૦૫

ધણી સમર્થ માથે શો ! મળેલો દિલ જાણીને,
નિરાંતે સોડ તાણીને સદ્‌ભાગ્ય શું સૂવાનું છે !
ઠરીઠામ થયા વિના પૂરો **एणे** કદી મને
-નિરાંતે જંપવા વારો આવવા ના દીધો જ છે. ૧૦૬-૧૦૭

થાબડી છે જહીં પીઠ **એણે** મારી કૃપા કરી,
શો કેટકેટલો વ્યાપ્યો હર્ષ અપાર દિલથી !
કિંતુ દર્શાવ્યું જે **એણે** તે પરિપૂર્ણ તો થવા,
મેં ગણકાર્યું મૃત્યુ ના, એવા પ્રત્યક્ષ દાખલા. ૧૦૮-૧૦૯

મર્દાનગી પડે પાછી એવાં સાધન બક્ષીને,
કૌવત **તેં** બઢાવ્યું છે, એ રીતે મારું અંતરે,
'પ્રત્યેક પગલું તારું કલ્યાણ અર્થ નિશ્ચયે',
દૃઢ વિશ્વાસ એવો તે બેઠેલો મુજ દિલ છે. ૧૧૦-૧૧૧

ધીરે ધીમે ટપેરીને પાંસરો શો કીધો મને !
'કદીક પ્રાણ તો જાણે નીકળી હમણાં જશે',
તે અનુભવતો ત્યારે **એને** મેં સાદ પાડીને,
તે હકીકત દર્શાવી, પડી રહ્યો હું શાંતિથી. ૧૧૨-૧૧૩

સદ્ગુરુની કૃપાને તો માગ્યા ના મેં કરેલ છે,
કેમ કે એનું અસ્તિત્વ તે હાજરાહજૂર છે,
સદ્ગુરુમાં હૃદે ઊંડી એવી તો ભક્તિ ઊગતાં,
પ્રતીતિ, આત્મવિશ્વાસ જાગી ગયેલ હોય શો ! ૧૧૪-૧૧૫

**એણે** સંભાળ લીધી છે, ખરા સંકટની પળે,
ગ્રહીને હાથ ખેંચીને લીધો છે ઊંચકી મને,
માર હું ખાઈ ખાઈને શીખ્યો કૃપાથી જીવને,
ઉપકાર ભુલાયે શેં એવા સદ્ગુરુનો હૃદે ! ૧૧૬-૧૧૭

આંધળો, ઠોઠ ને બ્હેરો પૂરેપૂરો બધી રીતે,
એવાને તારવ્યો કેવો ! કૃપા કેવી અગાધ તે !

કર્યો સતત દોડાવ્યા શ્વાસ લેવા દીધો ન છે,
જીવને અથડાયો છું, છતાં સ્થાપ્યો પદે મને. ૧૧૮-૧૧૯

સદ્‌ગુરુની બલિહારી અપરંપાર જીવને,
સદ્‌ભાગી પામી પામીને કૃપાથી શો થયેલ જે !
કૃપાહાથ વિના **एना** કોરા તે પુરુષાર્થથી
-બેઠું થવાયું ના હોત, જગાડ્યો તે કળા કરી. ૧૨૦-૧૨૧

કેવો સંપૂર્ણ સ્વચ્છંદી જીવનનું મહત્ત્વ કૈં
-સપૂચું જાણતો નો'તો તેને સદ્‌ગુરુએ હૃદે
-કૃપાથી સમજાવીને વાળિયો શો **हरि**પથે !
સદ્‌ગુરુ મહિમા તેથી પ્રિછાયો મુજથી હૃદે. ૧૨૨-૧૨૩

સદ્‌ગુરુએ મને કેવો પિછાણી તો લીધો હતો !
જીવને સાધના ભારે કૃપાથી **તેં** કરાવી સૌ,
ગગડી જાય સૌ હાંજા શી ભયંકર એવી એ
-હામ, સાહસને આપે પડકાર, કરાવી છે. ૧૨૪-૧૨૫

સદ્‌ગુરુએ મને કેવો ઓચિંતો પકડી લીધો !
બાકી પકડમાં આવું એવો કેમે ન હું હતો,
કિંતુ કેવો કરી જાદુ આકર્ષી ખેંચી શો લીધો !
અને કેવા પઢાવીને પાઠ મોંઘા, મને ઘડ્યો ! ૧૨૬-૧૨૭

'સાધન, સાધ્ય બંનેયે ભક્તિમાં શાં સમાય છે !'
અમૂલ્ય પાઠ શા એવા ભણાવ્યા **તેમણે** મને !
ભક્તિનો ભાવ લાગંતાં એનો પ્રસાર થાય છે,
થતાં જતાં પ્રસારો ત્યાં સ્પર્શાય સર્વ તે વડે. ૧૨૮-૧૨૯

મને પકડી પાડીને, પંથે પાછો ચઢાવીને,
છેવટ સુધી તો કેવો દોરવ્યા કરવ્યો મને,
બેફામ વર્તવા જાતાં કાન **તેં** પકડાવીને,
સાચું સુઝાડીને કેવું નિશ્ચિંત સ્થાન બક્ષ્યું છે ! ૧૩૦-૧૩૧

અમથો અમથો **એણે** ખોળે લીધો નથી મને,
કેળવી કેળવી **એણે** મઠાર્યો છે બહુ રીતે,
પાત્રતા મેળવ્યા વિના કશું કૈં ના પમાય છે,
સદ્‌ગુરુની કૃપાથી તો તેમાં કૈંક ફવાયું છે. ૧૩૨-૧૩૩

જીવનમાં હતો કેવો ? આજ જેવો છું જીવને
-તેવો કોણે મને કીધો ? સદ્‌ગુરુના પ્રતાપ તે,
‘**એના** કૃપા પ્રભાવેથી કેવી મુશ્કેલ ગૂંચથી
-બચાવાયું શું જાણી તે, શક્તિ **એની** પિછાની શી ! ૧૩૪-૧૩૫

સદ્‌ગુરુ મોટી શક્તિ છે, નાનીસૂની ન વાત તે,
તેનામાં ભક્તિ જાગંતાં અદ્‌ભુત કર્મ તે કરે,
રણ શી સાવ ભૂમિમાં અન્ન ઉગાડવાતણાં
-કળા, કુનેહ, કૌશલ્ય હું પરે અજમાવિયાં. ૧૩૬-૧૩૭

નાનામાંથી કર્યો મોટો ‘મોટો’ કૃપાથી શો થયો !
કેવો ગરીબ ને તુચ્છ તેમાંથી આજ શો બન્યો !
સદ્‌ગુરુની કૃપાની તે બલિહારી અગમ્ય છે,
ચઢાવી ગિરિ પંગુને એવી **એની** શી શક્તિ છે ! ૧૩૮-૧૩૯

જ્યાં ત્યાં રખડતો એવો જેનો હિસાબ કૈં ન છે,
કોઈ જેને પૂછે છે ના, કશામાં ગણના ન છે,

ચાર માણસમાં જેની પ્રતિષ્ઠા તો કશી ન છે,
એવાને સદ્‌ગુરુએ શો ઊંચે ચઢાવિયો જ છે ! ૧૪૦-૧૪૧

સાવ બોથડ જે કેવો અણઘડ પૂરો હતો,
શરણાર્થી થવાથી તો જુદું શું જીવવું થયું !
'જીવવાકેરી તો રીત ન્યારા કોઈ પ્રકારની',
શ્રીસદ્‌ગુરુ કૃપાથી તો સૂઝી કેવું ગયું તહીં. ૧૪૨-૧૪૩

જેનાથી વારસો કેવો અદ્‌ભુત જીવને મળ્યો !
એવા સદ્‌ગુરુને ભાવે કોટિવાર નમું પદે,
શો અવતાર આપ્યો છે નવો ! જે કોઈ સાથ તે
-સરખાવી શકાયે ના, **તેને** નમું પદે પદે. ૧૪૪-૧૪૫

ટપાર્યો ને ટપેર્યો છે, સદ્‌ગુરુએ ઘણો મને,
જ્યારે એક પછી એક લપડાકો પડેલ છે,
ત્યારે કંઈક ઠેકાણું લાગેલું પડવા પથે
-ખુલ્લું થવા જ માંડેલું જે તે ત્યારથી જીવને. ૧૪૬-૧૪૭

ઘાણ વળી ગયેલો છે, કચ્ચરઘાણ થયેલ છું,
ઘડાવા અર્થ માટીને ગૂંદાવાનું ઘણું થયું,
તેવી વેળા હૃદે તેથી એવી સભાનતા ઠરી,
ભાવની શી કૃપા એ તો કે શી **તે** પળ પાંગરી. ૧૪૮-૧૪૯

માતબર થવાકેરો આદર્શ દિલ જે હતો,
સદ્‌ગુરુએ મથાવીને તે પથ ઠેલવ્યા કર્યો,
પ્રેરાઈ ભક્તિના રંગે બુદ્ધિ, ત્યાં પ્રેરણા ઊગી,
નવું નવું થતું સિદ્ધ તેવી જ્યાં પ્રેરણા સ્ફુરી. ૧૫૦-૧૫૧

ગોદા સદ્ગુરુના ખાવા તૈયારી હોંશપૂર્વક,
ઊગતી શી ઉષા જેવી દિલ મારે શી જાગ્રત !
**एना** તેવા જ તે કર્મે હેતુ શિક્ષણનો ગૂઢ,
એવો હોવાથી વિશ્વાસ ગ્રહાયું તે રીતે દિલ. ૧૫૨-૧૫૩

શ્રીસદ્ગુરુ વિશે જે કો ભક્તિના ઝરતા રસે
-છે રસાયેલું સંપૂર્ણ, જ્યાં ત્યાં તેનું જ ક્ષેમ છે,
કૃપા એ તો હતી **एनी** લાગ્યો સ્વાર્થ ઊંડો હતો,
કે જેથી દિલ **एनामां** પ્રવેશેલું રહ્યા કર્યું. ૧૫૪-૧૫૫

ઉત્કટ ઝંખતું હૈયું **एनामां** જો રસાત્મક,
એને તત્પર શો **एवो** છે પ્રત્યુત્તર-આત્મક !
**एना** જેવો બીજો કોઈ વાળી શકે જવાબ તે
-એવો ના કોઈયે ક્યાંયે પ્રત્યક્ષ વર્તમાન છે. ૧૫૬-૧૫૭

આંતરિક પૂરેપૂરી સ્વસ્થતા ચિત્તની જ જે
-ચેતનાત્મક શાંતિ તે જેમાંથી પ્રેરણા મળે,
શી નિર્વિકલ્પ શાંતિ તે એમાંથી જ સમાધિની
-ભૂમિકા જાગી ઊઠે છે, સદ્ગુરુની કૃપા થકી. ૧૫૮-૧૫૯

મુશ્કેલી, કોયડા, પ્રશ્નોના સૌ ઉકેલ કાઢવા,
બુદ્ધિ જ્યાં ફાવતી ન્હોતી ત્યાં આવ્યો ભાવ કામમાં,
ભાવથી કેવી જાગે છે, પ્રેરણા સૌ પ્રકારની,
ને એવી પ્રેરણાથી સૌ ઉકેલાતું ગયું વળી. ૧૬૦-૧૬૧

ઊર્ધ્વ તે ભવ્ય ને દિવ્ય ગૂઢ કૈં ભૂમિકા વિશે,
ત્યાં શાં કળણ ભારે છે, કળાઈ જ્યાં જવાયું છે,

સૌ પુરુષાર્થ ત્યાં મિથ્યા ! એકલો માત્ર તે પળે
-સદ્‌ગુરુ શક્તિવાળો છે, દેવાને સ્‌હાય તત્પરે. ૧૬૨-૧૬૩

સાધનાભ્યાસમાં પૂર્ણ આસક્ત જ્યાં થતાં હૃદે,
સદ્‌ગુરુની પરે હૈયે ભાવ શો ઊભરાય છે !
ઊપજેલો હૃદે ઊંડો એવો જે ભાવ તે પૂરો,
જે તે કૈં યોગ્ય સંપૂર્ણ નીપેટવા ખરેખરો. ૧૬૪-૧૬૫

મૂંઝાયો છું બહુ વેળા તે વેળા માત્ર એક છે
-ઓથ શ્રીસદ્‌ગુરુ સોડ, જેથી હૂંફ વળેલ છે,
સહાનુભૂતિ, ઉત્સાહ, ઉદ્યમ, ખંત, સાહસ,
ધૈર્ય પાર વિનાનાં તે સદ્‌ગુરુથી મળેલ છે. ૧૬૬-૧૬૭

શો ઉપયોગ જે તે-નો જીવનમાં થયેલ છે !
તેમાંથી શીખવાનું તો કેવું કેવું મળેલ છે !
ઓતપ્રોત વણાયેલો છે જ્યાં સદ્‌ગુરુ જીવને,
ત્યારે વિચારવાનું તો ના ર્‌હે છે કશું આપણે. ૧૬૮-૧૬૯

**આ** વેશ બદલાવ્યો છે, **જેણે** મારો કૃપા કરી,
નમસ્કારો હજારો છે, મારા **તેને** લળી લળી,
જોયું છે સામું ના મારા આડાતેડા ભણી કશું,
એવું અપાર કારુણ્ય **જેનું**, તેને નમું નમું. ૧૭૦-૧૭૧

અન્યાય ઘોર કીધા છે, ત્યાં મેં સદ્‌ગુરુને ખરે,
શી નાલાયકી મારી તો પુરવાર થયેલ છે. ૧૭૨

અધમાધમને કેવો છાતીએ લઈ ચાંપિયો,
**તેં** વ્‌હાલ આણી આણીને, પ્રેમનું દૂધ પાયું છે. ૧૭૩

એવા શા ઉપકારોને કેવી રીતે ભૂલી શકું ?
હૈયાનો ભાવ તેથી તો કેવો ટકે જ જીવતો ! ૧૭૪

સદ્‌ગુરુએ કળા-જાદુ કરી, કોઈ પ્રકારથી,
શરૂમાં અંતરે મારે ઉતાર્યું બીજ ભાવથી. ૧૭૫

અખંડિત કરાવીને **તેને** શું ચેતનાત્મક !
**તેનો** ત્યાં ઝબકારાનો બિંબાકાર પ્રકાશ છે. ૧૭૬

હયાત ચેતના છો ત્યાં ચિરંજીવપણે હૃદે,
છતાં શ્રીસદ્‌ગુરુ ભાવ સાથે શો જીવતો જ છે ! ૧૭૭

**एना** સ્વીકારનો **एवो** પ્રતાપ ને પ્રભાવ છે,
પ્રતાપ **हरि**છાયાનો મુજ પરે અપાર છે. ૧૭૮

પ્રેમપ્રતાપથી **एना** આજે ઊભો હું જીવને,
શા સજીવન **एनाथी** ખુમારીથી જિવાય છે ! ૧૭૯

શ્રીસદ્‌ગુરુની લીલાને ન્યાય સંપૂર્ણ મૂર્ખથી
-અપાયો નથી, તે કાજે ક્ષમા માગી લઉં સ્તવી. ૧૮૦

સૂર્યની આગળે જેવો આગિયો તુચ્છ સાવ છે,
તેવા સદ્‌ગુરુના પાદે બાળ નાદાન સાવ તે. ૧૮૧

સદ્‌ગુરુએ ચખાડ્યો છે, કેવો પ્રસાદ અંતરે,
આત્મસંતોષ જેનાથી અનુભવે મળેલ છે,
ચલાવીને ચલાવીને કેવું મથાવીને મને,
સીધો દોર રખાવીને સધાવ્યું કેવું કર્મ છે ! ૧૮૨-૧૮૩

મુશ્કેલીમાં મને કેવો મૂકી દીધેલ **તેં** મને !
મથાવ્યો એકલે હાથે ગૂંચવાવા દઈ હૃદે,
આશ્વાસન કશું ત્યારે વ્‌હાલથી **તેં** દીધું ન છે,
અથડાવા દઈ કિંતુ મને **તેં** શિખવાડ્યું છે. ૧૮૪-૧૮૫

કેવું અંજન આંજીને દૃષ્ટિ શી ફેરવાવી છે !
આંધળો શો હું સંપૂર્ણ **તેં** તેને દૃષ્ટિ બક્ષી છે,
અપંગ, પાંગળો કેવો ભરાતું ડગ એક ના,
ત્યારે સદ્‌ગુરુએ હાથ પકડી ઊંચક્યો તદા. ૧૮૬-૧૮૭

જ્યારે હું ખંચકાયો છું, જ્યાં અટકી જવાયું છે,
કેમેયે કરતાં સ્‌હેજે ન્‌હોતું ચલાતું જ્યાં પથે,
આર્દ્ર ને આર્તપોકારે સ્‌હાયે આવેલ દોડીને,
મને ઉઠાડીને પંથે છે ચલાવેલ સ્ફૂર્તિએ. ૧૮૮-૧૮૯

સદ્‌ગુરુની કૃપા એવી બહુ વેળા નિહાળી છે,
આત્મવિશ્વાસ જીવંતો તેથી હૈયે ફૂટેલ છે,
મને શો જીવને કોઈ સાચો જ દોરનાર છે,
બેલી મારો ખરી વેળા આવી ઊભો રહેલ છે. ૧૯૦-૧૯૧

ખરેખરો ઊંડો સ્વાર્થ શ્રીસદ્‌ગુરુ વિશે હૃદે
-લાગવા દઈને પૂરો, કામ પાડી પછી જુઓ,
સદ્‌ગુરુ હોય કેવા તે અગાઉ કથી હું ગયો,
**એવાને** શરણે ભાવે જતાં, અર્થ સધાય સૌ. ૧૯૨-૧૯૩

પ્રાર્થ્યા સદ્‌ગુરુ કીધા છે, ભાવને બક્ષવા મને,
'પામતાં દિલ મારાથી સંતોષ, ભાવ શો મળે !'

જ્યાં અનુભવતાં એવું ચાવી મહત્ત્વની મળી,
ઉપયોગ કરી તેનો ભાવ લ્હાણી શી મેળવી ! ૧૯૪-૧૯૫

તેવું તેવું બધું એમાં ઉપયોગી ખરેખરું,
હોતાં તે તે બધું યોગ્ય કૃપા તત્કાળ ત્યાં જ શું ! ૧૯૬

જ્યારે જ્યારે પડી ભીડ પોકાર્યો છે હૃદે **तने**,
ધાયો છે ઊડીને વ્હારે શા વ્હાલા ભક્ત છે **तने** !
પોતાના ભક્તને શાતા, શાંતિ, સુખ, પ્રસન્નતા
-કેવો આતુર દેવાને ! અનન્ય **तुज** પ્રેમ હા ! ૧૯૭-૧૯૮

આકરી પળ આવી'તી ત્યારે ખબરદારી તે,
જાગૃતિ ને ટટારી સૌ સાવધાની દૃઢાવીને
-મક્કમતાથી પ્રેરાવ્યાં ખંત, સાહસ, ઉદ્યમ
-સાથે શાં દાખવાયાં છે, હામ, ધૈર્ય પરાક્રમ. ૧૯૯-૨૦૦

કારમાં સંકટો જ્યારે માથે આવી પડેલ છે,
ગભરાટ ન સેવાયો, એ તો **एनी** કૃપા શી તે !
'માથે સમર્થ ધીંગો શો ગર્જતો ધણી જીવતો !
એવો વિશ્વાસ જાગેલો હોવાથી, હું ટકી શક્યો. ૨૦૧-૨૦૨

કદીક ત્રાસ પામ્યો છું, કંટાળ્યો છું કદીક હું,
બળદ ગળિયો પૂરો કદીક તો થવાયું શું !
ગડમથલ તેવી તે દશામાં ના મુકાઈ છે,
એવી સાક્ષાત પ્રત્યક્ષ કૃપા શ્રીસદ્ગુરુની છે. ૨૦૩-૨૦૪

કસોટી કેટલી આવી ઉપરાઉપરી પથે,
હોવાથી ધ્યેય નિશ્ચિત તે રીતે તે સ્વીકારી છે,

ગુણ ને ભાવ ને શક્તિ કેળવવા મળેલ છે,
તેવા હેતુતણું ભાન પ્રેરેલ સદ્‌ગુરુએ જ છે. ૨૦૫-૨૦૬

આંચકા કેટલા ખાધા ! એનો એ જ છતાં રહ્યો,
કિંતુ તારો પડ્યો ડંડો, ત્યારે ભાન ખરું ઊગ્યું,
વારંવાર સ્ફુરાવી છે, એકની એક વાત જે,
લિસોટો શો પડ્યો ! જેથી કૃપાથી તો જગાયું છે. ૨૦૭-૨૦૮

વિપત્તિ, શોક, સંતાપ સંસારે મળતાં રહ્યાં,
લપેટાવાયું તેમાં તો કેટલું તે તપાસ્યું ત્યાં,
સદ્‌ગુરુનો કૃપાહાથ પ્રાર્થના દિલમાં થતાં
-કેવો અનુભવાયો છે ! જેથી જગાયું છે તદા. ૨૦૯-૨૧૦

કઠોર સાંપડી'તી કૈં, જીવને વાસ્તવિકતા,
ત્યારે મક્કમતાથી શો કરાયો સામનો મથી !
પોકાર્યો છે ઊંડા ભાવે વારંવાર શ્રીસદ્‌ગુરુ,
ધૈર્ય, હામ રખાતાં ત્યાં મળી છે શક્તિ દિલ શું ! ૨૧૧-૨૧૨

પરિબળ તરીકે શા પ્રચંડ શક્તિના રૂપે
-શ્રીસદ્‌ગુરુ પ્રવેશેલા મારા જીવનમાં હૃદે,
પ્રવેશીને મને કેવો મથાવ્યો છે બહુ રીતે,
ભગીરથ પ્રયત્નોમાં પૂરો સાથ કૃપાથી છે. ૨૧૩-૨૧૪

કર્મ સૌ **હરિ**પાદોમાં તે સમર્પણ પુષ્પ છે,
પૂર્ણ સંતોષ દેવાને **હરિને** દિલ, કર્મ છે,
**હરિને** કરવા પ્રેમ કર્મ સાધન યોગ્ય છે,
શિખાયું કર્મ તે ભાવે થવા સદ્‌ગુરુથી હૃદે. ૨૧૫-૨૧૬

હૈયું થયા વિના પૂરું ભક્તિથી તરબોળ તે,
સાચું ખરેખરું ઊંડું સદ્‌ગુરુનું મહત્ત્વ જે
-પામી શકાય કોઈથી કદીયે ના પૂરેપૂરું,
શા આછાપાતળા ભાવે પખાળ્યા પાદ દિલ શું ! ૨૧૭-૨૧૮

હૈયું ઠાલવવા માંડ્યું વારંવાર **ગુરુ**પદે,
જે જે થતું, બધું તે તે સદ્‌ગુરુને નિવેદ્યું છે,
એવો અભ્યાસ જીવંતો ચેતતો જેમ તે થયો,
ભાવ ઊછળવા લાગ્યો વર્ષા પ્રચંડ પેર શો ! ૨૧૯-૨૨૦

નિરંતરતણા ભાવે ભજિયા સદ્‌ગુરુ હૃદે,
સદ્‌ગુરુ હાર્દનું તત્ત્વ ત્યારે અનુભવાયું છે,
કૈં આછુંપાતળું તેથી લખવા સદ્‌ગુરુ વિશે
-પ્રેરાયો, તે કૃપા **એની** ન્હાયો જેમાં છલોછલે. ૨૨૧-૨૨૨

સદ્‌ગુરુભાવમાં જ્યારે તલ્લીન થૈ જવાતું'તું !
આજુબાજુની સંપૂર્ણ વિસ્મૃતિ થૈ જતી'તી શું !
એકલા માત્ર **એનામાં** પ્રસ્થાપિત થતાં હૃદે,
ત્યારે તે ભાવની શક્તિ ઘડે જીવન દિવ્ય તે. ૨૨૩-૨૨૪

ભવતારણ સંપૂર્ણ સદ્‌ગુરુ શો ખરેખરો !
મનુષ્ય રૂપથી જુદો ત્યારે સદ્‌ગુરુ ઑર શો !
ભક્તિ લાગ્યા વિના પૂર્ણ સદ્‌ગુરુમાં ગળાય ના,
સ્વાર્થ લાગ્યો જ હોવાથી સદ્‌ગુરુમાં વણાયું ત્યાં. ૨૨૫-૨૨૬

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૩ : જીવનગુરુનું સ્વરૂપ

(અનુષ્ટુપ)

મારા સદ્‌ગુરુ ઠેકાણા વિનાના દુન્યવી રીતે,
રીતભાત કશી કોઈ યોગ્ય પ્રકારની ન છે,
શો અવધૂત સંપૂર્ણ ! **એને** વર્ણવવો જ તે
-મુશ્કેલ, દોહ્યલો પાછો જુદો ઘડી ઘડી શું તે ! ૨૨૭-૨૨૮

કામ લેનાર તો **એના** જેવો બીજો ન ક્રૂર છે,
વ્હોરવું ત્યાં પડે મૃત્યુ એવાં દર્શાવીને મને
-પથે શાં સાધનો ભારે મુશ્કેલ દોહ્યલાં જ જે,
કેવાં તે અઘરાં, ક્હેતાં વર્ણવ્યાં જાય કૈં ન તે. ૨૨૯-૨૩૦

તોય ગરજ મારે તો **એની** સંગાથ જીવને
-હતી જે પાર વિનાની ઉત્કટમાં શી ઉત્કટે !
સ્વાર્થને કારણે **તેનું** તેવું કઠ્યું કશું ન છે,
ઊલટું ભક્તિને લીધે નવું નવું શીખેલ છે. ૨૩૧-૨૩૨

પોતે સદ્‌ગુરુ તે માત્ર એકલું ના શરીર છે,
ચેતના સંકળાયેલી સાથે ખરેખરી શી જે ! ૨૩૩

શરીર માત્ર ના પોતે સમગ્ર ભાવ કેંદ્રિતે
-આપમાં આપ પોતે છે, શી બલિહારી એવી છે ! ૨૩૪

સાધવા ધ્યેય હેતુથી સદ્‌ગુરુ શરણું લીધું,
પછીથી કિંતુ ભક્તિ શી ગુરુમાં ઊભરાઈ છે ! ૨૩૫

સદ્‌ગુરુ એક ઠેકાણે હોવા છતાંય, **તે** વળી
-નિશ્ચે હાજર **તે** હોય બીજે પ્રત્યક્ષ આપશ્રી,
તે સ્થળની બધી મારી હકીકતો કહેલ છે
-અક્ષરે અક્ષરો સાથે કશો ફેર ન જે વિશે. ૨૩૬-૨૩૭

મારો ત્યાં એક જે મિત્ર હતો હાજર તે પળે,
તેણે ઉતારી લીધેલું મને બધું બતાવ્યું છે. ૨૩૮

કેટકેટલુંયે દૂર મારું ત્યાં સ્થળ જે હતું,
ગાયેલી પ્રાર્થના મેં ત્યાં સદ્‌ગુરુએ જ ગાઈ શું ! ૨૩૯

એકીસાથે બીજે પાછો શો પ્રસરેલ આપ છે !
પ્રત્યક્ષ દાખલા એવા કેટલાક મળેલ છે. ૨૪૦

બીજા માને ન માને કે પરવા તેની, ના ધરી,
જે હકીકત સાચી સૌ મને લાગી, શી વર્ણવી ! ૨૪૧

સદ્‌ગુરુની પરત્વેની ભક્તિ લાગ્યા વિના ઊંડી,
**તેમનો** લાભ સંપૂર્ણ મળવાનો નથી વળી. ૨૪૨

સદ્‌ગુરુમાં રહે મારું દિલ પૂરેપૂરું સદા,
એ કાજે નખરાં કેવાં સદ્‌ગુરુ કરતો કર્યાં !
શા શા કરે જ ઈશારા ! થઈ જવાય મુગ્ધ ત્યાં,
લટ્ટુ તેથી થવાયું છે, વારી પદે જવાયું ત્યાં. ૨૪૩-૨૪૪

પ્રવાહ ચેતનાકેરો જેમાંથી શો વહ્યા કરે !
ભક્તિથી સ્પર્શતાં **એને** ખબર સ્પર્શની પડે. ૨૪૫

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૪ : ગુરુપ્રેરિત પુરુષાર્થ

(અનુષ્ટુપ)

અશક્ય સાવ દેખીતું મુશ્કેલ ને ભયંકર,
ચાલે ના હામ, એવું તે કારમું ભયપ્રેરક,
કૃપાથી ઝંપલાવાનું યાહોમ કરીને કર્યું,
ત્યાં તો શ્રીસદ્‌ગુરુએ શી અનંત શક્તિ પ્રેરી શું ! ૨૪૬-૨૪૭

**એનું** જે જે બતાવેલું ઊછળતા ઉમંગથી,
ખંત, ઉદ્યમ, ઉત્સાહે કર્યાં કીધેલ દિલથી,
**એને** સંતોષ દેવાને ઉલેચ્યા છે સમુદ્રયે,
**એને** સંતોષવા બાકી કૈં ના હુંથી રખાયું છે. ૨૪૮-૨૪૯

ધૈર્ય, હિંમત ને શૌર્ય ને મર્દાનગી કેટલી,
ગુણો તપાસી સૌ લેવા તપાવાયું કસોટીથી,
શ્રીસદ્‌ગુરુ કળા, વિદ્યા પ્રસ્થાપિત થવા હૃદે
-મથાયું ભક્તિ લાગ્યાથી થવાતું ગયું આખરે. ૨૫૦-૨૫૧

લાતો કદીક ખાધી છે, માથું કેવું કુટાવ્યું છે !
ભીંતે શું અફળાવાયું કેટલી વાર તો પથે !
છતાં ના છાલ છોડ્યો છે, લીધેલું મૂકી દીધું ના,
તંત એનો ન છોડ્યો છે, એ તો શી સદ્‌ગુરુકૃપા! ૨૫૨-૨૫૩

કેટલા ટપલા ખાધા કુંભારના જ જીવને,
હેતુ કેવો ઘડાવાનો જીવતો દિલ તે વિશે !

ઊંડાં શાં ડૂબકાં ખાધાં પાણીમાં બહુ વાર કૈં,
છતાં ના ડૂબવા દીધો સદ્‌ગુરુની કૃપા શી તે ! ૨૫૪-૨૫૫

હણાયો છું, ઘવાયો છું, બહુ વેળ હઠાયું છે,
છતાં ફરી ફરી બેઠું કૃપાથી ત્યાં થવાયું છે,
મથી મથી પુરુષાર્થે દોટ **एणे** મુકાવી છે,
જેવો છું આજ, તેવો તે નિશ્ચે **एनी** કૃપા જ તે. ૨૫૬-૨૫૭

હથોડા કેટલા ભારે માથે અટપટા પડ્યા !
શ્રીસદ્‌ગુરુ પરે ત્યારે લવાયું ઓછું ના કદા,
મને શો મરડાવ્યો છે, ઊંચો નીચો કરી તદા,
કેવો શો કેળવેલો છે ! થવા યોગ્ય પદે ત્યહાં. ૨૫૮-૨૫૯

કેવા ઘોંચપરોણાઓ ખાધા છે સદ્‌ગુરુના જ તે,
કિંતુ તેને ન તેવા તો કદી માની લીધેલ છે,
તાલીમ શીખવાની તે ભાવથી તો સ્વીકારી છે,
બઢંતાં પ્રેમભક્તિ ત્યાં શિખાયા ત્યાં જવાયું છે. ૨૬૦-૨૬૧

ઉત્સાહ સાધનાકર્મે વ્યાપી જીવનમાં જતાં,
ખંત, ઉદ્યમ ને હામ, સાહસ આદિ વ્યાપતાં,
જોખમો ખેડવા ત્યારે પાંખ શી ફૂટી નીકળે !
આકાશે ઊડવા કેવાં જોમ, શક્તિ ફૂટેલ છે !
સદ્‌ગુરુની કૃપાશક્તિ પુરુષાર્થે મળ્યાં કરે,
અનુભવો અનેકોથી તારવેલું કૃપાથી છે. ૨૬૨-૨૬૪

થઈ જવા ફના પૂર્ણ તાકાત શક્તિ અંતરે
-ઉછાળા મારતી કેવી ધસારાબંધ વ્હેતી છે !

તે વેળા ઝંપલાવાની મસ્તી કેવી ચઢેલ છે !
આવતાં યાદ તે કેવાં આજે રોમાંચ થાય છે ! ૨૬૫-૨૬૬

મુશ્કેલી, આફતો, વિઘ્નો, પ્રશ્નો ને ગૂંચ, કોયડા,
મળ્યાં પ્રસાદી શી ! જેથી મથાયું પાકું તો થવા,
ખબરદારી, ખુમારી, ટટારી કેળવાઈને,
તેથી ખમીર જાગ્યું છે, સદ્‌ગુરુની પ્રસાદી તે. ૨૬૭-૨૬૮

મને શો ધમકાવ્યો છે, સદ્‌ગુરુએ ખરેખરો !
છતાં ના અવગણેલો ને હડસેલી ના દીધો,
ખત્તા ખાવા દીધેલા છે, તેથી તો શીખવા મળ્યું,
હેતુ સભાનતા લીધે સદ્‌ગુરુની કૃપા જ શું ! ૨૬૯-૨૭૦

કદીક લાત મારી છે, તરછોડ્યો છતાં ન છે,
શ્રીસદ્‌ગુરુની કૃપાનાં શાં તેમાં દર્શન થાય છે !
સદ્‌ગુરુના જ ડંડાએ ઉગાર્યો મૃત્યુથી પથે
-બહુ વેળા, જિવાયું છે તો જ **એની** કૃપા વડે. ૨૭૧-૨૭૨

'કૈં ટિપાયા વિના કો'નો આકાર ના ઘડાય છે',
એવા મળ્યા પ્રસંગોથી જાણવાનું મળેલ તે,
સદ્‌ગુરુએ કૃપાથી શા દીધા એવા પ્રસંગ છે,
ઘડાવાતણું ત્યાં ભાન **એણે** કેવું રખાવ્યું છે ! ૨૭૩-૨૭૪

જબરજસ્ત સંગ્રામ જીવને ઉપજાવીને
-રમખાણ મચાવીને પંચાત શી પડાવી છે ! ૨૭૫

સદ્‌ગુરુ પાંસરો ના છે, પડી ર્‌હેવા ન દે જ **તે**,
ઊથલાવ્યા કરાવ્યો છે, કેટલી વાર શો મને ! ૨૭૬

એવો **એનો** હું શી રીતે માનું આભાર દિલથી ?
શરૂમાં મન કંટાળ્યો હું હતો, કાચી બુદ્ધિ શી ! ૨૭૭

ગુરુનાં મુજ માટેનાં કરતૂકો અગમ્ય જે,
તેમાં કલ્યાણ સંપૂર્ણ તે સમાયેલ માનું છું. ૨૭૮

જીવનમાં પ્રયોગોથી ઊગ્યું અનુભવાત્મક,
તેથી વર્તાયું નિશ્ચિતે તેવે પ્રસંગ નિશ્ચિત. ૨૭૯

એવા પ્રસંગ પ્રેર્યા છે, જેમાં દોડાવીને મને
-હાંફળો ફાંફળો કેવો મૂક્યો કરાવી નાહકે ! ૨૮૦

કિંતુ કૃપા શી **તારી** કે મને ત્યાં ભાન તે વિશે
-કરામતથી પ્રેરાવી ઉગારી શો લીધેલ છે ! ૨૮૧

ખાડામાં કહીં નંખાવ્યો શો કેટલીક વારયે !
કેટલામાં હું છું તેનું વાસ્તવિકપણું બધું
-આપોઆપ જ તાદૃશ મને ત્યારે જણાયું શું ! ૨૮૨

શો જીવન કમાવાનો ધંધો સ્વીકારીને જગે !
આફત લીધી છે વ્હોરી, જેની સીમા ન કોઈ છે,
છતાં પાછા પડાવાનું થતાં કોઈકથી પથે,
હરાવવા બળોને તે શહૂર પ્રગટેલ છે. ૨૮૩-૨૮૪

શો ઘેરાઈ ગયો'તો હું, છુટકારો થતાં ન ત્યાં,
કરી કરી પુરુષાર્થ ભારે મથ્યા કર્યું તદા. ૨૮૫

કૈં પુરુષાર્થમાં બાકી રહેવા ના દીધેલ છે,
ઊતરાયું ઊંડે ઊંડે ભક્તિનું પરિણામ તે,

કદાપિ ચોટ ના લાગે પ્રેમ લાગ્યા વિના ઊંડો,
સદ્‌ગુરુના બધા એવા છે પ્રતાપ, પ્રભાવ સૌ. ૨૮૬-૨૮૭

મારા તે **નબળા**નું છે બળ, પ્રત્યક્ષ સદ્‌ગુરુ,
**તે** સદ્‌ગુરુ વિના સ્હેજે મારે નહોતું ચાલતું,
સદ્‌ગુરુ માત્ર આધાર જ્યારે સંપૂર્ણ થૈ જતાં,
સદ્‌ગુરુ પછી તો પોતે થયો વિલીન શો તદા ! ૨૮૮-૨૮૯

કારમાં કળણોમાં જ્યાં અટવાઈ ગયો હતો,
ફળાતું ન હતું ત્યારે પુરુષાર્થથી કૈં જ તો,
ત્યારે સદ્‌ગુરુની ભક્તિ લાગી કામ ખરેખરી,
એ ભક્તિએ બચાવ્યો છે, ખતરાથી મને વળી. ૨૯૦-૨૯૧

સદ્‌ગુરુએ કૃપાથી શો મથાવ્યો છે પથે મને !
કશું ના એમનું એમ ઓચિંતું આપી દીધું છે. ૨૯૨

જાતોજાત પૂરેપૂરું મથાવ્યા તો કરેલ છે,
તેથી શિખાયું જે હૈયે કેવું ચોંટી ગયેલ છે ! ૨૯૩

મારા જીવનને કોઈ હોય ઉદ્ધારનાર જો,
સદ્‌ગુરુ એકલો માત્ર **એણે** ખોળે મને લીધો,
ટપાર્યો ને ટપેર્યો છે, તપાવ્યો છે બહુ રીતે,
ઘડવા ઘાટ સૌ તે તે પ્રસાદીનું હતું ખરે. ૨૯૪-૨૯૫

આકર્ષાયેલ હોવાથી સદ્‌ગુરુ પાદપદ્મપે,
સ્મૃતિ સદ્‌ગુરુની જાગે વારંવાર હૃદે મને,
તેવા તે વેળના ભાવે પ્રાર્થના સદ્‌ગુરુપદે,
'મથવામાં મને દેવા હામ', એવી થયેલ છે. ૨૯૬-૨૯૭

મથવાનું કરાવ્યું છે, સદ્‌ગુરુએ મને ઘણું,
કૃપા શી તે મળ્યું જેથી શીખવાનું ખરેખરું,
જાતે મથ્યા વિના ઊંડું ઊતર્યા વિણ હાર્દમાં,
-હાથ લાધે ન કૈં તત્ત્વ, લાધ્યું તે સત્ય વાટમાં. ૨૯૮-૨૯૯

કેવું સંશોધવા ઊંડું જીવન મથવું પડ્યું,
જે મથવાનું એવું તે તપશ્ચર્યા ખરી ગણું.
ભાવ એમાં ઉમેરાતાં તે તો સ્હેજે નથી કઠ્યું,
આભાર સદ્‌ગુરુનો શો માન્યો ભક્તિથી દિલ શું ! ૩૦૦-૩૦૧

ખાધા હોવા છતાં ખત્તા શિખાયું મુજથી નથી,
શીખ્યો સદ્‌ગુરુ ડંડાથી, જેણે મઠારિયો ચહી.
મહેનત કરાવી છે, અપરંપાર જીવને,
ડૂચો કાઢી જ નાખ્યો છે, મથાવતો, રખાવીને. ૩૦૨-૩૦૩

ખાંડી ખાંડી મને ભૂકો કરી કેવો દીધો હતો !
કચરાવાથી સંપૂર્ણ તેલ કેવું કઢાયું'તું !
સદ્‌ગુરુની કૃપાશિક્ષા આંટીઘૂંટી જ વાળી શું !
હેતુને જાણવામાંથી શીખવાનું રૂડું મળ્યું. ૩૦૪-૩૦૫

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૫ : સાધનાની ઊર્ધ્વ ભૂમિકામાં એકલતા

(અનુષ્ટુપ)

અધવચ્ચે મને કેવું લટકવું પડેલું છે !
એકલા એકલા સાવ આવ્યું છે ખેલવાનું તે,
સંગાથ શક્તિનો પૂરો જીવને જે હતો ખરો,
વેગળો વેગળો તેય શો દોડી દૂર તો ગયો !
ભલેને વેગળે દૂર રહ્યો રહ્યો જ નીરખે,
'કેવાં ખમીર, ખુમારી, મર્દાનગી ભર્યાં જ છે.'
ભલે છે એકલો, કિંતુ તાલાવેલી ઊંડી હ્રદે
-તીવ્ર લાગેલી છે, તેનો સંગાથ કેમ તૂટશે !
ભલે નાસી ગયેલો તું, લાગ્યો છે અગ્નિ જે હ્રદે,
તેની જ્વાળા મને ત્યારે સોબત આપતી જ છે.
મનેય 'દિલમાંની જે તારે અર્થની લાગણી
-કેટલી કેવી છે', તેનું જાગશે ભાન દિલથી,
દૂર દૂર રહ્યો છોને ખેલ જોયા ભલે કરે,
'છે મર્દાનગી ફૂટેલી કેવી !' જોવા તને મળે,
એકલો છો ભલે હોઉં છતાં ના એકલો જ છું,
છે તાલાવેલી સંગાથે, ભાગી ક્યાં તે જવાની શું !
એ તાલાવેલી સંગાથે તુંયે જોડાયેલો જ છે,
છતાં કરામતે કેવી અદૃશ્ય થૈ ગયેલ છે !
તાલાવેલી છતાં કેવી ખાલી ખાલી બધું જ તે
-લાગ્યાં કરે, બધું જે જે લાગે છે સૂમસામ તે,

જે તે સર્વ બધાંમાંથી **પ્રાણ** ઊડી ગયેલ છે,
છતાંય ખેલવા મસ્તી ઊતરી શી ગયેલ છે !
સર્વસ્વ મુજ આધાર જાણે તૂટી પડેલ છે !
નોધારો દિલ સંપૂર્ણ નિરાધાર થયેલ જે,
આકાશ આંબવા શક્તિ વિગલિત થયેલ છે,
જેમ તેમ છતાં ઊભો રહેવાને મથાયું છે,
'એકલો એકલો સાથ વિના આધાર અંતરે
-સંપૂર્ણ થૈ ગયેલો છું, જાણે અંતરથી મને
-સંપૂર્ણ છોડી દીધેલો હોય', લાગેલ એવું છે,
જેવો તેવો છતાં પોતે ટકવાને મથેલ છે. ૩૦૬-૩૨૦

આભને બાથમાં લેવા કેવું શહૂર તત્પર !
તેવું શહૂર સંપૂર્ણ થયું વિલીન અંતર,
જાણે ખમીર સંપૂર્ણ ઓસરી શું ગયેલ છે !
જેમ તેમ છતાં પોતે વળગેલો રહેલ જે. ૩૨૧-૩૨૨

અણનમ છતાં ત્યારે માથું ઉન્નત ધારીને,
એકલો એકલો છોને હોઉં છતાં ટટારીએ,
ખમીર ને ખુમારીથી રંગ ખેલ્યા કર્યો જ છે,
તુંય તે જોઈને મુગ્ધ છે થવાનો ખરે હૃદે. ૩૨૩-૩૨૪

એકલો એકલો છોને તોય સિંહનું બાળ છું,
માથું વેગળું મૂકીને જાણ્યું છે મેં ઝઝૂમવું,
એકલાએ ઝુકાવ્યું છે, કેવું ત્યાં સમરાંગણે !
યુદ્ધ જોવાતણો ઓર તને આનંદ આવશે. ૩૨૫-૩૨૬

સાથેસાથ પથે લાંબા ગાળા સુધી અડોઅડ
-બંનેએ કર્યું છે ચાલ્યા, મિલાવ્યાં કદમો પથ,

**एना** અસ્તિત્વકેરી તે ઓથ લાગ્યાં કરેલ છે,
નિર્ભયતાથી નિશ્ચિંતે ચાલ્યા સાથે કરેલ છે. ૩૨૭-૩૨૮

ચેતનાથી વિખૂટો છો પડ્યોને લાગતો હોઉં,
છતાં નાસી જવાનો છે, મૂળમાંથી શું ત્યાં થકે ?
'પોતે જે તે બનેલો છે, તેથી તે મૂળમાં જ છે.'
એવો વિશ્વાસ જીવંતો પ્રગટાવેલ છે હૃદે. ૩૨૯-૩૩૦

ઓચિંતો સાથ દેખાતો જ્યારે બંધ થયેલ છે,
એકલવાયું તો સાવ ખાલી ખાલી જ લાગ્યું છે !
બિયાબાંમાં શું હું જાણે એકલો અટવાયેલો,
અંતરે શું ઊંડું ભાન એકલતાનું લાગ્યું છે ! ૩૩૧-૩૩૨

વ્યાપતાં વ્યાપતાં તીવ્ર હતાશા, ત્યાં જગાયું છે,
કિંતુ સ્વસ્થ થતાં વાર કશી સ્હેજે ન લાગી છે,
પછી બાહોશ સંપૂર્ણ હૈયે થઈ જતાં પથે,
એકલો છો, છતાં યુદ્ધે મચ્યો શો કટિબદ્ધ થૈ ! ૩૩૩-૩૩૪

દશા નિઃસહાય સંપૂર્ણ ખરેખર થયેલ છે,
'હલાવી પાંદડુંયે ના શકાય' સ્થિતિ એવી થયેલ છે,
ઊઠી શકાતું મેળે ના, ઊભું કૈં ના થવાય છે,
થવાયું પાંગળું, તોયે ઊભો છું હામ ભીડીને. ૩૩૫-૩૩૬

થવાયું પાંગળું તોયે હામ તૂટી ગઈ ન છે,
પડ્યો હું એકલો છોને છતાં મર્દનું બચ્યું જે,
ભારે હું મથતો તોયે નાખ્યા પ્હોંચે ન મુજ કૈં,
તમાશો વેગળો રહીને ભલે જુએ, ડરું ન કૈં. ૩૩૭-૩૩૮

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૬ : ગુરુઉપાસના

(અનુષ્ટુપ)

જીવતા ધારવા હૈયે સદ્‌ગુરુને પળે પળે,
સાધવું તે પડેલું છે, અમસ્તું ના બનેલ તે,
અખંડ ધારવા **एने** પ્રચંડ પુરુષાર્થ તે,
કૃપાથી જે ધરાયો છે, શો ઈતિહાસ ઑર તે !
કિંતુ જ્યાં ભક્તિ હૈયાની જે સદ્‌ગુરુ પરત્વની
-જાગતાં, જીવતી હૈયે થતાં, શક્તિ મળે ખરી. ૩૩૯-૩૪૧

અખંડાકાર હૈયામાં સદ્‌ગુરુ ધરવા પરે
-ઝોક મહત્ત્વનો કેવો ઊંડો આપ્યા કરેલ છે !
વિસારે પડવા **एने** ના દીધા પળવાર તે,
એવો સ્વાર્થ ઊંડો ઊંડો લાગ્યો હતો જ અંતરે. ૩૪૨-૩૪૩

પ્રેમ જાગ્યા વિના ઊંડો સદ્‌ગુરુને વિશે હૃદે,
થવાવું શક્ય તે વિના ના કદી કોઈ રીતથી,
થવા ખુવાર વારો શો કોઈક સાધનો વિશે
-આવ્યો પ્રત્યક્ષ, બાંગો મેં સદ્‌ગુરુને પુકારી છે. ૩૪૪-૩૪૫

વીલો **एने** ન મૂક્યો છે, સ્મર્યા **एने** કરેલ છે,
વારંવાર જ પ્રાર્થ્યા મેં **एने** કેવો કરેલ છે !
નિવેદ્યાં દિલ કીધું છે, ને સમર્પેલ સર્વ છે,
ત્યારે તો મુખડું **एणे** જરાક બતલાવ્યું છે. ૩૪૫-૩૪૭

સ્મરણ, પ્રાર્થના ભાવે ભજનો, કીર્તનો નિત
-ધરી સન્મુખતા **एमां** નિવેદનો, સમર્પણ,
એવું એવું કર્યા કીધું, ખંચકાયા વિના હૃદે,
એવા સતત અભ્યાસે ફૉર્યો વૈરાગ્ય જીવને. ૩૪૮-૩૪૯

સંધાયેલો રહેવાને **एनी** સંગાથ દિલમાં,
ઝરો શો પ્રેમભક્તિનો બને ના તે ફૂટ્યા વિના !
સાધનાભ્યાસના એવા અભ્યાસે શો નિરંતરે
-લાગુ રહ્યા કર્યો ! જેથી કૃપાથી ભક્તિ ફૂટી છે. ૩૫૦-૩૫૧

મથ્યા ખૂબ જવું ખંતે ઉત્સાહે, ઉદ્યમે, સદા,
ત્યાં નિરંતરતા ભાવે મથાયું પ્રગટાવવા,
આગ જેવી તમન્નાથી જે તે બધું થયેલ છે,
તમન્ના એવીયે કેવા જન્માવ્યા સદ્‌ગુરુ હૃદે. ૩૫૨-૩૫૩

શરીર માત્ર **ए** તો ના, શો પ્રજ્વલિત ભાવ **ते** !
તે પ્રગટાવવા ભાવ કૃપાથી તો મથાયું છે,
સાતત્ય દિલ અભ્યાસે કરી, જ્યાં પ્રગટેલ છે,
એની મેળે જ ત્યાં ભાવ સ્ફુર્યા કેવો કરેલ છે ! ૩૫૪-૩૫૫

અભ્યાસમાંથી વૈરાગ્ય જીવને પ્રગટેલ છે,
સાધનામાં ખરા પ્રાણ ત્યારે જન્મેલ દિલ છે,
વૈરાગ્યની ભૂમિકાનો અભ્યાસ પ્રાણદાયી છે,
એવા અભ્યાસથી ઊર્ધ્વે ગુરુ સ્હાયે જવાય છે. ૩૫૬-૩૫૭

જેમાં તેમાં બધાંમાં શો સદ્‌ગુરુ મુજ સાથ છે !
ભક્તિ પ્રગટતાં એવી સદ્‌ગુરુ નિજ પાસ તે,

બતાવી આપજો પાણી ઊંડું કેટલું કેવું છે !
પડાતાં તે વિશે પાર, પ્રત્યક્ષ સદ્‌ગુરુ શું છે ! ૩૫૮-૩૫૯

કેટલું કેટલું પ્રાર્થ્યાં ત્યારે કરેલું ભાવથી,
થતાં તંગ દશા એવી ત્યાં હણાવાયું રંગથી. ૩૬૦

થતાં જ્યાં ક્ષીણતા ભાવે, ઉધમાત નવા નવા
-કેવા ઊંડે ઊંડે ત્યારે ઊપજેલા ભયંકર ! ૩૬૧

ત્યારે શો દિલમાં ઊંડો પડેલો ધ્રાસકો મને,
આર્તપોકાર પાડેલા સ્હાયે ધાવા શું તે પળે ! ૩૬૨

એવા તે કારમા કાળે જ્યારે ચાલ્યું કશું ન છે,
ત્યારે સદ્‌ગુરુ દોડીને આવી પ્હોંચ્યા સમીપ તે. ૩૬૩

અપાર હેતવાળા શા ! જે પરે વારી જાય છે
-કર્મ સૌ કરવા તેનું, ગરુડે ચઢી ઊડશે. ૩૬૪

કરુણાસિંધુ પોતે છે, એવું અનુભવ્યું, છતાં
-કઠોર વજ્ર જેવા **તે** કોક કાળે થયેલ શા ! ૩૬૫

શ્રીસદ્‌ગુરુની લીલાને સંપૂર્ણ સમજાય ના,
તેથી **એ** જે કરે, તેમાં કલ્યાણ ધાર્યું સર્વદા. ૩૬૬

સૂક્ષ્મ મુશ્કેલીમાં ઊંડો અટવાયા કરેલ જ્યાં,
ભાવથી બુદ્ધિનો ત્યારે સહારો શો લીધેલ ત્યાં ! ૩૬૭

બુદ્ધિથી જ્યાં કશો માર્ગ નીકળી ના શકેલ છે,
હૈયું કકળી ઊઠ્યું છે, અજંપાનો ન પાર છે. ૩૬૮

તે વેળા સદ્‌ગુરુને મેં કાલાવાલા ઊંડા ઊંડા
-કરગરી, પદે કેવો વીનવ્યા તો કરેલ ત્યાં ! ૩૬૯

'સહાયે આવવું ક્યારે ?' શી ગતાગમ એની તે
-એકલા સદ્‌ગુરુને છે ! એવો અગમ્ય સૂક્ષ્મ **તે**. ૩૭૦

હેતુપૂર્વક ભક્તિથી કહ્યું **एनुं** કરેલું છે,
એકે બોલ ઉથાપ્યો ના **एनुं** જે તે સ્વીકાર્યું છે. ૩૭૧

ના માત્ર તે સ્વીકાર્યું છે, કિંતુ તે સર્વ પાળ્યું છે,
**एनुं** કહ્યું શિરોવંદ્ય ગણી, પાર ઉતાર્યું છે. ૩૭૨

**एनी** ભક્તિ વિના લાગ્યા **एनुं** કહ્યું પળાય ના,
પાળવો બોલ **एनो** તે કલ્યાણ મુજ અર્થ હા ! ૩૭૩

**एनामां** ગળવા માટે પ્રેમભક્તિ જરૂરની,
સાધવા સ્વાર્થ **एनामां** ગળાયું દિલ ભાવથી,
ગરજ કારણે ઊંડી **एनामां** લક્ષ ચોંટિયું,
તેથી તો લાગી છે ભક્તિ **एनामां** દિલ પ્રોયું શું ! ૩૭૪-૩૭૫

દિલ ઉમળકાથી તો **एनी** આજ્ઞા ઉઠાવી છે,
આવ્યું છે વેઠવાનું જે કશું ના ગણકાર્યું છે,
સહેવું ત્યાં પડેલું છે, મારે તે કેટકેટલું,
છતાં ઉતારવા પાર આજ્ઞા, મરી મથાયું શું ! ૩૭૬-૩૭૭

**एना** પરે થઈ ડૂલ કૈંક જોખમ, સાહસ
-મર્દાનગીથી ખસેડ્યાં દાખવીને પરાક્રમ,
છોલાયો કેટલો ક્યાં ક્યાં એનું ભાન રહ્યું ન છે,
સદ્‌ગુરુ અર્થ હોમાતાં આઠે કોઠે દીવા જ છે. ૩૭૮-૩૭૯

ઊંડું ઊંડું પ્રવેશાતાં હૈયે સદ્‌ગુરુને ઊંડું,
ભાવનું મૂળ પ્રત્યક્ષ હાથ લાગે ખરેખરું,
ભાવ આનંદનું મૂળ આનંદસ્રોત ભાવ છે,
મહત્ત્વ ભાવને તેથી સદ્‌ગુરુથી અપાયું છે.
ભાવ કેળવવા હૈયે તેથી મહત્ત્વ જીવતું
-જીવન પામવા કાજે અપાયા કેવું તે કર્યું !
બઢતો જ્યાં ગયો ભાવ ઊંડે ઊંડે હજી ઊંડે
-વધુ તે અંતરે ઊંડે ઊતરાતું જવાયું છે. ૩૮૦-૩૮૩

જેવો તેવો હું જે આજે સદ્‌ગુરુનો પ્રતાપ તે,
સદ્‌ગુરુના પ્રભાવેથી થયો 'મોટો' હું જીવને,
પ્રતીક દિવ્ય શક્તિનું સદ્‌ગુરુ માત્ર તે ન છે,
કિંતુ તે દિવ્ય શક્તિનું પ્રત્યક્ષ કેવું વાહન ! ૩૮૪-૩૮૫

ખેંચીને પકડી લૈને લીધો બોલાવી પાદપે,
દર્શાવીને ચમત્કાર અંજાવી શો દીધો મને !
કરીને એમ હૈયામાં પ્રવેશ તે કરાવિયો,
સદ્‌ગુરુનો ઊંડો ઊંડો કૃપાથી લાભ પામિયો. ૩૮૬-૩૮૭

જેણે કશું ન જાણ્યું' તું અજાણ્યો દેશ સૌ હતો,
પ્રીછવા કોઈ તાકાત ત્યારે મારી હતી ન તો,
કિંતુ સદ્‌ગુરુની ભક્તિ જીવતાં જાગતાં હૃદે,
શ્રીસદ્‌ગુરુ **પ્રતાપેથી** છતું સૌ થયું જીવને. ૩૮૮-૩૮૯

સદ્‌ગુરુમાં પ્રવેશાતાં ઊતરાતાં ઊંડું ઊંડું
-ચમત્કારિક ત્યાં ભાવ શો પ્રદેશ ખડો થયો !

શાંતિ શી મળતી લાગી એવા એ ભાવથી હૃદે !
થવા અખંડ તે ભાવ મથાવ્યો શો મને પથે ! ૩૯૦-૩૯૧

શ્રીસદ્‌ગુરુતણા પ્રેમે અંતરમાં સ્ફુરાવીને,
અદ્‌ભુત ભાવ ન્યારો શો ! કર્યો શો કીમિયો હૃદે !
જોયાં જો હોત મારાં સૌ કર્મ, તો જીવવા મને
-ન્‌હોતો કૈં હક્ક સંસારે, કરુણા કિંતુ સ્‌હાય છે ! ૩૯૨-૩૯૩

સ્મરાવીને કરાવ્યો છે, નામ લેતો મને શું તે !
કાન હબસીનો ડાબો પકડાવ્યો શું તે રીતે !
લેતાં લેતાં હૃદે તાલ, લાગ્યો ચડસ શો હૃદે !
સદ્‌ગુરુની કૃપાથી શી લાગી હરિની ભક્તિ છે. ૩૯૪-૩૯૫

મૃત્યુને ભેટવા કાજે આપી પ્રસંગ શો મને !
સંગ્રામ **તેં** કરાવ્યો છે, જબરજસ્ત કારમો,
ટીપુંએ ટીપું સૌ શૌર્ય ખપાવી નાખી દૈ તહીં,
*બન્યાથી ઝંપલાવાનું મૃત્યુ કેવું ગયું સરી ! ૩૯૬-૩૯૭

સદ્‌ગુરુમાં મને સ્‌હેજે શરૂમાં લાગ્યું ના હતું,
પરિચય થતાં ભાવે શરૂ થયું જ લાગવું,
સ્ફુરતો ભાવ જ્યાં લાગ્યો આકર્ષાતું જવાયું છે,
પછીથી સદ્‌ગુરુ વિશે લીન કેવું થવાયું છે ! ૩૯૮-૩૯૯

ખસી કૈં શકવા શક્તિ તલમાત્ર હતી નહિ,
તો પછી ફેરવાવાને શક્તિ તે હોય ક્યાં થકી ?

---

* સર્પડંશ પ્રસંગની હકીકત

આશરો મળતાં સાચો સદ્‌ગુરુનો ખરેખરો,
ચાલવાનું શીખ્યો ત્યારે **હરિના** પદદ્વારનું. ૪૦૦-૪૦૧

જીવતી જાગતી શક્તિ ચાલતી ફરતી શી **તે** !
અજાણ્યાને કશી તેની કાંઈ સમજ ના પડે,
જંબૂરો એકલો જાણે જાદુગરની સૌ કળા,
પાસાં સદ્‌ગુરુ સેવ્યાથી તદ્રૂપતા પમાય ત્યાં. ૪૦૨-૪૦૩

શ્રીસદ્‌ગુરુની હૈયામાં લાગતાં ભક્તિ, કેવી જે
-ચમત્કારિક અદ્‌ભુત ચઢે ચાનક અંતરે,
ભરાવ્યાં આકરાંમાં તે આકરાં પગલાં પથે,
કેવો પાનો ચઢાવ્યો છે, ત્યારે સદ્‌ગુરુએ મને ! ૪૦૪-૪૦૫

શો સૂતેલો જગાડીને બેઠો કરી, ઊભો કરી
-શી કમર કસાવીને ચલાવ્યો છે કરામતે !
**તેં** પ્રમાદ કઢાવીને રોમેરોમમહીં ભર્યું
-પરાક્રમ શૂરીલું જે, ખપ લાગ્યું પથે નર્યું. ૪૦૬-૪૦૭

શા ઉપકાર **તારા** તે ગણાવ્યે પાર ના કશો !
રોમેરોમ શું બોલે છે, પ્રતિષ્ઠા જે થયેલ છે
-તારા નામની આધારે, છાનીમાની હવે ન તે,
હવે તે ભાવની ધૂને મારું જીવન નિશ્ચિતે. ૪૦૮-૪૦૯

જેમાં તેમાં બધા વિશે ગમે તે કરતો હોઉં,
છતાં તેના વિશે **તારી** ભાવના ગર્જતી ઊંડું,
કેવા કેવા પ્રભાવેથી તેનાં દર્શન થાય છે,
એ જ સદ્‌ભાગ્યથી કેવું કૃતકૃત્ય થવાય છે ! ૪૧૦-૪૧૧

શ્રીસદ્‌ગુરુની શક્તિને મર્યાદા ના કશી જ છે,
મર્યાદાતીત હોવા તે છતાં લાગે ન તેમ કૈં,
ચેતનાત્મક અદ્‌ભુત કેવું દર્શન હોય છે !
કટોકટીની વેળાએ બચાવી શો લીધેલ છે ! ૪૧૨-૪૧૩

ખભે ચઢાવીને કેવો લીધો ઉપાડી ભાર છે !
હળવો કરી દીધેલો ફૂલની જેમ જીવને,
ચિંતા, ફિકર જેવું તો કશું ર્‌હેવા ન દીધું છે,
કેવાં કેવાં બધાં કર્મ સદ્‌ગુરુથી થયેલ છે ! ૪૧૪-૪૧૫

સદ્‌ગુરુએ મને ખોળે લઈ કેવા શું વ્‌હાલથી
-ઉછેર્યો, કરીને 'મોટો', છુટ્ટો મૂકી દીધેલ છે,
સદ્‌ગુરુની કળાથી શા ફેરફાર થયેલ જે,
**એની** જાદુકળા સાથે સૌ કળા સાવ હેઠ છે. ૪૧૬-૪૧૭

ચેતાવી દઈને કેવો લાલચોળ બનાવીને
-હથોડા મારી મારીને ઘડ્યો છે મુજ ઘાટ **તેં**,
ઢીલો પોચો થયો ત્યારે હાલી ત્યાં જવાયું છે,
ત્યારેયે ના મને છોડ્યો શ્રીસદ્‌ગુરુની કૃપા શી તે ! ૪૧૮-૪૧૯

સાવ કાદવમાં કેવું કમળ **તેં** ઉગાડ્યું છે !
કૈં કળ્યામાં ન આવે તે સૂક્ષ્મ તારી કળા શી તે !
છેક નાદાનમાંથી શો મને **તેં** જ્ઞાન પ્રેરીને
-કેવું કેવું લખાવ્યું છે, પ્રત્યક્ષ તે પ્રમાણ છે ! ૪૨૦-૪૨૧

સદ્‌ગુરુને પિછાણ્યાથી શહૂર પ્રગટેલ જે !
ખમીર ને ખુમારીયે કેવાં ફૂટ્યાં કરેલ છે !

જીવનમાં ન જાણ્યું'તું પરિબળ ખરેખરું,
અદ્‌ભુત પ્રગટેલું છે, અપૂર્વ કો પ્રકારનું. ૪૨૨-૪૨૩

કેવું તણખલું માત્ર ક્ષુલ્લક સાવ તુચ્છ જે,
એને ભક્તિ લગાડીને કેવું તે ફેરવાવ્યું છે !
નમાલો સાવ સંપૂર્ણ જેની ગણતરી ન છે,
એવાને **તેં** શું ક્યાં ને ક્યાં આકાશે ચગવેલ છે ! ૪૨૪-૪૨૫

યદ્વાતદ્વા મને કેવો અફળાવ્યા કર્યો જગે !
તેવી તેવી દશામાંહે ભૂલ્યો સ્હેજ ન હું તને,
અખંડાકાર હૈયામાં ધારીને તુજને સદા,
જે તે થયેલું, તે તે સૌ સમર્પ્યાં કર્યું છે તદા,
સહેવું સદ્‌ગુરુનું તે ઘડાવા અર્થ છે બધું,
જ્ઞાનપૂર્વક તે હેતુ કૃપાથી જીવતો હતો,
તેથી તો જીવને કેવું શીખવાનું મળ્યાં કર્યું !
ભાન જીવનનું હૈયે યથાયોગ્ય થતું ગયું. ૪૨૬-૪૨૯

• • •

॥ હરિઃૐ ॥

## અધ્યાય ૭ : ઉપસના રીતિ

(અનુષ્ટુપ)

વિના આરંભ **એની** સૌ કેવી પ્રવૃત્તિ હોય છે !
**એને** ના કેમ કે ઈચ્છા કોઈયે કર્મને વિશે,
**એને** ના કર્મમાં કોઈ પરિણામની ઝંખના,
કર્મના આદિમાં અંતે **તે** અનાસક્ત સર્વદા. ૪૩૦-૪૩૧

ઊંડો જે સ્વાર્થ લાગેલો કેડો જેથી નિરંતરે
-પકડેલો રખાયો છે, સદ્‌ગુરુનો ખરેખરો,
તેમાં કૈં લાગતાં સ્વાદ, ઊભરી ભાવ દિલમાં
-જતો કેવો ! હૃદે તેથી ચોંટેલા સદ્‌ગુરુ રહ્યા. ૪૩૨-૪૩૩

લળી લળી ઊંડા ભાવે, સ્તવી સ્તવી, ફરી ફરી
-શા વારંવારના યત્ને કેવા યાદ કરેલ છે !
ભક્તિભાવની સેવાથી કૃપાથી હેતુ ધ્યેયનો
-તે ફળાતો જતો લાગ્યો સદ્‌ગુરુનો પ્રતાપ શો ! ૪૩૪-૪૩૫

ખુલ્લું થવું જ સંપૂર્ણ સદ્‌ગુરુપદ ભાવથી,
દર્શાવેલ ઉપાયો જે કર્યા કીધા ઉમંગથી. ૪૩૬

કેવાં કૈં સાધનો બક્ષ્યાં ! પાર તે તે ઉતારવા,
પુરુષાર્થ કરાવ્યો શો ! પ્રેરાઈ ધ્યેયથી જ ત્યાં. ૪૩૭

અટકતાં પથે, ધક્કા માર્યા અવનવા **તમે**,
ખેંચી આણ્યો ગમે **તમે** કરી, તમે મને પદે. ૪૩૮

પગે લથડતાંમાં મેં ચીસ શી હાક પાડી છે !
હૈયું વલોવી નાખે શી વેદનાથી ભરેલ તે !
ત્યાંયે થયા બધા તેવા યત્નો શા આચરેલ છે !
કદી માથે દઈ હાથ ખાલી બેસી રહ્યો ન જે. ૪૩૯-૪૪૦

આંતર બાહ્ય તે સ્થિતિ થતાં એવી પૂરેપૂરી,
પ્રેરણા કેવી કેવી તે ત્યારે મળ્યાં કરી સહી,
ઉછાળો પૂરના જેવો સદ્‌ગુરુપદ ભક્તિનો
-ત્યારે વ્‌હેવા જ માંડેલો તેમાં સૌ ઘસડાયું છે. ૪૪૧-૪૪૨

પડતાં માર ત્યાં **એનો** કૃપાથી ભાન જાગીને
-ક્ષમા સદ્‌ગુરુની માગી, સ્તવ્યાં **એને** કરેલ છે.
પ્રકાશ પાડવા **એને** શો વારંવાર વીનવ્યો !
કોક વાર છતાં **એણે** સામું જોયું ન મુદ્દલે. ૪૪૩-૪૪૪

કોઈક વાર તો કેવો અફળાવા દીધો મને !
ફંટાતાં આડુંતેડું જ્યાં થવા શું તેમ દીધું છે !
આપમેળે મને જ્યારે એનું દર્દ થયેલ છે !
પડાતાં બૂમ ત્યારે શો ઊંચકી ત્યાં લીધેલ છે ! ૪૪૫-૪૪૬

જાગીને ધ્યેયના ભાવે જીવવું, જીવવું જ તે,
જીવતાં જીવતાં ભાવે તેવું જ્યારે થયેલ છે,
ત્યાં શ્રીસદ્‌ગુરુ પ્રત્યક્ષ પ્રેમે કેવા થયેલ છે !
ત્યારનો દિવ્ય આનંદ પૂરથી ચઢી જાય છે. ૪૪૭-૪૪૮

'સલામત સ્થિતિમાં તો વિકાસ નવ થાય છે',
તેવું અનુભવાવ્યું છે, પ્રત્યક્ષ જીવને મને,

શો સલામત સંપૂર્ણ જ્યાં જ્યાં તેથી થવાયું છે,
મૃત્યુ જીવનનું જાણી સફાળું ત્યાં જગાયું છે ! ૪૪૯-૪૫૦

પાડ્યા કરેલ પોકાર સ્હાયે પ્રગટવા તદા,
એવો સંબંધ હૈયાનો થયા વિના વળે ન ત્યાં,
તે સંબંધ થવા કાજે તાલાવેલી શી દિલની !
કેટલી કેવી જીવંતી તત્પરતા શી આપણી ! ૪૫૧-૪૫૨

'ઉધામા કેટલા ખાલી કોક વાર થયેલ છે',
ભ્રમણા ભાંગતાં એવી, ભાગ્યો દોટ મૂકી પથે,
ધ્યેયને દિલ સામે ને સામે રાખ્યા કરેલ છે,
સાધનોમાં રહી મંડ્યો **એને** કર્યાં કરેલ છે. ૪૫૩-૪૫૪

ચાહી ચાહી હૃદે **એને** ભાવ ઉન્માદથી કરી,
દિલ પ્રત્યક્ષ સાકાર થવા શો શ્રમ આદરી !
એકાકાર થવા **એમાં**, તદાકાર થવા હૃદે,
કૃપાથી કેવું મંડાયા સાધને તે જવાયું છે ! ૪૫૫-૪૫૬

મરીને જીવવાનો તો મંત્ર સદ્‌ગુરુએ દીધો,
થવાને મંત્ર તે સિદ્ધ ભારે યત્ન થયેલ શો !
ઈતિહાસ રચાયો શો કોણ તે જાણવાનું છે !
ઈશારો કૈંક તો એનો દર્શાવાયો કૃપાથી તે. ૪૫૭-૪૫૮

શ્રીસદ્‌ગુરુનું માહાત્મ્ય ભક્તિ **એના** પરત્વની
-જાગતાં, જામતાં હૈયે ઊગે છે આપમેળથી,
રણકો પગલાંનો શો અનોખો તે પળે પડે !
તે વેળા સાધનાનો તો ઝપાટો કોઈ ઑર છે. ૪૫૯-૪૬૦

ત્યાં અનુસરવા અર્થે ભક્તિ કેવી મહત્ત્વની !
ભક્તિ જાગ્યા વિના ના કૈં અનુસરાય કોઈથી,
જાગેલો સ્વાર્થ હોવાથી, ને શી તત્પરતા ઊંડી !
તેથી અનુસરાયું છે, સદ્‌ગુરુ અણસારથી. ૪૬૧-૪૬૨

ગુણ ને શક્તિ સર્વસ્વ જેટલાં હોય તે બધાં
-ખર્ચી તે નાખવા કાજે હૃદે હર્ષ અપાર ત્યાં,
રાત, દિવસ જોયાં ના મથ્યા જવાયું છે સદા,
સદ્‌ગુરુ સામને ધારી નાસિકાગ્રે જ લક્ષમાં. ૪૬૩-૪૬૪

'પ્રાણવાળો બનાવાનું સદ્‌ગુરુને જ અંતરે',
આપણા હાથનું તે તો જાણી લેવું જ કર્મ તે,
સ્વાર્થ તે સાધવા મારો કેવો ઉમળકો હતો !
ઉત્કંઠા શી વધેરાવા ધ્યેયાર્થે હતી દિલ તો. ૪૬૫-૪૬૬

સદ્‌ગુરુએ મને કેવું મથાવ્યા તો કરાવ્યું છે !
નવું નવું હૃદે કેવું સુઝાડ્યું એવી રીત તે,
શરણાગતિ સંપૂર્ણ સદ્‌ગુરુમાં થતી જ છે,
ત્યારે પ્રયાણ તો ઊર્ધ્વે સાચેસાચું જ થાય છે. ૪૬૭-૪૬૮

પ્રાણને આપી દેવાની તૈયારીયે ન ચાલશે,
હોમાઈ ત્યાં જતાં પૂર્ણ સ્‌હાય પ્રત્યક્ષ આપ છે. ૪૬૯

સદ્‌ગુરુમાં થવા લીન સંપૂર્ણ દિલ દિલથી,
સાધવા સ્વાર્થ હૈયાનો મથાયું કેવું હર્ષથી ! ૪૭૦

જેમાં તેમાં જ સંપૂર્ણ એકાકાર મનાદિમાં
-સદ્‌ગુરુ જીવતા હૈયે થવા, મથાયું તાનમાં. ૪૭૧

ઊગેલી પ્રેમભક્તિની શરણાગતિ ન્યારી છે,
શરણાગતિ એવીથી ભક્તિ પાંગરતી જ છે,
ચેતનાત્મક તે ભક્તિ તેમાંથી જ્ઞાન પાંગરે,
યોગ શો ચેતના સાથે તે પછીથી જ થાય છે ! ૪૭૨-૪૭૩

પોતે છો કેટલા હર્ષે તત્પર મરવા હ્રદે !
ધ્યેયને સાધવા અર્થે અગ્નિ ત્યાં પ્રગટેલ છે !
તેના પરે જ આધાર સદ્‌ગુરુ સૂહાયનો બધો,
બાકી રેઢી પડી ના છે, રઝળતી પથે ન તો. ૪૭૪-૪૭૫

હૈયું સદ્‌ગુરુમાં પ્રોવા ભક્તિ ત્યાં અનિવાર્ય છે,
ભક્તિ તો જાગતી ના છે, હૈયે એમની એમ તે,
સાધનાભ્યાસમાં તેથી ખાઈખપૂસીને પથે,
મંડ્યા ખંતે રહેલો છું, તેથી કૈંક વળેલ છે. ૪૭૬-૪૭૭

સદ્‌ગુરુએ કૃપાથી તો હરી લીધેલ ક્ષુબ્ધતા,
કિંતુ પાછળની એની શી શી થયેલ પ્રક્રિયા ! ૪૭૮

તે માટે સાધના જે કૈં કૃપાભાવે થયેલ છે,
કિંતુ મહત્ત્વ તો તેમાં **હરિ**શક્તિનું ખાસ છે. ૪૭૯

બુદ્ધિ ખુલ્લી થયા વિના જે જે કૈં વર્તમાન છે,
તે તે-ની યોગ્યતામાં તો તેને ના પરખાય છે. ૪૮૦

દર્શાવાયાં કૃપાથી છે, સાધનો સદ્‌ગુરુથી જે,
થયાં જવાથી, બુદ્ધિમાં ભક્તિ લાગી ગયેલ છે. ૪૮૧

બુદ્ધિમાં ભક્તિનો રંગ લાગવાથી ખરેખરો,
બુદ્ધિ ખુલ્લી થયેલી છે, તેવા કારણથી જ તો. ૪૮૨

શ્રીસદ્‌ગુરુ પરત્વેની ભક્તિ પાંગરતાં હ્દે,
એવો ભક્તિતણો ઊંડો જ્યાં સમાગમ થાય છે,
તે સમાગમથી ભાવે હૈયેહૈયાં ભીંજાય છે,
પરસ્પરે જ શાં સ્નિગ્ધ એકમેક થવાય છે !
એવા ભાવતણું કેવું છે પરિણામ જીવને,
પ્રત્યક્ષ તે પ્રયોગોથી અનુભવાયું અંતરે,
ભાવથી ભાવમાં શક્તિ, છે છુપાયેલ કેવી જે,
તેનો પત્તો જ લાગે છે, ભાવમાં ભાવથી હ્દે. ૪૮૩-૪૮૬

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૮ : સદ્‌ગુરુની સહાય અને પરિણામ

(અનુષ્ટુપ)

ધપ્પા, ધક્કા શું માર્યા છે, શી ફાંટાબાજ બુદ્ધિ તે !
ઠેકાણે લાવવા એને કૈં કરામત કીધી છે,
ઠરાવવા પદે એને ભક્તિરંગે પલાળી છે,
ઉપકારો બહુ એવા સદ્‌ગુરુના વિવિધ છે. ૪૮૭-૪૮૮

કળા સૌ વાપરેલી છે, મઠારવા સ્વભાવને,
થવા ચરણ આસક્ત રંગાવ્યો છે સ્વભાવને,
ધમાચકડી, તોફાન એના નર્યા તરંગને
-સમાવવા, કર્યું શું શું ! તેનું ભાન કૃપાથી છે. ૪૮૯-૪૯૦

મન કેટલી વારે તો આડું ફાટેલું કેવું તે !
ઠેકાણે પાડવા એને બહુવિધ મથેલ જે,
ભક્તિ શો એકલો માત્ર શ્રેષ્ઠ ઉપાય, અર્થ તે,
તેથી તો ભાવ વૃદ્ધ્યર્થે મથાયા શું ગયેલ છે ! ૪૯૧-૪૯૨

મળેલાં કર્મને યોગ્ય ફળાવવા જ સાધના
-સ્વીકાર ભાવથી તેવા કરાવ્યો છે કરી કૃપા,
શાંતિ, તાટસ્થ્ય ને શાતા, સ્વસ્થતા ને પ્રસન્નતા
-કરંતાં કર્મ, જીવંતાં થાય, તે શિખવાડ્યું છે. ૪૯૩-૪૯૪

નિયંત્રિતપણે યોગ્ય ચાલી જે તે બધું શકે,
તે કાજે કાળજી પૂર્ણ કેવી કેવી લીધેલ છે !

સદ્‌ગુરુથી મળેલી છે, જે હૈયાસૂઝ અંતરે,
તે સંયોજી લીધેલી છે, કર્મના વ્યવહારપે. ૪૯૫-૪૯૬

આડાંતેડાં ફરેલાં છે, જ્યારે જ્યારે મનાદિ તે,
ત્યારે ત્યારે થવાયું છે સાવધ, શી કૃપા જ તે !
સાધ્ય તે કરવા ધ્યેય લગની તીવ્ર લાગી જે,
**એણે** તો દક્ષતા પ્રેરી સાવચેતી રખાવી છે. ૪૯૭-૪૯૮

સૌ કરણતણો કેવો સહકાર મળેલ છે !
કૃપા પ્રત્યક્ષ તે તે મેં **શ્રીહરિની** ગણેલ છે,
જે જે આજ સુધી મારા જીવનમાં સધાયું છે,
વર્ષા કૃપાની પ્રત્યક્ષ માનેલી છે થયેલી તે. ૪૯૯-૫૦૦

કંઈક કામનાઓએ લાલસાએ કદીક તે
-કેવો ઘેરી મને લૈને ચઢાવ્યો વધસ્થંભ છે ! ૫૦૧

આંતરિક હતું જે કૈં બળ તે તેટલા થકી
-સામનો કરી સંગ્રામ આપ્યા કરેલ છે વળી. ૫૦૨

અનેક વાર એ રીતે લઢ્યાં યુદ્ધ કરેલ છે,
લઢતાં લઢતાં એમ જોશ, શક્તિ બઢેલ છે. ૫૦૩

સદ્‌ગુરુને હૃદે ત્યારે નિમંત્ર્યા પ્રાર્થનાથી છે,
આર્દ્ર ને આર્તભાવેથી સાદ પાડ્યા કરેલ છે. ૫૦૪

મળંતાં સ્‌હાય એ રીતે, આત્મવિશ્વાસ અંતરે
-ચેતનાત્મક જીવંતો સાંપડ્યો સદ્‌ગુરુ વિશે. ૫૦૫

પંથે કૈં આડફંટાતાં, તેની સભાનતા થતાં,
ત્યારે ચેતી જવાતાં ત્યાં વાર ન લાગી છે તહાં,

ઊર્ધ્વના માર્ગનો ઊંડો અભ્યાસ જે થયા ગયો,
બંધાઈ ધારણા તેથી સંધાયો ધારણા વડે. ૫૦૬-૫૦૭

અંતરસ્થ ઊંડો ભાવ **શ્રીહરિ** સાથ શો હૃદે !
સદ્‌ગુરુની પરત્વેનો જે બંધાયેલ ભાવ તે,
**હરિમાં** પલટતાંમાં પછી વાર ન લાગી છે. ૫૦૮

પ્રભુપ્રીત્યર્થનો ભાવ કેળવવા ઊંડો હૃદે,
સાધનામાં ઊંડો તેથી પાડ્યો અભ્યાસ દિલ છે,
તેવા અભ્યાસમાં ભાવે જ્યાં નિરંતરતા થતાં,
ભાવની ધારણા કેવી તેથી થઈ અખંડ ત્યાં ! ૫૦૯-૫૧૦

સદ્‌ગુરુને ઊંડા ભાવે હૃદે પ્રેર્યાં કરેલ છે,
પ્રેરણામૃત પી પીને ભાવ ગાઢ થયેલ છે,
એવા તે ભાવને લીધે શરણાગતિ અંતરે
-પાંગર્યાં કરી જીવંતી પ્રવૃત્તિ સાંપડેલ છે. ૫૧૧-૫૧૨

**આ** બધું જે થયું એના મૂળમાં તો ખરેખરી
-તમન્ના અગ્નિના જેવી લાગેલી તીવ્ર જે હતી,
વિના એવી તમન્ના તો મનાદિનો ખરેખરો
-તે સહકાર સંપૂર્ણ મળવો શક્ય ના કશો. ૫૧૩-૫૧૪

પલીતાઓ મૂકેલા છે, પ્રકૃતિએ ખરેખરા,
દઝાતાં કૈંક એનાથી સમજ પડી છે તદા. ૫૧૫

ત્યારે કૃપાથી ચેતાયું, ઓળંગી તે જવા પરે
-મહત્ત્વ પૂર્ણ દેવાતાં, બાથંબાથા થયેલ છે. ૫૧૬

પ્રયત્ન મરણિયા શા આદરાયા ગયેલ છે !
સાથે સાથે ઊંડા ભાવે પ્રાર્થેલ સદ્‌ગુરુ હૃદે. ૫૧૭

સદ્‌ગુરુમાં જ જીવંતું લક્ષ પૂરેપૂરું ઊંડું
-ચેતનાત્મક હોવાથી સ્‌હાયે ધાયા જ સદ્‌ગુરુ. ૫૧૮

અધવચ્ચે મને રાખ્યો શો અટકાવી જીવને !
કેવું લટકતું ર્‌હેવું પડેલું છે ખરે મને ! ૫૧૯

શી જહેમત સંપૂર્ણ આવડી તેટલી બધી
-કર્યાં કરેલ છે ખૂબ ! પાછું વાળી ન જોયું છે,
જે મથતાં રહેવાતાં હેતુ સભાનતાથી તે,
નિત્ય અભ્યાસથી એવા રસ તેમાં પડેલ છે. ૫૨૦-૫૨૧

શ્રીસદ્‌ગુરુ પરત્વેની નિષ્ઠા, ભક્તિ હૃદે ઊંડી,
જાગેલી ખૂબ હોવાથી, પ્રાર્થતાં પ્રાર્થતાં સ્તવી,
વિઘ્ન, મુશ્કેલી વેળાએ આવ્યો છે દોડી શું ખરે !
વ્‌હારે તો મથતાની **તે** ઓચિંતો શો ચઢેલ છે ! ૫૨૨-૫૨૩

કામ ને લોભ મોહાદિ શાં અંતરાય રૂપ તે
-બનેલાં છે જ પ્રત્યક્ષ, લોભામણાં, બિહામણાં !
કિંતુ જે લ્‌હાય લાગેલી ચેતનાનિષ્ઠ તો થવા,
તેણે બચાવી શો લીધો સદ્‌ગુરુ સ્‌હાય ત્યાં કૃપા ! ૫૨૪-૫૨૫

ઊર્મિશીલપણું ત્યારે વહેતું વૃત્તિમાં થતું,
સ્વરૂપ લાગણી ત્યારે વૃત્તિ પકડતી ખરું,
કામ, ક્રોધાદિ સંસ્કાર જ્યારે તે ફૂટી નીકળે,
વૃત્તિનું નામ તેને ત્યાં ખરે અપાતું હોય છે. ૫૨૬-૫૨૭

આવ્યાં આવરણો જ્યારે, વધારે ભાવમાં ઊંડે
-સાધનાભ્યાસમાં લગ્ન મથ્યો લીન થવા હૃદે,
જેમ એકાગ્ર કેંદ્રિત થવાવા દિલ લાગ્યું છે,
સદ્‌ગુરુશક્તિ પ્રત્યક્ષ છતી ત્યારે થયેલ છે. ૫૨૮-૫૨૯

કામે સદ્‌ગુરુને ભાવે લીધા જ્યાં ઉપયોગ છે,
એકધારું ઊંડું લક્ષ સદ્‌ગુરુનું થતાં હૃદે,
કેવા સદ્‌ગુરુ આવ્યા છે, ખપના ત્યાં ખરેખરા !
પડ્યું માલૂમ તે વેળા કે શક્તિ સદ્‌ગુરુ શી છે ! ૫૩૦-૫૩૧

ખાલી ખાલી પડી ર્‌હેવા સદ્‌ગુરુને નથી દીધા,
કૈંક ને કૈંક તો કામ સદ્‌ગુરુથી કર્યું લીધા,
સદ્‌ગુરુ એકલા માત્ર નિહાળ્યા શા કરેલ છે !
ત્યારે જ સદ્‌ગુરુ કેવા મારી પરે રીઝેલ છે ! ૫૩૨-૫૩૩

ખપ સદ્‌ગુરુનો લાગ્યો, ઉપયોગ લીધા કર્યે,
જણાવા દિલ લાગ્યો છે, સદ્‌ગુરુમર્મ તે પળે,
ભાવ સદ્‌ગુરુમાં જ્યારે પૂર્ણ લાગી ગયેલ છે,
ત્યારે સદ્‌ગુરુ જાણ્યો છે, સાચો ખરેખરો હૃદે. ૫૩૪-૫૩૫

કિંમત ચૂકવ્યા વિના કશું યોગ્ય મળે ન છે,
કિંમત ચૂકવેલી છે, સદ્‌ગુરુને પિછાણવે,
જરાતરા વિશે **એને** નાખ્યો વાપરી ના કદી,
અણીને ટાંકણે **એને** સ્‌હાય લીધા કર્યો સ્તવી. ૫૩૬-૫૩૭

લાગે ગરજ જ્યાં ઊંડી ત્યાં **એનો** ભાવ થાય છે,
તે ત્યારે દિલમાં **એનું** શું આકર્ષણ હોય છે !

તેવું સદ્‌ગુરુનું લાગ્યું, લાગ્યો જ્યાં સ્વાર્થ **एहनो**,
**एना** તો પડખામાં શું ભરાઈ પડવું થયું. ૫૩૮-૫૩૯

ખપમાં લાગવા અર્થે શ્રીસદ્‌ગુરુ કરેલ છે,
ખાલી ખાલી નકામા તે કરવાનો ન અર્થ છે,
ઘરમાં લાગતાં લ્હાય ખપ ઓલવવા ખરા
-કેવા તે કામ આવ્યા છે, એ તો **एनी** ખરી કૃપા. ૫૪૦-૫૪૧

અહંના ફણગા કેવા કેટલી વાર તો ફૂટ્યા !
ઊગીને ફૂટીને કેવો ફેલાવો તો ગયો થયા ! ૫૪૨

પડી ખબર એની જ્યાં ત્યાં એની ગતિ રોકવા,
ભક્તિ સાધનમાં ત્યારે કર્યો પ્રયત્ન ડૂબવા. ૫૪૩

લડવા કરતાં એની સામે તે વેળ અંતરે
-વધારે જોશ ને ભાવે ઊંડો લાગી પડેલ જે
-ભક્તિનાં સાધનોમાં ત્યાં ને એકાગ્ર થવા હૃદે
-જહેમત ઉઠાવેલી કૃપાથી શી ફળેલી છે ! ૫૪૪-૫૪૫

અનેક વાર તો કેવું અહં પોતે હણાયું છે,
કપાયું છે છતાં પાછું તે જીવતું થયેલ છે,
કિંતુ જ્યાં સાધનામાં તે છે દઢાવાયું આગળે
-ત્યારે વિવેક તે પોતે સૂક્ષ્મ કેવો ખીલેલ છે ! ૫૪૬-૫૪૭

સૂક્ષ્મ વિવેકને ત્યારે ગમે તેવાય સૂક્ષ્મ કૈં
-પકડી પાડતાં વાર અહંને, લાગતી ન છે,
અનેક વાર તે રીતે અહંને જીતી જીતીને
અહંને સાધનાકર્મે વાપરતાં, શું ઠરેલ તે ! ૫૪૮-૫૪૯

એકરાર કરેલો છે અનેક વાર મેં પદે,
છતાં પાછું જ એનું એ કેવું થયા ગયેલ છે !
ત્યારેય મેં નિવેદી છે, તે હકીકત શ્રીપદે,
દોષ-ભૂલ થયાં કીધી, છતાં તે તે જણાવી છે. ૫૫૦-૫૫૧

શ્રીસદ્‌ગુરુથી છાનું તો કશું કૈં મેં ન રાખ્યું છે,
જે તે સર્વ જણાવીને હળવો શો થયેલ જે !
અનેક વાર હું એમ ભૂલ્યો છું પથ જંગલે,
સાચે રસ્તે જવાની તે લાલચ ના ચુકાઈ છે. ૫૫૨-૫૫૩

છાનામાના અજાણી તે રીતે શા મનમાં ઘૂસી
-પોતાના લાગમાં લેવા પેંતરા શા લીધેલ છે !
કદીક ત્યાં ફસાયો છું, તણાયા ત્યાં જવાયું છે,
છતાં સદ્‌ગુરુએ ત્યારે ખેંચી કાઢ્યો કૃપાથી છે. ૫૫૪-૫૫૫

બહુ ઠોકર ખાધી છે, છતાં ઠોકર તે રીતે
-ઠોકર રીત જાણી તે, થૈ છે પંચાત તેથી જે,
જ્યારે તે જાણ્યું ત્યારે તો ખંચકાયા વિના જરી
-ખુલ્લેખુલ્લું જણાવ્યું છે, સંકોચ ધારી ના કંઈ. ૫૫૬-૫૫૭

ભૂલો જીવનમાં કેવી ભયંકર થયેલ છે,
કિંતુ વાગોળવાનું તો એનુંયે ના કરેલ છે,
સદ્‌ગુરુપદમાં એનો એકરાર કરેલ છે,
ફરીથી થાય ના એવી તકેદારી શી રાખી છે ! ૫૫૮-૫૫૯

મારા જીવનનો સાચો છે રાહબર સદ્‌ગુરુ,
કેટલી વાર શું **एणे** પ્રેરણાજળ પાયું છે !

તર્કપરંપરા જેમાં દલીલ કોઈ ના જ છે,
એવી તો પ્રેરણાકેરી શી વાસ્તવિકતા જ તે ! ૫૬૦-૫૬૧

આગળ પાછળનો જ્યાં કોઈ પણ વિચાર ના,
આપમેળે જ ઊગેલું જેનું સંધાણ ક્યાંય ના,
થતાં સ્વીકાર જ્યાં ભાવે તે પ્રમાણેનું વર્તન
-થતું ર્‌હેતાં, જૂનો વેશ શો પલટાય નૂતન ! ૫૬૨-૫૬૩

પ્રકૃતિ ચેતના વચ્ચે અગમ્ય દેશભૂમિકા
-અગોચર, અનિર્દેશ્ય, છતાં વર્તાતી ભાવમાં,
જહીં તદ્રૂપતા ભાવે એકાકાર થયેલ છે,
ત્યારે તો સ્ફુરવા લાગે અદ્‌ભુત પ્રેરણા શી તે ! ૫૬૪-૫૬૫

કેટલી આફતો વચ્ચે સૌ કર્મ કરવાપણું
-આવ્યું છે જીવને ત્યારે ટકાવી રાખી હામ છે,
સદ્‌ગુરુ ઓથ હૈયામાં શી મળતી રહેલ છે !
પ્રસ્થાપ્યા તેથી હૈયામાં ભાવ ચૈતન્યના બળે. ૫૬૬-૫૬૭

સદ્‌ગુરુમાં હૃદે ઊંડો દઢાવી ભાવને સદા,
પ્રેરણા મળતાં **एनी** જાગ્યું નિષ્ઠાનું ભાન ત્યાં,
ઝંઝાવાતો મળ્યા કેવા ભયંકર પથે તદા !
સદ્‌ગુરુએ ટકાવ્યો છે, શું પ્રોત્સાહન પ્રેરી ત્યાં ! ૫૬૮-૫૬૯

ઝડીઓ વિઘ્નની ભારે આવી પડેલ જે હતી,
તેને નિવારવા યત્નો વારંવાર કર્યાં કરી
-બીજી બાજુથી તો ભાવ ગાઢ થાય વધુ વધુ,
તેવા સાધનમાં પ્રોઈ ર્‌હેવાનું રાખ્યું દિલ શું ! ૫૭૦-૫૭૧

મુશ્કેલી, વિઘ્નને મેં તો ક્યાંય અડચણરૂપ જે
-સ્વપ્નાંમાં પણ માન્યાં ના, અકળાયો ન જેથી કૈં,
શહૂર ઊલટું કેવું ત્યારે દિલ બઢેલ છે !
મજબૂતી ટટારી શી ઑર તો વિકસેલ છે ! ૫૭૨-૫૭૩

'શૌર્ય કેળવવા મોકો કૃપાનો શો મળેલ છે !'
ઊંડું એમ વિચારીને સ્વીકાર્યાં વિઘ્ન આદિ તે,
શહૂર, હામ ને ધૈર્ય, ખમીર, પ્રાણ, સાહસ,
વર્તતાં તેમ શાં ખીલ્યાં ! સ્તવ્યાં ત્યાં સદ્‌ગુરુપદ. ૫૭૪-૫૭૫

રફેદફે બધું મારું જીવન થૈ ગયું હતું,
ચઢી જવાયું'તું ઊંધે રવાડે હદ બહારનું,
ઓચિંતો સદ્‌ગુરુએ શો બોલાવી પાસમાં લીધો !
મઠારીને પ્રયુક્તિએ સોડે નાદાનને લીધો. ૫૭૬-૫૭૭

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૯ : ગુરુદત્ત સાધના

(અનુષ્ટુપ)

ગુરુ-હુકમ-આજ્ઞાને તૈયારી શી ફના થવા !
પૂરેપૂરી ધરાવીને ઉમળકાથી પાળી છે. ૫૭૮

સમુદ્રે ચાલવાનો તો **એણે** હુકમ શો કર્યો !
ચાલવા બસ ત્યાં માંડ્યો, પરવા મૃત્યુની ન કો,
હાંજા શા ગગડી જાય એવી તે સાધના વિશે
-ઝંપલાવાતણી આજ્ઞા પ્રેમથી તો પળાઈ છે. ૫૭૯-૫૮૦

ધોધ ઊછળતા વચ્ચે આવેલી તે ગુફા વિશે,
બેસીને સાધના માટે આજ્ઞા **એણે** કરેલ છે. ૫૮૧

અનેક સાધનો એવાં **એણે** કરાવિયાં મને,
બેસાડી સિંહની વચ્ચે પરીક્ષા શી અપાવી છે ! ૫૮૨

જોતાંવેંત જ આવે શા ચક્કર, આવી કારમી
-ગુફામાં ધોધ વચ્ચેની પ્રેર્યો હુકમ બેસવા,
આધાર પગને લેવા અવકાશ હતો ન જ્યાં,
સ્વપ્નેયે ખ્યાલ ના આવે તે રીતે ઠેરવ્યો તહાં.
સેવાયો થડકારો ના એવી **એની** કૃપા શી તે !
હૈયે હિંમત પ્રેરાવી કેવી અદ્ભુત તે પળે !
કળા અદ્ભુત **તારી**થી વ્યવસ્થા જમવાતણી
-ગોઠવાવી શી દીધી ત્યાં ! તે કરામત **તારી** શી !

એવી અનેક રીતે **તેં** કેળવ્યા શો કરેલ છે !
**તારી** વિદ્યા કળાકેરો પાર કૈં ના પમાય છે. ૫૮૩-૫૮૭

ધૂણી ત્રેસઠ મધ્યાહ્‌ને કેવી તપાવરાવી છે !
રસ શો લેવરાવ્યો છે, લીમડાનો શું માત્ર જે !
પાણી સુધ્ધાં ન લેવાનો મળ્યો હુકમ તે હતો,
હેતુ તેનો લઈ પ્રીછી પળાયો ભાવથી જ શો ! ૫૮૮-૫૮૯

ડૂબકાં ખવરાવ્યાં છે, બોચીથી પકડી મને,
ગૂંગળાઈ મરાયું છે, ત્યારે કેવું ભયંકરે !
ના ફરિયાદ ત્યારેયે **તેને** મેં તો કરેલ છે,
કિંતુ આનંદ ઉછાળો હૈયે કૈં ના ઊઠેલ છે. ૫૯૦-૫૯૧

બિયાબાંમાં મને કેવો કદીક રઝળાવિયો !
હોશકોશ ઊડી ત્યારે મારા કેવા ગયેલ છે !
કંઠે શોષ પડ્યા કેવા ! વર્ણવ્યું જાય ના જ તે,
ભયંકર દશામાં તે સામો ધાર્યો **તને** જ છે. ૫૯૨-૫૯૩

ઝીંક ઝીલ્યા કરી છે શી ! માથાં ફોડ્યાં બહુ કર્યાં,
અફળાવ્યો મને **એણે** હેતુપૂર્વક પંથમાં,
હેતુની દિલમાં તીવ્ર ત્યારે સભાનતા હતી,
કૃપા પ્રત્યક્ષ એને મેં શ્રીસદ્‌ગુરુની માની શી ! ૫૯૪-૫૯૫

નાખ્યો છે કાદવે **એણે** શી કેટલીક વાર તે !
અનોખો હેતુ એમાંયે **એનો** હતો ખરો ખરે,
હેતુ પારખવાની તે ત્યારે બુદ્ધિ ન પાકી'તી
-છતાં સદ્‌ગુરુએ ઊર્ધ્વ કળા તે કેવી શીખવી ! ૫૯૬-૫૯૭

સંજોગોમાં વિરોધી જે પૂરેપૂરા હતા ખરા,
તેમાં નાખી મને કેવું ઊંડું તપાસરાવ્યું ત્યાં,
તાટસ્થ્ય કેટલું પાકું થયેલું ચેતનાત્મક,
શો મેળે જાણવાનો તે પ્રયોગ શિક્ષણાત્મક ! ૫૯૮-૫૯૯

હાડમારી પૂરેપૂરી કેવી સ્હેવાની આવી'તી,
રૂંવાડું એકયે ત્યારે ફરક્યું ના કશું જરી,
પોકારી'તી ન તોબા મેં, પ્રેરાવે ત્રાસ દિલમાં
-એવા પ્રસંગમાં, કેવો ગુરુ પ્રત્યક્ષ સાથમાં ! ૬૦૦-૬૦૧

ભીંજવ્યો મને કેવો ધીમે ધીમે પલાળીને,
સધાવ્યાં સાધનો ઑર કૃપાથી દર્શાવી **તેં**,
પડ્યો કદીક પાછો ત્યાં હામ સાહસ પ્રેરીને,
ધપાવ્યો શો મને પંથે કૃપાની બલિહારી તે ! ૬૦૨-૬૦૩

પ્રત્યેક ડગમાં **તારા** હેતુ કંઈક હોય છે,
શરૂમાં મુજને તેની ગતાગમ હતી ન કૈં,
જેમ ત્યાં ચાલવા માંડ્યું ચોંટવા લાગ્યું ચિત્ત જ્યાં
-સદ્‌ગુરુમાં, હૃદે ત્યારે કૃપાથી સાન જાગી ત્યાં. ૬૦૪-૬૦૫

સાધનાનું કશું દીંટ જાણતો ન હતો છતાં,
સહારો તુજ લેવાથી દર્શાવ્યું છે કરી કૃપા,
એકડે એક ઘૂંટાવ્યો **એકમાં** પ્રગટાવવા,
ઠરાવા **એકમાં** ભાવે માથાકૂટ કરાવી ત્યાં. ૬૦૬-૬૦૭

ભયંકર કદી ધાક દર્શાવી છે પથે મને,
ત્યાં થથરી જવાયું છે, હાંજા શા ગગડેલ છે !

નાખ્યા ત્યારે ન પ્‌હોંચ્યા છે, ગમેયે તેટલું મથ્યે,
સદ્‌ગુરુ સ્‌હાય ત્યાં માત્ર શી ઉપયોગ આવી છે ! ૬૦૮-૬૦૯

ખંચકાયો હું છું જ્યારે સૂમસામ થતાં પથે,
મથતાં તોય, તે ન્‌હોતું ભરાતું ડગ આગળે,
ઓચિંતા સદ્‌ગુરુકેરા ડંડાનું ભાન જાગતાં,
કોણ જાણે કઈ રીતે ઉઠાયું છે સફાળું ત્યાં. ૬૧૦-૬૧૧

સદ્‌ગુરુનો બહુ વેળ ડંડો શો કામ આવિયો !
તે ડંડામાં કરુણાનું નર્યું અસ્તિત્વ ઑર તો !
કરુણા ને કૃપાનું તે પ્રત્યક્ષ શું પ્રતીક છે !
ગૂંચવાયો હતો ત્યારે ડંડાથી સૌ સધાયું છે. ૬૧૨-૬૧૩

સાધનાભ્યાસ સ્થાયી જ્યાં, થતાં થતાં ધીમે ધીમે,
તેમાંથી આગ ફૂટીને વેગ કેવો ધપ્યો પથે !
ત્યાંયે ઠોકર ખાધી છે, કળ વળી હજી ન જ્યાં
-ત્યાં સાદ શો પડાતાંમાં, ઊછળી હામ, શી કૃપા ! ૬૧૪-૬૧૫

થયાં જતું'તું પ્રત્યક્ષ છતાં જાણ્યું ન કોઈયે,
એકને એકમાં ભાવે રમમાણ થવાનું જે,
એમાં શો સ્વાર્થ લાગેલો કે જેણે મુજને પથે
-સદ્‌ગુરુ સ્‌હાયથી વેગે ધપાવ્યો કૂદતો મને. ૬૧૬-૬૧૭

રખડ્યો, અથડાયો છું આમતેમ પથે બધે,
જવાતું છે સીધું, ઊંધું તેનુંયે ભાન ત્યાં ન તે,
ભાવની બઢતી હૈયે જાગતી ના હતી કશી,
કૃપાથી તેથી ચેતાયું શ્રીસદ્‌ગુરુની સ્‌હાયથી. ૬૧૮-૬૧૯

આંધળો સાવ સંપૂર્ણ દેખાતું ન્‌હોતું સ્‌હેજ કૈં,
તેવાને આંખ **તેં** બક્ષી કરુણાસિંધુ શા તમે !
કર્મનો તોળવો ન્યાય બેઠા અદલ જો હતે,
તો તો **આ** જીવવા વારો રહ્યો હોત ન મુદ્દલે. ૬૨૦-૬૨૧

શું સાથોસાથ પ્રત્યક્ષ કરુણા ન્યાય સાથ છે !
-શ્રીસદ્‌ગુરુ વિશે એવું પરિણામથી ન્યાળ્યું છે. ૬૨૨

અપરાધો, ભૂલોનો તો તોટો, પાર કશો ન છે,
છતાં મોઢું ફરેલું જ્યાં અમીદૃષ્ટિ કરેલ છે,
શ્રીસદ્‌ગુરુની સંગાથે ગોઠડી દિલની જ છે,
તે પછીનું બધું કર્મ કેવું વેગીલું તો ધસે ! ૬૨૩-૬૨૪

શ્રીસદ્‌ગુરુ ધરી સામે કર્તવ્ય નિજ જે કરે,
ફંટાતાં આડું, ઓચિંતો સીધો શો સદ્‌ગુરુ કરે !
આડો કદીક જ્યાં ફાટ્યો, ગણકારાયું કૈં ન છે,
ડંડાને પડતાં વાર ત્યારે સ્‌હેજે ન લાગી છે,
અનેકે વાર એ રીતે સદ્‌ગુરુએ લઈ પથે
-ચલાવ્યા શો કરેલો છે ! લઈને ભાળ કેવી તે !
શ્રીસદ્‌ગુરુતણો પ્રેમ જેણે ચાખેલ છે હૃદે,
તેવા જ એકલા માત્ર સદ્‌ગુરુતત્ત્વ પ્રીછશે. ૬૨૫-૬૨૮

કરીને વ્‌હાલ હૈયાથી ખેંચી નજીક પાસમાં,
મને શો ચાંપી દૈ હૈયે ! કીધો મોહાંધ પાદમાં. ૬૨૯

છટકી જૈ શકું એવું જ્યારે ન્‌હોતું રહ્યું હવે,
ત્યારે શો લાગ જોઈને માંડ્યો છે ઘડવા મને. ૬૩૦

બઢંતાં ભક્તિનો ભાવ ત્યારે મારે હ્રદે ઊંડો,
પ્રત્યેક ડગનો હેતુ કૃપાથી લક્ષ આવતો. ૬૩૧

હેતુ સભાનતા વિશે જીવતું લક્ષ ધારીને
-જીવતું જાગતું હૈયે, ભરેલાં ડગ છે પથે. ૬૩૨

ચિત્તવૃત્તિતણો ખોટો ઘોંઘાટ ટાળવા બધો,
મૌનવ્રત સધાયું છે, સદ્‌ગુરુની કૃપાથી તો,
ચેતનાપંથના સૂક્ષ્મ ગૂઢ ઘૂંઘટ જે બધા
-મથતાં મથતાં કેવા ખુલ્લા સદ્‌ગુરુથી થયા ! ૬૩૩-૬૩૪

યોગ્ય સાર્થકતા પૂર્ણ મૌનની કેવી જીવને !
એકાગ્રતા થવા કાજે મૌન કેવું જરૂરી છે !
સદ્‌ગુરુએ મને કેવું કૃપાથી શીખવેલ છે,
સંયમે વાળવા વૃત્તિ શ્રેષ્ઠ ઉપાય મૌન છે. ૬૩૫-૬૩૬

શ્રીસદ્‌ગુરુની લીલાથી મારું જે તે થયેલું છે,
એવા સદ્‌ગુરુનું ઋણ વાળી શકાય શી રીતે ! ૬૩૭

સદ્‌ગુરુને પૂરેપૂરા જીવને જીવતા કીધા,
અદા કર્યું રીતે તે મેં, ઋણ થોડુંઘણું તદા. ૬૩૮

કેટલો કેળવાયો છે, અભય મુજ જીવને !
તેને પારખવા અર્થે સદ્‌ગુરુએ કૃપાથી તે,
માર ખવાડવા કેવો પ્રેર્યો હુકમ છે મને,
તસુ એક હઠ્યા વિના ખાધો છે લાઠીમાર મેં. ૬૩૯-૬૪૦

નમ્રતા નાણી જોવાને **એણે** બક્ષ્યા પ્રસંગ કૈં,
ઉત્કટ તાવણી કેવી કૃપાથી ત્યાં થયેલ છે !

કુટાવીને કુટાવીને કાઢી નાખ્યું જ તેલ છે,
તેથી તે કેળવાવાયું ઉત્તમોત્તમ તે રીતે. ૬૪૧-૬૪૨

નર્કાગારે સુવાડ્યો છે, રાત્રિ, દિવસ આઠ **તેં**,
ત્યારે તપાસડાવ્યાં છે, કેવાં મનાદિ સ્વસ્થ તે !
શાંતિ, પ્રસન્નતા, શાતા જીવંતાં કેટલાંક તે
-સાક્ષિત્વ, સમતા, પક્વ કેવાં જોવા મળેલ છે ! ૬૪૩-૬૪૪

મળ, મૂત્ર પરે કેવું ટકાવીને શરીરને,
અઠ્ઠાવીસ દિનો સુધી તપશ્ચર્યા કરાવી છે !
બહુવિધની એવી ઘૃણા કઢાવી નાખી તે,
ઉપકૃત કરેલો છે, સદ્‌ગુરુએ બહુ રીતે ! ૬૪૫-૬૪૬

ચેતના પામવા હૈયે પ્રતિષ્ઠિત થવા ઊંડી,
તે પાંગરાવવા ભક્તિ અનિવાર્ય ખરેખરી,
તે અર્થે સાધના જેવી આવડી તે કર્યાં કીધી,
બલિદાન, ફનાગીરી પ્રેમથી વ્હોરી શી લીધી ! ૬૪૭-૬૪૮

જાતને હોમી દેવાતાં અરેરાટી થઈ નથી,
દુઃખના કોઈ હુંકારા કૈં પડાઈ ગયા નથી,
ને કેટલીક વેળા તો હર્ષ તેવી પળે હ્રદે,
શો ઉન્માદભર્યો લાગ્યો જીવન ફાલવાપણે ! ૬૪૯-૬૫૦

નિરાશા સાંપડી જ્યારે પાછું પડાતું જ્યાં હતું,
સ્હાય ત્યારે ગ્રહી હાથ કેવી દીધી'તી, ભાવશું !
થયા પ્રત્યક્ષ તે વેળા 'મારી છે સાથ નિત્ય **તે**',
હૈયે જગાડવા એવો ભરોસો જ્ઞાનપૂર્વકે. ૬૫૧-૬૫૨

'પૂરેપૂરી જગા ભારે જે ભયંકર એવી છે,
ત્યાં સુવરાવીને કેવો થવા અભય' ચીંધ્યું છે,
નમ્રતા કેળવાવી છે, છેલ્લામાં છેલ્લી તે હૃદે,
ત્યાં સહકાર સંપૂર્ણ દેવાયો હુંથી તે વિશે. ૬૫૩-૬૫૪

જીવનમાં પળાવ્યાં છે, મૌન, એકાંત તેં મને,
હેતુ એનો પૂરેપૂરો સમજાઈ ગયેલ છે,
સમજી સમજી તેથી બંને પાળ્યાં કરેલ છે,
શી બહિર્મુખતા જેથી ઘટી, પૂર્ણ થયેલ છે ! ૬૫૫-૬૫૬

'ડંડા શા કેટલી વારે સદ્‌ગુરુના પડેલ છે,
ત્યારે કારણથી શા તે પડ્યા' તે જાણવા હૃદે
-ઉદ્યત હું થયેલો શો ! તે જાણું માત્ર એક હું,
'છતાં એ તો કૃપા કેવી સદ્‌ગુરુની હતી', કથું. ૬૫૭-૬૫૮

કરુણાથી મઠાર્યો છે, ટપેર્યો છે બહુ રીતે,
ઊંચે નીચે હલાવ્યો છે, ટીંગાળ્યા શો કરેલ છે !
શી પછડાટ ખાધી છે ! છતાં કૃપાથી થૈ ઊભો
-પછી સંગ્રામમાં પાછો કટિબદ્ધ થયો હું શો ! ૬૫૯-૬૬૦

સંજોગોમાં જુદા જુદા પ્રસંગો જે મળેલ છે,
તેવા સદ્‌ગુરુને ભાવે રાખેલા જીવતા હૃદે,
ઊંડો ઊંડો હૃદે સ્વાર્થ સદ્‌ગુરુની પરત્વનો
-લાગ્યો ઘણો હતો, જેથી ટકાયું ઊંડું જીવને. ૬૬૧-૬૬૨

ભુલભુલવણીવાળા અગમ્ય દેશમાંથી જે
-હતું નીકળવાનું, ત્યાં સદ્‌ગુરુએ સ્હાય કીધી છે,

બાકી ભલભલાકેરા હાંજા ગગડી જાય ત્યાં
-મારા જેવાનું તો ક્યાંથી પછી ગજું શું હોય ત્યાં ! ૬૬૩-૬૬૪

ચકોર આંખની સૂક્ષ્મ રખેવાળી શી **एहनी** !
છટકી ના શકે કોઈ બહાર **एनी** દૃષ્ટિથી,
છોને લુચ્ચાઈ, ખંધાઈ બાહોશીભરી હોય તે
-પહોંચી વળવા તેને અદીઠ શક્તિ **एनी** છે !
આગળે પાછળે યોગ્ય ચારે કોર શી દૃષ્ટિ છે !
કોઈ બાજુ ન બાકી છે, એવી **एनी** શી આંખ છે !
ચોકીદાર નથી પોતે તોયે શો ચોકી રાખતો !
પોતે અદીઠ સંપૂર્ણ તોયે પ્રત્યક્ષ આપ શો ! ૬૬૫-૬૬૮

**एना** જો આપણે, પોતે ક્યાંયે છટકવા ન દે,
ભૂલેચૂકે ગયા, ડંડો ઓચિંતો શો શિરે પડે !
ડંડો સદ્‌ગુરુનો એવો પ્રત્યક્ષ કરુણા શી છે !
એવા અનુભવે હૈયે તેવું ચોંટી ગયેલ છે. ૬૬૯-૬૭૦

શીખવા ઊંડું ઊંડું તે જેમ તત્પરતા બઢી,
જેમ જેમ બઢી ભક્તિ સદ્‌ગુરુમાં ઊંડી ઊંડી,
તેમ તેમ શી બુદ્ધિમાં રહસ્યો ખૂલતાં ગયાં,
કૂદકેભૂસકે કેવું ધપાયાં ત્યાં જવાયું શું ! ૬૭૧-૬૭૨

બુદ્ધિમાં ભક્તિને લીધે શુદ્ધતા શી થતી ગઈ !
મડાગાંઠો શી બુદ્ધિની તેથી ઓગળતી ગઈ,
શંકા, સંદેહ, કુશંકા તર્કની શી પરંપરા
-ભક્તિના પમરાટે સૌ પીગળ્યું આપમેળ ત્યાં ! ૬૭૩-૬૭૪

ગળે ફાંસો શું આવ્યો છે, કૈં કેટલીક વાર શો !
ટૂંપો ત્યારે શું લાગ્યો છે, ભીંસ દેતો ખરેખરો !

ત્યારે શું ગૂંગળાયો છું ! અમૂંઝાયો હું કેટલો !
ત્યારે સદ્‌ગુરુ પોકાર્યા આર્તનાદેથી શા ઊંડા !
કોઈ વાર કરી સ્‌હાય, કોક વાર ખરેખરા,
-આંખ આડા દીધા હાથ, જાણે જોતા ન હો તદા. ૬૭૫-૬૭૭

મૂંઝવણો બધી મારી સમર્થ ટાળવા **તમે**,
છતાં મને મથાવ્યો છે, જાતે સૌ શીખવા જ તે. ૬૭૮

જુદા જુદા મને પાઠ શીખવ્યા શા જુદી રીતે !
અથડાવ્યા કરાવ્યો છે, આમથી તેમ જીવને,
છતાં તેમાં છૂપો હેતુ સદ્‌ગુરુનો હતો ખરે,
પ્રેરાવી જ્ઞાન તેનું તે બોધપાઠ દીધો હૃદે. ૬૭૯-૬૮૦

હેતુને સમજી ઊંડો તે પ્રમાણે જ વર્તવું,
નિશ્ચયપૂર્વક **તેણે** શિખવાડેલ છે ઊંડું,
જીવને હેતુની રીતે વર્તવાથી ખરેખરું,
જ્ઞાન પ્રાપ્ત થતું ઊંડું કેવું પ્રત્યક્ષ ચેતતું. ૬૮૧-૬૮૨

કદીક પાછળે કેવો ! કદીક વળી આગળે,
સદ્‌ગુરુ શો છૂપો ર્‌હેતો ! હાથ દેવા શું તત્પરે !
કશું કદીક મારાથી જાણ્યામાં આવ્યું તે નથી,
કદીક ઝબકારાની પેઠે જાણી લીધું વળી. ૬૮૩-૬૮૪

સ્વસ્થતા, શાંતિ પાળીને નિર્વિકલ્પ થવાતણો
-આદર્શ દિલ સેવેલો, ભક્તિ શી લાધતાં જતાં
-ઊંડી ઊંડી હજી ઊંડી **હરિના** પાદપદ્મમાં
-સદ્‌ગુરુની કૃપાથી શું સધાતું ગયું મેળમાં ! ૬૮૫-૬૮૬

• • •

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૧૦ : ગુરુપ્રેરિત વિકાસ

(અનુષ્ટુપ)

પ્રેરાવી રોગને કેવું નામને લેવરાવ્યું છે,
ગરજ, સ્વાર્થને લીધે લેવાનું થયું નામ છે,
લેતાં લેતાં હ્રદે નામ સદ્‌ગુરુ મળિયા પથે,
જાણ્યા કર્યા વિના **एणे** તેડાવ્યો જ ખરે મને ! ૬૮૭-૬૮૮

બોલાવીને મને પાસે ચમત્કારિક કર્મ જે
-કરી બતાવીને કેવો કર્યો છે મુગ્ધ મૂર્ખને !
આકર્ષ્યો એ રીતે **तें** શો નાદાન બાળને પથે !
પગલાં શિખવાડ્યાં છે, ચઢવાનાં પથે મને. ૬૮૯-૬૯૦

દીંટ જે જાણતો નો'તો, બે શબ્દ ભણતો કર્યો,
શાસ્ત્ર તેની કને કેવાં લખાવી, ન્યાલ શો કર્યો !
સદ્‌ગુરુના મીઠા હાથતણા સ્પર્શની શી ખૂબી
-કળા, કારીગરી કેવી ! જોટો જેનો મળે નહિ. ૬૯૧-૬૯૨

ગૂંગળાતો હતો કેવો જાણે **જીવ** જતો રહે !
વેદના એવી પ્રેરાવી પ્રાર્થના શી કરાવી છે !
ભજન કીર્તનો ભાવે લેવરાવ્યાં કર્યાં મને !
ઉપકાર પ્રભુ એવો હું પરે શો થયેલ છે ! ૬૯૩-૬૯૪

આધાર એકલો માત્ર અટવાયેલ રાંકને
-અંતરે સાંપડેલો શો ! ઊભો ટટ્ટાર જે વડે,

વજ્ર જેવો જ જે ટેકો કદી તૂટી પડે ન તે,
જ્યારે તે જોઈએ ત્યારે લાગે છે ખપ શો પથે ! ૬૯૫-૬૯૬

આવી છે શી નિરાશાઓ એક પછીથી એક જે,
બ્હાવરો શો મને જેણે મૂક્યો બનાવી જીવને,
દેવાળું બુદ્ધિનું ત્યારે સંપૂર્ણ નીકળી ચૂક્યું,
પ્રેરણા, ઓથ ને હૂંફ ત્યારે બક્ષ્યાં ચહી ઊંડું. ૬૯૭-૬૯૮

ત્યારે જ્યાં થાબડી પીઠ મારી સદ્‌ગુરુએ વળી,
પ્રેર્યું છે જોશ હૈયામાં પછી ખૂટ્યું ન તે કદી,
સ્હાય શી અણમોલી તે ! તે હિસાબ ગણાય ના,
કૈં જીવન દેતાંયે જેનો ના બદલો વળે,
એવા સદ્‌ગુરુનું **आजे** મૂલ્ય પ્રીછી શકાય છે,
લાગતાં ભક્તિ હૈયામાં **एवानी**, સૌ રળાય છે. ૬૯૯-૭૦૧

કેવા એકલતાના શા ઓછાયા જીવને પડ્યા !
ટહુકો કોઈનો મીઠો મળ્યો સાંભળવા ન ક્યાં,
કેટલા ટપલા ખાધા, અમળાયો હું જીવને,
ત્યાં પાદામૃત પિવાતાં જીવન ફેરવાયું છે. ૭૦૨-૭૦૩

શી મહોબત લાધેલી સદ્‌ગુરુની હ્રદે મને !
અનુરાગ બઢ્યો તેથી ઉત્સાહે દિલ શ્રીપદે,
**तेमनी** સાથ તો હૈયું ભક્તિથી ગળતાં ઊંડું,
**तेमना** પ્રેમથી કેવો ખેંચાયો પછી ખૂબ હું. ૭૦૪-૭૦૫

ટપેર્યો છે, મઠાર્યો છે, સદ્‌ગુરુએ ટીપી ટીપી,
દયા ના ખાધી છે મારી અનુકંપા શી **एमनी** !

ઊથલાવ્યા કર્યો **એણે** કેટલી વાર જીવને,
પ્રસાદી મળતાં એવી ઘડાયો છું હું જીવને. ૭૦૬-૭૦૭

'સાવ રમકડું માત્ર સંજોગોના જ હાથનું
-કદી ના માનવી પોતે' ઠસાવી દિલ તે દીધું,
ઝંઝાવાતો વિશે ભારે જેણે સંગ્રામ ખેલવા
-મસ્ત મર્દાનગી પ્રેરી એવા સદ્‌ગુરુ ધન્ય શા ! ૭૦૮-૭૦૯

'સ્વામિત્વ જેટલું પૂર્ણ તેટલો **તે** સ્વતંત્ર છે',
એવા પ્રસંગ પ્રેરાવી જ્ઞાન દીધું નરોત્તમે,
સુષુપ્ત દૃષ્ટિ ને શક્તિ જેણે જગાડિયાં મને,
'સમર્થ સદ્‌ગુરુ જેણે નવું જીવન બક્ષ્યું છે'. ૭૧૦-૭૧૧

'ઘટનામાત્ર સ્વીકારી લેવાનું પ્રેમથી જગે',
જેણે તે શીખવી સૂત્ર ઊતરાવ્યું શું અંતરે !
'પ્રસંગો કારમા પ્રેરી ઘટાવવાનું તે રીતે
-જેણે કરાવ્યું' કેવું છે સદ્‌ભાગ્ય માનવીનું તે ! ૭૧૨-૭૧૩

'પૂર્ણ સંવાદિતાનો જે જીવને અવકાશ છે',
સત્ય જીવનનું ભાવે એવું જેણે પ્રમાણ્યું છે,
સદ્‌ગુરુનાથી શીખેલા જીવને કર્મક્ષેત્રમાં
-આરપાર ઉતાર્યા છે, એવા સૌ ધન્યભાગી શા ! ૭૧૪-૭૧૫

અતૃપ્ત ઝંખનાઓએ બાળી નાખી જ ઉજ્જડ
-વેરાન કરી મૂક્યું'તું સમગ્ર મુજ જીવન,
સદ્‌ગુરુ મળતાં પાછું મંડ્યું પાંગરવા ફરી,
**એણેં** મથાવવામાં તો મણા રાખી નથી કદી. ૭૧૬-૭૧૭

ગરીબી કારમી ઉગ્ર શી ભયંકર ભોગવી !
શા આછાપાતળા **એના** પડછાયા ગયા પડી !

રાગદ્વેષની જ્વાળામાં કેવું બળ્યું જવાતું જે !
સદ્‌ગુરુની કૃપાએ તો નવજીવન બક્ષ્યું છે. ૭૧૮-૭૧૯

ઝંઝાવાતો પથે કેવા ભયંકર મળેલ છે !
હાંજા સૌ ગગડી જાય સૂધબૂધ કશી ન ર્‌હે
હાંફળીફાંફળી ચાલ ત્યારે જીવનની શી તે !
ત્યારે સદ્‌ગુરુએ પ્રેરી ઓચિંતી સ્‌હાય જીવને. ૭૨૦-૭૨૧

નિરાગ્રહી, અનાસક્ત ને નિર્મમત્વ અંતરે
-કેળવાયા વિના, ખુલ્લું થઈ ના કૈં શકાતું છે,
ખુલ્લું થયા જવાનો તે અભ્યાસ ભક્તિપૂર્વક
-જીવંતો નિત્ય જેનો છે, તે શ્રેય યોગ્ય જીવન,
જીવતાં જીવતાં જેણે જીવવાનું ચહી ખરું,
થવા જીવનનું એમ જેણે માંડેલ યજ્ઞ છે,
શી શી વિટંબણા વચ્ચે દોહ્યલું જીવવું છતાં,
સહી સૌ પ્રભુપ્રીત્યર્થ આદર્યો તપયજ્ઞ છે,
તેવાં સૌ યજ્ઞ કાર્યોમાં ધારણા સદ્‌ગુરુતણી
-ભક્તિભાવે ઊંડા હેતુ થકી ધારી હૃદે ચહી,
ધ્યેય ફળાવવા કાજે સદ્‌ગુરુ સ્‌હાયથી પથે,
ડગ એક પછી એક ચઢાયાં શાં કૃપા વડે ! ૭૨૨-૭૨૭

ધૂત્કાર્યો કેટલી વાર, જાણે છોડી દીધો જ છે,
‘ને તરછોડી મૂક્યો છે’ એવું લાગ્યા કરેલ છે,
કિંતુ તે ભ્રમણા માત્ર ભૂમિકા નિજની લીધે
-એવું લાગ્યા કરેલું જે, ચઢ્યો સાવધ થૈ પથે,

ખોટા દોષ દીધા એવા, કિંતુ જેણે કૃપા કરી
-થૈ ઉદાર, ક્ષમા દીધી, ઉદારતા શી **एमनी** ! ૭૨૮-૭૩૦

સદ્‌ગુરુ જીવન ધ્યેયતણું પ્રતીક જીવતું,
એ રીતે સદ્‌ગુરુ ધારી **एने** ભજ્યા સ્તવી ઊંડું,
સદ્‌ગુરુ એકલો માત્ર આધાર અંતરે ધરી,
ભાવ ખીલવવા અર્થે ધાર્યો સદ્‌ગુરુ દિલથી. ૭૩૧-૭૩૨

સદ્‌ગુરુ અંતરાત્માની ચેતનાશક્તિ વ્યક્ત તે,
જે પ્રગટાવવા અર્થે સદ્‌ગુરુ વાપર્યા હૃદે,
ભક્તિથી ધારણા હૈયે જીવતી એકધારી શી
-હેતુમૂલક જ્ઞાનેથી સદ્‌ગુરુથી શીખ્યો મથી ! ૭૩૩-૭૩૪

શિક્ષાની રીત **एवानी** અદ્વિતીય અનોખી છે,
જાણ્યામાં નવ આવેલી કોઈ કાળે શી એવી તે,
મને શો લટકાવ્યો છે, અંતરિયાળ જીવને !
તિતિક્ષા, ધૈર્ય ને હામ કેળવાયાં શું તેથી છે ! ૭૩૫-૭૩૬

હેતુને પ્રીછવાકેરી ટેવ **एणे** પડાવી છે,
કામ તે કેવી લાગી છે, આવી છે, ખપ તે મને,
તે ઉપયોગ લેવાનો પડ્યો અભ્યાસ જ્યાં ઊંડો,
જેમાં તેમાંથી તેથી તો, શીખવાનું મળેલ શું ! ૭૩૭-૭૩૮


લાકડી આંધળાની છો સરી ગયેલ તોય હું
-આશરે આશરે ચાલ્યા કરીશ ધૈર્ય ધારીને,
નિરાશા પૂર્ણ વ્યાપે શા એવા સંજોગ છે છતાં !
-ઝઝૂમ્યા કરવા નેડો કેવો જીવંત છે સદા ! ૭૩૯-૭૪૦

• • •

હરિઃૐ

# ખંડ - ૧૫

# ઉપસંહાર



પાસાં **એનાં** જ સેવ્યાં છે, જેણે ભક્તિથી, -પ્રીછશે,
'અનંત મહિમા **એનો**, શક્તિ **એની** અનંત છે.'

॥ હરિઃૐ ॥

(અનુષ્ટુપ)

સદ્‌ગુરુની વિશે જે કૈં મારાથી **આ** લખાયું છે,
સંપૂર્ણ યોગ્યતા માટે મારી ના લાયકાત છે,
પાત્રતા એવી સંપૂર્ણ લૂલો ને પાંગળો હું જે,
-ક્યાંથી લાવી શકું ? પાત્ર અધૂરું સાવ સૌ રીતે. ૧-૨

સન્મિત્રના કહેવાથી કૃપાથી **આ** લખાયું છે,
બહુ ભૂલો હશે એમાં માફ સૌ કરજો તમે,
સારું જો કૈં લખાયેલું લાગે તો તે કૃપાનું છે,
બુડથલનું બાકી તે જાણી, દેજો જ ફેંકી તે. ૩-૪

કશુંયે તે ન આમાંનું અનુમાને લખાયું છે,
અનુભવની **एवानी** પરંપરા શી જીવને !
સમાગમ થયેલો જે જેવું જેવું અનુભવ્યું,
તે તે તારવીને શું **આ** લખાયું કૃપાથી તે. ૫-૬

સદ્‌ગુરુથી લખાયું **આ** 'સદ્‌ગુરુ' તે પદે ધરું,
ભાવથી સદ્‌ગુરુકેરા જે તે સૂઝ્યા ગયેલ શું !
આપોઆપ લખાયેલું ચપોચપ જ ફૂટિયું,
વાંકીચૂકી હું તો કેવી **एनी** કલમ માત્ર છું ! ૭-૮

સદ્‌ગુરુમાં પ્રતિષ્ઠા છે, જ્ઞાન ને ભક્તિપૂર્વક,
જેના મનાદિમાં પૂર્ણ સદ્‌ગુરુ જીવતો જ છે,
સદ્‌ગુરુના પ્રભાવેથી જે ઘડાવાનું થાય છે,
પ્રેમભક્તિથી દક્ષિણા અર્પું જીવનની પદે. ૯-૧૦

**एनां** અનંત પાસાં છે, થોડીક માત્ર વાનગી
-કહ્યાથી પીરસેલી છે, લાગે જો સ્વાદ, ચાખવી,
ક્યાંક બેસ્વાદ લાગે જો થૂ થૂ તે કરી નાખજો,
ફિટકાર મને દેજો તે અર્થે પાત્ર હું જ શો ! ૧૧-૧૨

કેટલાંય બધાં પાસાં સદ્‌ગુરુનાં ખરેખરાં
-હજુ બાકી રહેલાં છે, પૂરાં ના છે લખાયેલાં,
કિંતુ કૃપા પ્રસાદી **आ** માત્ર છે બિંદુ જેટલી,
સદ્‌ભાવી દિલ તેને તો લેશે સ્વીકારી ભક્તિથી. ૧૩-૧૪

કેવી પ્રસાદી વ્‍હાલાની ! વ્‍હાલી વ્‍હાલી શી લાગતી !
વારંવાર શું તે હૈયે આંખે ભાવે લગાડવી
-ગમતી કેટલી કેવી ! ખરો જે પ્રેમી પ્રીછશે,
તેથી પ્રસાદી **आ एनी** લઈ, અર્પું બધાંયને. ૧૫-૧૬

પંથે **एणे** વળાવીને ચલાવ્યા કર્યું છે પથે,
**एनो** તે કેટલો મોટો હું પરે ઉપકાર તે ?
વાળી શકાય શી રીતે એનો તે બદલો વળી ?
કૃતજ્ઞતાતણા ભાવે પખાળું તેથી પાદશ્રી. ૧૭-૧૮

પાસાં **एनां** જ સેવ્યાં છે, જેણે ભક્તિથી, પ્રીછશે,
'અનંત મહિમા **एनो**, શક્તિ **एनी** અનંત છે',
ખાલી ના બોલવાનું કે ખાલી ગાવાનું **आ** ન છે,
**एने** અનુભવાયા તે, લખાયું પછી હુકમે. ૧૯-૨૦

પ્રેરણા કેવી કેવી તે સદ્‌ગુરુથી મળેલ છે !
ઘડાવાના મળ્યા કેવા મોંઘા તે પાઠ જીવને !

આછુંપાતળું થોડુંયે સદ્‌ગુરુનું રહસ્ય જે
-દર્શાવાનો મળ્યો મોકો, શો અહેસાનમંદ છું ! ૨૧-૨૨

સદ્‌ગુરુના પ્રયોગોથી યોગ્ય અનુભવાત્મક
-મળ્યું જે શીખવાનું તે સર્જાયું રચનાત્મક,
અનુમાને કશો એમાં લખ્યો અક્ષર એક ના,
કે કૈં ના કલ્પના એમાં ક્યાંયે ચલાવી છે જરા. ૨૩-૨૪

સાવ **आ** તુચ્છ છે ભેટ છતાં નાદાન, મૂર્ખની
-આપ કમાઈની મૂડી રળાયેલ કૃપા થકી,
માબાપની કને **एने** સંકોચ કોઈ જાતનો
-આવતો ના કશો ક્યાંયે, તેવું મારું જ જાણજો. ૨૫-૨૬

જેવી જેવી લખાઈ છે, ગાથા શ્રીસદ્‌ગુરુતણી,
આભાર દિલથી માનું થયા નિમિત્ત જે ચહી,
બાકી મારાથી **आ** ગાથા લખાવી શક્ય ના હતી,
ગાંડુંઘેલું લખાયું જે એ તો **एनी** કૃપા ઘણી. ૨૭-૨૮

ઉત્સાહ, પ્રેમ ને ભાવ સહાનુભૂતિ, પ્રેરણા,
સદ્‌ભાવી નિજ મિત્રોએ મને બક્ષ્યાં કરેલ શાં !
પ્રોત્સાહિત થઈ ભાવે પ્રેરાય કર્મ, પ્રાણ તે,
ઊગી કલમમાં શક્તિ ચલાવી **एनी** ચાલી છે. ૨૯-૩૦

**एना** પ્રતાપને ગાવા મારી બુદ્ધિ અધૂરી છે,
ક્યાંક અન્યાય મારાથી **एमने** તો થયેલ છે,
વારંવાર લઉં માગી ક્ષમા શ્રીસદ્‌ગુરુની હૃદે,
**एनी** ઉદારતાને તો સીમા ના ક્યાંય હોય છે. ૩૧-૩૨

એવી સદ્‌ગુરુ શક્તિને વારંવાર સ્તવી, ભજી,
શું વારંવાર પ્રાર્થીને નમ્યાં કર્યો લળી લળી !
બધી અંતરની વાતો પદે મેં ઠાલવી જ છે,
ગેલ **एनी** જ સંગાથે કરી, શક્તિ ગ્રહેલ છે. ૩૩-૩૪

હાલતી ચાલતી કેવી પ્રત્યક્ષ શક્તિ સદ્‌ગુરુ !
**आ** અનુભવીને ગાયું થવા કલ્યાણ સર્વનું,
મહિમા કેટલો ગાવું સદ્‌ગુરુનો અપાર જે !
ગાતાં ગાતાં હૃદે હર્ષ કેવો ઊછળતો ચઢે ! ૩૫-૩૬

અનુભવે પડેલી છે, જેવી સમજ અંતરે,
સ્ફુર્યાં કરેલી છે જેવી તેવું તેમ લખાયું છે. ૩૭

જેવો જેવો જ લાગ્યો **ते** સંસારીને બધાંયને,
તે તે રીતે જણાયેલું વર્ણવ્યું છે બધું જ તે. ૩૮

સદ્‌ગુરુનો હૃદે ઊંડો પ્રભાવ ને પ્રતાપ તે,
અનુભવ્યો કૃપાથી છે, તેથી ખુમારી દિલ છે,
ખુમારીના પ્રભાવે તે કેવું સદ્‌ગુરુને વિશે,
પાસાં જુદાં જુદાંકેરું વર્ણન તે લખાયું છે. ૩૯-૪૦

ખુલ્લેખુલ્લું છુપાવ્યા કૈં વિના આજ લખી દીધું,
શરીર છોડતાં પ્‌હેલાં પાદે નિવેદી સૌ દીધું. ૪૧

ઠામઠેકાણું મારું ના બુદ્ધિ જેમાં કશી નથી,
એવાને લખવા આવું આવડે ક્યાંથી ભાવથી ? ૪૨

ભાવ **एना**થી સ્ફુર્યો છે, ભાવથી **आ** લખાયું છે,
ભાવ-ના તે પ્રભાવેથી ભાવે સમર્પ્યું છે પદે. ૪૩

પૂરી તે આવરી લેવી **एनी** ગૂઢ સમગ્રતા,
ફાવટ ના જ આવેલી **एने** વર્ણવવા જતાં,
કૈં આછોપાતળો તોયે યત્ન શો મૂર્ખથી થયો !
ક્ષમા ભાવે તમે જોજો, સૌ હે ! સદ્‌ભાવી સજ્જનો ! ૪૪-૪૫

લખ્યું છે આવડ્યું તેવું 'સદ્‌ગુરુ' પરનું બધું,
સાચું સંપૂર્ણ તે હોવાતણો દાવો ન છે કશો,
લાગ્યું સમજણે યોગ્ય તેવું તેમ લખેલ છે,
યોગ્ય ન લાગતાં તેને ફેંકી દેજો બધું તમે. ૪૬-૪૭

કેટકેટલું તો બાકી શ્રીસદ્‌ગુરુ પરત્વનું,
શું શું રહી ગયેલું છે, ગણાવ્યે પાર ના'વતું,
લખાયું તે ટૂંકો સાર, રહે કેટલું યાદ તે ?
**एनो** અનંત વિસ્તાર, ચટકારૂપ માત્ર છે. ૪૮-૪૯

અન્યાય કરી જો બેઠો હોઉં સદ્‌ગુરુને કશો,
ક્ષમા દેવા મને, ભાવે **एने** હું દિલ પ્રાર્થતો. ૫૦

ચૈતન્ય જ્ઞાન ને શક્તિ **एवानां** જે અકથ્ય છે,
**एने** વર્ણવવા શબ્દ જતાં, બુદ્ધિ ટૂંકી પડે,
જેવો તેવો છતાં મેં તો ક્ષુલ્લક યત્ન માત્ર **તે**
-કૃપાથી જે કરેલો છે, નાદાન સાવ તુચ્છ છે. ૫૧-૫૨

જો કૈં સદંશ **આ**માં હો તો સદ્‌ગુરુ પ્રસાદ તે,
જે કૈં અયોગ્ય હો તેમાં તે **આ** નાદાનનું જ છે,
યોગ્ય યોગ્ય બધું તે તે ભાવનું પરિણામ છે,
માલિકી ભાવની હોવી કોઈનીયે ન શક્ય તે. ૫૩-૫૪

જેમ જેમ સ્ફુર્યું હૈયે તેમ તેમ લખાયું છે,
સુધાર્યું ના, મઠાર્યું ના, રાખ્યું જેમનું તેમ તે. ૫૫

એકધારું લખાયાં તે સપાટાથી ગયું બધું,
અનુક્રમે બધું એને સન્મિત્રે ગોઠવેલ શું ! ૫૬

કેટલો કેટલો માનું આભાર સ્નેહી મિત્રનો,
કેવો ભાર ઉપાડીને મુક્ત રાખ્યો મને પૂરો. ૫૭

તેમના ઋણનો યોગ્ય મારાથી બદલો કશો
-વળાવાનો ન છે, પ્રાર્થું 'ફેડજો ઋણ તે **તમો**'. ૫૮

**॥ હરિઃૐ ॥**

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટરસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ **- શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદૃચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. ‘મનને’ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું ‘ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ’ અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્‌લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.